@gujaratibookz

પદયાત્રા

તરુણ બેન્કર

VISIT…

@gujaratibookz

પદયાત્રા (લઘુ નવલ)

લેખક તરુણ બેન્કર

અર્પણ પૂજ્ય બાપુને

લેખની અનુમતિ સિવાય આ પુસ્તકનો કે તેના કોઇ અંશને સંક્ષિપ્ત, પરિવર્તિત કરી પ્રકાશિત કરવું કે ફિલ્મ વગેરે બનાવવી કાનૂની અપરાધ છે.

કોપીરાઇટ : તરુણ બેન્કર (© Tarun Banker)
“Maa-Bap” A/5, Zaver Nagar, Opp. Omkarnath Thakur Kalabhavan,
G.H.Board, Bharuch-1 Gujarat India
(M) +91 9228208619

email : tarunkbanker@gmail.com
website : https://www.deargujarti.com
કિંડલ આવૃતિ : ત્રીજી નવેમ્બર ૨૦૨૦

@gujaratibookz

પદ માટેની યાત્રા પદયાત્રા

મને જ્યારે તરુણ બેંકરે ફોન પર કહ્યું કે એણે એક પોલિટિકલ નોવેલેટ લખી છે અને એની પ્રસ્તાવના હું લખું ત્યારે મેં એને કહ્યું: 'એ ખરું કે મારા જન્માક્ષરમાં મકર રાશિનો મંગળ છે, પરંતુ મને રાજકારણમાં ભાગ્યે જ રસ પડે છે." પણ, મને એણે કહ્યું:

હું સ્કિટ મોકલું છું. ન ગમે તો ના લખશો." પણ, આ પ્રસ્તાવના લખી જ રહ્યો છું એનો મતલબ તરુણ સમજે છે એટલો જ નથી. મને એની આ લઘુનવલ ગમી છે, એ ખરું; પણ હું લાલબત્તી ધરવા આ પ્રસ્તાવના લખી રહ્યો છું. જેમ મેં હેંગઓવર" મારી લઘુનવલમાં પાછલે પૂંઠે લખ્યું હતું કે તે વિષય બનાવી વાર્તા-નવલકથા-નાટક લખવા એ કાચ વાટવા જેવું લોહીઝાણ છે.

મારી "ગાંધારીની આંખે પાટા' નવલકથા એકમાત્ર એવી નવલકથા છે, જેમાં એ સમયે લદાયેલી કટોકટીને "થીમ બનાવી મેં જન્મભૂમિ' માટે હપ્તાવાર નવલકથા લખેલી. "કાળો અંગ્રેજ'માં પણ પશ્ચાદભૂમાં રાજકીય પરિસ્થિતિ છે જ.

પણ, એ બેયના અનુભવને આધારે હું એમ કહું છું કે રાજકીય રંગને શબ્દથી દૂર રાખવો યોગ્ય છે; કારણ, રાજકીય પરિસ્થિતિઓથી જન્મતો સંઘર્ષ ક્યારેય કાયમી હોતા નથી એટલે સોના જેવા શબ્દ કથીર જેવા રાજકીય સંઘર્ષની કથા કહેવા ન ઉપયોગમાં લેવા.

હા, યુધ્ધની કથા રમ્ય છે અને જગતભરમાં ઉત્તમ કૃતિઓ યુધ્ધકથાઓ હોવા છતાં અજરાઅમર છે. પણ, તરુણની દિશા કે મનોદશા એવી મોટી કૃતિ રચવાની નથી. એ આજે ભારત અને ખાસ કરીને છેલ્લાં દસ વર્ષ દરમ્યાનના રાજકીય તખ્તાને પશ્ચાદભૂ બનાવી લઘુનવલ લખે છે. આમ કરવાથી બહુ નજીકનો ભૂતકાળ એ આ કૃતિની પાત્રરચના અને વધુ પડતી પરિચિતતાનો અહેસાસ કરાવે છે અને અતિપરિચય અવજ્ઞાપાત્ર બનવાની શક્યતા સવિશેષ રહે.

પણ, તરુણ બેન્કરની સર્જકતાએ આ અપરિચિતતાને અતિક્રમવા માટે પૂરી કોશિશ કરી છે અને એટલે અણ્ણા હજારેની બંધબેસતી પાઘડી પહેરાવી દેવાનું મન કેવળ કાકુજી માટે જ થાય એવું નથી; અહીં શિક્ષણ પ્રધાન, પૂરવઠા ખાતાના પ્રધાન, મુખ્યપ્રધાનનાં નામ જ બદલાયાં છે, બાકી એમનો આ નવાં નામના મહોરાથી પણ ઢાંક્યો ઢંકાતા નથી, એ નક્કી પણ, અહીં સરલા, માધવ, સહદેવ, ઈશાન વગેરે પાત્રો બંધબેસતી પાઘડી પહેરાવી શકે એવાં નથી અને એવા પાત્રોને કારણે જ આ લઘુનવલ કલ્પનોત્થ લાગે છે.

આ રચનાનું "થીમ' રાજકીય પરિસ્થિતિને, સરમુખત્યારીને, અરાજકતાને, અશિસ્તને, નર્યા સ્વાર્થને, સત્તાભૂખને તાદશ કરે છે અને એમ કરતાં તરુણની કલમ વારંવાર કટાક્ષનો આશ્રય લે એ સ્વાભાવિક બાબત છે. આજની રાજકીય પરિસ્થિતિ એ લોકશાહીની કેવી મજાક છે, તે સહુ કોઈ જાણે છે. આજે જે રીતે મીડિયા અને ધનિકો લંપટ રાજકારણીઓને કઈ રીતે પોષે છે અને પોતપોતાનો ફાયદો મેળવે છે, એ સહુ કોઈ જાણ છે. અનેક તરૂણ કલમોને વૃધ્ધ બનાવી દે એવી રીઢી રાજકીય પરિસ્થિતિ ચાબખાની પણ ચચરાટી અનુભવતા નથી.

અહીં ભાષા પરનું તરુણ બેંકરનું પ્રભુત્વ "કાબિલે દાદ છે. એ બોલીથી માંડી ગુજરેજી, હિંદી ઈત્યાદિને આસાનીથી, અસહજ થયા વગર ઉપયોગમાં લઈ શકે છે. કાકુજીના હિંદી ભાષામાંના ઈન્ટરવ્યુમાં બોલાતી હિંદીના નમૂના છે. ઈશાનની પરદેશીની ગુજરાતી પણ મઝા કરાવે છે. સરલા અને કાકુજીની વાણી જેટલી લાગે છે એટલી સાદી નથી, મર્માળી છે.

અહીં જે પ્રદેશની પશ્ચાદભૂ રાખી છે, એ ધરતી સાથે લેખકનો લોહીનો સંબંધ છે. જેમ પન્નાલાલને ગુજરાતનો ઈશાનિયો ખૂણો ફાવેલો અને એ ધરતીનાં છોરુને પન્નાલાલુ રમતાં

@gujaratibooks

મૂકેલાં; એમ તરુણ એ દિશામાં દક્ષિણ ગુજરાત અને એનાં માણસો, પશુ, પંખી, વનસ્પતિ સહુને એમની બોલીને ખપે લગાડી જીવંત બનાવે છે.

રાજકીય કટાક્ષ કરવાના શુલ્લક હેતુથી આ કૃતિ સર્જાઈ નથી; પણ, એ આ પરિસ્થિતિએ સર્જેલ દારૂણ દશાને વ્યકત કરવા લખાઈ છે. આ પદયાત્રા નથી – "પદ પ્રાપ્તિ માટે મથતા, પદ ટકાવી રાખવમ મથતા માણસોની કથા બની રહે છે.

ડો.ચીનમોદી

તા.૧૮/૦૩/૨૦૧૨

(અંકલે શ્વર ખાતે કવી પતીલની અર્ધપ્રતિમાના અનાવરણ પ્રસંગે પધારેલ ડો.ચીનુ મોદીએ આ પ્રસ્તાવનાની હસ્ત લિખિત પ્રત આપી તે તારીખ)

@gujaratibookz

:સ્વકથન:

સોળમી મે, ૨૦૧૦ને અખાત્રીજે મારી પહેલી લઘુનવલ 'મરણ" વિમોચન કર્યુ ત્યારે નિર્ધાર જાહેર કર્યો હતો કે દર વર્ષે એક પુસ્તક આપવું. મારા મનમાં લઘુનવલના ત્રણેક પ્લોટ ઘુમરાતા હતા. ચિઠ્ઠી ઉછાળી નિર્ણય કર્યો ને પદયાત્રા લખવાની શરૂ કરી. આમ મે,૨૦૧૦માં આ લઘુનવલ લખવાની શરૂઆત કરી ત્યારે અણ્ણા હજારેજીનું દેશવ્યાપી જન આંદોલન શરુ પણ નહોતું થયું. હા, લઘુનવલ પૂરી થતા સુધીમાં ઘણું બધું ઘટી ચૂક્યું છે.

મહાદેવ ગાંધી ઉર્ફે કાકુજી અને તેમના ચાર વાંદરા સરલા, માધવ, ઈશાન અને સહદેવ શાસ્ત્રીના મુખ્ય પોતાની વચ્ચે વણાયેલા બીજા ચાલીસેક પાત્રો સમયાંતરે ભાત ઉપસાવતા રહે છે. પણ, કથનકેન્દ્રમાં તો કાકુજી અને તેમની વાનરસેના જ છે. ગાંધીવાદી વિચારધારા અને લોકસેવાની લલક આજેય ઝળહળે છે. આદર્શની શાહીથી લખાયેલ ગાંધીવાદી વિચારને ચમકવા નથી બ્રાસો'ની જરૂર કે નથી જરૂર કેમેરાની કલીક કલીકની.

છતાંય એકવીસમી સદી આવતા સુધીમાં બાપુ મઢેલા ફોટા અને બાવલાઓ સુધી સીમિત થઈ ચૂક્યા છે.! લોકશાહીમાં લોકો મતદાર અને સમસ્યા એકબીજા ઉપર દોષારોપણ કરવાની રમત.! કોમનમેનની સમસ્યાને રાજકીય રંગ આપવાના ફેશન શોમાં બધા રાજકીય પક્ષો કેટવોક કરી રહ્યા છે.! ટૂંકમાં મારે જે કંઈ કહેવું છે એ બધું લઘુનવલના માધ્યમથી કહી જ દીધું છે. છતાંય હું ચોક્કસ કહીશ કે, "આ કોઈ એક વ્યકિત કે એક પક્ષની વાત નથી. વર્તમાન રાજકીય સ્થિતિ–પરિસ્થિતિની વાત છે. લોકશાહીને ઉજાળનાર અને ઉજાડનાર વચ્ચેના સંઘર્ષની વાત છે. કોઈ એક પાત્ર કે પાત્રો જાણીતાં લાગે તો સમજજો કે હું પણ કોમનમેન છું. હું તમારામાં અને તમે મારામાં વસો છો, એટલે આવું બનવું કે આવું લાગવું સ્વાભાવિક છે. આ લઘુનવલ મારી કલ્પનકળાની નીપજ છે. કોઈએ પણ બંધબેસતી પાઘડી પહેરી લેવી નહિ." પ્રસ્તાવના લખનાર ચીનુદાદા(ડૉ.ચીનુ મોદી), પ્રુફ રીડીંગ માટે ડૉ. મહિપતસિંહ રાઓલજી અને ડૉ.નરોત્તમ વાળંદ તથા સાહિત્યસભાના મિત્રોનો આભાર.

તરુણ બેન્કર
ભરૂચ ૧૯મી માર્ચ ૨૦૧૨

એક

કાકુજીએ ઓલવાતા દીવાને સંકોરવા આંગળીથી દીવેટ થોડી બહાર ધકેલી, ને આખો ઓરડો પ્રકાશથી ઝગમગી ઉઠયો. પવનની લહેરખીઓ સાથે રમત રમી રહેલી જયોતનો ફરકાટ કાકુજીના ચહેરા ઉપર પથરાયેલા તેજને રમાડી રહ્યો હતો. પણ કાકુજીની નજર, આંગળીઓ અને મન તો ચક્કર ચક્કર ફરતાં ચરખામાં પરોવાયું હતું. કુશળ કારીગરની અદાથી રૂની પૂણી કાંતી રહેલા કાકુજીનો આ વરસો જૂનો નિત્યક્રમ આજે પણ એવી જ રીતે ચાલી રહ્યો હતો.

"કાકુજી.! પદયાત્રિઓ આવવા માડ્યા છે."

"હું....."

કાકુજીએ સરલાની વાતનો ટૂંકો જવાબ આપ્યો ત્યારે પણ એમની નજર તો રૂની પૂણી અને તકલીને એક તાંતણે બાંધી રહેલા સુતરના તાર ઉપર તંકાયેલી જ હતી. તપસ્યામાં લીન તપસ્વિની

જેમ રેંટીયો કાંતી રહેલ કાકુજીએ રૂની પૂણી પૂરી થતાં નજર ઊંચી કરી ત્યારે તેમની નજર સાથે નજર મિલાવવા આતુર સૂર્યનો પણ ઉદય થયો.

"સરલા! તું એક કમ કર. બધ્ધા હાટુ ચા મેલ."

કાકુજીના આદેશની રાહ જોઈને ઊભેલી સરલા હુકમ પુરો થાય તે પહેલા કમાનમાંથી છુટેલા તીરની માફક રસોડામાં ભરાઈ ગઈ.

સરલા. કાકુજીના વંઠી ગયેલા સોમભાઈની દીકરી. સોમભાઈ પહેલા કાકુજીની સેવામાં ખડે પગે હાજર રહેતો હતો. પણ સરલાને જન્મ આપી થોડાક જ મહિનામાં પાછા પગે થયેલી ગોદાવરીની હાટે એની બેન રૂપા જોડે પરણવા એક્કી પગે થયેલા સોમભાઈને કાકુજીએ ઠમઠોર્યો એટલે રીસમાં ને રીસમાં એ રૂપાને ભગાડી ગામ છોડી ને ચાલ્યો ગયો. જો કે બહુ પાછળથી કાકુજીને ખબર પડી હતી કે ગોદાવરીને દાડા રહ્યા ત્યારથી જ સોમભાઈએ રૂપાને આંટીમાં લીધી હતી.

ત્યારની ઘડી ને આજનો દિવસ કાકુજીએ સોમભાઈનું મોઢું જોયું નથી. પણ સોમભાઈ અને ગોદાવરીની દીકરી સરલાને ક્યારેય ઓછું આવવા દીધું નથી. મા અને બાપ બન્નેની જવાબદારી કાકુજીએ અદા કરી છે. અને સરલા પણ હેતનું હાલું બનીને કાકુજીના માળે ઝૂલતી રહી છે. કાકુજી કે અન્ય કોઈ સગા સરલાના લગ્નની વાત કરતાં ત્યારે થોબડું ચઢાવી સરલા કહેતી "દાદુ! હું તમને છોડીને કશે જવાની નથી

કાકુજી મેડીએથી ઉતરી નીચે આવ્યા ત્યારે વીસેક પદયાત્રિઓ પરસાળમાં બેઠા હતા. હાથમાં ચાની કુલડી પકડીને બેઠેલા પદયાત્રિઓ સેવ મમરાનો ફાકો માર્યા પછી ટેશથી ચાની ચુસ્કી લઈ રહ્યા હતા. કેમેરાની ફ્લેશ ચમકી ત્યારે બધાને ખબર પડી કે કાકુજી મેડીએથી નીચે આવી ચૂક્યા છે. ફ્લેશનો ચમકારો પૂરો થતાં જ કાકુજીના શબ્દો રેલાયા,

"માળા..! તે ચા પાણી કર્યા કે નંઈ..?"

"કાકુજી! તમને કેમ ખબર પડી કે હું આવ્યો છું..?"

"હવારના છ વાગ્યામાં બીજો કયો છાપાવાળો આ ડોસાના ફોટા પાડવા નવરો બેઠો છે..!"

"કાકુજી..! માધવ ચા નાસ્તાની પણ ના પાડે છે; કે છે કે હું ઓન ડ્યુટી છું."

કાકુજીની સોડમાં લપાતી સરલાએ માધવની મીઠી ફરીયાદ કરી. સરલાના ચહેરા ઉપર ઊતરી આવેલ શરમ સભર લાગણીના સેરડા ભાળ્યા પછી કાકુજી અંદરના ઓરડા તરફ વળ્યા. બે એક ડગલાં ચાલ્યા પછી અચાનક અટકયા અને વાંકા વળી પગમાં ખેંચેલી કાંકરી ઊપાડી ઉભા થયા. કાકુજીના ચહેરા ઉપર નારાજગી વરતાઈ રહી હતી. એમનાથી એકાદ ડગલું પાછળ ઊભેલી સરલા તરફ કરડી નજર નાખીને બોલ્યા,

"ઘરમાં ઝાડું તો છે ને..?"

હકારમાં માથું હલાવ્યા પછી નીચી નજરે સરલા બોલી,

"પૂજો તો હમણાં જ વાળ્યો છે..! હું ફરીવાર ઓરડો સાફ કરી નાંખું છું."

કાકુજીની નજરનો સામનો ન કરી શકેલ સરલા નીચી નજરે અંદરના રૂમ તરફ સરકી. ઝાડું લઈને પાછી આવી ત્યાં સુધી કાકુજી ત્યાં જ ઉભા રહ્યા હતા. ઝાડુ વાળવા વાંકી વળેલ સરલાના માથે હાથ મૂકતાં બોલ્યા,

"સરલા..! મેં તને કચરો કાઢવા ઝાડુનું નોતું પૂછયું."

"તો?"

@gujaratibookz

આંચકા સાથે સરલા ઊભી થઈ ગયી. એના ચહેરાની રેખાઓ પ્રશ્નનો આકાર લઈને કાકુજી સામે સવાલ કરી રહી હતી.

"આ ઝાડુને ગોબરમાં બોળી બોળીને આની પીઠ ઉપર મોર બનાવી દે."

નજીક ઊભેલા માધવને પકડી એને સરલાની સામે ઊભો કરતાં કાકુજી બોલ્યા.

હવે ચમકવાનો વારો માધવનો હતો. વિસ્ફારિત આંખે વારાફરતી સરલા અને કાકુજી સામે જોઈ રહેલા માધવનું મોટું આશ્ચર્યને લીધે ખુલ્લું રહી ગયું હતું.

'સરલા.! આજે તો આને મારી મારીને મોર બનાવી જ દે. ચાલ મેં પણ તને મદદ કરું છું." બોલતા કાકુજીએ માધવને પાછળથી પકડી લીધો. પછી નાના બાળકની જેમ બૂમાબૂમ કરતાં બોલ્યા,

"તું જલદી જઈને ઝાડુ ગોબરમાં બોળી લાય. મારાથી આ માધ્યાને ઝાઝો વખત પકડી નહિ રખાય. જા.અ.અ. જલદીથી ઝાડુ ગોબરમાં બોળી લાય."

થોડીવાર પહેલા વાતાવરણમાં વરતાઈ રહેલું ભારેપણું અચાનક હળવુંફૂલ બની ગયું હતું. પંચોતેર વર્ષના કાકુજી પાંત્રીસેક વર્ષની સરલા અને ચોવીસ વર્ષના માધવ સાથે બાળકી રમત રમી રહયા હતા.! ધમાચકડી મચાવી રહ્યા હતા.!

"કાકુજી..! મને બચાવો. પદયાત્રાનું કવરેજ કરવા આવેલ દૈનિક અખબાર સત્યાગ્રહના પ્રતિનિધિની તમારા જ ઘરમાં ધોલાઈના સમાચારના અખબારના પહેલા પાને છપાશે."
સરલાના ઝાડુંથી બચવા માધવ કાકુજીની ઓથે ગોળગોળ ફરી રહ્યો હતો અને કાકુજીને પણ ગોળ ફેરવી રહ્યો હતો. માધવની સાથે ગોળ ફરતાં કાકુજી બોલ્યા,

"માધ્યા! તું જલદી નક્કી કરી લે. ઝાડુ ખાવા છે કે સેવ મમરા..?"

અંદરના રૂમમાં શરુ થયેલી ધમાચકડીની વાત પરસાળમાં પહોંચતા બહુ વાર ન લાગી અને ઘડીભરમાં તો અંદરના ઓરડો દર્શકોની ભીડથી ઊભરાવા માંડ્યો. દર્શકો હસીહસીને અને ત્રાણે થાકીને લોથપોથ થાય તે પહેલા મી. ઐયર ઓરડામાં પ્રવેશ્યા.

"કા કુ જી..! મનતરીજી બોલા હૈ કી વો એક ઘંટા મોડું આવશે.'

ધમાલ મસ્તીમાં વ્યસ્ત બધા જ નાયબ સચિવ મી. ઐયર.! મીસ્ટર વ્યંકટેશ તીરૂપલ્લી ઐયરની મારફાડ ગુન્દી સાંભળી ફરી ખડખડાટ હસી પડ્યા. બધાના ફાટેલા ડાચાં વારાફરતી જોઈ રહેલ મી. ઐયરના હાવભાવ જોયા પછી વાતને વાળતા કાકુજી બોલ્યા,

"સરલા.! ઐયર સાહેબને ચા પાણી કરાવ. માધવ! તું મારી જોડે બહાર ચાલ નહિતર ગોબરથી ખરડાયેલો મોર બની જશે. પછી તારે તારો જ ફોટો તારા અખબારમાં છપાવવો પડશે."

હોઠ સુધી આવેલું હાસ્ય માંડ માંડ દબાવી રાખી કાકુજી માધવને લઈને પરસાળમાં આવ્યા. ને એમની પાછળ આખી વાનસ સેના પણ પરસાળમાં આવી.

પદયાત્રાને પ્રસ્થાન કરાવવા આવનાર રાજયના પુરવઠા મંત્રી નરહરી ધોળકિયાના અંગત સચિવ મી. ઐયરની તશરીફ રાખવા લાકડાની ખુરશી ગોઠવવામાં આવી. કાકુજી લિંચકા ઉપર ગોઠવાયા અને માધવ લિંચકાની બાજુની બાતી ઉપર ગોઠવાયો. બધા પદયાત્રિઓએ શીસ્તબદ્ધ સૈનિકની જેમ લીંપણ વાળી પરસાળમાં 'ઢગરા' ગોઠવ્યા.!

"બોલીયે ઐયરજી. ક્યા સંદેશ લાયે હૈ.?" કાકુજીએ વિનમ્રતાપૂર્વક સવાલ પુછયો.

કાકુજી સામે તાકી રહેલા મી. ઐયર ક્ષણ વાર થોભ્યા પછી ગુજરાતી હિન્દી મિશ્રિત 'ગુન્દી' ભાષાના શબ્દો મનોમન ગોઠવતાં ચીપિચીપિને બોલ્યા,

@gujaratibooks

"કાકુજી.! મિનિસ્ટરજી એ મેસેજ બોલ્યા હૈ, કી ઉનકુ એક ઘન્તા મોડું થશે. મેં મોબાઈલ પર મિનિસ્ટરજી સાથે કોન્ટેક કરને કા પ્ર... પ્રયત્ન કરી રહ્યા હું. મગર યહાં સિગ્નલ નહિ હૈ."

"ઐયરજી..! આપ મિનિસ્ટરજી ઔર મોબાઈલ કા સિગ્નલ પકડતે રહીયે. મેં ભગરી કો દોહ કર આતા હું.!"

મી. ઐયરને કંઈ ગમ પડે તે પહેલા કાકુજી ગભાણ તરફ ચાલી નીકળ્યા; પાછળ પાછળ માધવ અને સહદેવ દોરાયા. ગભાણમાં દાખલ થતાં કાકુજી બોલ્યા,

"સહદેવ..! મેં તને પેલ્લા જ કીધું તું ને કે મંત્રી જંત્રીને બોલાવવાની જરૂર નથી. આખી પદયાત્રા કરતાં વધુ ખર્ચો તો એમના માટે હેલીપેડ બનાવવા કરાવડાવ્યો. ઉપરથી ગોમના છોકરાવનું કબડ્ડીનું મેદોન ખોદી નાખ્યું.! તું ઐયર સાથે રહીને બાકીનું બધું ફોડી લેજે. હું ને ઈઠ્ઠોતેર પદયાત્રિઓ કાર્યક્રમ મુજબ સાડા સાતે ગામના પાદર આગળ બે પાંચ મિનિટ વાત કરીને ચાલી નીકળીશું."

બોલતાં કાકુજી ભગરી ભેંસને દોહવા બેસી ગયા. કાકુજીનો સ્પર્શ થતાં જ ભગરીના આંચળ ઊભરાવા લાગ્યા. કરાઠાં ચાવી રહેલ ભગરીએ ડોકું ફેરવી કાકુજી તરફ જોઈ લીધું પછી પૂંછડી હલાવતી મન મૂકી વરસવા લાગી. થોડીક જ વારમાં બે દોણી ભરીને દૂધ દોહી લીધા પછી કાકુજી બોલ્યા,

"જો ભગરી.! આ તારો કાકુજી થોડા દા'ડા બાહરગોમ જવાનો છે. એટલે છોનીમોની લછમી પાહે દૂધ દોવરાવી લેજે. જાણું છું કે તને પણ કાકુજીની આદત પડી ગઈ છે. પણ આ કટેવ તારે સુધારવી પડશે."

ડોકું હલાવતી ભગરીએ ભાંભરીને કાકુજીની વાત સમજી ગયાનો સંકેત આપ્યો. એટલે એના વાંહો થપથપાવતા કાકુજી બોલ્યા,

"લછમીને બહુ હેરાન કરતી નહિ.! ગૌરીનું ધ્યાન રાખજે. ખબર છે ને? આપણી ગૌરી હમણા જ વિયાઈ છે. અને હા, એના વાછરડાનું પણ ધ્યન રાખજે. હં..અ.અ... ચાલ હવે જવા દે. નહિતર પેલો મંત્રી આવી પહોંચશે તો ભાષણબાજી કરીને મારું ટોલુ ભમાવી નાંખશે..!"

કાકુજીએ ભગરીની માથા અને ગળા ઉપર હેતાળ હાથ ફેરવ્યો. કાકુજીનો હાથ ચાટી વહાલ કરતી ભગરીની આંખોમાં કાકુજી સાથેનો વિરહ ડોકાતો હતો. ભગરીને શિખામણ આપ્યા પછી કાકુજીએ ગૌરીની પીઠ પર હાથ ફેરવ્યા પછી એના માથા સાથે પોતાનું માથું અડાવી વહાલ કર્યું. ગૌરીના વાછરડાને પંપાળ્યા પછી ઘાસના ભારામાંથી લીલું અને કુણું ઘાસ વાછરડા આગળ નીયું. પછી સ્વજનોને કહેતા હોય એમ હાથ હલાવી બધાને આવજો કરતાં પરસાળ તરફ આગળ વધ્યા. ભગરી અને ગૌરીએ ગળાના ઘુઘરા ઘમકાવી–ભાંભરીને મીઠો પ્રતિસાદ આપ્યો. કાકુજી ગભાણની બહાર નીકળ્યા ત્યારે એમની આંખો સહેજ ભીની થઈ હતી. અચાનક કંઈ યાદ આવતા એ ગભાણમાં પાછા ફર્યા અને ભગરીના માથે હાથ મૂકી બોલ્યા,

"બળ્યું હવે મારી યાદશકિત પણ ઘસાવા લાગી છે. અસ્સલ વાત તો તને કહેવાની જ રહી ગઈ. હોંભળ..! સરલા પણ મારી જોડે આવવાની છે. ઘરમાં લછમી અને ભગલો બે જ જણ છે, એટલે તોફાન ઓછું કરજે. બન્નેને સતાવતી નહિ."

ભગરીને છેલ્લી શિખામણ આપી કાકુજી ફર્યા ત્યારે સહદેવ સવાલ પૂછવા બહુ પાકી ગયેલા ફળની જેમ ફદફદી ઉઠયો હતો.

કાકુજી...સરલા પણ આપણી સાથે આવવાની છે..?"

@gujaratibookz

"અરે હા સહદેવ..! જો ને તારી જોડે ચિંતન કરવાનું રહી જવું."

પછી અચાનક ગભાણના પાછળના ધસી જતાં હોય તેવી રીતે દોડતા–ભાગતાં બૂમ પાડી,

"લછમી.! ઓ લછમી. અરે ઓ ભગલા. બને ક્યાં ભરાયા છો.?"

કાકુજીની બૂમ સાંભળી બને દોડી આવ્યા ત્યાં સુધીમાં તો કાકુજી પાછળના વાડા સુધી પહોંચી ગયા હતા. લછમી કે ભગલો કંઈ પણ બોલે તે પહેલા કાકુજી બોલ્યા,

"લછમી..! હું તને કેવાનું ભૂલી જાવ તે પહેલા શારદાને ત્યાં જઈ મારા માટે ગાયનું ઘી લઈ આવ. મારે ટકલા ઉપર રોજ ઘી ઘસાવવું જ પડશે. નહિતર પદયાત્રા પૂરી કરીને પાછો આવીશ ત્યાં સુધીમાં ન જાણે હું ને હું ભૂલી ગ્યો હોઈશ...!"

"કાકુજી.! તમારુ ભૂલવાનું કોંમ તો આજથી જ હેંડી નીકળ્યું છે."

કાકુજીની વાત સાંભળી મલકી ઉઠેલી લછમી ઘૂઘટની આડમાંથી ભગલાને જોતા બોલી રહી પછી બાકીની વાત ભગલા એ પૂરી કરી

"ગાયના જી વાળી વાત તો મી એ જ તમારા મુઢેથી ચોથી વાર હાંભળી છે!"

"કાકુજી! હવે તો ગૌરીના વાછેડાને પણ યાદ રહી ગયું છે કે – સરલા તમારી સાથે પદયાત્રામાં આવવાની છે અને તમારા ટકલા ઉપર ઘસવા ગાયનું ઘી મંગાવવાનું છે"

સહદેવે આરંભેલી વાત સામુહિક ઉદ્‌ઘોષ સાથે પૂરી થયી.

"તો ઈમા બધ્ધા રાડયું હેના નાંખો છે.? હું તો જોતો તો કે તમારા બધાની ખોપડી ચાલે છે કે નહિ.! ચાલો હવે. સવારના હોરમાં નવરીના થવાની જરૂર નથી."

બધાને ટપારતા કાકુજી પરસાળ તરફ આગળ વધ્યા. કાકુજીની સેના પરસાળમાં આવી ત્યારે મિસ્ટર ઐયર અને માધવ મોહન ચા પાણી કરી રહ્યા હતા.

સ્વતંત્રતા સંગ્રામના અંતિમ પડાવ ટાણે કાકુજીના વડપણ હેઠળ શરૂ થયેલા અખબાર સત્યાગ્રહમાં માધવ કામ કરતો હતો. જુનિયર ખબરપત્રીથી શરૂ થયેલ એની અખબાર યાત્રા વિશેષ સંવાદદાતા સુધી પહોંચી હતી. એકવીસમી સદીના વિ એ આદરેલી ઈન્ફ્રમેશન ક્રાંતિના એક સ્વરૂપ એવી ખાનગી ટીવી ચેનલોના દોરમાં લોભામણી ઓફરના પગલે કલમ છોડી કેમેરાના ખોળે મૂકનાર ટીવી જર્નાલિસ્ટોની યાદીમાં હજુ માધવ મોહનનું નામ ઉમેરાયું નહોતું.

*****

પ્રદેશના છેવાડે આવેલ ભરતપુર ગામના પાદર આગળ ચહલ પહલ વધી ગઈ હતી. માંડ આઠસો હજાર લોકોની વસ્તીવાળા ગામના બધા જ રસ્તાઓ આજે પાદર તરફ વળ્યા હતા. સવારે સાત ને વીસે કાકુજીની આગેવાનીમાં ઈઠોતેર પદયાત્રિઓ ત્યાં આવી પહોંચ્યા ત્યારે મોંઘવારીના માર્યા ભોંયમાં ભંડારાઈ રહેલા લોકોમાં ચેતનાનો સંચાર થયો. દોઢેક વર્ષના પૌત્રને ખભે બેસાડી આવેલા સીતારામ ચૌધરી એક હાથ ઊંચો કરી જોરથી બોલ્યા,

"સસ્તો માણસ મોંઘુ તેલ સરકાર તારો કેવો ખેલ...!"

"જબ તક સૂરજ ચાંદ રહેગા કાકુજી કા નામ રહેગા..!"

"આંધી આયે યા તુફાન નહિ ડીગેગા યહ ઈન્સાન..!"

"કાકુજી તુમ આગે બઢો હમ તુમ્હારે સાથ હૈ..!"

ભરતપુરના પાદરેથી ઊઠેલો અવાજ આખા ભારતમાં પહોંચવાનો છે તેવા સંકલ્પ સાથે ગ્રામજનોની ચેતના ચોમેર પ્રસરવા લાગી હતી. આદર્શ નેતા મહાદેવ ગાંધી ઉર્ફે કાકુજીના નેતૃત્વમાં નીકળનારી મોંઘવારી વિરુદ્ધની પદયાત્રાએ ઘણાં લોકોનું ધ્યાન આ તરફ ખેંચ્યું હતું. ઊગતી વયે

@gujaratibookz

બાપુના સાંનિધ્યમાં થોડાક મહિના વિતાવનાર કાકુજીએ સત્તાના સ્થાને સેવાને બેસાડી સાદું જીવન ઉચ્ચ વિચારનો મંત્ર સિધ્ધ કર્યો હતો. જો કે તેમનો આ આદર્શવાદ ઘણા નેતાઓને ખૂંચતો હતો. અને એટલે જ સેવાના નામે મેવા ચરતા નેતાઓની બહુ મોટી જમાતે કાકુજીને દેશની મુખ્ય ધારાથી અલગ રાખ્યા હતા. પણ જયારથી મિશ્ર સરકારવાળી લોકશાહી શરૂ થઈ હતી, ત્યારથી કાકુજીને સક્રિય રાજનીતિમાં લાવવાના પ્રયાસો કરાઈ રહ્યા હતા.! લગભગ બધા પ્રાદેશિક પક્ષો અને નાના પક્ષોના સમુહમાં સર્વમાન્ય નેતા તરીકે કાકુજીનું નામ ઊભરી આવ્યું હોવા છતાં સેવાકાર્યને સત્તાના સિંહાસનથી અળગું રાખવાની વિચારધારાને વળગી રહેલ કાકુજીને મુખ્યમંત્રી કે પ્રધાનમંત્રી બનવા કરતાં કોમનમેનના કાકુજી બની રહેવામાં વધારે રસ હતો.

પાદર આગળના વળાંકથી વડલાના ચોરા વચ્ચેનું ગણતરીના પગલાનું અંતર કાપતાં કાકુજીને ઘણી વાર લાગી. ગળામાં પહેરાવાયેલ સૂતરની આંટી અને ફૂલના હારની સંખ્યા આંખ આડે આવવાની હદ સુધી આવી જતા કાકુજીએ સરલા તરફ સૂચક નજર કરતાં સરલાએ સૂતરની આંટી અને ફૂલના હારની માળાઓ કાકુજીના ગળામાંથી કાઢી લીધી. જો કે કાકુજીનો સૂચક ઈશારો સહદેવે પણ નોંધ્યો હતો; એ ભીડ વીંધીને કાકુજી સુધી પહોંચે તે પહેલા સરલાએ કામગીરી પૂર્ણ કરી નજીક આવેલા સહદેવ શાસ્ત્રીના હાથમાં આંટી અને હારનો ઢગલો પકડાવી દીધો.

સહદેવ. કાકુજીનો અંગત મદદનીશ. બાવન વર્ષના સહદેવને કાકુજીની સેવા સિવાય અન્ય કોઈ ખેવના હોય તેમ અત્યાર સુધી જણાયું નહોતું. જો કે કાકુજી સાથે ગભાણમાં ગયેલ સહદેવે આજથી શરૂ થતી પદયાત્રામાં સરલાને સામેલ કરવાની વાત સાંભળ્યા પછી થોડી અકળામણ જરૂર અનુભવી હતી. આખી પદયાત્રાનું સુઘડ આયોજન કરનાર સહદેવની સાથે ચિંતન કર્યા વગર એકપણ નિર્ણય ન લેનાર કાકુજીએ આટલો અગત્યનો નિર્ણય એકલા કેવી રીતે લીધો..?

આ સવાલ સહદેવના મનની ફરતે ઘેરો ઘાલ્યો હતો. અને કદાચ એટલે જ તે કાકુજીથી પાંચ સાત પગલા દૂર રહી ગયો હતો. વડલાના ચોરા ઉપર ગોઠવાયેલ ખુરશીઓમાં કાકુજી, સરલા અને સહદેવના ગોઠવાયા પછી પણ બે ખુરશી ખાલી રહી હતી. કાકુજીએ સહદેવના કાનમાં કશુંક કહ્યું પછી સહદેવે ઈશારો કરી ભરતપુરના સરપંચ મોંઘીબેન તડવી, ગોર દયાશંકર પંડયા અને ખેડૂત આગેવાન અમૃત પટેલને ઈશારો કરી મંચ ઉપર બોલાવ્યા.

મોંઘીબેન અને અમૃત પટેલની ટૂંકી ભાષણબાજી દરમ્યાન સહદેવ પોતાના સંબોધનના મુદ્દાઓ મનમાં ગોઠવતો રહ્યો. સરલાના માથે હાથ મૂકી કાકુજીએ તેણીને ઉબોધન કરવા જણાવ્યું ત્યારે ઉપસ્થિત ગ્રામજનોએ તાળીઓના ગડગડાટ કરી કાકુજીના નિર્ણયને વધાવ્યો. ખુરશી પરથી ઉભા થઈ સાડીનો પાલવ માથે ઓઢયા પછી સરલાએ કાકુજી અને શાસ્ત્રીજીને પગે લાગી આશિર્વાદ લીધા. અત્યાર સુધી કલમ ચલાવી રહેલ માધવ પણ ઊભો થયો. એક હાથ ઊંચો કરી જનમેદનીનું અભિવાદન ઝીલતી સરલા. કોમનમેનના પ્રશ્નોને વાચા આપતી સરલા. મક્કમ ગતિએ કાકુજીના પદચિહ્નો પર આગળ વધતી સરલા. સરલાની અદાઓને માધવ કેમેરામાં કંડારતો રહ્યો.!

“આપણા સૌના વાહલા કાકુજીની હાજરીમાં ભાષણ કરું એટલી લાયકાત હજુ મારામાં નથી આવી. પણ કાકુજીએ આદેશ આપ્યો છે એટલે કંઈક તો બોલવું પડે એટલે પદયાત્રાના આયોજન વિષે થોડું બોલું છું. કાકુજીની સાથે જોડાયેલ ઈઠ્ઠોતેર પદયાત્રિઓને પંદર સભ્યોના પાંચ વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે. જયારે ત્રણ પદયાત્રિઓ કાકુજીની સાથે રહેશે. આયોજન, વિચારધારા, જન જાગરણ, અમલીકરણ અને પથ સંચાલન. આ પાંચેય વિભાગના ટીમ લીડર રોજ

સાંજે યાત્રા લીડરને દિવસ ભરની કામગીરીની માહિતી આપશે અને આગામી દિવસના આયોજન અંગે ચિંતન કરશે."

પદયાત્રાનો શુભારંભ થાય તે પહેલા ઉપસ્થિત જનમેદનીને સંબોધતા સરલાએ પદયાત્રાની રૂપરેખા સ્પષ્ટ કરી ત્યારે સહદેવને બીજો એક આંચકો લાગ્યો. સરલાના ઉદ્‌બોધન દરમ્યાન કાકુજીની સૂચના અનુસાર ચોરા પરથી નીચે ઊતરી મી.ઐયર સાથે મસલત કરી રહેલ સહદેવ વધુ વિચારે તે પહેલા દૂરથી આવતા લાલ લાઈટવાળા વાહનોના કાફલો નિહાળ્યા પછી ઐયર પાછળ દોરવાયો. કાફલો તેમની નજીક આવે ત્યાં સુધી મોંઘવારી વિરૂદ્‌ધની પદયાત્રાને પ્રસ્થાન કરાવવા આવનાર રાજયના પુરવઠા મંત્રી નરહરી ધોળકીયાના અંગત સચિવ મી.ઐયર અને પદયાત્રાના સંયોજક કાકુજીના અંગત મદદનીશ સહદેવ શાસ્ત્રી ઊંચા નીચા થતા રહ્યાં.

કાફલો નજીક આવ્યો ત્યારે સમજાયું કે સ્થાનિક તાલુકા પંચાયતના પ્રમુખ, જીલ્લા માહિતી અધિકારી, સર્કલ ઈન્સપેકટર અને પ્રિન્ટ તથા ઈલેકટ્રોનિકસ મીડિયાના પ્રતિનિધિઓ પદયાત્રાનું કવરેજ, સરકારી તથા રાજકીય આયોજન અને વ્યવસ્થાની જાળવણી માટે આવ્યા હતા. જીલ્લા માહિતી અધિકારી સાથે હાથ મીલાવ્યા પછી મી.ઐયર તેમને લઈ થોડા દૂર ગયા. દૂર સરકેલા અને સરકારી અધિકારીઓ ઉપર નજર ગોઠવતા સહદેવે પંચાયત પ્રમુખ અને સર્કલ ઈન્સપેકટરને આવકાર્યા પછી મીડિયાકર્મીઓ સાથે ઔપચારિક પરિચય કેળવ્યો. પણ એના કાન ઉદ્‌બોધન કરી રહેલ સરલાના શબ્દો પર તોળાયેલા હતાં.

"સહદેવબાબુ...! મંતરીજી જાગ ગયા હૈ અબ વો રેડી હોકર અહીં આવવા નીકળી જશે."

"અમે અહીં પહોંચવામાં જ હતા ત્યારે સાહેબના પી.એસ. સાથે વાત થઈ છે. મંત્રીજી મોડામાં મોડા નવ વાગે અહીં આવી જશે."

મી.ઐયરની વાતને આગળ વધારતા જીલ્લા માહિતી અધિકારી બાબુલાલ ચાવડા બોલ્યા.

"જુઓ ચાવડા સાહેબ! સ્ટ્રેઈટ ફોરવર્ડ વાત એ છે કે કાકુજી નવ વાગ્યા સુધી અહીં રોકાઈ એ વાત શકય નથી. છતાંય આપણે કોશિશ કરી જોઈએ."

"મને કોશિશમાં નહિ પણ પરિણામમાં રસ છે. મંત્રી સાહેબના ન્યુઝ કવર કરવા હું સ્પેશ્યલ ટીમ લઈને આવ્યો છું. જુઓ અમારા લોકો તો રીલેટેડ કવરેજમાં લાગી પણ ગયા છે."

બાબુલાલ કવરેજ કરી રહેલ જર્નાલિસ્ટોની ટીમ તરફ હાથ કરતા બોલ્યા.

"જુઓ. શું થાય છે.?"

ટૂંકો પ્રત્યુત્તર આપી સહદેવ ચોરા તરફ ચાલી નીકળ્યા. ચોરા ઉપર બેઠેલા કાકુજીની બાજુની ખુરશીમાં ગોઠવાયા પછી ધીમા સ્વરે થોડીક ચર્ચા કરી. બંધ આંખે સહદેવની વાત સાંભળી પ્રતિભાવમાં માથું હલાવી રહેલ કાકુજીને સરલાએ ઉદ્‌બોધન પૂરું કરી પ્રેરક પ્રવચન માટે આવકાર્યા ત્યારે તેમની આંખ ખૂલી. તાળીઓના ગડગડાટ અને ગગનભેદી સૂત્રોચ્ચાર વચ્ચે કાકુજી ઉભા થયા. જમણો હાથ ઊંચો કરી ગ્રામજનોનું અભિવાદન સ્વીકારવા સાથે તેમને શાંતિ જાળવવા ઈશારાથી સમજાવ્યું. પછી તેમની તરફ આશાભરી નજરે જોઈ રહેલ સહદેવનો ખભો થાબડયો અને મુઠ્ઠીઓ વાળેલ બને હાથ ઉપર ઉઠાવી નારો લગાવડાવ્યો,

"નહિ ચાલે નહિ ચાલે કમર તોડ મોંઘવારી નહિ ચાલે.."

કાકુજીના નારાનો સામુહિક પ્રતિસાદ અપાયો. આ નારાનો ત્રણ વાર પુનરોચ્ચાર કરાવ્યા પછી કાકુજી અટકયા. સ્ટેન્ડ ઉપર લાગેલું માઈક ખેંચી ચોરાની વચ્ચોવચ આવ્યા ત્યાં સુધીમાં ટાંકણી શૂન્ય શાંતિ પ્રવર્તી ગઈ.

@gujratibookz

"ખુરશીમાં બેહવાની લાયમાં આપણા શાસકો એ પણ ભૂલી ગ્યા છે કે આમ આદમીના પેટનો ખાડો ધીમે ધીમે પાતાળ કૂવો બની ગ્યો છે. કેટલા દાડા હૂડાં પીને જીવાશે.? એકસો દશ કરોડના દેશમાં ચાલીસ કરોડ ગરીબો.? અને તેમાં પણ કરોડો તો અતિ ગરીબ. ગરીબી નાબૂદ કરવાની વાત કરનારી સરકારો ઠાલા વચનો અને જી.ડી.પી ના આંકડાની માયાજાળ રચવા સિવાય બીજું કોંઈ કરતી હોય તેમ લાગતું તો નથી. જો ભાષણોથી પેટ ભરાતું હોત તો આખો દેશ ઓચાઈ જાય તેટલા ભાષણો આપણા નેતાઓએ કર્યા છે.! પેલી કે'વત છે ને.? 'વાતોના વડા કરવા' આપણા નેતાઓએ વાતોના વડાં પણ હરખા હરખા કર્યા હોત તો ગરીબોને ખાવા તો કામ લાગત. પણ એમને તો એ પણ હીધી રીતે કરતાં નથી આવડયું. રાશનકાર્ડને પતંગ બનાવી ઊડાવી દેવાનું મન થાય તેવી સોંઘવારી લાવનાર મોરારજીભાઈના શાસનની નકલ કરો તો પણ હારું છે. નકલમાં કાં અક્કલ વાપરવાની છે. જો તમારામાં નકલ કરવાની અક્કલ હોય તો..."

અસલ દેશી સ્ટાઈલમાં ચાબખા મારતા કાકુજીની વાતને ગ્રામજનોએ તાળીઓ ગડગડાટથી વધાવી ત્યારે એ પળાનો લાભ લઈને કાકુજીએ કાંડા ઘડીયાળમાં જોઈ લીધા પછી વાત આગળ વધારી,

"ઓમ તો આપણી આ પદયાત્રાને લીલી ઝંડી બતાવવા મંત્રીજી આવવાના હતા. આપણે ઈમને સવારે સાડા સાતનો ટાઈમ આપ્યો'તો. પોણા આઠ થ્યા છતાં મંત્રીજી આવ્યા નથી. ને હમણાં જ સહદેવ ખબર લાવ્યો છે કે મંત્રીજી નવ વાગ્યા સુધીમાં આવી જશે. હવે એ ગણો કે મંત્રીજી દોઢ કલાક મોડા આવે તો કેટલા માનવ કલાકોનું નુકશન થાય.? અહીં બેઠેલા લોકોની સંખ્યા આઠસો પણ ગણું તો બારસો કલાકનો ખૂરદો નીકળી જાય. અને મોંઘવારીના આંદોલનની શરૂઆતમાં જ બારસો કલાકની નુકશાની પોષાઈ તેમ નથી. એટલે આ બાજુ બેઠેલી ગંગા ડોસી પેલી બાજુ જણાતા ચલમસિંહ બાપુ, પાછળ બેઠેલા જોન્તીભાઈ પટેલ ને થોડીવાર પહેલા આમ થી તેમ આંટા મારતી તી તે પેલા વણકરની છોરી... છોકરીનું નામ ના યાદ આવતા તેમણે પાછળ બેઠેલ સરલા તરફ નજર કરી અને ધીમેથી ફફડેલા સરલાના હોઠ વાંચી વાત આગળ ચલાવી,

પેમલા વણકરની છોરી નિર્મલા અહીં આવીને મોંઘવારી વિરૂદ્ધની આપણી આ પદયાત્રાને લીલી ઝંડી બતાવી પ્રસ્થન કરાવશે.."

ગ્રામજનોના નારાઓ...તાળીઓકિલકારીયો.... અને સરકારી બાબુઓના બધવાટ અને રઘવાટ વચ્ચે પદયાત્રાને પ્રસ્થાન કરાવવા લીલી ઝંડી ફરકાવવામાં આવી. ને કમાનમાંથી છૂટેલા તીરની જેમ ઈકોતેર પદયાત્રિઓ કાકુજીના નેતૃત્વમાં ચાલી નીકળ્યા. કેટલાક ગ્રામજનો થોડેક સુધી સાથે ગયા પછી તેમના પગલાં પણ ઘર તરફ વળ્યાં.

નવેક વાગ્યાની આસપાસ ભરતપુરના આકાશમાં હેલીકોપ્ટરની ઘરઘરાટી સંભળાઈ. જો કે ખેતરમાં કામ કરતા મજૂર કે ઘરમાં વાસીદું કરતી ગૃહિણિને આનાથી કંઈ ફેર ન પડયો. હા, નવરા બેઠેલા ડોસાઓ અને શેરીઓમાં રખડી રહેલા ટાબરીયાઓએ માથું ઊંચું કરી દૂર જતા હેલીકોપ્ટરને એક નજર જોઈ લીધું. ભરતપુરની સીમમાં આવેલ મેદાનમાં હેલીકોપ્ટર ઉતર્યું ત્યારે પુરવઠા મંત્રી નરહરી ધોળકિયાની સાથે આવેલ પુરવઠા સચિવ અને દેશની અગ્રણી સમાચાર ચેનલના બે સંવાદદાતા દેખાયા. મંત્રીજીને રીસીવ કરવા આવેલા કેટલાક નેતાઓ, બે ચાર અધિકારીઓ અને એક બે ચૂંટાયેલ પ્રતિનિધિ સિવાય કોઈ જણાતું નહતું.

હેલીકોપ્ટરનો પંખો શાંત થતાં દરવાજા ખૂલ્યા અને બધા બહાર આવ્યા ત્યારે નજીક ધસી ગયેલા મી.એયર મંત્રીજીના કાનમાં માહિતી ફૂંકતા ફૂંકતા થોડે દૂર લઈ ગયા.

“એ ડોસલાની આટલી હિંમત.? માથે ટાલ કરાવીને પોતડી પહેરી એટલે મહાત્મા બની બેઠો છે.! એ ડોસાને ખબર નહિ હોય કે, મહાત્માને પણ પુરવઠાની તો જરૂર પડતી'તી.! મહાદેવ ગાંધી.! તું પુરવઠા માટે કયા તારા બાપને યાદ કરશે.?”

મનોમન બબડતા મંત્રીજીના ભવાં તણાયાં. હોઠ વંકાયા. આમાંનો એકપણ ભાવ કોઈની પણ નજરમાં આવે તે પહેલાં એક સંવાદદાતાના ખભે હાથ મૂકતાં બોલ્યા,

“સોરી ફ્રેન્ડસ. આપણા પ્રિય કાકુજીના ઈન્ટરવ્યુ માટે તમારે સાંજ સુધી રાહ જોવી પડશે. બટ ડોન્ટ વરી. લેટ્સ ગો. વી હેવ લોટ્સ ઓફ ફન એટ ચતુરજી'સ ગેસ્ટહાઉસ”

@gujaratibookz

બે

કાકુજીના વડપણ હેઠળ આગેકૂચ કરી રહેલ પદયાત્રિઓ ધનુષમાંથી છૂટેલા તીરની જેમ તેમના લક્ષ્ય તરફ આગળ વધી રહ્યા હતા. થોડીવાર પહેલાં ભરતપુર તરફ ગયેલ હેલીકોપ્ટર પરત ફર્યું ત્યારે એની આકાશી ઘરઘરાટીએ પદયાત્રિઓ અને તેમની સાથે યાત્રા કરી રહેલા મીડિયાકર્મીઓને આકાશ તરફ દૃષ્ટિ કરવાની ફરજ પાડી. જો કે અવિરત અને અડગ ડગ માંડી રહેલ કાકુજીની દ્રષ્ટિમાં કોઈ ફેરફાર નોંધાયો નહતો. ભરતપુરથી નવ કિલોમીટરના અંતરે આવેલ પદયાત્રાના પ્રથમ પડાવ ગુમાનગઢ ખાતે સમયસર પહોંચવા કાકુજી સંકલ્પબદ્ધ હતા અને એટલે જ પક્ષીની આંખવાળી નીતિ-રીતિ-ગતિ સાથે તેઓ આગળ વધી રહ્યા હતા.

પદયાત્રાનું એરીયલ વ્યૂથી શુટિંગ અને ફોટોગ્રાફી કરવા મળેલ થોડીક પળોનો અવકાશ અને સંવાદદાતાઓએ ઝડપી લીધો અને તેમનું હેલીકોપ્ટર પદયાત્રિઓની ઉપરથી ઊડતું ચતુર પટેલની વાડીએ પહોંચ્યું ત્યાં સુધી તેઓ કેમેરાના કસબ અજમાવતા રહ્યા. ભરતપુર અને દેવગઢ તાલુકાની સીમા આગળ આવેલ પર્વતમાળાની વચ્ચે અંદાજીત પાંચસો એકર ઉપર ચતુર પટેલ રાજ કરતા હતાં. દેવદાર અને સાગના જંગલો, ફળોની વાડીઓ અને ઔષધિય વનરાજી વચ્ચે વીસેક એકરમાં ફેલાયેલા આધુનિક ફાર્મ હાઉસને ચતુર પટેલની વાડી નામધિભાન કરાવતો વિશાળકાય ગેટ અને તેના ઉપર કોતરાયેલા અક્ષરો તેની ભવ્યતાની ઝાંખી કરાવતા હતા.

અત્યાધુનિક ટેકનોલોજીના બાંધકામવાળી સાત માળની ઈમારતના ટેરસ ઉપર બનાવાયેલ હેલીપેડ દૂરથી ચા પિવાની રકાબી સમાન લાગી રહ્યું હતું, પણ જેમ જેમ હેલીકોપ્ટર તેની નજીક આવતું ગયું તેમ તેમ તેની વિશાળતા છતી થતી ગઈ. શુટિંગ ટાર્ગેટની માફક પીળા અને કાળા રંગથી ચીતરેલા ગોળાકાર પટ્ટાઓના મધ્યબિંદુ ઉપર હેલીકોપ્ટર લેન્ડ થયું ત્યારે બધાએ ચોકકસ પ્રકારની ભવ્યતાની અનુભૂતિ કરી. હેલીકોપ્ટરની બહાર આવ્યા પછી હેલીપેડના એક છેડે આવેલ દાદર પરથી નીચે ઊતરી બધા ટેરેસ ઉપર આવ્યા ત્યારે હેલીપેડની ભવ્યતાનો ખરો ખ્યાલ આવ્યો. કોન જેવા વિશાળ આકારના ઊંધા શંકુમાં આઈસક્રિમના સ્કૂપના સ્થાને વિશાળ રકાબી ચોંટાડી હોય તેવો તેનો દેખાવ હતો. લગભગ બધાએ જ વારંવાર પાછા વળીને હેલીપેડને જોતાં જોતાં ટેરેસ ક્રોસ કરી ઈમારતમાં પ્રવેશ કર્યો ત્યારે સામે ઊભેલા ચતુરભાઈ પટેલે બધાને આવકાર્યા. અહીં પણ બધાની હેલીપેડ અંગેની કુતૂહલતા જણાતી હતી.

"ધોળકિયા સાહેબ! તમારા જેવા મહાનુભાવોની સેવા માટે જ આ બધું ઊભું કર્યું છે. બાકી હેલીકોપ્ટર વસાવ્યા પછી હું તો માંડ બે ચાર વાર એમાં બેઠો હોઈશ. મારા મલયને આ બધું બનાવવાનો બહુ ગાંડો શોખ છે. જુઓ ને આ ઈમારત પાછળ જ લગભગ ત્રણસો કરોડ રૂપિયા ખર્ચા છે. તોય એ ધરાતો નથી. આ ટેરેસવાળા હેલીપેડનો આઈડીયા પણ અનો જ. આપણા રાજયમાં આવું પહેલીવાર બન્યું છે. હવે સી.એમ. સાહેબ અમારા મહેમાન થાય એવી કૃપા કરાવો."

કેપસ્યુલ લીફ્ટમાં નીચે ઊતરતા ઊતરતા ચતુરભાઈ આછી પાતળી માહિતી શેર કરી.

*****

પદયાત્રિઓ ગુમાનગઢને જોડતી મુખ્ય સડક આગળ આવ્યા ત્યારે ખબર પડી કે ભાથી નદી ઉપરના પૂલનો એક છેડો ધરાશયી થઈને પડયો હતો. પથ સંચાલન ટુકડીના સભ્યોએ જાણકારી આપી કે ગઈકાલે રાતે જ આ પૂલ ધરાશયી થયો છે એટલે ચાલીને જ નદી પાર કરવી પડશે. જો કે વરસાદના દિવસો સિવાય સાપના લિસોટા જેવી પાતળી થઈ જતી ભાથી નદીનો મોટા ભાગના

પટમાં તો ઘૂંટણભર પાણી વહેતું હતું. કદાચ વચ્ચેના ભાગમાં પાણી ઊંડું હોય તેમ જણાતું હતું.

સહદેવ અને ઈશાન નાવડીવાળાની શોધમાં લાગી ગયા ત્યારે સરલાના ખભાનો ટેકો લઈ ઊભેલા કાકુજીની નજર વારંવાર કાંડા ઘડિયાળ ઉપર જતી હતી. માધવ તૂટેલા પુલના બેએક ફોટા પાડી પરવાર્યો ત્યાં સુધીમાં માહિતી અધિકારી અને અન્ય પત્રકારોએ બે કિ.મિ. પાછા જઈને ધુધરીયા ચોકડીથી જેસંગપુર થઈને ગુમાનગઢ પહોંચવાનું નક્કી કરી નાંખ્યું હતું. નજીક આવેલ માધવને જાતા બાબુલાલ બોલ્યા,

"માધવભાઈ.! આપણે ધુધરીયા ચોકડીથી જેસંગપુરવાળા રસ્તે ગુમાનગઢ પહોંચી જઈએ. બીજા મિત્રો જીપમાં બેસી તમારી રાહ જોઈ રહ્યા છે."

"ચાવડા સાહેબ! તમે આ મિત્રોને લઈને જેસંગપુરવાળા રસ્તે ગુમાનગઢ પહોંચો. હું તો પદયાત્રિઓની સાથે જ આવીશ."

માધવનો પ્રત્યુત્તર સાંભળ્યા પછી બાબુલાલે તેમની ટીમ સાથે ધુધરીયા ચોકડી તરફ જીપ હંકારી મૂકી. ધૂળ ઉડાવતી દૂર જતી જીપ દેખાતી બંધ થઈ ત્યારે માધવ પાછળ ફર્યો. પેચવાળા લોટાનું ઢાંકણું ખોલી એના મોઢિયામાં સમાયેલ નાના ગ્લાસમાં પાણી કાઢતી સરલાને જોતો એ તેના તરફ દોરવાયો. માધવ તેની નજીક પહોંચ્યો ત્યારે સરલા કાકુજીને પાણી પીવડાવ્યા પછી સાડીના પાલવથી એમનું મોં લૂછી રહી હતી. ગડી વાળેલો ખાદીનો રૂમાલ માથા ઉપર આડો મૂકી ઊભેલા કાકુજી સ્થિતપ્રજ્ઞ મુની જેવા ભાસતા હતા.

"કાકુજી.! તમે નસીબદાર તો ખરા જ. બાકી આ સરલા કોઈની સેવા કરે એ વાતમાં કોઈ માલ નથી." માધવ ટીખળ્યા સ્વરે બોલ્યો.

"માધ્યા! તું અમથો અમથો ઊભો ના રે. ચાલ મારા ને સરલાના થોડાક ફોટા પાડી"

સરલાના ખભા ઉપર હાથ મૂકી પોઝ આપતા કાકુજી બોલ્યા.

"કાકુજી...આના કરતાં તો પેલી કુસુમને બોલાવી લો.! તમારા બને તો ફોટો બહુ જોરદાર આવશે. આની સાથે તો રંગીન ફોટો પણ બ્લેક એન્ડ વ્હાઈટ જ લાગશે."

"કાકુજી...! તમે જ આ માધવને બહુ માથે ચઢાવ્યો છે. જો જો ને એક દિવસ આ જ તમારા માથે છાણાં થાપશે."

પેચવાળા લોટાને જાળવીને બગલ થેલામાં મૂકતી સરલા બોલી. જો કે આ બન્નેની રામાયણ મહાભારત બને તે પહેલાં ઈશાન આવી પહોંચ્યો.

"દાદુ! સામે પાર જવાની કોઈ વ્યવસ્થા નથી. બધાએ ચાલીને જ નદી પાર કરવી પડશે. અહીંનો એક ભોમીયો આપણી સાથે રહેશે. એનું કહેવું છે કે નદીની વચમાં કમરથી ઊંડુ પાણી નહિ હોય. સહદેવભાઈ પથ સંચાલન ટીમના સભ્યોને લઈને આગળ નીકળી ગયા છે. બીજી એક ટીમ પણ તમારી આગળ ચાલશે. ત્યાર પછી તમે હું અને સરલાદીદી. અને બાકીની ટીમો આપણી પાછળ રહેશે."

ઈશાને આખું આયોજન ગુજરાતીમાં વર્ણવ્યું ત્યારે કાકુજી ભાવપૂર્વક એનો ચહેરો નિહાળતા રહ્યા.

ઈશાન કાકુજીના સૌથી નાના દીકરા પરિમલનો દીકરો. બારેક વર્ષનો હતો ત્યારે મમ્મી પપ્પા સાથે લંડન ચાલ્યો ગયો હતો. ચોવીસ વર્ષનો ઈશાન કાકુજીની આખી પદયાત્રા વેબસાઈટ ઉપર અપલોડ કરવાનો છે. અને એના માટે એ સ્પેશ્યલી લંડનથી આવ્યો છે. શુટ થયેલ વિઝ્યુલને રોજ સાંજે કાકુજી અર્થાત એના દાદુના એકસકલુસિવ ઈન્ટરવ્યુ સાથે કલબ કરી અપલોડ કરવાના

@gujaratibookz

પ્રોજેકટ ઉપરાંત બી.બી.સી. ચેનલ માટે કવરેજ કરનારી ટીમ સાથે પણ તેણે ટયુનિંગ કર્યું છે.

એક હેન્ડિકેમ, લેપટોપ, લેટેસ્ટ મોબાઈલ અને બ્રોડબેન્ડ કનેકશન માટેનું કોર્ડલેસ યુ.એસ.બી. ડોન્ગલ. આજના સમયનો આ ગેઝેટમેન ભારતીય રીચ્યુલ્સ અને ગુજરાતીપણું જરાય ભૂલ્યો નથી તેનો આનંદ કાકુજીના ચહેરા ઉપર વર્તાતો હતો.

કાકુજી સરલાના ખભે હાથ મૂકી નદી કિનારે આવ્યા ત્યારે સહદેવ લગભગ સામે પાર પહોંચી ગયો હતો. એક પદયાત્રિએ કાકુજીના લેંઘાની મોરી વાળીને થોડી ઉપર ચઢાવી પછી માધવ તથા અન્ય લોકોએ પણ તેમ જ કર્યું. સાડી પહેરીને આવેલ મહિલા પદયાત્રિઓને સૂચના આપી રહેલ કુસુમે સરલાના કાનમાં પણ કંઈ કહ્યું, પછી સરલાનો હાથ પકડી તેણીને સલવાર કમીજ પહેરીને આવેલ પાંચ સાત મહિલા પદયાત્રિઓના સમુહ વચ્ચે લઈ ગઈ. સરલા કાછડો વાળીને બહાર આવી ત્યારે માધવ એને જોતો જ રહી ગયો. ત્યાં જ ગોપાલે કાકુજીનુ પ્રિય ફિલ્મી ગીત " સાથી હાથ બઢાના સાથી રે... એક અકેલા થક જાયેગા મિલકર બોઝ ઉઠાના" ગાવાનું શરૂ કર્યું.

ગીતના શબ્દો સાથે ઝૂમતા. ગાતા. સૂર મેળવતા પદયાત્રિઓ ભાથી નદીનો પટ કયારે પાર કરી ગયા તેની કોઈને ખબર પણ ન પડી. હા, કેમેરાનો કસબ અજમાવી રહેલ માધવ અને ઈશાન માણેલી થોડીક તકલીફ તથા નદીની વચ્ચોવચ પહોંચ્યા ત્યારે લગભગ છાતીભેર પાણીમાં ડૂબેલી સરલાએ બે પગ વચ્ચે અજુગતો સળવળાટ જરૂર અનુભવ્યો હતો.!

*****

ચતુર પટેલની વાડીની વચ્ચોવચ આવેલ સ્વીમિંગ પૂલમાં બધા ધૂબાકા મારી રહ્યા હતાં. માથે આવી ચૂકેલ સૂરજની ગરમી કાપવા બધાએ આ રસ્તો અજમાવ્યો હતો. કમર નીચે નામ પૂરતું વસ્ત્ર પહેરી ઊંધા સૂતેલા મંત્રીજી દેશી છોકરીઓ પાસે તેલ માલીશ કરાવી રહ્યા હતા. મંત્રીજીની સેવા કરી રહેલ દેશી ગર્લના સ્પર્શ મંત્રીજીને સેવા વસ્તીની પદાધિકારી રેણુકા કપ્તાનની યાદ અપાવી દીધી હતી. આંખ બંધ કરી પડી રહેલા મંત્રીજીની આંખ કયારે લાગી ગઈ તેની કોઈને પણ ખબર ન પડી. અડધો પોણો કલાકે એ જાગ્યા ત્યારે શેકાઈ રહેલા માંસની સુવાસ ચોતરફ વરતાઈ રહી હતી. જો કે સ્વીમિંગ પૂલમાં કે આસપાસ કોઈ જ નહતું. નરહરી ધોળકીયા કમર ઉપર ટુવાલ લપેટી તેમના આલીશાન રૂમમાં ચાલ્યા ગયા. સ્નાનાદિ પતાવી એ બહાર આવ્યા ત્યારે બધા ડાઈનિંગ ટેબલ ઉપર ગોઠવાઈ ગયા હતા. મંત્રીજીને આવતા જોઈ ઉભા થતા ચતુર પટેલ બોલ્યા,

"આવો ધોળકિયાજી! તમારું ભાવતું ખાવાનું તૈયાર છે."

મંત્રીજી નજીક આવ્યા ત્યારે તેમની સાથે હાથ મિલાવી તેમને બેસાડ્યા પછી ચતુર પટેલ તેમની બાજુની ખુરશીમાં ગોઠવાયા.

"રાજદીપ. કમલકાંત, તમે બને એન્જોય તો કરી રહ્યા છો ને?"

પછી એમનો પ્રત્યુત્તર સાંભળ્યા વગર જ ચતુર પટેલ સામે જોતા –

"આઈ એમ સોરી ચતુરભાઈ..! હું તો તમારી સાથે આમનો પરિચય કરાવવાનું જ ભૂલી ગયો. આ છે રાજદીપ પુરોહિત. ચેનલ ન્યુ ઈન્ડિયાના પોલિટિકલ એડીટર. અને આ કમલકાંત શાહ, ફ્રોમ ગરવી ન્યુઝ ચેનલ' મંત્રીજીની વાત કાપતા ચતુર પટેલ બોલ્યા.

ઓહ! તો તમે આને ઓળખો છો..."

" એલા કમલકાન્તને નહિ, હું તો રાજદીપને પણ ઓળખું છું. ટેલીવિઝનના પડદે ચોવીસ કલાક છવાયેલ રહેનારને કોણ ના ઓળખતું હોય. કેમ બરાબર કહ્યું ને..?"

"તો પછી ઔપચારિકતા દાખવવાની કોઈ જરૂર નથી. ને આમ પણ ભોજનની ખુશબુએ

@gujaratibookz

ભૂખ વધારી દીધી છે. આક્રમણ...”

મંત્રીજીએ જમવાની તૈયારી દર્શાવી કે તરત જ આસપાસ ઊભેલા સેવકોએ પીરસવાનું શરુ કરી દીધું. ચતુરજી પણ તેઓની સાથે જોડાયા. ગોળ બાઉલમાં રહેલ મટન પીસ મંત્રીજીની પ્લેટમાં પીરસતા ચતુર પટેલ બોલ્યા,

“ખાસ મિત્રો માટે ખાસ ડીશ. કાળીયાર હરણનું માંસ..!”

*****

દૂધી ચણાનું શાક અને બાજરીનો ઓળો. ગુમાનગઢના પાદરમાં વિશ્રામ કરી રહેલા પદયાત્રિઓ માટે બપોરનું ભોજન તૈયાર થઈ રહ્યું હતું. કેટલાક પદયાત્રિઓ સામસામે બેસીને એકબીજાના પગ દબાવી રહ્યા હતાં. કાકુજીનો ઉતારો શિશુ મંદિરના ઓરડામાં કરાયો હતો. કાકુજીના ખોળામાં માથું મૂકીને સૂતેલા શિશુ સ્વરૂપ ઈશાનના ચહેરા ઉપર થાક સ્પષ્ટપણે વર્તાઈ રહ્યો હતો. કાકુજી એના વાળમાં આંગળી પરોવી હળવેથી મસાજ કરી રહ્યા હતા. સરલા પગ વાળીને બેઠી હતી. પણ માધવ અખબારની સાંધ્ય આવૃત્તિ માટે અહેવાલ તૈયાર કરી રહ્યો હતો.

અડધો એક કલાકમાં જમવાનું તૈયાર થઈ જતા શિશુ મંદિરના પટાંગણમાં પતરાળા પાથરી પદયાત્રિઓને જમવા બેસાડયા. કાકુજી અને તેમના ત્રણ વાંદરાઓ માટે ઓરડામાં જમવાનું પીરસાયું. કાકુજી, સરલા અને ઈશાને હાથ મો ધોઈને જમવા બેઠા. જો કે માધવ હજુ પણ અહેવાલ તૈયાર કરી રહ્યો હતો. સહદેવ ઓરડામાં આવ્યો ત્યારે માધવને લેપટોપ સાથે ચોંટેલો જોઈ બોલ્યો,

“માધવ મોહનજી ! આપ સાહેબ આજ્ઞા આપો તો બધા જમવાનું શરુ કરીએ.”

“આજ્ઞા છે. હું મેઈલ કરવાના બે ત્રણ ફોટા સીલેકટ કરી લઉં.”

સ્ક્રિન ઉપર પ્રિવ્યુ થતા ફોટો જોતો માધવ બોલ્યો. બધાએ માધવ તરફ એક નજર કરી પછી એનું બેધ્યાનપણ નોંધી જમવાનું શરુ કર્યું. થોડીવારે માધવ ફોટો અને મેટર ઈમેઈલ કરીને પરવાર્યો. બધાનુ ભોજન પૂરું થવા આવ્યું હતું, પણ સરલા હજુ તેની રાહ જોઈને બેઠી હતી.

“કાકુજી.! સાંજની આવૃત્તિ માટે ફોટો અને અહેવાલ મોકલી આપ્યો છે. જમ્યા પછી તમે એના પર જરાક નજર મારી લેજો.” માધવ બોલ્યો.

“પહેલા સીધી સીધી અહીં ચોંટીને ખાઈ લે. ને રહી વાત અહેવાલ ઉપર નજર મારવાની, વધારે ડાપણ કરીશ ને તો બે કોન વચ્ચે માથું કરી નાંખીશ. ડોઢ હાહ્યી.”

કુત્રિમ ગુસ્સો કરતા કાકુજીએ માધવને ઠપકાર્યો ત્યારે બધા અંદરથી હસતા રહ્યા. સરલાએ બે પતરાળામાં જમવાનું પીરસ્યું ને બન્ને સાથે જમવા બેઠા. બધા જમીને પરવાર્યા ત્યારે બપોરનો દોઢ થવા આવ્યો હતો. કાકુજી, ઈશાન અને સહદેવે ઓરડામાં લંબાવી દીધું હતું. મોટા ભાગના પદયાત્રિઓ પણ આડે પડખે થયા હતા. શિશુ મંદિરના ઓટલા પર પગ લટકાવીને બેઠેલા માધવ સરલા વાતે વળગ્યા હતા.

ત્રણેક વાગે બધા જાગ્યા. હાથ મો ધોયા પછી ફક્કડ ચા પીને આગળ વધવાની તૈયારી કરી. ગુમાનગઢના ગ્રામજનો અને પદયાત્રિઓને વળાવવા ટોળે વળ્યાં હતાં. કાકુજી ઓરડાની બહાર આવ્યા ત્યારે સ્ત્રીઓ તેડી રાખેલા બાળકોને કાકુજીના પગે લગાડ્યા પછી પોતે પણ આશીર્વાદ લીધા. ગુમાનગઢના મહાદેવ મંદિરના મહંત બજરંગદાસજી કાકુજીને પગે લાગવા વાંકા વળ્યા ત્યારે તેમને છાતી સરસા ચાંપતા કાકુજી બોલ્યા,

“બાપા! હું કામ આ ઊંમરે પાપમાં નાંખો છો.”

@gujaratibookz

"પાપ પુણ્યનો ચોપડો વાંચવાવાળા મહાદેવને પાપ ના લાગે બાપા! તમે ભેખ ધર્યો છે એટલે સરકારે મોંઘવારી કાબૂમાં લેવા માથાફોડી કરવી જ પડશે." બાપુ અહોભાવ વ્યક્ત કરતા બોલ્યા.

"દાદુ! પ્રધાનમંત્રીએ પેટ્રોલમાં ત્રણ રૂપિયા, ડીઝલમાં એક રૂપિયો સાઈઠ પૈસા અને ગેસના સિલિન્ડર ઉપર વીસ રૂપિયાનો ઘટાડો જાહેર કર્યો."

વેબસાઈટ ઉપર ઝબકતા બ્રેકિંગ ન્યૂઝ બતાવતો ઈશાન બોલ્યો પછી એ લિન્ક કલીક કરી ડીટેઈલ વાંચવામાં ખોવાયો.

"પરધાનમંત્રી પણ બોર આપી ને કલ્લી કાઢી લેવાનું શીખી ગ્યા ખરા.!"

કાકુજી દાઢમાં બોલ્યા. પછી બધાને રામ રામ કરી પદયાત્રા આગળ ધપાવી. ગુમાનગઢથી દેવગઢ સુધીના દશેક કિમિ ના માર્ગ ઉપર આવતા બદરપૂર, વાંકોલી અને ખીમગઢના ગ્રામજનો સુધી પદયાત્રાનો ઉદ્દેશ્ય પહોંચાડતા બધા આગળ વધી રહ્યા હતા. આછી પાતળી વસ્તીવાળા ગામોમાં પણ કાકુજીને મળી રહેલો પ્રતિસાદ કેમેરા અને કાગળ ઉપર કંડારાઈ રહ્યો હતો. દેવગઢ એક કિલોમિટરનો માઈલસ્ટોન દેખાયો ત્યારે સૂરજ પહાડની પાછળ સંતાઈ રહ્યો હતો. પહાડ ઉપર ચઢતી સડક વટાવી પદયાત્રિઓ દેવગઢનો ઢાળ ઉતર્યા ત્યારે મંત્રીજી, ચતુર પટેલ, માહિતી અધિકારી અને તેમની ટીમ તથા ન્યૂઝ ચેનલના સંવાદદાતાઓ દેખાયા. કાકુજી સહિત પદયાત્રિઓનું સ્વાગત–અભિવાદન, મંત્રીજીનું વાંકા વળી પગે લાગવું, ચતુર પટેલની આવભગત કચકડે કંડારાઈ. ફોકસમાં હતા મંત્રીજી અને ચતુરજી.

"કાકુજી.! કેન્દ્ર સરકાર સામેની તમારી લડાઈમાં અમારી પાર્ટી અને સરકાર તમારી સાથે છે. દિલ્હીમાં બેઠેલી સરકારને ઊખેડી ફેંકીશું."

બધા ઉપર પ્રભાવ પાડવા મંત્રીજી બોલ્યા.

"ધોળકિયાજી...! મોંઘવારી ડામવા રાજ્ય સરકારે લીધેલા પગલાની જાણકારી આપશો..?"

સરકારી ગાજરની પિપૂડી વગાડવા આવેલ માહિતી અધિકારી બાબુલાલ ચાવડાએ સવાલ કર્યો પછી મંત્રીજી સામે સૂચક દૃષ્ટિ કરી મૂછમાં હસ્યા. આખી વાતને કચકડે કંડારી રહેલા કેમેરામેન અને પ્રતિનિધિઓ સામે જોતા મંત્રીજી ચાલુ પડી ગયા. લગભગ સાતેક મિનિટ લાંબા નિવેદન પછી અટક્યા ત્યારે એમના ચહેરા ઉપર જબરી ટાઢક વર્તાતી હતી.

"મોંઘવારીના દૈત્યને મારવા અમારી સરકાર ગમે તે હદ સુધી જવા તૈયાર છે. જરૂર પડયે કેન્દ્ર સરકારની ઈંટથી ઈંટ બજાવી દઈશું."

અંતીમ વાક્ય જુસ્સામાં બોલ્યા પછી નરહરી ધોળકિયાએ રાહતનો લાંબ્બો રસ લીધો.

"મંત્રીજી! ઈંટ રાજ્ય સરકાર મારે કે કેન્દ્ર સરકાર. વાગશે તો આમ આદમીને જ ને.!"

માધવનો અવાજ સાંભળ્યા પછી બધાની નજર એના તરફ ગઈ. આશ્ચર્ય, આણ ગમો, કુતૂહલ વ્યકત કરતી નજરોનો સામનો માધવની અડગ નજરે કર્યો. મંત્રીજીએ વાત હસી કાઢવાનો ડોળ કર્યો પણ માધવના પ્રશ્નનો જવાબ ન આપી શકવાની ભોઠપ તેમના ચહેરા પર સાફ વર્તાતી હતી. માધવની પીઠ થાબડી શાબાશી આપ્યા પછી ખભે હાથ મૂકી વાત કરતા મિત્રતા કેળવવાનો પ્રયાસ કર્યો. ચતુરજી અને અન્ય લોકો સાથે તેનો પરિચય કરાવ્યો. પણ આ આખી કડાકૂટના મૂળમાં તો માધવને પોતાનો પાળેલો બનાવવાની મનસા જ હતી. મંત્રી નરહરી ધોળકિયાની આ ચાલાકી કાકુજીએ પણ નોંધી હતી, પણ પોતાના પઠ્ઠા ઉપર પૂરેપૂરો વિશ્વાસ હોય કાકુજી આ લૂચ્ચાઈસભર લાગણી પ્રકરણથી દૂર જ રહ્યાં. જો કે રાતે દશ વાગે ચેનલ ન્યુ ઈન્ડિયાના લાઈવ કાર્યક્રમમાં ભાગ લેવાની કાકુજીએ અનુમતિ આપી ત્યારે મંત્રીજીનો ચહેરો થોડો ખીલ્યો ખરો.

@gujaratibookz

*****

રાતે નવ વાગે ઓ.બી. વાન દેવગઢના પાદરમાં પહોંચી ત્યારે કાકુજી વાળું કરીને પદયાત્રિઓ સાથે બીજા દિવસનું આયોજન કરી રહ્યા હતા. કાકુજીની બાજુમાં બેઠેલ સરલા પાંચેય વિભાગના લીડર પાસેથી ફીડબેક લઈ રહી હતી. તો સહદેવ ટીમ લીડરોએ આપેલી માહિતી નોંધી રહ્યો હતો. માધવ અને ઈશાન લાઈવ ટેલીકાસ્ટની તૈયારી કરી રહેલા ન્યુ ઈન્ડિયા ચેનલના ટેકનીશ્યનની કામગીરી નિહાળી રહ્યા હતા. બીજી તરફ ચતુર પટેલની વાડી ખાતે પણ લાઈવ ટેલીકાસ્ટની તૈયારી ચાલી રહી હતી. કાકુજીએ ટેલીવિઝન કાર્યક્રમમાં ભાગ લેવાની હા પાડવા સાથે ચતુર પટેલની વાડીએ જવાની ના પાડી હતી. એટલે બને સ્થળે લાઈવ ટેલીકાસ્ટનો સેટઅપ ગોઠવાયો.

મંત્રી નરહરી ધોળકિયા ચતુર પટેલની વાડીએથી અને કાકુજી દેવગઢના પાદરેથી લાઈવ ટેલીકાસ્ટમાં જોડાયા ત્યારે "નયા ભારત લાઈવ' કાર્યક્રમ દેશભરમાં વધી રહેલી મોંઘવારી અને તેના કારણો અંગેની પૂર્વભૂમિકા બાંધી ચૂકયો હતો. કાર્યક્રમના એન્કર દિવાકર સુદે રાજયના પુરવઠા મંત્રી નરહરી ધોળકિયાનું કાર્યક્રમમાં સ્વાગત કરી સવાલ પૂછયો,

"ધોળકીયાજી..! આપ ભી અપને રાજય કે સીવીલ સપ્લાય મીનીસ્ટર હૈ.. ક્યા આપ બતાયેંગે કી આપકી સરકારને મહંગાઈ કમ કરને કયા કદમ ઉઠાયે હૈ.?"

"દેખીયે દિવાકરજી હમારે રાજય કે ડાયનેમિક મુખ્યમંત્રી અનુપ મહેતાજી કે નિર્દેશ અનુસાર હમને જમાખોરો કે ઉપર રેડ કરકે શક્કર, તેલ ઔર તુવર દાલ કા બહોત બડા જથ્થા પકડા હૈ.! ઈતના હી નહિ રાજ્ય મેં ખાદ્ય ચીજવસ્તુ ધારા મેં સુધાર કરકે નિયત માત્રા સે જયાદા ખાદ્ય પદાર્થ રખનેવાલે વ્યાપારી કો દો લાખ રૂપિયે તક કા જુર્માના ઔર તીન સાલ તક કી સજા કા પ્રાવધાન કરવાયા હૈ. હમ કેન્દ્ર સરકાર કી તરહ હાથ પર હાથ ધરે રખકર બૈઠ નહિ શકતે. હમે રાજય ઔર દેશ કી જનતા કી ફિર્ક હૈ. દેખના આનેવાલે ચુનાવ મેં જનતા ઈનકી સરકાર ઉખાડ ફેંકેંગી ઔર હમેં સેવા કરને કા મૌકા દેગી"

"કાકુજી ! આજ સુબહ મેં તો આપને ઈન્ડે ઝટકા દે દીયા! ક્યા યહ અપની શર્ત મનવાને કા સ્ટાઈલ હૈ યા પ્રેસર ટેકટીકસ..?"

"દિવાકરજી..! આપ કા યહ પ્રોગ્રામ રાત દશ બજે ટેલીકાસ્ટ હોતા હૈ. અગર ઈસ કાર્યક્રમમેં આનેવાલે ગેસ્ટ રાત બારાહ બજે આયેંગે તો આપ ક્યા કરેગેં.? સમય સે ચલને કી આદત કો આપ ઝટકા દેના સમજતે હૈ તો મુઝે આપકી સોચ ડાઉટફુલ લગતી હૈ.! રહી બાત શર્ત મનવાને કી તો મને કુછ શર્ત આપકે પ્રતિનિધિ સે જરુર મનવાયી થી. ભાઈ રાજદીપ, અગર આપ મેરી બાત સુન રહે હો તો જરા અપને બડે બાબુ કો ભી બતા દો કી હમારે બીચ ક્યા બાત હુઈ થી."

"દેખીયે મીસ્ટર મહાદેવ ગાંધી.! આપકી શર્તો કે આધાર પર તો યહ કાર્યક્રમ નહિ બના હૈ. હમને આપસે એક છોટા સા સવાલ કીયા હૈ ઔર આપકો ઈસકા જવાબ દેના હૈ."

"દિવાકરજી.! લગતા હૈ આપ થોડા કમ સુનતે હૈ. હો શકે તો ફૌરન કીસી ઈ.એન.ટી. સર્જન કો કન્સલ્ટ કીજીયે."

રાષ્ટ્રીય ચેનલના લાઈવ કાર્યક્રમમાં દિવાકર સુદ જેવા ગ્રુપ એડીટરને આવું કહેવાની હિંમત આજ સુધી કોઈએ કરી નહતી. એ વાત કાકુજીએ સહજતાથી કરતા સોપો પડી ગયો.! વાત વધુ વણસે તે પહેલા બ્રેકની જાહેરાત કરી દેવામાં આવી. બ્રેક દરમ્યાન રાજદીપનો મોબાઈલ રણક્યો. કાર્યક્રમની શરૂઆત થઈ ત્યારે લાઈવ પ્રોગ્રામની કમાન દેવગઢના પાદરેથી સંચાલન કરી રહેલ રાજદીપ પુરોહિતના હાથમાં સોંપાઈ હતી.

“નમસ્કાર.! નયા ભારત લાઈવ પ્રોગ્રામમેં ફિર એક બાર આપકા સ્વાગત હૈ. મૈ હું રાજદીપ પુરોહિત દેવગઢ સે ઔર મેરે સાથ હૈ હમારે વેટરન લીડર મહાદેવ ગાંધી, જીન્હે હમ કાકુજી કે નામ સે જાનતે હૈ. શાયદ દેશ કે બહોત કમ લોગ જાનતે હૈ કી કાકુજી ને આજ સે પદયાત્રા શરૂ કી હૈ. મહંગાઈ કે ખિલાફ જન આંદોલન ચલાને કા યહ ઉનકા અપના અંદાજ હૈ.” પછી કાકુજી સામે માઈક્રોફોન ધરતા – “હમારે દર્શકો કો આપ અપને જન આંદોલન કે બારે મેં કયા કહેના ચાહેંગે.”

“સચ બતાઉં તો મેરે પાસ ઈસ જન આંદોલન કે બારે મેં બતાને કે લિયે કુછ ભી નહિ હૈ. કયુંકી ચપરાસી સે ચીફ મિનિસ્ટર ઔર પ્યુન સે પ્રાઈમ મિનિસ્ટર તક સબ મહંગાઈ કી માર સે પરેશાન છે. હા, યહ અલગ બાત હૈ કી જબ એસેમ્બલી યા પાર્લામેન્ટ કા સેશન ચલતા હે તબ હમારે લીડરો કો દશ બાર રૂપયે મેં અનલિમિટેડ લન્ચ ઔર ડિનર મીલ જાતા હૈ. યહ લોગ પ્રતિ સેકન્ડ હજારો રૂપયોં કા બોઝ જનતા કે કંધો પર ડાલકર ચિલ્લાતે હૈ. ઔરકભી કભી તો મુંહ કે સાથ ચપ્પલે ભી ચલાતે હૈ.”

“રાજદીપ. મીસ્ટર ગાંધી કો પૂછો કી આપને યહ બાત બતાને કે લિયે પદયાત્રા નિકાલી હૈ યા ઔર કોઈ મકસદ હૈ.?”

સ્ટુડિયોમાં બેઠેલા દિવાકર સુદે કાકુજીની વાત કાપતા સવાલ કર્યો. રાજદીપ આ સવાલ કાકુજીને પૂછે તે પહેલા કાકુજી બોલ્યા –

“ થેન્ક યુ દિવાકરજી ફોર હીયરીંગ માઈ વર્ડસ પ્રોપરલી, યહ પ્રોગ્રામ એરકન્ડીશન કમરોં મેં બૈઠકર દેખનેવાલોં કો મેરી બાત બકવાસ લગ શકતી હૈ. મગર યહી સચ હૈ. હમારી સરકાર મોબાઈલ હેન્ડસેટ ઔર ઈમ્પોર્ટેડ ચોકલેટસ કો સસ્તા ઔર દાલ ચાવલ કી કિંમતે બઢા રહી હૈ.! ઔર ફિર ભી કહતી હૈ કી હમ આમ આદમીઓ કે સાથ હૈ? હમારે લીડરોંકો ગરીબ કા ચૂલ્હા જલાનેવાલે કેરોસિન કા દામ એક રૂપિયા કમ કરને મેં તકલીફ હોતી હૈ. મગર યહી લીડર અપની તનજ્વાહ ડબલ કરતે વક્ત એક મિનિટ ભી નહિ સોચતે. ફિર ભી ચીલ્લા ચીલ્લા કર કહેતે હૈ કી હમ આમ આદમી કે સાથ હૈ.! હમારે ચૂને હુએ નેતા રાજા મહારાજા કી તરહ રહેના, ઘૂમના ફિરના, હમારે પૈસો પર એશ- આરામ કરના યા અપની સિક્યુરિટી કે નામ પર કરોડો રૂપયે ઊડાના છોડ દે તો ગરીબોં કે લિયે કાફી પૈસે બચ જાયેગે. આજ કલ તો પ્રાઈવેટ પ્લેન સે ચલના એક ફેશન બન ગયા હૈ.! ઔર ક્રિકેટ કલબ કા પ્રેસીડન્ટ બનના એક પેશન. આમ આદમી કે નુમાઈન્ડે આમ આદમી કો છોડકર સબકે બારે મેં સોચ રહે હૈ.! ઔર ફિર ભી કહેતે હૈ કી હમ આમ આદમી કે સાથ હૈ.”

કાકુજીની ગ્રાસરૂટ સ્તરની વાતે કાર્યક્રમની શરૂઆતની સરખામણીમાં ટી.આર.પી.માં જબરો વધારો કર્યો હતો. સ્ટુડિયોમાં બેઠેલા લોકો તાળીઓના ગડગડાટથી કાકુજીના શબ્દોને વધાવી રહ્યા હતાં. જો કે અહીં બેઠેલા નેતાઓ મૂંઝાયા હતા. એટલે જ કેન્દ્ર સરકારના પ્રતિનિધિ તરીકે પધારેલ શ્રીમતી સરીતા રાવએ હસ્તક્ષેપ કર્યો.

‘દેખીયે મીસ્ટર ગાંધી હમ આપકી બહોત ઈજ્જત કરતે હૈ. આપ જો બોલ રહે હૈ વો સુનને મેં બહુત અચ્છા લગતા હૈ. હમારી સરકારને મહંગાઈ કમ કરને કે લિયે કહે કદમ ઊઠાયે હૈ. ઊઠા રહી હૈ ઔર આગે ભી જરૂરત પડને પર ઊઠાયેગી. આજ હી હમને પેટ્રોલ, ડીઝલ ઔર ઘરેલું ગેસ કે દામ કમ કીયે હૈ. મગર મેં આપસે યહ જાનના ચાહુંગી કી આપકી યહ સો કોલડ પદયાત્રા કો ફ્લેગ ઓફ કરનેવાલે આપકે રાજય કી સરકારને ખિલાફ આપ કયા કર રહે હૈ.?”

“બહેનજી.! મુઝે આપકી બાત મેં દોગલાપન નજર આ રહા હૈ.! એક તરફ આપ હમારી ઈજ્જત કર રહી હૈ ઔર દૂસરી તરફ કપડે ફાડને કા ભી ઈન્તજામ કીયા હૈ. ઔર.! સહી હો યા

@gujaratibookz

ગલત. આપકો અપની સરકાર કી નીતિઓ કી તારીફ કરને કે લિયે હી રખ્ખા ગયા હૈ. ઔર આપ અપના રોલ અચ્છી તરહ સે નીભા રહી હૈ. મેરે હિસાબ સે આપકો ફિર સે રાજ્યસભામેં જાને કા મૌકા મીલ જાયેગા! રહા સવાલ આપકી સરકાર દ્વારા ઉઠાયે ગયે કહે કદમ કા, તો આપકો બતા દું કી ક્રૂડ ઓઈલ કી કિંમત મેં આંતરરાષ્ટ્રીય સ્તર પર જો ગીરાવટ આયી હૈ ઉસકે પરિપેક્ષમેં આધા બેનીફીટ ભી જનતા કો નહિ દીયા ગયા હૈ. દો શાલ પહેલે જબ પટ્રોલિયમ પ્રોડકટ કી કિંમત પ્રતિ બેરલ સાઠ ડોલરથી તબ આપકી ઈસી સરકારને પેટ્રોલ–ડીઝલ જો ભાવ પર ઉપલબ્ધ કરાવાયા થા ઉસસે આજ કી કિંમત દો રૂપયે જ્યાદા હૈ. હાલંકી પટ્રોલિયમ પ્રોડકટ કી કિંમત પ્રતિ બેરલ ચૌવન ડોલર તક ગીર ગઈ હૈ, ઔર આગે ભી કિંમતે કમ હોને કા અંદાજ છે. બેન તમારી સરકારે તો બોર આપીને કલ્લી કાઢી લેવાનો ધંધો શરૂ કર્યો છે.”

છેલ્લો ડાયલોગ બોલ્યા પછી કાકુજી પાણી પીવા અટકયા. ચોતારો ઉપર મૂકેલ કાંસાનો લોટો ભરી પાણી ગટગટાવ્યા પછી કાકુજી પાછા મેદાનમાં ઉતર્યા ત્યારે સમયની સમસ્યાને કારણે આજનો પ્રોગ્રામ અહીં જ સમાપ્ત કરવાની ઘોષણા સંભળાઈ.

@gujaratibookz

ત્રણ

આખા દિવસની પદયાત્રાને કારણે થાકેલા પદયાત્રિઓ ધરમશાળાના આંગણામાં ઘસઘસાટ ઊંઘી રહ્યા હતા. હોળીના તહેવારને ગણતરીના દિવસોની વાર હતી ત્યારે જીવનની હૈયાહોળી ઠારવા કાકુજીની સાથે નીકળી પડેલા પદયાત્રિઓ માટે ઉપર આકાશનું બિછાનું અને નીચે ધરતીની પથારી સિવાય બીજું કંઈ નહતું. તો બીજી તરફ બે ઓરડાની ધરમશાળાના એક રૂમમાં કાકુજી, સરલા અને ઈશાન માટે તથા બીજા રૂમમાં માધવ અને સહદેવ માટે ગોદડીઓ પાથરી સૂવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. કાકુજીની સેવામાં આવેલા બે ત્રણ ગ્રામજનોએ ધરમશાળાના ઓટલા ઉપર લંબાવી દીધું હતું. ચાંદો બરાબર માથે આવ્યા પછી અસ્ત થવા આગળ વધી રહ્યો હતો.

મધરાતની ઠંડકમાં સૂતેલા કૂબામાં અચાનક સળવળાટ થયો. પહેલા બારણું ખૂલ્યું પછી ચંદ્રના આછા પ્રકાશમાં એક પડછાયો દેખાયો. દબાતા પગલે ચાલતો આ પડછાયો ઓટલા ઉપર સૂતેલા ગ્રામજનો જાગી ન જાય તેની કાળજી લેતો આગળ વધ્યો. પડછાયો બીજા ઓરડાના દરવાજા આગળથી પસાર થતા થોડીવાર થોભ્યો. બિલાડી જેવો અવાજ ત્રણેક વાર સંભળાયો.! પડછાયો દબાતા પગલે ઓટલો ઊતરી ધરમશાળાની પાછળ ચાલ્યો ગયો.

થોડીવારે બીજા ઓરડાનું બારણું ખૂલ્યું. ઓટલા ઉપર સૂતેલા ગ્રામજને ઉઘાડા ખભા ઉપર હળવી થાપટ મારી. બહાર કોઈ જાગતું હોવાની આશંકા એ કોઈ બહાર ન આવ્યું. ઊલટાનો દરવાજો અંદરથી ભીડાઈ ગયો. ઊંઘમાં ને ઊંઘમાં જ ઉઘાડા ખભાને ખંજવાળતા ગ્રામજને પડખું ફેરવ્યું પછી થોડીવારે ફરી પાછું બારણું ખૂલ્યું. કોઈ બહાર આવ્યું. ધીમેથી દરવાજો બંધ કરી લપાતા પગલે એ પણ ધરમશાળાની પાછળ ખોવાઈ ગયું.

ધરમશાળાની પાછળના ભાગમાં આવેલ કુવા આગળ બાંધેલી છાપરીમાં થોડો સળવળાટ થયો. ધીમા સિસકારા અને કીચૂડ કીચૂડ અવાજ સંભળાયો. ચંદ્રના આછા પ્રકાશમાં બે પડછાયા દેખાયા. કાથીવાળા ખાટલા ઉપર બન્ને એકબીજાને વીંટળાઈને પડ્યા હતા.

"સાવચેતી વગર આ બધું કર્યે રાખે છે ને, પણ મહિના રહી જશે ત્યારે ખબર પડશે."

"મેં તને કહ્યું તો હતું કે, બોત્તેર કલાકમાં લેવાની નવી ગોળી નીકળી છે. તે શહેરમાંથી કોઈની પાસે મંગાવી લેજે. પણ તું તો બહુ બીઝી છે ને.! તે ભોગવજે."

હુ કામ ભોગવુ..! જે પણ કંઈ થાય એની જવાબદારી તારી છે. મને આ બધું શીખવ્યું કોણે..? હું તેર વર્ષનો હતો ત્યારે તે મને યુવાન બનાવી દીધો હતો. મને આ બધી ક્યાં સમજ પડતી હતી. તુ જ તો કામ કરવાના બહાને મેડીયે આવી મારી રજાઈમાં ભરાઈ જતી તી."

"બહુ હોંશિયારી ના મારતો. પછી રોજ બિલાડી ને ચીબરીનો અવાજ કાઢી મને બોલાવવા તો તુ જ આવતો તો ને.! લબાડ.!" બન્ને પડછાયા એકબીજાને વીંટળાઈને એકાકાર થઈ ગયા.

થોડીવાર પછી કોઈના પગલાના અવાજ સાંભળી બને ચમકયા. કપડા સરખા કરતાં કૂવાની ઓથે છપાયા. બે પદયાત્રિઓ આવતા દેખાયા. ધરમશાળાની દીવાલ આગળ બને ઊભડક બેઠા. થોડીવારે ઉભા થઈ લેંઘાનું નાડું બાંધતા બન્ને ચાલ્યા ગયા. કૂવાની ઓથે છપાયેલા બે પડછાયા ઉભા થયા. નીચે પડેલો સાડીનો પાલવ ઉઠાવી તેનાથી મોઢુ લૂંછી પાલવ સરલાના ખભે નાંખ્યા પછી તેણીનો ગાલ થાબડતો માધવ બોલ્યો,

"નકામો જીવ ના બાળતી. ગમે તેમ કરીને કાલે શહેરમાંથી ગોળી મંગાવી લઈશ."

@gujarati_books

"મારે તારી ગોળી કે ગોળો કંઈ જોઈતું નથી."

પગ પછાડી નારાજી દર્શાવતી સરલા બોલી. પછી થોડીવાર સુધી માધવનો ઉતરેલો ચહેરો જોઈ.

"એમાં ડાચું લટકાવીને ઉભા રે'વાની કંઈ જરૂર નથી. બે દિવસ પહેલા જ મેં ગોળી મંગાવી લીધી હતી." મીઠું હાસ્ય વેરતી સરલા માધવની પ્રતિક્રિયા જોયા–સાંભળ્યા વગર જ દોડી ગઈ. માધવની ટ્યુબલાઈટ સળગી ત્યારે સરલા ધરમશાળાના પગથીયા ચઢતી દેખાઈ. માધવ મનોમન બબડ્યો,

બે મોઢાના સાપ જેવી છે સાલી.! ક્યારે કયા મોઢે ચાલશે એની ખબર જ નથી પડવા દેતી."

*****

બીજા દિવસના રાષ્ટ્રીય અખબારો કેન્દ્ર સરકારે ઘટાડેલા પેટ્રોલ–ડીઝલના ભાવની હેડલાઈનથી છવાયેલા હતા. મોંઘવારી ઘટાડવા પ્રધાનમંત્રીએ જાહેર કરેલી કટીબદ્ધતા સાથે નાણાં અને કૃષીમંત્રીએ વ્યકત કરેલ મોંઘવારી ઘટવાનો આશાવાદ મોખરે રહ્યા હતા. ન્યુઝ ચેનલોના સુપ્રભાત કાર્યક્રમોમાં પણ આવી જ વાત હતી.

લકઝુરિયસ કાર દ્વારા રોજ દિલ્હીથી નોયડા અપડાઉન કરતા શ્રીમાન વાલીયા અને ટ્રાન્સપોર્ટેશનના વ્યવસાય સાથે સંકળાયેલ પરમજીતસિંગ સંધુને આ ભાવ ઘટાડાથી માસિક કેટલા રૂપિયાની બચત થશે.? દૈનીક લાભને વર્કિંગ ડે સાથે ગુણી માસિક એક હજાર થી એક લાખ રૂપિયા સુધીનો લાભ જેમને થવાનો છે તેવા મહાનુભાવોનો ઈન્ટરવ્યુ લેતી ફ્રૂટડી યુવતીએ –

" મુંબઈ સે નવીન કુમાર ઔર નોયડા સે પંકજ સિંઘ કે સાથ મેં સુહાન શર્મા એબીસી ન્યુઝ કે લીયે." કહ્યું ત્યારે એવો આભાસ થયો કે હવે રામરાજય આવ્યું જ સમજો.!

જો કે આ ભાવ ઘટાડાથી મહિને વીસ થી પચાસ રૂપિયાની બચત મેળવનાર કોમનમેનને શાકભાજી, દૂધ અને તુવર દાળના ભાવ વધારાએ બહાવરો બનાવી દીધો હોય, આ ક્ષુલ્લક ઘટાડો પણ તેના માટે તો અંધધ જ સાબિત થયો હતો. "ભાગતા ભૂતની લંગોટી ભલી" ઉકિત અનુસાર કકડો રોટલો મેળવી રાજી થનાર જનતાની નાડ પારખી ગયેલા શાસકો જીવન જરૂરિયાતની વસ્તુના ભાવ ખાસ્સા વધે ત્યારે અન્ય વસ્તુમાં નજીવો ભાવ ઘટાડો જાહેર કરી-કરાવી સરકારી ફરજ બજાવવામાં પાવરધા થઈ ગયા હોવાનો આ ઉત્તમ નમૂનો હતો.

પ્રાદેશિક અખબારોમાં ભાવ વધારાને ડામવામાં નિષ્ફળ ગયેલ કેન્દ્ર સરકાર વિરૂદ્ધ રાજયના સત્તાધારી પક્ષે આપેલા "ચાલો દિલ્હી"ના નારાની વાત હતી. આગામી સોમવારે રેલ રોકો આંદોલન સાથે મોંઘવારી વિરૂદ્ધના જંગના શ્રીગણેશ થશ. ત્યાર બાદ જીલ્લા અને તાલુકા કક્ષાએ મોંઘવારીના રાક્ષસનું દહન, પ્રતિક ઉપવાસ અને ધરણા તથા રાતે મશાલ રેલી કાઢી રાજયની જનતાને જાગૃત કરવાના કાર્યક્રમોની જાહેરાતો કરવામાં આવી.

જો કે "ચલો દિલ્હી'નું સૂત્ર આપનાર સત્તાધારી પક્ષે એ વાત ભૂલી ગયો હતો કે સિંગતેલ અને કપાસિયા તેલના ભાવમાં થયેલો ભડકો ડામવાની જવાબદારી તેમના પક્ષની સરકારની છે. મહાનગરપાલિકાઓમાંથી ઓકટ્રોય નાબુદીના નામે જીત મેળવ્યા પછી વ્યવસાય વેરામાં ત્રણ થી પાંચ ગણો વધારો કરી જમણા હાથે આપેલી રાહત ડાબા હાથે વસુલી લીધી છે. એટલું જ નહિ અન્ય રાજયોની સરખામણીમાં વિજ દર અને બસ ભાડૂ પણ રાજયમાં વધારે છે.

શિક્ષણની હાટડી ખોલીને બેઠેલાઓને મનમાની ફી લેવાની સત્તા પણ તેમના પક્ષની સરકારે જ આપી છે. ઉદ્યોગો સ્થાપવા આવનાર ઉદ્યોગપતિઓ માટે લાલ જાજમ પથરાય ત્યાં સુધી તો

ઠીક પણ જયાં ઉદ્યોગ સ્થપાય ત્યાંનો યુવાન બેરોજગાર રહે અને અન્ય પ્રદેશમાંથી બોલાવાયેલા લોકો અહીં કામ મેળવે તેને શું કહેવું..? "ઘરના છોકરા ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો" કહેવત પણ નાની પડે તેવી સ્થિતિ વચ્ચે પીસાતી પ્રજાને માત્ર મતદાર બનાવી દેવાયા હોય તેવી સ્થિતિ છે.

*****

બીજા દિવસની પદયાત્રા દેવગઢથી નીકળી સુંદરાપાડા પહોંચવા આવી ત્યારે દૂરથી ધમધમાટ આવી રહેલા બળદગાડાએ બધાને સાવધાન કરી મૂક્યા હતા. થોડો સમય પહેલા જ આ વિસ્તારમાં આદિવાસીઓના મસીહા તરીકે ઓળખાતા નેતા જેસંગ વસાવાના છોકરો પોલીસ એન્કાઉન્ટરમાં ઠાર મરાયો હતો. જેના પગલે આ વિસ્તારની સ્થિતિ ભારેલા અગ્નિ જેવી હતી. રાતના સમયે અહીંથી પસાર થવામાં પોલિસ કાફ્લાની પણ ફાટતી હતી.! તો આમ આદમીનો તો સવાલ જ નહોતો.

એન્કાઉન્ટરના સાતેક દિવસ પહેલા અહીંથી પસાર થતા પોલિસ કાફ્લા ઉપર હુમલો થયો હતો. સડક નીચે દાટેલો બોમ્બ ફૂટતા જીપના અને તેમાં બેઠેલા પોલીસ કમિશ્નર સહિત ત્રણ પોલીસકર્મીઓના ચીથડાં ઊડી ગયાં હતાં. હુમલો આટલેથી જ અટકયો નહતો. આસપાસ છુપાયેલા આદિવાસીઓએ તીરનો મારો ચલાવી એક પી.એસ.આઈ. અને બે કોન્સટેબલોને મોતને ઘાટ ઊતારવા સાથે બારેક પોલીસ જવાનોને ઘાયલ પણ કર્યા હતા. આ હુમલાના જવાબમાં પોલિસે ઓપરેશન બ્લેક ફોરેસ્ટ હાથ ધર્યું અને તેની કમાન બાહોશ પોલીસવડા તરીકે રાજયમાં નામના મેળવનાર વિવેક વસાવાને સોંપાઈ હતી.

ગણતરીના કલાકોમાં જેસંગ વસાવા સહિત એના ચાલીસ સાગરીતોને જેલના સળીયા પાછળ ધકેલ્યા પછી હેડ ક્વાટર પરત ફરી રહેલ વિવેક વસાવાને મેસેજ મળ્યો કે સર્ચ ઓપરેશન કરી રહેલ પોલીસ કાફ્લા ઉપર હુમલો થતા જવાબી કાર્યવાહીમાં જેસંગ વસાવાનો છોકરો ચંદન ઠાર મરાયો. જો કે બિન સત્તાવાર ન્યુઝ એ હતા કે જેસંગના કટ્ટર હરીફ્ અને આ વિસ્તારમાં દેશી દારૂ, ભુરા કેરોસિન અને ખેરના લાકડા સહિત અનેક બેનંબરી ધંધા કરતા જહુર શેખના ઈશારે પોલીસ ઈન્સપેકટર અકરમ સૈયદે દાવ લીધો હતો.

બળદગાડું નજીક આવ્યું ત્યારે સમજાયું કે સવારની બસ રસ્તામાં ખોટકાતા મગન મોદી છાપાના પાર્સલ, બીડીના બંડલ, ગુટકાના થેલા અને ચટપટના પડીકા ગાડામાં ભરીને ગામડે લઈ જતો હતો. પદયાત્રિઓમાં ગ્રાહક દેખાતા એણે ગાડું રોકવા જણાવ્યું. ગાડું અટકયું ત્યારે મગન મોદી ગાડામાં દુકાન ખોલી ઉભા હતા.

"બોલો.? હું જોયે છે.? બીડી ? ગુટખા.? ચટપટ કે છાપું..?"

"કયા કયા સમાચાર પત્ર છે..?" સહદેવ બોલ્યો.

બે રૂપ્યા.! અઢી રૂપ્યા..તણ રૂપ્યા..! બધી જાતના છાપાં છે."

મગન મોદીની આ વાતે ઈશાનના મનમાં જબરું આશ્ચર્ય જન્માવ્યું. કેમેરો મગન મોદી પર ફોકસ કરતા ઈશાન બોલ્યો,

"વી વોન્ટ ન્યુઝ પેપર. વીચ વન યુ હેવ..?"

માતૃભાષા બોલવામાં ફાંફા પડતા હતા તેની સામે અંગ્રેજી ઝાડનાર ઈશાન તરફ્ સહદેવના ડોળા તંકાયા. એ કંઈ બોલે પહેલા મગનલાલ બોલ્યા,

"જેન્ટલમેન..! વીચ વન યુ વોન્ટ..? આઈ હેવ ગરવી ટાઈમ્સ, ન્યુઝ એકસપ્રેસ, હિન્દ સમાચાર દર્પણ, જનતા સમાચાર."

@gujaratibookz

"સત્યાગ્રહ છે..?" નામાવલી અટકાવતો માધવ બોલ્યો.

"તો એમ કે ને કે બે રૂપ્યાવાળું છાપું જોઈએ છે. ચાલીહ પૈહાના ધંધા હારુ ઝાઝું ન રોકાવ. બોલો.? કેટલા સત્યાગ્રહ આપું..?" ઊતાવળ કરતા મગન મોદી બોલ્યા.

"મગનલાલ ! જેટલા હોય તેટલા બધા છાપાની એક એક નકલ આપી દે. સરલા, ગણીને પૈસા આપી દે. આપણે અહીં રાત નથી પાડવી." કાકુજીનો અવાજ સંભળાયા પછી બધું થાળે પડયું.

*****

સુંદરાપાડા ખાતે ગણતરીના લોકોને સંબોધ્યા પછી પદયાત્રા આગળ વધી. કાકુજીએ અહીં મોંઘવારીની સાથે જંગલ ઉપર આદિવાસીઓના હક્કની વાત પણ કરી. આદિવાસીઓના નામે જાહેર કરાતી યોજનાઓમાં ચાલતી ગોબાચારી અંગે હળવી ટકોર કરતાં તેમણે સરકારની દાનત ખોરી હોવાની વાત ઉચ્ચારી. જો કે આજે કાકુજીનો મૂડ ઓફ લાગતો હતો.

પદયાત્રા બામણીયા પહોંચી ત્યારે ચારેક હજારની વસ્તી ધરાવતું આ ગામ બપોરનું ભોજન કરવાની તૈયારી કરી રહ્યું હતું. નિયત આયોજન અનુસાર પદયાત્રિઓનો ઊતારો દૂલા ભગતની વાડીએ રાખવામાં આવ્યો હતો. ગામના બીજા છેડે આવેલ વાડીએ પધ્યાત્રિઓ પહોંચ્યા ત્યારે બે ત્રાણ નાગાપૂંગા છોકરાઓ પથરા ફેંકી આમલી તોડવાની કોશિશ કરી રહ્યા હતા. એમના સિવાય કાળું ચકલું પણ ફરતું દેખાતું નહતું.

"બધા અહીં જ ઉભા રો લ્યા. સરલા..! પથ સંચાલન ટીમના બે ચાર લોકોને વાડીની અંદર મોકલ. સહદેવ, તું પણ એ લોકોની સાથે જા."

સહદેવના વાંસે હળવો ધબ્બો મારતા કાકુજીએ વાત પૂરી કરી. પછી વાડી બહાર મૂકેલી પત્થરની બેન્ચ ઉપર બેઠા.

"કાકુજી..! સત્યાગ્રહ સિવાય બીજા એક પણ અખબારમાં પદયાત્રાના સમાચાર નથી."

"માધ્યા..! એમાં આવું રોતલ મોટું કરવાની કંઈ જરૂર નથી. હું તો આવું થશે તે પહેલેથી જ જાણતો હતો. ભાઈઓના લેંઘા ધોતીયાને બૂનોના સાડલા મેલા ના થતા હોય તો ધરતીના ખોળે બેહવાની બધાને છૂટ છે. છોકરાઓ..! બધીવાર મારા કે'વાની રાહ જોવાની જરૂર નથી. થોડીવાર તમારા ધગરા જમીને ચોંટાડી પગને આરામ આપો."

કાકુજી હળવા સ્વરે બોલ્યા પછી માધવને હાથ પકડી બાજુમાં બેસાડ્યો. સરલા અને ઈશાન તો કયારના વાડીના પગથિયે બેસી ગયા હતા.

"કાકુજી..! બીજા અખબારોમાં સમાચાર નથી છપાયા એ વાત તમે જાણો છો; એવું તમે જબરું ગપ્પુ માર્યું..!"

કાકુજીને હળવા મૂડમાં જોઈ માધવ પણ હળવાશથી બોલ્યો.

"તું કે'તો હોય તો હવે બીજું ગપુ મારું..? બોલ..? શું કે છે..?"

"જો જો તમારુ ગપ્પુ સાચું ના પડે..! નહિતર આ સરકાર તમને ગપગોળા વિભાગના મંત્રી બનાવી દેશે..!" બોલતા બોલતા માધવ હસી પડ્યો.

પથ સંચાલન ટીમના સભ્યો સાથે ગયેલો સહદેવ હું સમાચાર લાવશે તે કે દઉં..?"

જલ્દી બોલો. એ લોકો આવતા જ હશે."

"કહી નાંખો. આજે તમારા મુખેથી પણ બ્રેકિંગ ન્યુઝ સાંભળી લઈએ."

"મોંઘવારી વિરુદ્ધ પદયાત્રા લઈ નીકળેલા મહાદેવ ગાંધી ઉર્ફે કાકુજીની પદયાત્રા બીજા દિવસની બપોરે નિર્ધારીત કાર્યક્રમ અનુસાર દૂલા ભગતની વાડીએ પહોંચી ત્યારે પથરા મારી

@gujaratibookz

આમલી તોડતા બે ચાર નાગાપંગા ટેણીયાઓએ તેમનું સ્વાગત કર્યું. જો કે પદયાત્રિઓને પોતાની વાડીએ આવવાનું નોતરું આપનાર દૂલા ભગત ગધેડાના માથેથી ગાયબ થયેલા શીંગડાની માફક ગાયબ થૈ ગ્યા તા."

"કાકુજી..! આમા બ્રેકિંગ ન્યુઝ કે ગપ્પુ મારવા જેવું કંઈ નથી."

"નાઉ કાકુજી પ્રેઝન્ટસ બ્રેકિંગ ન્યુઝ વીથ ગપગોળા..! દુલા ભગતની વાડીમાં ગયેલ ટીમ ધોયેલા મૂળા જેવી પાછી ફરી. આખી વાડી ફેંદયા પછી પણ દૂલા ભગતનો પત્તો ન લાગ્યો."

"કાકુજી..! તમારી વાત અડધું ગપુ અને અડધું સત્ય સાબિત થઈ છે."

દૂરથી આવતા સહદેવે કાકુજીની વાત સાંભળ્યા પછી પ્રત્યુત્તર આપ્યો.

"આદરણીય સહદેવ શાસ્ત્રીજી..! આપને આપનું નોલેજ બતાવવાનો મોકો આગળ પણ મળશે. અત્યારે શોર્ટ એન્ડ સ્વીટ વાત કરશો તો તમારી ઘણી મહેરબાની."

બે હાથ જોડી વિનંતી કરતી સરલાની વાતમાં ભારોભાર કટાક્ષ અને વાત સાંભળતા સહદેવના ચહેરા ઉપર ભારોભાર નારાજગી વર્તાઈ રહી હતી. વાત વધુ વણસે તે પહેલા સહદેવની સાથે આવેલા દૂલા ભગતના માણસે કાકુજીના કાનમાં કંઈક કહ્યું. કાકુજીનો ચહેરો થોડો ખિલ્યો, પછી માધવ અને સરલાના ખભે હાથ મૂકી કાકુજી વાડીમાં દાખલ થયા અને તેમના પગલે પદયાત્રિઓ ચાલી નીકળ્યા.

*****

બપોરે બે વાગે બધા જમીને પરવાર્યા ત્યાર પછી દુલા ભગતની એન્ટ્રી પડી. વડના ઝાડ નીચે બેઠેલા કાકુજીના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ લીધા. કાન પકડીને માફી માંગી. કાકુજીએ પણ તેમને આંખ મિચકારી માફી આપી એટલે તેમના પગ આગળ બેસતા દૂલા ભગત બોલ્યા,

"અક્કરમીનો પડિયો કાંણો એટલે દૂલા ભગત જેનુ નામ."

"ભગત..! તમારા જેવા અક્કરમીઓ છે તો જ ભારત દેશ સલામત છે. બાકી આપણા કહેવાતા શાણા લોકો તો દેશ ડૂબાડવાની પૂરેપૂરી કોશિશ કરી રહ્યા છે."

"કાકુજીની જીભે કડવાશ..! લાગે છે મહાદેવની અગ્નિ પરીક્ષા શરૂ થઈ ગઈ છે."

દૂલા ભગત સ્વગત બોલ્યા પછી હળવા હાથે કાકુજીના પગ દબાવતા બોલ્યા,

'કાકુજી..! કહેતા જીભ નથી ઊપડતી, પણ મહાદેવ કડવો ઘૂંટ નહિ પીયે તો દુનિયાને બચાવશે કોણ?"

"ભગત..! પાનશેરી કોથળામાં ભરીને મારશો કે સીધી. વાગશે તો ખરી ને..! તો પછી લાગ લપેટ કરવા કરતાં જે કહેવું હોય તે સીધે સીધુ કહી નાંખો. પ્રસુતિની પીડા જેટલી વધારે વેંઢારશો તેટલી વધારે પડશે."

ભગતનો હાથ પકડી તેમને સાંત્વના આપતા કાકુજી બોલ્યા.

"દાદુ..! માધવ અને સરલા દીદી કાચી કેરી તોડી રહ્યાં છે."

પાસે બેસતા ઈશાને ફરીયાદ કરી.

"કાકુજી..! અમે ખાલી કાચી કેરી તોડી જ નથી ખાધી પણ છે. ને અત્યારે પણ ખાઈ રહ્યા છે."

ઈશાનને ચીડવવા કેરીને બચકુ ભરતી સરલા બોલી. પછી કાકુજી પાસે બેસી સ્થિતિનો તાગ મેળવતા બોલી,

"ઈશાન..! કાચી કેરીનું કમઠાણ પછી કરીશું. ચાલ આપણે ઉઘાડા પગે થોડું ચાલીએ."

@gujaratibookz

"સરલા બેટા..! વાત ગંભીર જરૂર છે, પણ ખાનગી નથી. તું બેસ. અને તું પણ બેસ"

ઉભા થતા ઈશાનને બેસવાનો ઈશારો કરતા દૂલા ભગત બોલ્યા. પછી કાકુજી તરફ ફરતા વાત આગળ વધારી,

"કાકુજી..! હું કાલથી તમારી સરભરા નહિ કરી શકું."

"વોટ ડુ યુ મીન બાય સરભરા નહિ કરી શકો."

ઈશાને ઊતાવળે પ્રતિક્રિયા વ્યકત કરી.

"ઈશાન..! ભગત કાકાની વાત તો પૂરી સાંભળ."

વડ નીચે બેસતા સહદેવ બોલ્યો. કાચી કેરી ખાઈ રહેલી સરલા ચીડથી થોડી આઘી ખસી. સરલાની આ પ્રતિક્રિયા નિહાળી સહદેવ થોડો ખચકાયો, પછી વીલા મોઢે કાકુજી તરફ ફર્યો અને વાત બદલવાના ઈરાદે બોલ્યો,

"ભગત કાકા..! અમને તમારી પાસેથી આવી અપેક્ષા નહોતી."

"સહદેવ.! ઈશાને પણ આ જ પૂછયું હતું." ઘરકયુ કરતા કાકુજી બોલ્યા. પછી,

"ભગત, હું તમારા નિર્ણયનું કારણ જાણી હકુ..?"

"પૂરવઠા મંત્રીને નારાજ કર્યા છે, રાશન તો બંધ થશે જ ને..!"

વડની પાછળ બેઠેલ માધવ સહેજ ફરીને બોલ્યો. બધાના ચોંકેલા ચહેરા એની તરફ ફર્યા. માધવનું મારક હાસ્ય રેલાયું. પછી એ ચહેરા ઉપર ગમછો નાંખી નિરાંતે સૂઈ ગયો.

******

"નરહરીભાઈ..! સાહેબ તમને યાદ કરે છે..!"

કેબીનેટની મીટીંગ સમાપ્ત કર્યા પછી ચાહ નાસ્તો કરી રહેલા મંત્રી સમુહમાં બેઠેલા પૂરવઠા મંત્રીના કાનમાં સી.એમ.ઓ.ના અધિકારી જર્નાદન ગઢવી વાત નાંખી.

"ગઢવીજી..! કંઈ ખાસ કામ હતું..?"

ધોળકિયા થોથવાતી જીભે બોલ્યા. ગઢવીનો 'આઈ ડોન્ટ નો' સૂચક ચહેરો જોયા પછી સફારીના પેટ આગળના ગજવામાંથી નેપકીન કાઢી કપાળ લૂંછતા વાત આગળ વધારી,

"તમારા મિત્રનું લાયસન્સ રીન્યુ થઈ ગયું છે, પણ એમનો કોઈ ફોન નથી આવ્યો એમને કહેજો રમણલાલને મળી લે. બાકી પરિવારમાં બધા મઝામાં છે ને..?"

"સાહેબે અરજન્ટ આવવા કહ્યું છે. ટોન થોડો હાર્ડ હતો. તમે આવો છો ને..?"

"હા હા. તમારી પાછળ જ આવ્યો."

મુખ્યમંત્રીનું તેડું આવતા ગભરાયેલ પૂરવઠા મંત્રી ગભરાટ છુપાવવામાં કેટલા સફળ રહ્યા છે તો રામ જાણે..! પણ, સી.એમ.ઓ.માં નાયબ સચિવ તરીકે ફરજ બજાવતા આઈ.એ.એસ. અધિકારી ગઢવી હાથ આડે હાસ્ય છુપાવતા ચાલી નીકળ્યા.

તેજ ચાલ સ્પર્ધાના સ્પર્ધકની માફક ધોળકિયા મુખ્યમંત્રીની ઓફિસ તરફ આગળ વધ્યા. સાહેબની ઓફિસનો દરવાજો ખોલતી વખતે હાર્ટબીટ વધી ગઈ હતી, પણ સોફાચેરમાં રીલેક્ષ મુદ્રામાં બેઠેલ મુખ્યમંત્રીની જોયા પછી થોડી હળવાશ અનુભવતા ઓફિસમાં દાખલ થયા.

"ભાઈ ધોળકિયા..! આ બધું શું માંડયું છે..! મોંઘવારી વિરૂદ્ધની યાત્રાના શ્રીગણેશ કરાવવા ગયા હતા..? કે ચતુર પટેલના હેલીકોપ્ટરમાં આંટો મારવા..?"

આંખ બંધ કરીને બેઠેલા મુખ્યમંત્રી અનુપ મહેતાએ બંધ આંખે જ મંત્રીશ્રીને ત્રીજું નેત્ર બતાવ્યું.

@gujaratibookz

"આઈ એમ સોરી સર, હું તો નવ વાગે ત્યાં પહોંચી ગયો હતો."

"હજુ મારી વાત પૂરી નથી થઈ."

મુખ્યમંત્રીનો અવાજ તરડાયો અને ડોળા કાઢતી આંખ ખૂલી. નરહરીના નરવનું હરણ થયું હોય તેવો સૂસવાટો બોલાવ્યા પછી મહેતા સાહેબે વાત આગળ વધારી,

ચતુર પટેલની વાડીથી ભરતપૂર વચ્ચેનું અંતર કેટલું છે એ જાણો છો..? પગમાં મહેંદી મૂકાવી'તી..? તે તને પચીસ કિલોમીટરનું અંતર કાપવા હેલીકોપ્ટર જોઈએ છે. જાણતો નહોતો કે એ તારો બાપ સિધ્ધાંતની પૂછડી છે. દિલ્હીથી દબાણ કરાવી પૂરવઠા મંત્રી તો બની ગયા, પણ અક્કલનો પૂરવઠો ક્યાંથી લાવશો.? હવે કંઈ બોલશો કે ગૂંગી મૂડીયા બનીને ઉભા જ રહેશો."

ધોળકિયા "ના બોલવામાં નવ ગુણ" અને "બોલે તેના બોર વેચાય" જેવી વિરોધાભાસી કહેવત વચ્ચે અટવાયા હતા ત્યાં મુખ્યમંત્રી બરાડ્યા,

"મોંમાં મગ ભર્યા છે.?"

"સાહેબ.! મને તો કંઈ સૂઝતું નથી. તમે કહો તેમ કરું." હાથ જોડી ધોળકિયા બોલ્યો.

"પેટ્રોલ–ડીઝલ લોબી પાસેથી ત્રીસેક કરોડ રૂપિયાનું ફંડ ઉઘરાવો. સાંજ સુધીમાં ચૂંટણી જાહેર થઈ જશે. પ્રદેશમાં ફરી સરકાર બનાવવી છે ને..? ને હવે એ ડોસાના કેસમાં તમારે માથું મારવાની જરૂર નથી. હું બધું ફોડી લઈશ. તમે મધ્યની બેતાલીસ સીટોના ઉમેદવારો માટે ફંડની વ્યવસ્થામાં લાગી જાવ."

વાઘના પંજામાંથી છટકેલા ગભરુ સસલાની ત્વરાથી ધોળકિયા બહાર નીકળ્યા. મહેસુલ મંત્રી પરમાનંદ પટેલ, શિક્ષણ મંત્રી કુમુદબેન ઠક્કર, સ્વાથ્ય મંત્રી જનક લાપસીવાલા અને પ્રદેશ મહામંત્રી છોટેલાલ પરમાર દરવાજા બહાર જ ઉભા હતા.

*****

ખાન સાહેબના દિલ્હી સ્થિત નિવાસસ્થાને મળવા આવેલા વિવિધ રાજ્યોના મુખ્યમંત્રી, પ્રભારી અને કેટલાક કેન્દ્રીય મંત્રીઓ લાઈન લાગી હતી. જુમ્માની નમાઝ અદા કરી તેઓ બહાર આવ્યા ત્યારે બધા ઉભા થઈ ગયા. સામે ઊભેલા મહિલા મુખ્યમંત્રી સામે હાથ જોડી બોલ્યા,

દીદી..! આપ કલ શામ કો આઈયે. આજ તો આપસે બાત કર પાના મુશ્કિલ હૈ."

બોલતા ખાન સાહેબ પગથિયાં ઊતરી ગાડીમાં બેઠા. ખાન સાહેબ લોઢીરોડ સ્થિત પાર્ટી કાર્યાલય ખાતે પહોંચ્યા ત્યારે પ્રાદેશિક ચૂંટણી અંગેની ચર્ચા ચાલી રહી હતી.

"ખાનભાઈ.! આપ યહાં આ જાઈએ."

રાષ્ટ્રીય અધ્યક્ષા કમલા કુમારીએ નિમંત્રણ આપતા ખાન સાહેબ તેમની અને પ્રધાનમંત્રી જવાહર બક્ષીજીની વચ્ચે ગોઠવાયા. થોડીવાર પ્રધાનમંત્રી સાથે ગૂફતગુ કર્યા પછી કાગળની ચબરખી ઉપર કંઈક લખી ચબરખી અધ્યક્ષાને આપી.

"હમ સબ જાનતે હૈ, કી મહિલા રિઝર્વેશન બિલ સંસદમેં પારીત નહિ હુઆ હૈ. પર હમને ફૈંસલા લિયા હૈ કી ઈસ બાર કે પ્રદેશ ચુનાવ મેં હમારી પાર્ટી મહિલાઓ કો જયાદા સે જ્યાદા ટિકટ દેગી. મેં તો ચાહતી હું કી રિઝર્વેશન પ્રતિશત સે ભી જયાદા મહિલાઓ કો ટિકટ દું. આપ સબ કી ઈસ બારે મેં જો ભી રાય હૈ વહ ખૂલકર બતાયે..?"

કમલાજી મધ્યમ સ્વરે બોલ્યા.

"મેડમ! મેં દો બાત કહેના ચાહંગા. માઈનોરિટી ઔર પિછડી જાતી કી મહિલાઓ કો ભી ટિકટ દીયા જાય. ઔર ઐસા ન હો કી હમ સિર્ફ હારનેવાલી સીટ પર મહિલા કો ટિકટ દે."

@gujaratibookz

પ્રદેશ પ્રભારી પ્રભાકર નાયડુએ પોતાની વિચાર રજૂ કર્યો.

“હમેં અપને હી બિચ અગડે યા પિછડોં કી દીવાર ખડી નહિ કરની છે. પ્રદેશ હર બેઠક કે લિયે તીન ઉમીદવાર કે નામ તય કરે. જીસમેં એક નામ મહિલા કા હોના ચાહિયે. બાકી કા કામ હમારે રાષ્ટ્રીય લીડર કરેંગે. ઔર પ્રદેશ ચુનાવ કી પૂરી કમાન હમારે યુવા નેતા કબીરજી કો દે દી જાય. ઐસા હમારા સુઝાવ હૈ.”

પ્રદેશ અધ્યક્ષ અભયસિંહ સોલંકીએ પોતાનો મત વ્યકત કર્યો.

થોડીવાર સુધી અભિપ્રાય અને મંતવ્ય વ્યકત થતા રહ્યા. જો કે બધાનો પ્રધાન સૂર એક જ હતો કે છેલ્લી બે ટર્મથી પ્રદેશની ચૂંટણી હારતા રહ્યા છે. છેલ્લી ચૂંટણીમાં આંતરિક ડખાને કારણે વીસેક સીટ પાંચ હજારથી પણ ઓછા માર્જીનથી હાર્યા હતા. જો ઉમેદવારની પસંદગી કાળજીપૂર્વક કરાશે તો આ વખતે જીત નિશ્ચિત છે. અભિપ્રાય અને મંતવ્યોની આપ લે સમયે મુખ્ય ત્રિપુટીએ આજની પોલિટિકલ સ્ટ્રેટેજી ઘડી કાઢી હતી.

પ્રાદેશિક ઈલેકશન ખત્મ હોતે હોતે સંસદ કા બજેટ સત્ર આ જાયેગા. તો મેં ચાહુંગા કી ઈસ ચુનાવ કી સારી જીમેદારી હમ અધ્યક્ષા મહોદયા કો દે દે. ચુનાવ સંબંધિ સારે ફેંસલે વો હી કરેંગી.' પ્રધાનમંત્રીએ પોતાનો મત વ્યકત કર્યો જે સર્વાનુમતે મંજૂર કરાયો.

“તો હમ સબ આજ એક બાત તૈય કર લેતે હૈ. પ્રાદેશિક ચુનાવ મેં હમારી પાર્ટી મહિલાઓ કો ચાલીસ પ્રતિશત ટિકટ દેગી. ઔર ઔર બાકી ફૈસલે બાદ મેં કિયે જાયેંગે.” રાષ્ટ્રીય અધ્યક્ષા કમલા કુમારીના નિવેદન સાથે બપોરે ત્રણ વાગે બેઠક સમાપ્ત થઈ. ને સાંજે સાડા ચાર વાગે ચૂંટણી પંચે પ્રદેશમાં ત્રણ ચરણમાં યોજનાર ચૂંટણીની તારીખની જાહેરાત કરી.

*****

બીજા દિવસના પડાવ સ્થળ ડુંગરપુર પહોંચેલા પદયાત્રિઓ જમી પરવાર્યા ત્યારે રાતના સાડા આઠ વાગ્યા હતા. જો કે કાકુજી એ તો ક્યારનુ દૂધ-રોટલાનું વાળુ કરી લીધું હતું. ચૂંટણી જાહેર થયાના સમાચાર જાણ્યા ત્યારથી માધવ અને સરલા ઊંચાનીચા થઈ રહ્યા હતા. ઈશાન કેમેરા, લેપટોપ અને અપલોડિંગની પળોજણમાં મસ્ત હતો. સહદેવ ભાવી જાણતો હોવા છતા

જયાં સુધી કોઈ પૂછે નહિ ત્યાં સુધી ચૂપ રહેવાનો નિર્ણય કરી બેઠો હતો.

માધવ! એ માધ્યા.”

કાકુજીએ બૂમ પાડી. માધવ તેમની નજીક પહોંચ્યો એટલે,

“આજનો અહેવાલ મોકલી આપ્યો.”

“હા. કેમ..? કંઈ કામ હતું..?”

બોલતા કાકુજી પાસે બેસતા માધવે સરલા તરફ જોઈ લીધું.

“પદયાત્રાના સમાચાર બહુ સારા લખ્યા છે. પણ કાલથી મારી પ્રશંસા કરતો નહિ. આ વાંચ્યા પછી તો એમ લાગે છે, જાણે આખી પદયાત્રાનો ભાર હું એકલો જ ઊપાડી રહ્યો છું.”

“દાદુ.! વોટ્સ રોન્ગ ઈન ધેટ..? માધવે સાચુ જ તો લખ્યું છે.” ઈશાને સૂર પુરાવ્યો.

“એ ધનચક્કર.! તારે ક્રેડિટ ના જોઈતી હોય તો કંઈ નહિ. પણ મારે તો ક્રેડિટ જોઈએ છે. આફ્ટર ઓલ આઈ એમ ઈન્ચાર્જ ઓફ ઓલ ફાઈવ ટીમ. એ માધવ કાલથી મારા વિષે પણ લખજે. નહિતર ‘સત્યાગ્રહમાંથી તીન પાક ને ચંબુ મળી જશે.’”

બોલતા સરલા કાકુજી પાસે પહોંચી. પછી નાનકડી વાડકીમાંથી ગાયનું ઘી હથેળીમાં લઈ કાકુજીના ટાલકુ ઘસવા માંડી.

@gujaratibooks

"એ માધ્યા! બીજું કંઈ નહિ તો આ સરલા રોજ મારા માથામાં ગાયનું ઘી ઘસી આપે છે, એ વાતનો ઉલ્લેખ સમાચારમાં જરૂર કરજે. ફોટો પણ પાડવો હોય તો પાડી લે. કેમ..? બરાબર છે ને..?" સરલા સામે જોઈ આંખ મીંચકારી લાડ કરતા કાકુજી બોલ્યા. સરલા પણ હસી.

"કાકુજી..! તમે ચોવીસ કલાક વાસી સમાચાર વાંચી રહ્યા છો."

કાકુજીના પગ આગળ બેસતા સહદેવ બોલ્યો. પછી કાકુજીના પગ દબાવતા વાત આગળ વધારી,

"રાજય વિધાનસભાની ચૂંટણીની તારીખ જાહેર થઈ ગઈ છે. આપણે આપણો રોલ તો નક્કિ કરવો પડશે ને."

"સહદેવકાકા..! તમે કયારથી રાજકારણ અંગે વિચારવા લાગ્યા.!"

સરલા કર્કશ અવાજે બોલી. કાકુજીનુ ટોળું ઘસતા એના હાથ થંભી ગયા. આંખોના ડોળા હમણા બહાર નીકળી આવશે.! એટલી હદે વિસ્કારીત થયેલ આંખો જોયા પછી માધવ બોલ્યો,

"કાકુજી! મારી અક્કલ મુજબ આ પદયાત્રાનો કોઈપણ રાજકીય હેતુ નહોતો. નહોતો ને..?"

"ધેટ્સ ફાઈન. બટ, આપણી આ ટવેન્ટી ફોર ડેઝ લાંબ્બી પદયાત્રા જયારે સિક્સ-નાઈન્ટી કિલોમીટરનો પ્રવાસ પૂરો કરશે ત્યારે આપણે સ્ટેટના સીકસટીન જીલ્લાઓ અને નાઈન્ટી નાઈન વિધાનસભા વિસ્તારમાંથી પસાર થઈ ચૂક્યા હોઈશું." ઈશાને સ્ટેટેસ્ટિકલ વ્યુ રજૂ કર્યો.

"માધવ! તારુ પોલિટિકલ સાયન્સ શું કહે છે..?" કાકુજી હળવા સ્વરે બોલ્યા.

"જે નવ્વાણું વિધાનસભા ક્ષેત્રમાંથી આપણે પસાર થઈશું, તેમાંથી ચોપન બેઠક શાસક પક્ષના, બેતાલીસ બેઠક વિરોધપક્ષના અને ત્રણ બેઠક આદિવાસી સંઘર્ષ મોરચાના કબજામાં છે. માત્ર બે થી ચાર ટકાનો સ્વિંગ આખા રાજયના પોલિટિકલ ગણિતના સરવાળાને બાદબાકીમાં અને ગુણાકારને ભાગાકારમાં ફેરવી નાંખશે.! પણ મને એ નથી સમજાતું કે, જે ગામ જવું નથી તે ગામની કુંડળી બનાવડાવવા બામણના ઘરના ચક્કર શું કામ મારીયે છીએ.!"

માધવે ચીડ સાથે વાત પૂરી કરી.

"એટલા માટે કે જાણે-અજાણે આપણો પગ પોલિટિકલ કુંડાળામાં પડી ગયો છે. હવે સ્વેચ્છાએ રાજકીય ગાડીમાં બેસવું કે અપમાનિત થઈને, તે આપણે નક્કી કરવાનું છે."

સહદેવ ગંભીરતાથી બોલ્યો.

"પદયાત્રાના ઈન્ચાર્જ સરલાદેવી! તમે શું કહો છો..?" કાકુજી હળવા સ્વરે બોલ્યા.

"હું શું કે'વાની..? તમારા બધાના પોલિટિકલ નોલેજ સામે હું તો બચ્ચુ છું."

બોલતા સરલાએ કાકુજીના ટાલકા ઉપર આંગળીથી મસાજ કરવાની શરૂઆત કરી. કાકુજી પણ આંખ બંધ કરી મસાજની મનભાવક મસ્તી માંણવા માંડયા. પછી સરલા બોલી,

"હા, હું એટલું ચોક્કસ કહીશ કે મોંઘવારી સહિતના અનેક મુદ્દે કેન્દ્ર સરકાર અને રાજય સરકાર પ્રજાપ્રિય કામગીરી કરવામાં નિષ્ફળ રહી છે. એવા સમયે આપણે વિક્રમ બનીને આ સરકારી વૈતાળને બોચીએ બેસાડવાની જરૂર નથી. આપણે જનમંચ પક્ષ અને કોમનમેન પાર્ટી સામે ત્રીજા પરિબળ તરીકે મેદાનમાં ઊતરવું જોઈએ. દૂધમાં સાકરની જેમ ભળી જઈ આપણું અસ્તિત્વ ઓગાળી નાંખવા કરતા દૂધને મેળવણ બનીને ફાડી નાખીશું તો અને તો જ આપણું પ્રમાણ અને વજન બને વધશે."

"સરલા..! કાલ સવારે અહીંથી નીકળતા પહેલા ડોલચામાં થોડું ગાયનું દૂધ લઈ લેજે. કાલથી મારે ગુરૂના ઉપવાસ ચાલુ કરવા છે."

@gujaratibooks

બોલતા કાકુજી ઉભા થઈ સૂવાના ઓરડા તરફ ચાલી નીકળ્યા.

@gujaratibookz

ચાર

પદયાત્રાના ત્રીજા દિવસે પણ 'સત્યાગ્રહ' સિવાય બીજા કોઈ પણ અખબારમાં પદયાત્રા અંગેના સમાચાર છપાયા નહોતા. રાજ્ય વિધાનસભાની બસો અગિયાર બેઠકો પર ત્રણ ચરણમાં વહેંચાયેલા મતદાનનો કાર્યક્રમ તથા જાહેરનામું પ્રસિધ્ધ થવાની વિગત છપાળ હતી. જે અનુસાર પદયાત્રા રૂટની લગભગ બધી સીટો ઉપર મતદાન ત્રીજા ચરણમાં થવાનું હતું. કાકુજી દ્વારા પ્રેરિત આ પદયાત્રાની સમાપ્તિના ત્રણ દિવસ પછી પ્રથમ ચરણની, સાત દિવસ પછી બીજા ચરણની અને નવ દિવસ પછી ત્રીજા ચરણની બેઠકો માટે નામાંકન પ્રક્રિયા હાથ ધરાવાની હતી.

પાંડુપુર તરફ જતી મુખ્ય સડકને જોડતી ચોકડી પસાર કરતા પદયાત્રિઓ ધીમા પડયા. સડકની બન્ને તરફ ઊભેલા ગ્રામજનોએ જંગલી ફૂલો અને ફળોની માળાથી કાકુજીને હારતોરા કર્યા. માટલાનું ઠંડુ પાણી પિવડાવ્યું. આદિવાસી બાઈઓ છોકરાઓ કાકુજીને પગે લાગ્યા. કેટલાક આદિવાસીઓ કેળા, તાડફળી અને લીલા નારીયેળ લાવ્યા હતા. જેને જે અનુકૂળ આવ્યું તે ખાવું-પીવું. એક વૃદ્ધા તો કેળાની મોટી જબરી લૂમ ઊપાડીને આવી ને બોલી,

"કાકુજી..! તું ઈના માથે હાથ મેલી આશીષ દે. મારે શાહુકારનું દેણું એક્કી ફટકે ઊતારી મેલવું છે."

ને કાકુજીએ લૂમના માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા ત્યારે થોડાક પદયાત્રિઓ મૂછમાં હસ્યા. પણ કાકુજીને તો એ વૃદ્ધાની શ્રદ્ધામાં શ્રદ્ધા હતી.

ટૂંકા વિરામ પછી પદયાત્રા પાંડુપુરના તળાવ કિનારે આવેલ ભાથીમંદિર પહોંચી. અહીં વિરામ અને ભોજનનું આયોજન આદિવાસી સંઘર્ષ મોર્ચાના ધારાસભ્ય જેસંગ વસાવાએ કર્યું હતું. પદયાત્રિઓને અંગત કાળજી રાખી જમાડયા પછી રામરામ કરી પરત ફરી રહેલ જેસંગ વસાવાને કાકુજીએ અટકાવ્યા; બન્ને વચ્ચેની થોડી ગૂફતગુ પછી તેઓ એકબીજાનો હાથ પકડી તળાવની પાળે ટહેલવા ચાલી નીકળ્યા.

*****

ગાંધીગ્રામ ખાતે કોમનમેન પક્ષના પ્રદેશ કાર્યાલય ખાતે ભારે ગરમાગરમીનું વાતાવરણ હતું. વિધાનસભાની ચૂંટણી જાહેર થવાના પગલે જીલ્લા પ્રમુખોની અરજન્ટ મીટીંગનું આયોજન કરાયું હતું. પ્રદેશ અધ્યક્ષ અભયસિંહ સોલંકીની એન્ટ્રી પડી ત્યારે કાર્યકર્તાઓએ 'દેખો દેખો કૌન આયા..? આમ આદમી કા નેતા આયા" નારાથી વાતાવરણ ગુંજી ઉઠયું. દિલ્હીની હોટલાઈન અને મોબાઈલની રીંગ ટોન પણ રણકવા લાગી હતી. ઢોલ નગારા ને નારાબાજી શાંત થયા પછી મીટીંગ શરૂ થઈ.

"આવતા સપ્તાહે પ્રદેશ પ્રભારી પ્રભાકર નાયડુજી આવે તે પહેલા આપણે બધી બેઠક માટે ત્રણ સંભવિત ઉમેદવારોની યાદી તૈયાર કરવાની છે. ત્રણમાંથી એક નામ મહિલા ઉમેદવારનું હોવું ફરજીયાત છે, સો ડુ ઈટ કેરફૂલી. ખાનસાબ કા ભી યહી સુઝાવ હૈ." અભયસિંહ બોલ્યા.

"જય માતાજી બાપુ. ખાનસા'બ કા મેસેજ હૈ"

ખાનસાબના ખાસ માણસ અર્શદ જમીનદાર મીટીંગ હોલમાં દાખલ થતા બોલ્યા. અભયસિંહની બાજુની ખુરશી પર બેઠા. બ્રીફકેસમાંથી એક મોટું ખાખી કવર કાઢયું. રાષ્ટ્રીય અધ્યક્ષની મહોરવાળા આ કવર ઉપર 'ખાનગી' લખ્યું હતું. બધાની હાજરીમાં આ કવર ખોલ્યા પછી અંદરથી નીકળેલ કાગળ વાંચતા અર્શદભાઈ બોલ્યા,

"આગામી ચૂંટણીને ધ્યાને રાખી યુવાનો અને મહિલાઓને વિશેષ જવાબદારી સોંપાઈ છે.

@gujaratibookz

ઈસ્ટ ઝોન ગુમાનસંગ રાઠવા, વેસ્ટ ઝોન રાજદિપસિંહ જાડેજા, નોર્થ ઝોન અલકા ઠાકોર, સાઉથ ઝોન મુનવ્વર પટેલ અને સેન્ટ્રલ ઝોનની કમાન ગંગાબેન મેવાડાને સોંપવામાં આવે છે. ખિમજીભાઈ ધાનાણી ઈલેકશન ઈન્ચાર્જ રહેશે. પ્રદેશ અધ્યક્ષ અભયસિંહ બાપુના વર્કલોડ ઓછો કરવા વયોવૃદ્ધ નેતા લક્ષ્મણદાસ મોદીની કાર્યકારી અધ્યક્ષ તરીકે નિમણૂંક કરવામાં આવી છે."

જાહેરાત પૂર્ણ કર્યા પછી અર્શદભાઈ જમીનદારે પત્ર અભયસિંહ બાપુને સોંપ્યો.

નવનિયુક્તિને પગલે બાપુની લોબીમાં સોપો પડી ગયો હતો. નવા વરાયેલા આગેવાનો બાપુની સામેની છાવણીના સેનાપતિ હોય સમર્થકો ગુસ્સો ફૂટયો.

"નહિ ચલેગી નહિ ચલેગી. તાનાશાહી નહિ ચલેગી. અભયસિંહ બાપુ આપ આગે બઢો. પૂરા પ્રદેશ આપકે સાથ હૈ."

ચાલુ મીટીંગે જ નારાબાજી શરુ થઈ. બાપુનો ચહેરો તંગ બન્યો. વાત વધુ વણસે તે પહેલા તરડાતા સ્વરે બરાડયા,

"રાષ્ટ્રીય અધ્યક્ષાના આ નિર્ણય સામે જેને પણ વાંધો હોય તેના માટે પાર્ટીની બહાર જવાનો દરવાજો ખુલ્લો છે. પાર્ટી કોઈપણ સંજોગોમાં ગેરશિસ્ત નહિ ચાલવે. ઈટ્સ ફૂલ એન્ડ ફાઈનલ વોર્નિંગ. સો શટ યોર માઉથ ઔર ગેટ આઉટ"

બાપુના ઘૂરકયાની ધારી અસર થઈ. હાથ ઊંચા કરી કરીને નારા લગાવનારાઓએ પગને કામે લગાવ્યા. પગ પછાડતા તેઓ હાલની બહાર ચાલ્યા ગયા. થોડીવાર માહોલ શાંત પડયો ને બાકીનું કામ અટોપી બધા બહાર આવ્યા.

વાહનોનો કાફલો કાર્યાલય કંપાઉન્ડના મુખ્ય દરવાજેથી પ્રવેશતો દેખાયો. ઢોલ નગારાના તાલે લકઝરી બસની છત ઉપર નાચતા સમર્થકો સાથે નવનિયુક્ત નેતાઓ પ્રવેશ્યા. એક કાર્યકરે ફટાકડાની લાં.અ.અ..બી લૂમને દિવાસળી ચાંપી. ફૂટી રહેલા ફટાકડાના અવાજ વચ્ચે અર્શદભાઈના ખભે હાથ મૂકી અભયસિંહ બોલ્યા,

"રાષ્ટ્રીય અધ્યક્ષાના ખાનગી લેટરની ખાનસાબના માણસોને બહુ વહેલી ખબર પડી જાય છે..! અર્શદભાઈ.! તમારા આકાને કહેજો, બાપુ ગિલ્લી દંડાનો ખેલ નથી ખેલતા. ઔરત કે પલ્લુ કી આડ સે તીર ચલાનેવાલે કો ક્યા કહતે હૈ, યહ તો આપકો માલૂમ હી હોગા..?"

અભયસિંહ બાપુએ ધીમા સ્વરે અર્શદ જમીનદારના કાનમાં ભડાકો કર્યો. પછી આગળ વધીને લક્ષ્મણદાસ મોદીના ચરણસ્પર્શ કરતા બોલ્યા,

"જય માતાજી કાકા..! તમારા આશીર્વાદથી આપણો પક્ષ ચોક્કસ સત્તામાં આવશે. બોલો લક્ષ્મણદાસ મોદી ઝિંદાબાદ..!

અભયસિંહનો અવાજ પડઘાયા પછી ચોમેરથી લક્ષ્મણદાસ મોદી ઝિંદાબાદનો નાદ ગુંજી ઉઠયો.

*****

પદયાત્રાના ત્રીજા દિવસની સાંજે બધા વાઘિયા ગામે પહોંચ્યા ત્યારે કાકુજી જરા જુદા જ મુડમાં જણાયા. સરલા અને કુસુમના ખભે હાથ મૂકી ચાલી રહેલ કાકુજી ફિલ્મી અંદાજમાં બોલ્યા,

"અરે ઓ માધ્યા..! ધુમા તો જરા ફોન ઔર લગા નંબર સત્યાગ્રહ કે તંત્રી કો."

કાકુજીના આ અંદાજે બધાને હસાવ્યા. કુસુમ તો એટલી ખડખડાટ હસી કે હસતા હસતા બેવળ વળીને બેસી ગઈ ત્યારે કાકુજી તેના તરફ ગબડી પડતા બચ્યા. કારણ સરલાએ એક હાથ કાકુજીની કમર પાછળ વીટાળી તેમને પકડી રાખ્યા હતા.

@GujaratiBooks

"કાકુજી..! નંબર ઘુમાનેવાલા ફૂનવા તો તમારા પાસ નાહિ હૈ..! આપ કહે તો બટન ડબાનેવાલે મોબાઈલવા કો મેદાનવા મેં ઊતાર દૂ..?"

ટીખળ કરતો માધવ કુસુમની જગ્યાએ ગોઠવાયો. એનો હાથ કાકુજીની કમરે વીટાયો ત્યારે સરલાની કમરનો સ્પર્શ બન્નેને સરસરાવી ગયો. સરલા થોડી આઘી ખસી. જો કે બન્ને હાથ એકબીજાની ઉપર સવાર થઈ કાકુજીની કમરે વીટળાયા હતા. બધા સાંધ્ય વિરામ સ્થળે પહોંચ્યા ત્યારે કાકુજી મોબાઈલ ઉપર વાત કરી રહ્યા હતા. વિસ મિનિટ લાંબા ટોકટાઈમ પછી ઈશાનના હાથમાં મોબાઈલ આવ્યો ત્યારે કાકુજીના ચહેરા પર સંતોષ હતો અને તેમને ઘેરી વળેલા સરલા, માધવ, સહદેવ, કુસુમ અને ઈશાનના ચહેરા પર પ્રશ્નાર્થ..!

'નોન પોલિટિકલ પદયાત્રાને પોલિટિકલ બનાવવા મથતા નેતાઓને ગમ પાડવી જ પડશે." કાકુજીએ વેરીયસ અંદાજમાં વાત રજૂ કરી.

કાકુજી! બધાને સમજાય એવું તો કંઈ બોલો.!" બધા એકીસાથે બોલ્યા.

"આપણી પદયાત્રાના સમાચાર નહિ છાપવા પોલિટિકલ પ્રેસર થઈ રહ્યું છે. સત્યાગ્રહે સત્યનો આગ્રહ રાખ્યો એટલે એને સરકાર વિરૂદ્ધનો દુરાગ્રહ રાખવા બદલ સજા ભોગવવા તૈયાર રહેવા જણાવ્યું છે. સરકારી જાહેરખબર બંધ કરી દેવાની ધમકી મળી છે."

કાકુજીએ જવાબ આપ્યો.

"સેટેલાઈટ ન્યુઝ ચેનલ ઓફ ઈન્ડિયાના પ્રમુખ, દિવાકર સુદના તમે લાઈવ ધૂમાડા કાઢયા'તા. એટલે ટીવી ઉપર ન્યુઝ કવરેજનો તો સવાલ જ નથી."

સરલાએ વાત આગળ વધારી.

"કાકુજી! આપણે તો આ યાત્રા લઈને હેડવા જ નીકળ્યા છે ને. આ છાપા કે ટીવીવાળા આપણને દેખાડે કે નો દેખાડે. અહીં ચ્યો કણ કંઈ ફરક પડે છે."

બધા વચ્ચે કુસુમ પહેલીવાર બોલી.

"દાદુ.! કુસુમ ઈઝ રાઈટ. બટ આઈ હેવ વન આઈડીયા. આપણે ગ્રૂપ એસ.એમ.એસ. કરી પબ્લિકને આપણી પદયાત્રા વિષે જણાવીએ તો.?"

ઈશાને લેટેસ્ટ સ્ટાઈલનો વિચાર વ્યક્ત કર્યો.

"હા. આઈડીયા સારો છે. આપણી વાત ગણતરીની પળોમાં હજારો લોકો સુધી પહોંચી જશે. ને એના માટે ઝાઝો ખર્ચ પણ નહિ થાય."

સરલાની આંખમાં ચમક ને સ્વરમાં રણકાર સંભળાયો.

"માધવ! તુ કંઈ બોલ્યો નહિ..?" માધવના ખભે હાથ મૂકતા કાકુજી બોલ્યા.

"તમે કો'તો બધાને એકી સાથે છઠ્ઠીનું ધાવણ યાદ કરાવી નાંખીએ."

માધવ મક્કમતાથી બોલ્યો. પછી કાકુજીનો સૂચક સંકેત મળતા વાત આગળ વધારી,

"ઈશાન.! પદયાત્રા નામનું નવું એકાઉન્ટ બનાવી તેને વધુમાં વધુ ગ્રૂપમાં મેમ્બર બનાવ. આ સાથે ફેસબુક, ટવીટર, લિંક્ડ ઈન, સહિત સોશ્યલ નેટવર્કિંગ સાઈટ પર પણ એકાઉન્ટ ખોલી પદયાત્રા નામનું ગ્રૂપ બનાવ. પદયાત્રાને બેડી પહેરાવવા મથતા ચમરબંધીઓની ઊંધ માહિતી વિસ્ફોટથી ઉડાવીશું."

માધવની વાત કાકુજીએ રસપૂર્વક, સરલા અને ઈશાન સમજપૂર્વક તથા કુસુમ અને સહદેવ માથું ખંજવાળતા સાંભળી.

*****

@gujaratibookz

પદયાત્રાના પહેલા ત્રણ દિવસ દરમ્યાન મળેલા પ્રતિભાવ પછીના ત્રણ દિવસમાં બેવડાયો હતો. અરે! બેવડાયો જ શું કામ? ચોવડાયો.! છોવડાયો.!ને સેંકડાયો હતો.! ઈન્ફ્રમેશન ક્રાન્તિના આધુનીક હથિયારો કામે લગાડવાના પરિણામે માત્ર દેશભરમાં જ નહિ, વિદેશમાં પણ પદયાત્રાની અસર વર્તાવા માંડી હતી. સોશ્યલ નેટવર્કિંગની વેબસાઈટોના માધ્યમથી અપલોડ કરાયેલ વિડીયોની જોનારાઓનો આંકડો દિન દોગની રાત ચોગુની ઝડપે વધી રહ્યો હતો. આટલું પૂરતું નહોતું તે પદયાત્રાના સાતમા દિવસે બી.બી.સી. ન્યુઝની ટીમ કવરેજ માટે આવી પહોંચી ત્યારે તેના ભારતના પ્રતિનિધિ અકબર આઝમી સાથે વાતચીત દરમ્યાન કાકુજીએ ધડાકો કર્યો.

"મહંગાઈ કમ કરને મેં વિફ્લ રહી સરકાર આપને અપના ચહેરા દેખકર બોખલા ગઈ હૈ.! ઔર ઈસીલિયે વહ અપને પાવર કા ઈસ્તમાલ કરકે મહંગાઈ કે ખિલાફ્ ઉઠ રહી આવાજ કો દબાના ચાહતી હૈ. આમ આદમી કો મહંગાઈ કી મારશે બચાને ઔર મહંગી સરકાર કી પોલ ખોલને નીકલી હમારી પદયાત્રાકો સીધી તરહ તો કુચલ નહિ પાયે. ઈસીલિયે મીડિયા કા નકારાત્મક ઈસ્તમાલ કરકે હમારી બાત લોગોં તક ન પહોંચે ઐસી સુવિધા કી ગઈ હૈ.! ઈસ કાર્યમેં પ્રદેશ ઔર દિલ્હી કી સરકાર અપના આપસી વિરોધાભાસ ભૂલકર એકજૂટ હોકર કામ કર રહી હૈ.! ચલો ઐસા હી સહી; ઈસી બહાને દોનો સરકાર એકમંચ તો થી.!'

કાકુજીએ વ્યંગબાણ છોડ્યા.

"મીસ્ટર મહાદેવ ગાંધી.! આપ અપની બાત સાફ્ ઔર સીધે શબ્દોમેં બયાન કરેંગે."

"સાફ્ ઔર સીધી બાત યહ હૈ કી ઈમરજન્સી કે દૌરાન લગી થી વૈસી પાબંદી મીડિયા પર લગાઈ ગઈ હૈ. ઉસ વકત પાબંદી બાય હુક લગાઈ ગઈ થી ઔર અબ કી બાર બાય કુક લગાઈ ગઈ હૈ. જનાબ.! યહ પેઈડ ન્યુઝ કા લેટેસ્ટ વર્ઝન હૈ.! અપની કોઈ ખાસ ન્યુઝ દિખાના હૈ તો પૈસા દો. અપને દુશ્મન કી પોલ ખુલવાની હૈ તો પૈસા દો. ઔર? હમ સે કાબુમેં નહિ કર શક્ત ઉસકી અચ્છી સે અચ્છી બાત દબાની હૈ.! તો ભી પૈસા દો. જાનતે હૈ.? પિછલે દો દિનમેં હમેં દેશ-વિદેશ સે કરીબ સાડે તીન લાખ મેઈલ મીલે હૈ. ઔર ઈસ પદયાત્રા કે ઉદ્દેશ્ય કો બારાહ લાખ સે જ્યાદા લોગોને પસંદ કીયા હૈ. ફ્રિર ભી પ્રાદેશિક ઔર રાષ્ટ્રિય અખબાર યા ન્યુઝ ચેનલમેં ઈસકા જિર્ક ભી નહિ કયા ગયા.! બચ્ચન કી શાદી યા ધોની કી સગાઈમેં બિન બુલાયે મહેમાન બનકર ઉસ સમારંભ કા ચૌબિસ ઘટે લાઈવ પ્રસારણ કરનેવાલે મીડિયાકર્મી શાયદ યહ ભૂલ ગયે હૈ કી યહ જો પબ્લિક હૈ યહ સબ જાનતી હૈ.!"

કાકુજીએ આવા તો કંઈ કેટલા ધમાકા કર્યા અને તેની અસર પણ થઈ. બી.બી.સી. ન્યુઝ સહિત વિદેશની સમાચાર ચેનલો ઉપરાંત વિદેશી અખબારમાં છપાયેલ પદયાત્રાના સમાચારે દિલ્હી અને પ્રદેશના રાજકીય વર્તુળમાં ગરમાટો લાવી દીધો હતો. પ્રદેશ વિધાનસભાની ચૂંટણી જાહેર થઈ ચૂકી હતી ત્યારે પદયાત્રાના કવરેજ ઉપર અપ્રત્યક્ષ "ઈમરજન્સીના મુદ્દે બને મુખ્ય રાજકીય પક્ષોએ એકબીજા ઉપર આરોપ પ્રતિ આરોપની ઝડીઓ વરસાવવા સાથે કાકુજીને પોતાના તરફ્ કરી લેવાના પૈતરા અંદરખાને રચવાની શરૂઆત કરી દીધી હતી.

પદયાત્રાનું કવરેજ નહિ દર્શાવવા પ્રદેશ સરકારના એક પદાધિકારીએ ફોન કરવા સાથે બ્રીફ્કેસ ભરીને નાણાં મોકલ્યા હોવાનો પર્દાફ્રાશ સ્ટીંગ ઓપરેશન દ્વારા કરવામાં આવ્યો. તો બીજી તરફ્ આ આખું સ્ટીંગ ઓપરેશન જ દિલ્હીની સરકારના ઈશારે કરાયું હોવાનો પ્રતિઆરોપ મૂકાયો. આમ વિધાનસભાની ચૂંટણીની જાહેરાત પહેલા કાકુજીને કન્ટ્રોલ કરવા એકમંચ થયેલ અને રાજકીય પક્ષો અને તેમની સરકાર ચૂંટણીની જાહેરાતના પગલે હુંસાતુંસી, નિવેદનબાજી અને

@gujratibookz

તાંટીયાખેંચની રમતમાં જોતરાઈ ગયા.

રમતનું પરિણામ એ આવ્યું કે મીડિયાને ગરમાગરમ મસાલો મળી ગયો અને પદયાત્રાનો માર્ગ અને પદયાત્રા દરમ્યાન યોજાતી સભાઓ જંગી મેદનીથી ઊભરવા લાગી. જો કે આ બધા કમઠાણ વચ્ચે પદયાત્રાનો મૂળ મુદ્દો જળવાઈ રહે તે માટે કાકુજી અને તેમના ચાર વાંદરા મચી પડયા હતા.!

પદયાત્રાના અગિયારમાં દિવસે સાંજે સૂર્યપુર ખાતે જાહેરસભાનું આયોજન કરાયું હતું. પ્રદેશમાં સંસ્કારી નગરી તરીકે ઓળખાતા આ મહાનગરની વચ્ચે આવેલ ગાંધી મેદાનમાં બિન સરકારી સંગઠનો, સમાજસેવી સંસ્થાઓ અને જનગણ યુથ ફોરમના સંયુક્ત નેજા હેઠળ આ સભાનું આયોજન કરાયું હતું. રાજકીય પંડીતોના મતે આ જાહેરસભા આગામી વિધાનસભાની ચૂંટણીમાં બન્ને રાજકીય પક્ષોનુ ભાવી ઘડનારી સાબિત થનારી હોય અહીં સૌની મીટ મંડાઈ હતી.

*****

સૂર્યપુરની કલેકટર કચેરીમાં મુલાકાતીઓની ભીડ જામી હતી. કલેકટર શ્રીમતી નફીસા સરીન તેમના લોકલક્ષી અભિગમના કારણે ખાસ્સી લોકપ્રિય હતા ને આજે ગુરૂવાર પણ હતો. બપોરે ત્રણથી પાંચનો સમય આમ મુલાકાતીઓ માટે અનામત હોય જીલ્લાના ઉચ્ચ વહીવટી અધિકારીઓ સાથેની મીટીંગ પોણા ત્રણે અટોપી લીધા પછી મેડમે મસાલાવાળી ચાનો આદેશ આપ્યો. ચાની ચુસ્કી લેતા વિચારોમાં ખોવાયેલ સરીન મેડમ ઈન્ટરકોમની ટી..અ.અ.ટથી જાગ્યા.

"મેડમ! છોટેલાલ પરમારજી અને ધારાસભ્ય કૌશિકભાઈ સંઘાણી આવ્યા છે."

"એમને પાંચ વાગ્યા પછી આવવાનુ કહો."

પી.એ. જયંત બારોટને ટૂંકો જવાબ આપી રીસીવર નીચે મૂકતા બેલ માર્યો. પ્યૂન દરવાજો ખોલી અંદર આવ્યો ત્યારે પીઠ રિવોલ્વીંગ ચેરની બેક પર અઢેલતા હાથ સાઈડ હેન્ડલ પર મૂકયા ને મુલાકાતીઓને મોકલવાનો આદેશ આપ્યો.

"સિનિયર સિટીઝન દંપતિને બાજુના ફલેટમાં રહેતા બેચલરોની કનડગતથી માંડીને શહિદની વિધવાના પેન્શનનો પ્રશ્ન સહિત આમંત્રણ અને અરજીઓની રજૂઆત સાંભળતા લગભગ સાડા ચાર થવા આવ્યા હતા. ત્યાં તેમનો મોબાઈલ રણકયો. ડિસ્પ્લે સ્ક્રિન ઉપર રાજયના ચીફ સેક્રેટરી શ્રીમાન ભગવતીલાલ હાથીનો નંબર ઝબકયો હતો. સરીન મેડમે નજાકત સાથે ફોન રીસીવ કર્યો,

"ગુડ આફટરનુન સર..!"

"નફીસા.! શનિવારની જાહેરસભામાં સી.એમ. સાહેબ ઉપસ્થિત રહે તેવી શકયતા છે. તું એક કામ કર. સભાના આયોજકો સાથે વાત કરી લે. અને હા, શાસકપક્ષના કેટલાક આગેવાનો પણ આ મુદ્દે જ તને મળવા આવશે. એમની પણ વાત સાંભળી લેજે."

ટૂંકી વાતચીત પછી સરીન મેડમ પાછા મુલાકાતીઓ સાથે જોડાય તે પહેલા તેમણે પી.એ.ને જાહેરસભાના બધા આયોજકોને તાત્કાલિક બોલાવી લેવા સૂચના આપી. બધા મુલાકાતીઓને સંતોષ થાય તેવી મુલાકાત પત્યા પછી સરીન મેડમ જાતે ઓફિસની બહાર આવ્યા ને છોટેલાલ પરમાર તથા ધારાસભ્ય કૌશિકભાઈ સંઘાણીને આદરપૂર્વક ઓફિસમાં દોરી ગયા.

કલેકટરની વાતચીત કરવાની કુનેહ અને હળવાશ સભર વાર્તાલાપનું પરિણામ એ આવ્યું કે થોડીવાર પહેલા ધૂંઆપૂંઆ થનાર બે આગેવાનો આત્મીયતાથી વાતે વળગ્યા હતા. થોડી જ વારમાં કલેકટર ઓફિસના અન્ય વહિવટી અધિકારીઓ, પોલીસ કમિશ્નર જયદેવસિંહ ઝાલા અને પછી

જાહેરસભાના આયોજકો સેવંતીલાલ શાહ, કનકલતા રેશમીયા અને મૌલિક પટેલ આવી પહોંચ્યા. સરીન મેડમે આયોજકોને વળગેલા પૂછડાઓને બહાર વેઈટીંગ રૂમમાં બેસવાની સૂચના આપી. ને તેઓ બહાર ગયા પછી વાર્તાની દોર હાથમાં લીધી.

મુખ્યમંત્રી જાહેરસભામાં આવવાની શક્યતાની વાત જાણી આયોજકો તો ગેલમાં આવી ગયા. આમપણ યેન કેન પ્રકારે શાસકપક્ષની સોડમાં બેસવાની તક શોધનાર આયોજકોને લક્ષ્મી સામેથી ચાંલ્લો કરવા આવી હતી.! જો કે ચૂંટણી જાહેર થઈ હોવાથી તેઓ રાજયમાં વિરોધપક્ષ અને કેન્દ્રમાં શાસકપક્ષ તરીકે બિરાજેલ નેતાઓને પણ નારાજ કરવા માંગતા નહતા. તો ધારાસભ્ય કૌશિકભાઈ જાહેરસભામાં સી.એમ.ને બોલાવી પોતાની ટિકિટ પાક્કી કરી લેવાની ગણતરી માંડી બેઠા હતા. નેતાઓની રાજકીય અને આયોજકોની સંસ્થાકીય અભિલાષા ને આકાંક્ષા વચ્ચે વહીવટી અધિકારીઓ અને પોલીસ કમિશ્નર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે વિચારતા રહ્યા. બેઠકના અંતે સાર એ નીકળ્યો કે જાહેરસભામાં મુખ્યમંત્રીની ઉપસ્થિતિ અંગે પદયાત્રાના આયોજક મહાદેવભાઈ ગાંધીનો મત જાણ્યા પછી અંતિમ નિર્ણય કરવો.

*****

સૂર્યપુરથી બત્રીસ કિલોમીટર દૂર આવેલ વડુ ગામની વચ્ચોવચ આવેલ સેવાયજ્ઞ હોસ્પિટલની પાછળ આવેલ રજવાડી ઈમારતમાં પદયાત્રિઓને ઉતારો અપાયો હતો. ઈમારતની સામે આવેલ નળીયાવાળા નાનકડા મકાનમાં કાકુજી અને તેમની કોર કમિટિનો નિવાસ હતો. અહીંના દરેક ઓરડામાં મૂકાવેલ એર કુલર કાકુજીએ કઢાવી નાંખવા સાથે બિલકુલ સાદા ભોજનનો આગ્રહ રાખી ઝાકઝમાળ કરવા થનગનતા નેતાઓની હવા કાઢી નાંખી હતી. તેમ છતાંય પદયાત્રિઓની સેવા અને આવભગત માટે વીસેક સેવાભાવીઓ ખડેપગે ઉભા હતા. નાહવા ગરમ પાણી, સુગંધી સાબુ અને શેમ્પની આકર્ષક શીશીઓ મૂકી હતી. સ્નાનાદિ પતાવ્યા પછી રાત્રી ભોજનનો સમય થયો.

પૂરી અને રીંગણના રવૈયા સાથે ખિચડી, કઢી, ધાણા-લસણની ચટણી, પાપડ, અથાણા અને કચુંબરની ડિલક્ષ થાળી જગ્યા પછી છાશ અને આઈસક્રિમની વ્યવસ્થા કરવામાં આવી હતી. જો કે કાકુજીએ તો દૂધ-ભાતનુ ભાવતું ભોજન આરોગી છપ્પનભોગનો આનંદ માણ્યા પછી હિંચકે ઝૂલી રહ્યા હતા. પગના હળવા હલેસાથી ઝૂલતો હીંચકો સહદેવના અચાનક આગમને અટક્યો.

“કાકુજી.! જનમંચ પક્ષના પ્રદેશ જનરલ સેક્રેટરી છાટેલાલ પરમાર અને ધારાસભ્ય કૌશિક સંઘાણી તમને મળવા આવી રહ્યા છે. સાથે આપણી શનિવારની સભાના આયોજકો પણ છે.”

જેટલી ત્વરાથી સહદેવ પ્રવેશ્યો હતો તેટલી ત્વરાથી એણે વાત પૂરી કરી.

“તો શું થયું.? મહાદેવનો દરબાર બધા માટે ખુલ્લા છે.”

કાકુજી એકદમ હળવાશથી બોલ્યા. પછી સહદેવને બાજુમાં બેસવાનો ઈશારો કરતા વાત આગળ ધપાવી,

“ગઈકાલથી આપણી સેવા ચાકરી કરનારાઓની સંખ્યામાં થયેલો નોંધપાત્ર વધારો કંઈ કહેવા માંગતો હોય તેમ તને ના લાગ્યું.? આ બધા લોકો મુખ્યમંત્રી અનુપ મહેતાના સમર્થકો છે. આપણી શનિવારની જાહેર સભામાં લાખેક લોકો આવે તેવો અંદાજ છે. હવે બોલ? આ લોકો કેમ આવી રહ્યા છે?

“આપણને એમના પક્ષ સાથે જોડાવાનું આમંત્રણ આપવા?” સહદેવ બોલ્યો.

“મને નથી લાગતું કે, અનુપ આટલા જલદી હથિયાર હેઠા મૂકી દેશે.”

@GujaratiBook

કાકુજી બોલ્યા પછી હીંચકેથી ઉભા થઈ ઓરડાની બહાર આવી બૂમ પાડી,

"માધવ. સરલા. ઈશાન. ખાય લીધું હોય તો જરા અહીં આવજો."

કાકુજીએ બૂમ પૂરી કરી ત્યારે માધવ ત્યાં આવી ગયો હતો. તેણે બૂમ પાડી બાકી બધાને પણ બોલાવી લીધા.

*****

સેવાયજ્ઞ હોસ્પિટલના કંપાઉન્ડમાં ગતિવિધિ જોર પકડી રહી હતી. બારકે જેટલા વીઆઈપી વાહનોનો કાફલો ખડકાયો હતો. રાજયના શિક્ષણમંત્રી કુમુદબેન ઠક્કર, રાજયસભાના સાસંદ અને માજી કેન્દ્રિય મંત્રી રાજેન્દ્ર બારીયા, પ્રદેશ જનરલ સેક્રેટરી છોટેલાલ પરમાર, ધારાસભ્ય કૌશિક સંઘાણી તથા જીલ્લાના આગેવાનો તથા જાહેરસભાના આયોજકો અને કાકુજી તથા કોર કમિટિના સભ્યો વચ્ચે છેલ્લા અડધો કલાકથી માથાપચ્ચી ચાલી રહી હતી.

"કાકુજી! હવે તમારે આ છોકરમત પડતી મૂકો. મુખ્યમંત્રી સામે ચાલીને પદયાત્રિઓને મળવા આવે, એનાથી મોટું બીજું કયું સન્માન હોઈ શકે?"

શિક્ષણમંત્રી હઠાગ્રહ વ્યક્ત કરતાં બોલ્યા.

"કુમુદ ! તારા વાળ ધોળા થયા, પણ તોરી હજુ એવીને એવી જ છે. તું અને તારી સરકાર તો સન્માન પણ બળજબરીથી કરવા માંગે છે.! માન ન માન મેં તેરા ભગવાન.! આવો કાયદો તારી સરકાર અને પાર્ટીમાં ચાલતો હશે."

કાકુજી એટલી જ હળવાશથી બોલ્યા.

"કાકુજી.! તમે તો ગમે ત્યારે ઠાઠડીમાં બંધાઈ જશો. છોકરાઓનો વિચાર કરી લો. નહિતર તમારા ગયા પછી એ હતા–નહતા થઈ જશે."

કુમુદબેન વધારે હઠ કરતાં બોલ્યાં. લગભગ તાડૂકયા!

"માફ કરજો કાકુજી. પણ વાત અમારી છે તો જવાબ અમારે જ આપવો પડશે."

બે હાથ જોડી કાકુજીની માફી માંગતા સરલા ઊભી થયી, પછી એ બધા તરફ ફરીને બોલી,

"મેડમ! અનુપ મહેતા નામના માંડવાના સહારે ઉપર ઉઠતી વેલને લોકો શિક્ષણ મંત્રી કુમુદબેન ઠક્કર તરીકે ઓળખે છે.! શિક્ષણના નામે પ્રજાને લૂટનારા માફીયાઓની સંગતમાં રહીને તમારી જબાન પણ એમના જેવી જ થઈ ગઈ છે.! પણ, મેડમ! તમે ઘર ભૂલ્યા છો. બિલાડીના ગળે ઘંટ બંધાય, વાઘણના ગળે નહિ."

સરલાએ એટલી જ આક્રમકતાથી વળતો વાકપ્રહાર કર્યો.

સરલાના ધુરકાટે બેઠકમાં સોપો પાડી દીધો. હંમેશા અધિકારીઓ અને મંત્રીઓને ડબડાવતા કુમુદબેનને કોઈ માથાનું મળ્યું હતું. આમ બળતામાં ઘી હોમાયું હોય તેવો ભડકો થયો. નેતાઓ અને અધિકારીઓનો કાફલો જેવો આવ્યો હતો તેવો જ પાછો ગયો.

*****

પદયાત્રાના અગિયારમાં દિવસની બપોરે પદયાત્રિઓ સૂર્યપુર મહાનગરની સીમાને અડીને આવેલ બંધ પડેલ મીલના કંપાઉન્ડમાં પ્રવેશ્યા ત્યારે તેમનું સ્વાગત કરનારાઓની મોટી ભીડ જામી હતી. કોમનમેન પાર્ટીના પ્રદેશ પ્રમુખ અભયસિંહ ગોહીલ અને કાર્યકારી અધ્યક્ષ લક્ષ્મણ દાસ મોદી સાથે ઝોન પ્રમુખો, પ્રભારીઓ અને વિવિધ મોરચાના પ્રમુખ પદાધિકારીઓ ઉમટી પડયા હતા. અભયસિંહે કાકુજીના આશીર્વાદ લીધા તો લક્ષ્મણદાસ કાકુજીને ભેટયા. સરકાર તરફથી ધારાસભ્ય કૌશિક સંઘાણી, કલેકટર નફીસા સરીન અને છોટેલાલ પરમારે સુતરની આંટી પહેરાવી સ્વાગત કર્યું.

@gujaratibookz

કાકુજીની સાથે માધવ, કુસુમ, સહદેવ અને ઈશાનને પણ હારતોરા કરાયા ત્યાં સુધી પદયાત્રિઓને ખબર નહોતી કે જાહેરસભાના આયોજકો સેવંતીલાલ અને કનકલતાબેન ફસકી ગયા હતા.

જનગણ યુથ ફોરમના મૌલિક પટેલ પણ અંગત કારણોસર શહેરની બહાર ગયા હતા, અને સાંજ સુધીમાં પાછા આવી જાય તેવી વકી હતી. સ્વાગતનું તૂત પૂરું કર્યા પછી શાસકપક્ષના બધા નેતાઓ મહાનગરની બહાર આવેલ સરકારી સરકીટ હાઉસ પહોંચ્યા. એરકન્ડીશન રૂમમાં પણ ધૂંઆપૂંઆ થતા શિક્ષણમંત્રી કુમુદબેન ઠક્કર ફોન પર વાત કરી રહ્યા હતા ત્યારે તેમના શબ્દો આગ ઓકી રહ્યાં હતાં.

શહેરમાં દાખલ થવાના બધા રસ્તા ઉપર ચાંપતો બંદોબસ્ત ખડકી દો. આસપાસના ગામોમાંથી આવતા વાહનો ડિટેનું કરાવો. એ ડોસાની જાહેરસભામાં કાગડા ઉડવા જોઈએ." ટેલિફોનનુ રિસીવર પછાડ્યા પછી સ્વાગત વિધિ પતાવી પરત ફરેલ મહાનુભાવો તરફ ફર્યો,

"મહેતા સાહેબનો ફોન બે વાર આવી ગયો છે. કૌશિક, સભામાં જેટલા ઓછા લોકો આવશે તેટલું તારું ફ્યુચર બ્રાઈટ થશે. કાકુજીનું નાક કાપી લાવ.! તારી ટિકિટ અને જીત્યા પછી પ્રધાનપદુ પાક્કુ." પછી છોટેલાલ તરફ ફરીને

"છોટેલાલ, પેલી નખચઢિની તોરી ઉતારવા શું વિચાર્યું..?"

"કુમુદબેન.! તમે એ છોકરીને વધારે પડતું મહત્વ આપી રહ્યા છો. કાકુજીના ખભે બેઠેલી એ કીડી કાકુજીના ભાર નીચે જ દબાઈને મરે તો કેવું?" છોટેલાલ બોલ્યા.

"એ કમજાત.! એની જાતને વાધારે સમજે છે ને, એટલે મારે એને કૂતરાના મોતે મારવી છે. એ બે પૈસાની રાંડને કુમુદ ઠક્કરનો અર્થ સમજાવવો છે."

હથેળીમાં કાપા પાડી દે તે રીતે જોરથી મુઠ્ઠી વાળતા કુમુદબેન બોલ્યા. એ આગળ કંઈ બોલવા જાય તે પહેલા કલેકટર નફીસા સરીનનો મોબાઈલ રણક્યો. ફોન રીસીવ કરી સરીન મેડમે માહિતી મેળવી ત્યાં સુધી લગભગ બધાની નજર અને કાન તેમની તરફ મંડાયા હતા.

"મેડમ! ક્રાઉડ કન્ટ્રોલ થાય તેમ લાગતું નથી. શહેરની ચારે બાજુથી હજારોની સંખ્યામાં લોકો પગપાળા આવી રહ્યા છે." કલેકટરની વાત સાંભળી કુમુદબેન તાડુક્યા,

"કિસી ભી તરહ ઉન્હે શહરમેં આને સે રોકો. ઈટ્સ માય ઓર્ડર."

"મેડમ..! ડિમોક્રસી મેં હમ કિસીકો શહર મેં આને સે નહિ રોક શક્ત. ઔર તબ, જબ સબ લોગ પીસફૂલ તરીકે સે આ રહે હૈ.! ઈટ્સ ઈમ્પોસિબલ. હમ કયા કહેકર ઉન્હેં વાપસ જાને કા આદેશ દે.? ઈફ યુ હેવ એની આઈડિયા પ્લીઝ ટેલ મી."

"આઈડિયા સોચને કે લીયે હી હમારી સરકારને તુમ લોગોં કો રખ્ખા હૈ. સો ડુ ઈટ વોટ આઈ સે."

કલેકટરના ઠંડા પ્રતિસાદે ઠક્કર મેડમને ભડકાવ્યા. જો કે નેતાઓની ભાષામાં માથા ફરેલ કલેકટર તરીકે ઓળખાતા નફીસા સરીન પણ ગાત્રો થીજીવી નાંખે તેવી ઠંડકથી થડકયા.

"ઠીક હૈ મેડમ. આપ જૈસા કહેતી હૈ વૈસા બંદોબસ્ત કરવા દેતે હૈ. આપ કંસર્ન મંત્રાલય સે ઓર્ડર ફેક્સ કરવા દીજીયે. ધન આઈ વિલ પ્રોસીડ."

વાત પૂરી કરી નફીસા સરીને સોફા ઉપર પીઠ અઢેલી પગ ઉપર પગ ચઢાવ્યા. વાત વધારે વણસે તે પહેલા છોટેલાલ પરમાર અને કૌશિક સંઘાણી કુમુદબેન સાથે ચર્ચા આંરભી કેટલાક અધિકારીઓને તેમાં સામેલ કર્યા. થોડીક મસલતના અંતે કૌશિક સંઘાણીએ સી.એમ. કાર્યાલય ફોન જોડી મોબાઈલ કુમુદબેનને આપ્યો.

"ગઢવીજી..! સાહેબ સાથે વાત.."

કુમુદબેન સામેથી આવતો અવાજ સાંભળી અટક્યા અને ચોંક્યા પણ. પછી નોર્મલ થયી વાત આગળ વધારી,

"અચ્છા, સૌમ્ય સાહેબની સાથે ગયો છે ને.? ઓ.કે. ઓ.કે. હું સૌમ્ય સાથે મોબાઈલ પર વાત કરી લઉં છું."

કુમુદબેન ફોન કટ કરી કૌશિક સંઘાણીને પરત કર્યો ત્યારે બધા પ્રશ્નસૂચક નજરે તેમના તરફ જોઈ રહ્યા હતા.

"સાહેબ અંબાપુર ગયા છે. માઈના દર્શને આવેલા શ્રદ્ધાળુઓની ભીડ ઊમડતા થોડી નાસભાગ મચી જવા પામી છે. હું સૌમ્ય પાસેથી ડિટેઈલ મેળવી લઉં છું."

બોલતા તેમણે પર્શમાંથી તેમનો પર્સનલ મોબાઈલ કાઢી નંબર ડાયલ કરવાની શરૂઆત કરી. બે ત્રણ વાર પ્રયત્ન કર્યો પણ નંબર નોટ રીચેબલ આવતા મોબાઈલ છોટેલાલને પકડાવતા બોલ્યા,

"રીડાયલ કર્યા કરો. સાહેબ સાથે વાત કરવા સૌમ્યનો કોન્ટેકટ કરવો જરૂરી છે."

મેડમનો આદેશ થતા પ્રદેશ મહામંત્રી છોટેલાલ પરમાર ટેલિફોન ઓપરેટરની ડ્યૂટીએ વળગ્યા. ચર્ચાનું ચક્ર આગળ વધે તે પહેલા કલેકટર મેડમનો અવાજ સંભળાયો.

"મેડમ.! આપ ચાહે તો મેં સ્ટેમ્પઈડ કી ડિટેઈલ દે શકતી હું."

"કહો. કયા જાનકારી હૈ તુમ્હારે પાસ."

દેઢ ઘંટે પહેલે અંબાપૂર કી પહાડી ચઢ રહે યાત્રિકી ભારી ભીડ કે કારણ લક્કડીયા પુલ તૂટ ગયા હૈ. દોસો સે જ્યાદા લોગ ખાઈ મેં ગીર ગયે હૈ. ચાલીસ લાશે ઔર સો સે જયાદા ઘાયલોં કા નીકાલા જા ચૂકા હૈ. પુલ તૂટને સે ગભરાયે યાત્રિઓમેં ભગદડ મચને કે કારણ અસ્સી સે જયાદા યાત્રિ કી કૂચલે જાને સે મોત હૂઈ હૈ. ઈનમેં સે જયાદાતર બચ્ચે ઔર ઔરતે હૈ. હાદસે કી જાનકારી હોતે હી સી.એમ. સર ઘટનાસ્થળ પર જાને કે લિયે, ચાલીસ મિનિટ પહેલે રવાના હો ચૂકે હૈ. યાત્રાધામ વિભાગ કે મંત્રી કુંદનલાલ મારૂ ભી ઉનકે સાથ ગયે હૈ."

કલેકટર નફીસા સરીન પાસેથી દુર્ઘટનાની જાણકારી મળતાં થોડીવાર માટે અણગમો દબાવી રાખી શિક્ષણમંત્રી કુમુદબેને વધારાની બધી જ માહિતી જાણી લીધા પછી,

"ઠીક હે નફીસા.! અબ તુમ જા સકતી હો. તુમહારી સેવા કી જરૂર હોગી તો મેં ચીફ સેક્રેટરી કી ઓફિસસે ઓર્ડર ફેકસ કરવા મૂંગી."

"શુક્રીયા મેડમ."

કલેકટર નફીસા સરીન પણ ટૂંકો જવાબ આપી ઉભા થયા.

"નફીસા.! અપની ઓફિસ કા ફેકસ જરૂર ઓન રખના. વોહ કયા હૈ મુઝે કુછ ઐસા લગા રહા હૈ કી તુમ્હારી સેવા કી જરૂરત ગૌ સેવા યા મછલી વિકાસ વિભાગ કો પડેગી."

ના સાંભળવા નહિ ટેવાયેલ કુમુદબેન કતરાતા સ્વરે બોલ્યા.

શિક્ષણ મંત્રીની વાત પૂરી થયી ત્યારે કલેકટર નફીસા સરીન મોબાઈલ નંબર ડાયલ કર્યા પછી ગ્રીન બટન દબાવી ચૂક્યા હતા. સામે છેડે ફોન રીસીવ થતાં તે બોલ્યા,

"બારોટ.! કોઈ ફોન યા ફેકસ આયે તો મેં ઘર પર હું. ઔર હાં, પ્યૂન કો બોલકર ઓફિસ ટેબલ પર પડી મેરી પર્સનલ ચીજે ઘર ભીજવા દેના."

વાત પૂરી કરી મોબાઈલ કટ કરતા બોલ્યા,"

હેવ એ ગુડડે મેડમ..!"

@gujaratibookz

પછી પ્રત્યુત્તર કે પ્રતિક્રિયાની રાહ જોયા વગર ચાલી નીકળ્યા.

કલેકટર નફીસા સરીનના ખુમારીભર્યા ડગલાં નિહાળવામાં પરોવાયેલ અધિકારી અને પદાધિકારીઓ તરફ ઘુરક્યા કરતાં કુમુદબેન લગભગ બરાડતા અવાજે બોલ્યા,

“કોઈ મને એ કહેશે, કે હવે આપણે આ ડોસલાનું શું કરવાનું છે..?”

@gujaratibookz

પાંચ

આયોજન, વિચારધારા, જન જાગરણ, અમલીકરણ અને પથ સંચાલન સમિતિના ટીમ લીડર ઉપરાંત અગત્યના ત્રણેક પદયાત્રિઓ સાથે કોર ગ્રૂપના ત્રણેય સભ્યો સરલા, ઈશાન અને સહદેવ કાકુજીના પગ આગળ અદબ–પલાંઠી વાળી બેઠા હતા. આરામ ખુરશી ઉપર બેઠેલા કાકુજી આંખ બંધ કરીને શાંતિથી બેઠા હતા. એનાથી વિપરીત જમીન ખોતરતી કુસુમ, વારંવાર ઊઠ–બેસ કરતો ગોરધન અર્થાત અગત્યનો પદયાત્રિ.! અને માથે હાથ દઈ બેઠેલ સહદેવ.

"કાકુજી.! ચા બનાવવાનું કહી દઉં..?"

ઈયર ફોન ભરાવી મોબાઈલમાંથી ગીતો સાંભળતા-ઝૂમતા માધવે હાલક-ડોલક થતા શરીર સાથે સવાલ કર્યો.

"દશેક મિનિટ પછી કહેજે. મારે પંદરેક મિનિટ સૂઈ જવું છે. ઊઠીને હાથ-મોં ધોઈશ એટલીવારમાં ગરમાગરમ ચા આવી જશે."

માધવને જવાબ આપ્યા પછી આરામ ખુરશીમાં જ આડા પડતા કાકુજી બોલ્યો,

"સહદેવ.! તુ પણ એકાદ ઝબકી મારી લે. ઉચાટ ઓછો થઈ જશે."

સહદેવ કંઈક બોલવા ગયો પણ આંખ બંધ કરી આડા પડી ચૂકેલ કાકુજીની શરીરમુદ્રા જોયા પછી એણે બોલવાનું ટાળ્યું. એની નજર સરલા તરફ ફરી ત્યારે સરલા માધવનો હાથ પકડી ગુસપુસ કરતી ધીમા ડગલે દૂર સરકી રહી હતી. ઈશાન અને કુસુમ લેપટોપમાં મોં ઘાલીને બેઠા હતા. ઈશાન લેપટોપમાં સ્ટોર કરેલ પદયાત્રાના વિઝ્યુઅલ તેણીને બતાવી રહ્યો હતો.

બરાબર પંદર મિનિટે કાકુજી જાગ્યા ને બેઠા થયા ત્યારે સહદેવનો ઉચાટ એટલી હદે વધી ચૂક્યો હતો કે કાકુજીનો ખોંખારો, પગરવ અને કોગળા કરવાનો અવાજ પણ તેને ન સંભળાયો. કોગળા કરી માથા સુધી મોટું ધોયા પછી લોટો ગોરધનને પાછો આપી પોતડીથી મોં માથું લૂછતા કાકુજી સહદેવની નજીક આવ્યાને એના માથે હાથ મૂકતા બોલ્યા,

"સહદેવ.! મને મુખાગ્નિ આપ્યા પછી તારે જવાનું છે. ને તું તો જીવતે જીવ ચિંતા નામની ચિતાએ ચઢ્યો છે. તે ચાલ, ચા પી લે."

ચા લઈને આવેલ પદયાત્રિ પાસેથી ચાના બે પવાલા લઈ કાકુજીએ એક પવાલું સહદેવ સામે ધર્યું. કાકુજીના હાથમાંથી ચાનું પવાલું લેતાં ગળગળા થઈ ગયેલ સહદેવની આંખમાં ઝળઝળિયાં આવી ગયા. ભીના સ્વરે એ બોલ્યો,

"હું તો તમારી ચિતા સાથે જ બળી મરીશ. તમારા વગર મારે જીવીને શું કરવું છે..?"

"ફૂંક મારીને ચા પીજે. નહિતર હમણા તો તારી જીભ બળી મરશે."

ભોળાભટ સહદેવના માથે હાથ ફેરવતા કાકુજી બોલ્યા, પછી ત્યાં જ ઉભા ઉભા એક હાથે ચાહ પીધી ને બીજા હાથે સહદેવના અધબોડા માથાને થપથપાવતા રહ્યા.

"દાદુ..! તમને મળવા પોલીસ ઈન્સપેકટર જુવાનસિંહ સોસા આવ્યા છે."

સરલાના અવાજે કાકુજીની સમાધી તોડી ને સાથે સહદેવની પણ.

"ચાલ, તારી ચિંતાનું સમાધાન આવી ગયું."

સહદેવના ખભે હળવી ટપલી મારી લાંબા ડગલા ભરતા કાકુજી ચાલવા માંડયા. સરલા અને મહાદેવ એમની પાછળ દોરવાયા. લેપટોપ સામે બેસી એકબીજામાં મશગુલ બનેલ કુસુમ અને ઈશાન પણ નાછૂટકે બધા પાછળ દોરવાયા.

કાકુજી પડાવ સ્થળની આગળના ભાગે આવેલ ઓફિસમાં પહોંચ્યા ત્યારે માધવ અને

@gujaratibooks

ઈન્સપેટર વાતો કરી રહ્યા હતા. કાકુજીને આવતા જોઈ ઈન્સપેકટર ઊભો થયો અને વાંકા વળી કાકુજીને પગે લાગ્યો. પછી ગજવામાંથી એક સરકારી કાગળ કાઢી કાકુજીને આપતા બોલ્યો,

"તમારી જાહેરસભાની પરવાનગી રદ કરવામાં આવી છે. જે આયોજકોએ આ પરવાનગી માંગી હતી તે પૈકીના બે એ અનિચ્છનીય ઘટના ઘટે તો તેની જવાબદારી લેવાની ના પાડી દીધી છે. અને ત્રીજા આયોજક શહેરની બહાર છે."

"ઈન્સપેકટર સાહેબ! અમે તો કોઈ પરવાનગી માંગી જ નથી.! માધવી..? સરલા..? તમે કોઈ પરવાનગી માંગી છે..?"

દરમ્યાન નજીક આવી પહોંચેલ કસુમ અને ઈશાનને જાઈને,

"મને લાગે છે કે તમે પણ કોઈ જ પરવાનગી માંગી નથી. માંગી છે..?"

બન્નેએ એકબીજા તરફ જોયા પછી નકારમાં માથું હલાવ્યું એટલે ઈન્સપેકટર તરફ પાછા ફરતા,

"સાહેબ, અમે કોઈ પરવાનગી માંગી જ નથી. પછી એને નામંજૂર કરવાનો તો પ્રશ્ન જ ઊભો નથી થતો."

"કાકુજી! મારી કોઈ ભૂલ થઈ હોય તો બધાની સામે તમે જ બે જોડા મારી લો. પણ સાહેબ સાહેબ કહીને કોથળામાં રાખેલી પાનશેરી ના મારો બાપ..."

બે હાથ જોડી શકય એટલી વિનમ્રતા દર્શાવતો પોલીસ ઈન્સપેકટર બોલ્યો.

"જો ભાઈ જુવાનસિંહ.! તું તારી ડ્યુટી બજાવ અને મને મારું કર્મ કરવા દે. રહી વાત આ રદ થયેલી પરવાનગીની, તો એની સાથે મારે મહાણે નાવાનો પણ સંબંધ નથી. આયોજકો એ આગ્રહ કર્યો હતો એટલે હું એ સભા સંબોધવાનો હતો. હવે આયોજક જ નથી મારે સભા સંબોધીને શું કરવું છે. હું મારી વાનરસેના લઈને આગળ વધીશ. બોલો છોકરાઓ, તૈયાર છો ને..?"

પાછળ ઊભેલા પદયાત્રિઓ તરફ ફરી કાકુજી બોલ્યા.

"અમે બધા તૈયાર છીએ."

એક સાથે ઈઠ્ઠોતેર થી એંસી જેટલા લોકોનો અવાજ સંભળાયો.

"કાકુજી.! તમે એકવાર આ પત્ર લઈ લો એટલે તમને ખબર પડી જશે કે સરકાર તમારી પાસેથી કેવા પ્રકારના સહકારની અપેક્ષા રાખે છે."

જુવાનસિંહ કાગળ ધરતો વિનમ્રતાથી બોલ્યો. કાકુજી થોડીવાર સુધી ઈન્સેકટરના હાથમાં પકડાયેલ છેડાની બાહર ફરફરતો અને લટકતો કાગળ નિરખતા રહ્યા. ઊંચી પાળી ઉપર ધગરા ટેકવી બેઠેલા બાળકોના લટકતા પગ અને ફરફરતા ઉમંગ જેવું દશ્ય તેમને ભાસ્યું. જો કે અત્યારે પાળી બનેલ ઈન્સપેકટર છુટકારો ઈચ્છતો હતો.

"કાકુજી! તમે મારો મુસિબત સમજો તો સારુ."

જુવાનસિંહ લગભગ કાકલૂદી કરતાં સ્વરે બોલ્યો. પછી એણે વાત આગળ વધારી,

"સરકારે તમારી જાહેરસભાની પરવાનગી રદ કરવા સાથે પદયાત્રાનો રૂટ બદલવાનો આદેશ કર્યો છે."

જુવાનસિંહ સડસડાટ બોલી ગયો.

"લો..અ.અ.! ગઈ ભેંસ પાણીમાં! જેનો ધ્રાસ્કો હતો તે જ વાત આગળ આવી."

કયારના મૂંઝાઈ રહેલ સહદેવે નિશાસો નાંખ્યો.

"લોકશાહી શાસન વ્યવસ્થા હેઠળ ચાલતી સરકાર આવો આદેશ કરી કેવી રીતે શકે..?"

@gujaratibookz

સરલાએ જુસ્સાપૂર્વક પોતાનો મત વ્યકત કર્યો.

"ઈસ નોટ ડેમોક્રસી.! ઈટ્સ અનધર ફોર્મ ઓફ હિટલર શાહી." ઈશાન બોલ્યો.

વારાફરતી થઈ રહેલ નિવેદન અને નિવેદન કરનાર તરફ નજર કરતા રહેલ કાકુજીની નજર અન્ય લોકો તરફ પ્રશ્નસૂચક કરતી ફરી. પછી એમના હોઠ ફફડ્યા,

"બીજા કોઈએ કંઈ કહેવું છે..? કોઈ સવાલ..? કોઈ કોમેન્ટ..?"

અત્યારે પણ કાનમાં ઈયરફોન નાંખી મસ્તીથી ગીતો સાંભળી રહેલ માધવ તરફ જોતા કાકુજી બોલ્યો,

"કેમ માધવ, તું કંઈ બોલ્યો નહિ.! તારે કંઈ કહેવું કે પૂછવું છે..?"

"સૂઈન્સપેકટર! સોરી સોરી. પોલીસ ઈન્સપેકટર જુવાનસિંહ.! તમે જે કહ્યું અર્થાત તમે જ બોલ્યા એ મુજબનો આદેશ આ પત્રમાં પણ લખ્યો છે..?" માધવે વધેક વાણી ઉચ્ચારી.

"કાકુજી.! હું તો ચિઠ્ઠીનો ચાકર છું.! મને આવા સવાલો કરવાથી કશું વળવાનું નથી."

"જુવાનસિંહ.! સવાલ મેં નહિ, માધવે પૂછયો છે. એટલે આ બધું તુ એને જ સમજાવ."

"મારા માટે તો એક તરફ ખાઈ અને બીજી તરફ કૂવો છે. બન્ને તરફ મરવાનું તો મારે જ."

"ઈન્સપેકટર સાહેબ.! તમે આદેશ આપો તો હું રસ્તો સુઝાડું..?" માધવ બોલ્યો.

"એ માધ્યા. હવે બહુ ભાવ ના ખા. જુવાનસિંહ આપણા માનો જ એક છે. એવો રસ્તો સુઝાડ કે સાપ પણ મરે અને લાઠી પણ ના ભાંગે. કેમ જુવાનસિંહ..? બરાબર છે ને..?" કાકુજી બોલ્યા.

પોલીસ ઈન્સપેકટર જુવાનસિંહએ હકારમાં માથું હલાવ્યું અને માધવે પાંચેય ટીમ લીડર અને કોર ગૃપના ત્રણ સભ્યો સાથે ગણતરીની સેકન્ડ મસલત કરી અને "નહિ ચલેગી નહિ ચલેગી. કમરતોડ મહંગાઈ નહિ ચલેગી." નારાઓ સાથે કાકુજીના નેતૃત્વમાં પદયાત્રા સૂર્યપૂર મહાનગરની સીમામાં દાખલ થઈ તીરની ગતિએ આગળ વધી. બધાની પાછળ રહી ગયેલ માધવે જુવાનસિંહના કાનમાં કંઈક કહ્યું પછી એ પણ દોડીને પદયાત્રામાં સામેલ થઈ ગયો.

*****

મહાનગરના એક છેડેથી દાખલ થયેલ પદયાત્રાના સમાચાર બીજા છેડે આવેલ સરકારી સરકીટ હાઉસમાં પહોંચતા ગણતરીની સેકન્ડો પણ ન લાગી. શિક્ષણમંત્રી કુમુદબેન ઠક્કરની આગેવાનીમાં અહીં બેઠેલી અધિકારી અને પદાધિકારીની ટીમ હરકતમાં આવી ગઈ.

"એ ડોસલાના ટાંટિયા ભાંગી નાંખી એને જેલમાં પૂરી દો." શિક્ષણ મંત્રીનો આદેશ છટયો.

"કુમુદબેન.! આપણે કોઈ પણ એકશન લેતા પહેલા સી.એમ. સાહેબને વિશ્વાસમાં લઈએ. એટલે પાછળથી આપણાં જ ટાંટિયા આપણા ગળામાં ના આવે."

કાયદો અને વ્યવસ્થા સંભાળવામાં જીંદગી ખર્ચી નાંખનાર ડી.આઈ.જી. લો એન્ડ ઓર્ડર સૂરજીત કરવાલ બોલ્યા.

'મિસ્ટર કરવાલ.! તમારી આટલી ફાટતી'તી તો પછી આઈ.પી.એસ.માં ભરતી શું કરવા થયા'તા..? આઈ.એ.એસ. બની ચેમ્બરમાં બિસ્કુટ ખાવા હતા ને..!" કુમુદબેન તાડૂકયા.

"મેડમ.! ટ્રાય ટુ અન્ડરસ્ટેન્ડ. પદયાત્રા તેના એપ્રુવડ રૂટ ઉપર જ છે. અને રસ્તા ઉપર હજારો લોકોની ભીડ. કાકુજીની ધરપકડ એને પોલિટિકલ હીરો તો બનાવી જ દેશે. અને જો મોબ વિફરશે, તો એને કન્ટ્રોલ કરવી ભારે પડશે."

ઠંડા કલેજે પણ મક્કમતાથી સૂરજીત કરવાલે જવાબ આપ્યો.

@gujaratibookz

"કુમુદબેન.! કરવાલ સાહેબની વાતમાં દમ છે. અને આમ પણ સી.એમ. સાહેબ એક વાત તો સ્પષ્ટ કરી જ દીધી હતી કે, કાકુજીને હીરો બનવાની તક કોઈપણ સંજોગોમાં આપણે નથી આપવાની." છોટેલાલ પરમાર ફફડતા હૈયે આખી વાત સપાટાભેર બોલી ગયા.

"બેન.! છોટેલાલજીની વાત સાચી છે. સી.એમ. સાહેબે આ આખો કેસ ટેકફૂલી હેન્ડલ કરવાની સૂચના આપી છે. અને તમે કહેતા હો તો એકવાર સી.એમ. કાર્યાલય ફોન જોડી લઈએ."

ધારાસભ્ય કૌશિક સંઘાણીએ મોકો જોઈને ચોગ્ગો માર્યો.

"મિસ્ટર કરવાલ.! તમે તમારા માણસો સાથે રસ્તા ઉપરનો મોરચો સંભાળો. હું હોમ મિનિસ્ટર સાથે સ્થિતિની સમીક્ષા કરી લઉં છું. આઈ વીલ ઈન્ફોર્મ યુ વોટ ટુ ડુ. ઓ.કે..?"

વાત કરવાના અંદાજ અને ઈશારાથી કુમુદબેન ડી.આઈ.જી.ને જવાનો આદેશ આપ્યો અને પ્રોટોકોલ મુજબ સલામ ઠોકી સૂરજીત કરવાલા રૂમની બહાર આવ્યા. બહાર ઊભેલા રેન્જ આઈ.જી. અને જીલ્લા પોલીસવડા સહિતના પોલીસ કાફલા ઉપર સટાસટ ઓર્ડરો છૂટ્યા અને ગણતરીની મિનિટોમાં સાયરન વગાડતા વાહનો મહાનગરની સડકો પર દોડવા લાગ્યા.

*****

સૂર્યપુરની મધ્યમાં આવેલ ગાંધી મેદાનમાં હજારોની મેદની ભેગી થઈ ચૂકી હતી. જો કે જાહેરસભા કેન્સલ થયાનો ગણગણાટ અને બબડાટ ત્યાં વર્તાઈ રહ્યો હતો. કોમનમેન પાર્ટીના કેટલાક આગેવાનો પણ ત્યાં ઉપસ્થિત થઈ ચૂક્યા હતા. દિલ્હીથી ખાન સાહેબનો ઈશારો થતા પ્રદેશ અધ્યક્ષ અભયસિંહને સાઈડ ટ્રેક કરી અનેક પ્રદેશ પદાધિકારીઓ પણ ગાંધી મેદાન પહોંચવા નીકળી ચૂક્યા હતા.

બીજી તરફ સરકારી તંત્ર મહાનગરમાં પ્રવેશી રહેલ અને ગાંધી મેદાન તરફ આગળ વધી રહેલ લોકોને જાહેરસભા રદ થયાની જાણ કરી પાછા ફરવાની સૂચના અને આદેશ આપવા સાથે કેટલાક સ્થળોએ બળપ્રયોગ કરતું નજરે પડ્યું હતું. ગાંધી મેદાનને જોડતા મુખ્ય રસ્તાઓની વચ્ચે સરકારી વાહનો અને પોલીસ જીપોથી અંતરાય ઊભો કરી માર્ગો બંધ કરી દેવાયા. પોલીસ અને સેવાગાર્ડ વિભાગના જવાનો ઉપરાંત એસ.આર.પી ના કેટલાક જવાનો પણ પદયાત્રા જે માર્ગ ઉપરથી પસાર થવાની હતી તે માર્ગો સૂમસામ કરવામાં લાગી ગયા હતા. ટૂંકમાં કહીએ તો વગર જાહેરાતનો કરફ્યુ અથવા તો બીજા અર્થમાં મીની ઈમરજન્સી જેવી સ્થિતિનું નિર્માણ કરવા તરફ આખું સરકારી તંત્ર આગળ વધી રહ્યું હતું.

આ પરિસ્થિતિને રાજકીય રીતે વટાવી લેવા કોમનમેન પાર્ટીના નેતાઓ અને કાર્યકરો અચાનક સડક ઉપર ઉતરી આવ્યા. "નહિ ચલેગી નહિ ચલેગી તાનાશાહી નહિ ચલેગી." અને "બંધ કરો બંધ કરી લોકશાહીનું વસ્ત્રાહરણ બંધ કરો" ના નારાઓ સડકો ઉપર ગુંજવા લાગ્યા. સરકારી તંત્રએ માંડ થાળે પાડેલી સ્થિતિ અચાનક વણસી હતી.! જોહુકમી, દંડાશાહી અને અભદ્ર ભાષાના પ્રયોગ વડે બાંધી રાખેલ પ્રજા સબરનો બંધ તોડી રાજકિય સમર્થનમાં વહેવા માંડયો.

ગણતરીની મિનિટ પહેલા સૂમસામ ભાસતા રસ્તાઓ અચાનક માણસોના ધોડાપૂરથી ઊભરાવા માંડ્યા. કેટલાક ઠેકાણે પોલીસકર્મી સાથે ટપલીદાવ પણ કરી લેવાયો. જો કે નિયમિત રીતે રાજકારણીઓ અને નેતાઓના તીખા શબ્દો અને કયારેક કિન્નાખોરીભર્યા વલણ વચ્ચે કાર્યરત રાજ્યનું પોલીસતંત્ર નિયમિત રાજકીય હસ્તક્ષેપથી લભગભ ડિમોરલાઈઝ થઈ ચૂક્યું હતું. પરીણામે કાબુ બહાર જઈ રહેલ સ્થિતિને બળથી કાબુમાં લેવાને બદલે તેની સાથે ભળી જઈ શકય હોય તેટલી શાંતિથી સ્થિતિને કન્ટ્રોલમાં રાખવાનો વ્યુહ પોલીસે અપનાવ્યો.

@gujratibook

આખી સ્થિતિ આઉટ ઓફ કન્ટ્રોલ થવાની શક્યતા નજરે પડતાં શિક્ષણમંત્રી કુમુદબેન ઠક્કર તેમના સાથીઓને લઈને જાતે જ મેદાનમાં ઊતરી આવ્યા. ખાનગી વાહનમાં બેસી ગાંધી મેદાન સામે આવેલ વૈભવી હોટલમાં પહોંચ્યા. મેદાનની બરાબર સામે પડતા હોટલના આઠમાં માળના ડીલક્ષ સ્યુટમાં ગોઠવાયા. પોલીસ કમિશનર સુખદેવ પાટણ વાડીયાને આદેશ કરી મોબાઈલ વાયરલેસ કન્ટ્રોલ યુનિટ ત્યાં ગોઠવાવી દીધું અને ત્યાં જ બેસીને આખી સ્થિતિને પોતાના નિયંત્રણ હેઠળ રાખવાનો તથા જરૂર પડયે આદેશ આપવાનો પ્રોગ્રામ ઘડી કાઢયો.

જો કે આજે કુદરતને કંઈ જુદુ જ મંજૂર હતું. કુમુદબેન અને તેમની ટીમ ઓલ ઈઝ વેલ'નો અહેસાસ કરે તે પહેલા કોમન મેન પાર્ટીના પ્રદેશ આગેવાનોની ટીમ ત્યાં આવી પહોંચી. માજી ગૃહમંત્રી ઈન્દ્રજીતસિંહ સિસોદિયા અને પ્રદેશ મહામંત્રી રામલાલ જોબનપુત્રા સાથે પચાસેક પ્રદેશ આગેવાનો આવ્યા હતા. હારબંધ આવેલો વાહનોનો કાફલામાંથી નેતાઓ ગાંધી મેદાન આગળ ઊતરે તે પહેલા શહેર અને જીલ્લાના આગેવાનો નારાઓ લગાવતા ત્યાં આવી પહોંચ્યા. જીલ્લાના અધ્યક્ષ કુલભૂષણ ત્રિવેદી સાથે થોડી ચર્ચા કર્યા પછી આજનો એકશન પ્લાન કઈ રીતે અમલમાં મૂકવો તેની આંતરીક જાહેરાત અને સમજ અપાવા માંડી.

એકશન પ્લાન અમલી બને તે પહેલા ડી.આઈ.જી. સૂરજીત કરવાલા ત્યાં આવી પહોંચ્યા. એક સમયે માજી ગૃહમંત્રી સાથે ઘરોબો ધરાવનાર કરવાલ બોલ્યા,

"સિસોદિયાજી ! દશેક મિનિટમાં પદયાત્રા અહીં આવી પહોંચશે. અને હું એમ ઈચ્છું છું કે લો એન્ડ ઓર્ડર જાળવી રાખવા માટે તમારો સહકાર મળી રહેશે."

"ભાઈ સૂરજીત..! યુ આર વેરીમચ અવેર એબાઉટ માય વે ઓફ વર્ક. આઈ ઓલ્વેઝ બિલીવ ઈન કો–ઓપરેશન. સો શિવ કો-ઓપરશન એન્ડ ગેટ કો-ઓપરશન"

માજી ગૃહમંત્રી બોલ્યા. પછી જીલ્લા અધ્યક્ષ અને કાર્યકરો તરફ ફરતા બોલ્યા,

"તમે બધા તમારા કામે વળગો. હું અહીં ઊભો છું. તમે બધાએ સાંભળ્યુંને, કરવાલ સાહેબ શું ઈચ્છે છે. તો કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંપૂર્ણપણે જળવાઈ રહે તેવી રીતે આપણે સૌએ વર્તવાનું છે. સિસોદિયાજીના માણસો તરફથી કોઈપણ કંપલેઈન ન મળવી જોઈએ. બરાબર..?"

વાત પૂરી કરી તેઓ પાછા ફર્યા ત્યારે કરવાલ મોબાઈલ ફોન ઉપર કોઈની સાથે વાત કરી રહ્યા હતા. વાતો કરતા કરતા જ તેમણે માજી ગૃહમંત્રી સાથે હાથ મિલાવ્યા પછી મોબાઈલ ઉપર વાત કરતાં ત્યાંથી ચાલી નીકળ્યા. એ સડક ક્રોસ કરીને તેમની ગાડી પાસે પહોંચ્યા જ હશે ત્યાં તો ગગનભેદી ધડાકો થયો.!

"નહિ ચલેગી નહિ ચલેગી. તાનાશાહી નહિ ચલેગી." દૂરથી આવી રહેલી પદયાત્રાના સમર્થક તરીકે તેની આગળ ચાલી રહેલ કોમનમેન પાર્ટીના નેતા–કાર્યકરોએ ગગનભેદી નારાનો પુનરોચ્ચાર કરી શાંત વાતાવરણમાં શબ્દવિસ્ફોટ કર્યો હતો.

પદયાત્રા જયારે ગાંધી મેદાન નજીક આવી ત્યારે ઉપસ્થિત જનમેદનીએ પુષ્પની વર્ષા કરી કાકુજીનું સ્વાગત કર્યું. કેટલાક લોકોએ કાકુજીના ચરણસ્પર્શ કરી આશીર્વાદ લીધા તો કેટલાક લોકોએ ફૂલની માળાઓ અને સૂતરની આંટી તેમને અર્પણ કરી. કાકુજી બે હાથ જોડીને સૌનો આભાર માનવા સાથે ઉપસ્થિત જનમેદનીનું હાથ હલાવી હાથ જોડી અભિવાદન કરતાં આગળ વધતા રહ્યા. શાંતિમય રીતે આગળ ધપી રહેલ પદયાત્રાએ આલીશાન હોટલના આઠમાં માળે બેસી વિહંગાવલોકન કરી રહેલ કુમુદબેનને પોરસાવ્યા હતા. તેમની સરકાર સામે બાથ ભીડનાર કે તેમના પલ્લે નહિ બેસનાર વિરાટને પણ વામન બનાવી દેવાની તેમની કોશિશ કામીયાબ નિવડી હોવાનો

@gujaratibooks

પોરસ ખાતા તેઓ ઉભા થયા અને રાજકીય લાભ ખાટવા આગળ વધ્યા.

નિયત આયોજન અનુસાર કાકુજીએ ગાંધી મેદાનની બાઉંડ્રી ઉપર સ્થપાયેલ મહાત્મા ગાંધીના સ્ટેચ્યને સૂતરની આંટી પહેરાવી બાપુના ખોળામાં માથું મૂકી આશિષ મેળવ્યા. સાથે ઊભેલ સહદેવ અને સરલા પણ બાપુના ચરણસ્પર્શ કરી આશીર્વાદ લીધા. હાથમાં ગુલાબની માળા લઈ આગળ વધી રહેલ ઈશાન અને કુસુમે કાકુજી સામે મસ્તક નમાવ્યા પછી બાપુના પૂતળાને હાર પહેરાવી વંદન કર્યા. નાનકડી ઔપચારિક વિધિ પતાવી બધા પાછા ફર્યા ત્યારે માજી ગૃહમંત્રી ઈન્દ્રજીતસિંહ સિસોદીયાએ કાકુજીનું સૂતરની આંટી પહેરાવી અભિવાદન કર્યું. વાંકા વળી ચરણસ્પર્શ કર્યા. તેમની સાથે આવેલ એક તરવરીયા યુવાને પણ તેમનું અનુકરણ કર્યું.

“કાકુજી! આ છે સૌમિલ ઝવેરી. આપણા દેશના અગ્રણી ઉદ્યોગપતિ બાબુભાઈ રાયાણીના જમાઈ. બાબુભાઈની દીકરી પ્રિયા સાથે ગત સપ્તાહે વિવાહ થયા છે.”

સાથે આવેલ તરવરીયા યુવાનનો કાકુજી સાથે પરિચય કરાવતા ઈન્દ્રજીતસિંહ બોલ્યા. કાકુજીએ નવયુવાનને આશીર્વાદ આપ્યા પછી થેલામાંથી એક શાલ કાઢી તેને ઓઢાવતા બોલ્યા,

“આ લોકોએ પ્રિયદર્શિનીનું પ્રિયા તો કરી જ નાંખ્યું છે. હવે તુ એનું નામ વધારે ના ટૂંકાવતો.”

બોલતા કાકુજીએ બાબુભાઈ અને પ્રિયદર્શિની સાથેના સંસ્મરણો વાગોળી લીધા.

આ આખી ઘટનાને ઉપસ્થિત કેમેરામેન અને ફોટોગ્રાફરોએ કંડારી લીધી પછી વારો આવ્યો તેમના સમાચાર પ્રતિનિધિઓનો. બૂમ માઈક અને નાના વોઈસ રેકોર્ડર તેમની સામે ધરાયા અને એક પ્રતિનિધિએ સવાલ કર્યો.

‘મિસ્ટર મહાદેવ ગાંધી.! સાંભળ્યું છે કે તમે મુખ્યમંત્રી સાથે ડાયસ શેર કરવાની ના પાડતા સરકારના ઈશારે તમારી જાહેરસભા રદ કરવામાં આવી છે..?”

“મહાશય, આવી વાતો સાંભળવા કરતાં પ્રજાના પ્રશ્નો સાંભળશો તો દેશ અને દેશવાસી બન્નેનું કલ્યાણ થશે. બાકી તમે લોકએ પેલી કહેવત તો સાંભળી જ હશે કે, જણનારીમાં જોર ના હોય તો દાયણ બિચારી શું કરે.!”

“આવા ઉડાઉ જવાબ આપી તમે દેશને કઈ દિશામાં લઈ જવા માંગો છો..?”

“હું તો દેશને કલ્યાણની દિશા તરફ લઈ જવા માંગુ છું. અને એટલે જ માથાફાડ મોંઘવારી સામે લોકોને જાગૃત કરવા નીકળ્યો છું. બાકી તમે લોકએ પેલી કહેવત તો સાંભળી જ હશે કે, નાચ ન જાને આંગન ટેઢા.!”

સવાલનો જવાબ વેધક રીતે વાત આપ્યા પછી કાકુજી વાત આગળ વધારતા બોલ્યા,

“હવે એક સવાલ પૂછું તેનો તમે બધા જવાબ આપશો..? બોલો..? કયું જર્નાલીઝમ દેશ માટે વધારે ઘાતક છે..? યલો..? કે નેગેટીવ..?”

મીડિયાકર્મીઓ વચ્ચે શરુ થયેલ ગણ ગણાટ ચણભણ બને તે પહેલા પાછળ ઊભેલા જર્નાલિસ્ટ પ્રશ્ન પૂછયો,

“કાકુજી.! રાજય વિધાનસભાની આગામી ઈલેકશનમાં તમે કોની પડખે રહેશો..?”

“મોંઘવારી ડામવામાં નિષ્ફળ રહેલી બધી સરકારો દોષનો ટોપલો એકબીજા ઉપર ઢોળી રહી છે. પેટ્રોલ–ડીઝલના ભાવ વધારાને મોંઘવારી માટે જવાબદાર ગણતી રાજય સરકાર સિંગતેલના ભાવ ઉપર કેમ અંકુશ નથી રાખતી..? તેલનો ડબ્બો અઢારસોનો આંક વટાવી ગયો છે. દેશમાં સૌથી મોંઘી વિજળી આપણા રાજયમાં છે. પેટ્રોલ–ડીઝલ ઉપર સૌથી વધુ વેરો આપણી રાજય સરકાર

વસુલે છે. વિકાસના નામે અહીં ઉદ્યોગ ધંધાઓ તો સ્થપાય છે. આ ઉદ્યોગગૃહોમાં એંસી ટકા સ્થાનીકોને રોજગારી અપાવવાના કાગળીયા તૈયાર કરનાર સરકાર વીસ ટકા સ્થાનીકોને પણ રોજગારી અપાવી શકી નથી. ઘરના છોકરા ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો વહેંચનારી રાજય સરકાર પાસે આનો જવાબ છે..? ડાયરકેટ ટેક્ષ નહિ વધારી સસ્તી પ્રસિદ્ધિ કરાવનાર રાજય સરકાર પાછલા બારણે વધારેલા અને નવા નાંખેલા કરવેરાનો હિસાબ કયારે આપશે..? આવા અનેક સવાલો છે..? આગામી વિધાનસભાની ચૂંટણીમાં હું પ્રજાની પડખે રહીશ."

"પણ, અત્યારે તો તમે કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરનાર પક્ષના નેતા સાથે છો.!"

"શું તમે કોમનમેન પાર્ટીમાંથી ચૂંટણી લડવાના છો..?"

"મિસ્ટર ગાંધી! કેન્દ્ર સરકાર સાથે કયા પ્રકારનું સેટલમેન્ટ કર્યું છે..?"

"સાંભળ્યું છે કે તમારી પૌત્રી સરલા ગાંધીને કેન્દ્રમાં મોટું પદ મળવાનું છે..?"

અત્યાર સુધી શાંતીથી સવાલો સાંભળી રહેલ કાકુજી સરલા ઉપર છાંટો ઊડતા બબડ્યા અને વાહીયાત સવાલ કરનાર મીડિયાકર્મી ઉપર બરાબરના બગડ્યા,

"ભાઈ જર્નાલિસ્ટ.! હાથમાં આ ભૂંગળું આવી જવાથી તેને કોઈના અંગત જીવનમાં ખાણખોદ કરવાનું અને ખાસ કરીને કોઈના પણ ઉપર છાંટા ઊડાવવાનું લાયસન્સ નથી મળી ગયું. સવાલ કરવાની તાકાત રાખતો હોય તો જવાબ સાંભળવાની પણ ત્રેવડ કેળવ. તમે રાજય વિધાનસભાની ચૂંટણી વિષે સવાલ કર્યો એટલે મેં રાજય સરકારની વાત કરી. હવે આખી વાત સાંભળ્યા પહેલા તમને વચમાં ડબકા મૂકવાની ટેવ પડી ગઈ હોય તો હું શું કરું."

"તો શું તમે એમ કહેવા માંગો છો કે તમે કોમનમેન પાર્ટી સાથે પણ નથી..?"

"ભાઈ.! મને તો તું તનથી જ નહિ પણ મન, વચન અને કર્મથી પણ બહેરો થઈ ગયો હોય તેમ લાગી રહ્યું છે. કાકુજીએ કહેલી આટલી સીધી અને સાદી વાત તારા ભેજામાં ના ઊતરતી હોય તો એને તારામાં મેન્યુફેક્ચરીંગ ડીફેક્ટ કહેવાય."

કાકુજી પહેલા સરલા વરસી, પછી કાકુજીનો હાથ પકડી આગળ વધતા બોલી,

"ચાલો દાદુ! સરકારી ગાજરને પિપૂડી બનાવી વગાડવા ટેવાયેલ આ લોકો સાથે વાતો કરી આપણો સમય બગાડવાની જરૂર નથી."

"એક મિનિટ સરલા. આ લોકોએ ઉભા કરેલા ભૂતને બાટલીમાં તો પુરવું જ પડશે ને. પત્રકાર ભાઈ–બહેનો, ટૂંકી ને ટચ વાત એ છે કે મારી આ પદયાત્રા મોંઘવારી વિરૂદ્ધ જનજાગરણ માટેની છે. વચમાં રાજય વિધાનસભાની ચૂંટણી તો અકસ્માતે આવી ગઈ છે. છતાંય એક વાત દીવા જેવી સાફ છે. અને તે એ કે, હું કે મારી પદયાત્રામાં સામેલ કોઈપણ, વિધાનસભાની ચૂંટણી લડવાના નથી. કે કોઈપણ રાજકીય પક્ષ તરફી પ્રચાર કરવાના નથી. રહી વાત મારી સાથે ઊભેલા ઈન્દ્રજીતસિંહની તો એને ચડ્ડી પહેરવાનું પણ ભાન નહોતુ ત્યારથી મારે એના પરિવાર સાથે મારે સામાજીક સંબંધ છે. હવે તમે જ કહો કે એ કોઈ રાજકીય પક્ષ સાથે જોડાયેલો છે એટલે હું તેને અછૂત બનાવી દઉં..? પદયાત્રાએ આ મહાનગરમાં પ્રવેશ કર્યો ત્યારે રાજય સરકારના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. અમારું અભિવાદન પણ કર્યુ હતું. એ વિષે તો તમે કંઈ ન બોલ્યા. મુખ્યમંત્રી અનુપ મહેતાની બીક તો નથી લાગતી ને..? તમારા સવાલો પૂરા કરી ને અમને આગળ વધવા દો."

છેલ્લા બોલે સિક્સ માર્યા પછી કાકુજી પદયાત્રિઓની આગેવાની કરતા ચાલવા માંડયા.

પદયાત્રા માંડ થોડી આગળ વધી હશે ત્યાં સામેથી આવતા સરકારી વાહનોનો કાફલાએ

બધાને સચેત કરી દીધા. વ્યવસ્થામાં રોકાયેલ પોલીસકર્મીઓએ પણ પદયાત્રાને આગળ વધતી અટકાવી. વાહનોનો કાફલો નજીક આવ્યો અને અટક્યો. શિક્ષણ મંત્રી કુમુદબેન સહિત ઘણાં મહાનુભાવો વાહનોમાંથી ઉતર્યા. કાકુજીને નમસ્કાર કરતાં કુમુદબેન આગળ આવ્યા.

"કાકુજી! અમારી સરકારે રાજ્યને દેશમાં નંબર વન બનાવી દીધું છે, એની વાત તો તમે કરતાં જ નથી."

પછી પોતાની શબ્દો પાછા ખેંચતા વાત આગળ વધારી,

"હું તો મજાક કરતી'તી. દીકરી પોતાના બાપ સાથે ટીખળ કરે એવી રીતે. લો ચાલો હવે મને આશીર્વાદ આપો."

બોલતા એણે કાકુજીના બન્ને હાથ પકડી વાંકા વળતા પોતાના માથે મૂકી દીધા. સરકારના માહિતી વિભાગના કેમેરામેન ઉપરાંત સાથે આવેલા થોડાક મીડિયાકર્મીઓએ આ વાત અને દશ્ય નોંધી લીધું.

"લે ચાલ હવે ઊભી થા. નહિતર તારી કમ્મર રહી જશે. અને એનો દોષ પણ તુ મારા માથા મઢશે. બહુ પહેલાથી તારી લૂચ્ચાઈ કરવાની ટેવને હું જાણું છું."

કાકુજી હળવા સ્વરે બોલ્યા.

"કાકુજી.! લુચ્ચી તો લુચ્ચી. પણ તમારી જ દીકરી છું." શિક્ષણ મંત્રીએ હળવાશ વધારી.

વધુ મીઠાશમાં વધુ ઝેર હોય છે જેવી ઉક્તિને યથાયોગ્ય રીતે જાણતા કાકુજી કુમુદબેનના ખભા ઉપર હાથ મૂકી ચાલવા માંડ્યા. ને એમની પાછળ એમની વાનરસેના પણ.! થોડીવાર પહેલા કાકુજી સાથે દેખાયેલા કોમનમેન પાર્ટીના નેતાઓ અત્યારે પાછળ રહી ગયા હતા. એનુ સ્થાન જનમંચ પક્ષ લીધું હોય તેમ લાગી રહ્યું હતું. જો કે બન્ને પાર્ટીઓ પોતપોતાની વાત થઈ ગઈ હોવાના ગુમાનમાં હતી. ને પદયાત્રિઓ પોતાની વાત રહી હોવાના.!

તીર ગતીએ આગળ વધી રહેલ પદયાત્રા વધુ કંઈ સમજે કે વિચારે તે પહેલા હાહાકાર મચી ગયો. નદીના પટમાંથી ચરીને આવી રહેલ ગાય-ભેંસના ટોળામાંથી થોડાક જનાવરો ભડકીને ભાગ્યાં હતાં. કોઈ કંઈ પણ સમજે વિચારે તે પહેલા ભડકેલા જાનવરો માનવ ટોળા વચ્ચે ઘુસી ગયા, ને અફડાતફડી મચી ગઈ. ગભરાયેલો જન સમુદાય પોતાનો જીવ બચાવવા આડેધડ દોડવા માંડ્યો. વ્યવસ્થા માટે ઊભેલા જવાનો, પદયાત્રા આગળ વધારી રહેલ પદયાત્રિઓ અને ચારેબાજુ ઉમટેલી માનવ મેદની ભગદડનો હિસ્સો બની ગઈ.

સાતેક મિનિટે પરિસ્થિતિ થાળે પડી ત્યારે ઘણો વિનાશ વેરાઈ ચૂક્યો હતો. એબ્યુલન્સ અને સરકારી ખાનગી વાહનોમાં ઘવાયેલાઓને લઈ જવાની કામગીરી જોરશોરમાં ચાલી રહી હતી. પણ ન પૂરી શકાય તેવી ખોટનું શું કરવું તેની કોઈને પણ

ખબર પડતી નહતી. આ ભગદડમાં નવ લોકો મોતને ભેટ્યા હતા. જેમાં ચાર બાળકો અને બે મહિલાઓ ઉપરાંત એક વૃદ્ધનું મોત નીપજ્યું હતું. આ સાથે પદયાત્રિ કુસુમનું પેટમાં શીંગડું વાગવાથી અને કુમુદબેન ઠક્કરનું ગૂંગળાઈ જવાથી મૃત્યુ થયું હતું. ધક્કામૂક્કીમાં ઘાયલ થયેલ કાકુજી અને કુસુમના પાલક પિતા સહદેવ શાસ્ત્રીને હજુ આ માઠા સમાચાર અપાયા નહોતા.

બીજી તરફ ઘાયલ થયેલા સાતેક પદયાત્રિ અને ચાલીસેક જેટલા લોકોની સારવાર સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં ચાલી રહી હતી. માધવ, સરલા અને ત્રણેક પદયાત્રિઓ ઘાયલોની સારવારમાં જોડાયા હતા. ઈશાન આખી દુર્ઘટનાનો અહેવાલ તૈયાર કરવા સાથે આ બનાવ બનવા પાછળનું તથ્ય તપાસવામાં વ્યસ્ત હતો. જો કે ન કળી શકાય તેવો ઊંડો આઘાત અને ઊદાસી તેના

@gujaratibooks

ચહેરા ઉપર સાફ દેખાતી હતી.

માધવ! કુસુમના મોતની ખબર દાદુને અને સહદેવ કાકાને કેવી રીતે આપીશું..?"

હોસ્પિટલના બાકડા ઉપર બેસતા સરલાએ સવાલ કર્યો.

"મને તો એ વાતની ચિંતા છે કે આ સમાચાર સાંભળ્યા પછી કાકુજી પદયાત્રા અટકાવી તો નહિ દે ને.! કારણ કુસુમના મોતને કદાચ કાકુજી જીરવી શકશે, પણ સહદેવકાકા તો સાવ જ ભાંગી જશે. અને તેમના વગર કાકુજી પદયાત્રા આગળ નહિ વધારે."

માધવે જવાબ આપ્યો.

"તમે બન્ને અહીં બેઠા છો.! ત્યાં કુસુમનું પોસ્ટમોર્ટમ કરનાર ડોકટર પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ગંદકી ફેલાવી રહ્યા છે..!"

તેમની નજીક આવતો એક પદયાત્રિ આક્રોશ વ્યકત કરતો બોલ્યો.

"ભૂપતભાઈ.! કંઈ સમજાય એવું બોલશો..?"

માધવ અને સરલા ઊભા થઈ ગયા. ભૂપતના ખભે હાથ મૂકી શાંત્વના આપતો બોલી,

"અકસ્માત મૃત્યુના કિસ્સામાં પોસ્ટમોર્ટમ કરવું જ પડે છે. અને પોસ્ટમોર્ટમ થાય એટલે એમાં મોતનું કારણ દર્શાવતો રીપોર્ટ પણ લખવાનો જ હોય છે."

"સરલા.! એટલી અક્કલ તો મારામાં પણ છે."

આ વખતે ભૂપતે થોડો મોટા સ્વરે બળાપો કાઢ્યો. પછી ખભા ઉપર મૂકાયેલ સરલાનો હાથ ઝાટકી નાખ્યા પછી અકળામણ અનુભવતો આમ તેમ આંટા મારતો બોલ્યો,

"કુંવારી છોકરીનો પોસ્ટમોર્ટમ રીપોર્ટ આવો કેવી રીતે હોઈ શકે..!"

ભૂપતની વાતે સર્જેલું આશ્ચર્ય અને ઉચાટ વધુ ફેલાય તે પહેલા હાથમાં રીપોર્ટ લઈ ઈશાન ત્યાં આવી પહોંચ્યો. પોસ્ટમોર્ટમ રીપોર્ટ સરલા તરફ ધરતા બોલ્યો,

"દીદી.! આઈ લોસ્ટ કુસુમ એન્ડ માય અનબોર્ન બેબી."

આશ્ચર્ય, આઘાત અને આંચકા મિશ્રિત લાગણી વચ્ચે સરલાએ ઈશાનને ગળે લગાવી એનું દુઃખ હળવું કરવાનો પ્રયાસ કર્યો. જો કે કુસુમ ગર્ભવતી હતી એ વાત જાણ્યા પછી સરલાના દિલના ધબકારા પણ વધી ગયા હતા. સરલાએ માધવ તરફ સૂચક નજર કરી ત્યારે તેનું હૃદય પણ ફફડી રહ્યું હતું.

@gujaratibookz

૬૭

કાકુજીને આ વાતની ખબર પડી ત્યારે એમના અંતરમન ઉપર વજપાત થયો. જો કે કુસુમના મોત પછી એના બાળક માટે કોણ જવાબદાર છે..? તે અંગે કોઈ પણ સાબિતિ ન હોવા છતાં ઈશાને સામે ચાલિને જવાબદારી સ્વિકારતા કાકુજીએ થોડી રાહત અનુભવી હતી. જો કે કાકુજીની સેવામાં રત રહેવાને કારણે ક્યારેય લગ્નનો વિચાર ન કરનાર સહદેવ માટે પાછલી જીંદગીની એકમાત્ર મૂડી સમાન કુસુમ ચાલી ગઈ હોવાથી તેની વ્યથાનો પાર નહોતો.

કાકુજીના વડપણ હેઠળ ચાલતા 'સરોજ માતૃમંદીર'ના ઘોડિયામાં આવીને પડેલ અનાથ બાળકીને દત્તક લેવા સહદેવે રીતસરનો સત્યાગ્રહ કરી પોતે પરણિત ન હોવા છતાં બાળકીની જવાબદારી સુપેરે નિભાવી શકે છે તે સાબિત કરવા અનેકો કષ્ટ વેઠયા હતા. પરીણામ સ્વરૂપ તેના એકલવાયા જીવનમાં સુવાસ ફેલાવવા આવેલ દીકરીને કુસુમ નામ પાડયું હતું.

કુસુમના અકાળ અવસાને સહદેવને અંદર અને બહારથી ખળભળાવી મૂક્યો હતો. કુસુમના મૃત્યુના સમાચાર સાંભળ્યા પછી તેની બન્ને આંખો એકક્ષણ માટે પણ કોરી રહી નહતી. અને એટલે જ કસમના અંતિમ સંસ્કાર કરવાનો આખરી નિર્ણય લેવાયો નહતો. આખરે કાકુજીએ મન ઉપર પત્થર મૂકતા સવાલ કર્યો,

"સહદેવ.! કુસુમનો અંતિમ સંસ્કાર અહીં કરીશું કે એના પાર્થિવ દેહને ગામ લઈ જઈશું..?"

"કાકુજી.! આ શું થઈ ગયું..?"

કાકુજીને વળગી પડી સહદેવ ધૂસકે ધૂસકે રડી પડ્યા. થોડીવાર સુધી એની પીઠ અને માથું પસારતા રહ્યા પછી એને થોડી શાતા વળતા કાકુજી બોલ્યા,

"સહદેવ.! તું જ તો રોજ ગાય છે. ધાર્યું ધણીનું થાય..... અને હવે તું જ બાળકની જેમ વિલાપ કરે છે.! સહદેવ! તું તો જાણે છે. કુદરતની કારી આગળ કોઈનુંય ચાલ્યું છે, તે આપણું ચાલશે. અને આમ રડી રડીને તો તું કુસુમના આત્માને પણ દુઃખ પહોંચાડી રહ્યો છે."

"કાકુજી.! કુસુમના આત્માને દુઃખ મેં નહિ, પણ એના દેહને અભડાવનારાએ પહોંચાડયું છે. વાસના સંતોષવા પારેવા જેવી મારી કુસુમને ભોળવનાર આ તમારા ઈશાને પહોંચાડયું છે."

સહદેવે કયારનો ભરી રાખેલો ઊભરો ઠાલવ્યો. તમારા ઈશાને શબ્દ ઉપર મૂકાયેલ ભાર કાકુજી સહિત લગભગ બધાને હચમચાવી ગયો. મારું તમારુંથી પર રહી આપણું શબ્દમાં માનનાર સમુહે ઘણાં વખતે આવો શબ્દ સાંભળ્યો હતો. જો કે જમાનાના ખાધેલા અને જાત અનુભવે પાકેલા સહદેવની વાતનો હાહાકર વધારે આગળ વધે તે પહેલાં વાત વાળતા કાકુજી બોલ્યા,

"જો બેટા..! હું તારી મનોદશા સમજું છું. લાડકોડથી ઉછેરેલી દીકરીની આવી વિદાય ભલભલા ચમરબંધીને હચમચાવી મૂકે છે. ત્યારે આપણા જેવા પોચા હદયના માનવીને આવો ઊંડો આઘાત લાગે તે સાહજીક છે. હું તારું દુઃખ સમજું છું. અને તુ જાણે છે કે, મેં ક્યારેય સરલા અને કુસુમ વચ્ચે ભેદ નથી કર્યો. અને તે પણ. રહી વાત કુસુમના દેહમાં આકાર લઈ રહેલ ગર્ભની. તો એને હું પાપ કે પૂણ્યના ત્રાજવે તોલવા નથી માંગતો. હા, એ સામાજિક ભૂલ જરૂર છે. પણ એકલા ઈશાનની નહિ. મારા મતે આ ભૂલના ભાગીદાર બન્ને છે. સત્યને એટલે જ કડવું કહેવાયું છે. પણ, અત્યારે એ વાતને ચર્ચાનો વિષય બનાવવાની જરૂર નથી. અત્યારે આપણે એ નિર્ણય કરવાનો છે કે કાલે સવારે કુસુમના પાર્થિવ દેહનો અગ્નિસંસ્કાર કયાં કરીશું..? સૂર્યપુરના કાવેરીઘાટ પર કે ભરતપૂરના અશ્વિનીઘાટે..?"

કાકુજીની વાત પૂરી થતા સુધીમાં સહદેવની મનોસ્થિતિ થાળે પાડવા પગ ઉપાડી ચૂકી હતી.

@gujaratibookz

"હું તો કુસુમના મૃત શરીરને ગામમાં જ અગ્નિદાહ આપીશ. ને આ પદયાત્રાના શહીદ તરીકે એનું સ્મારક પણ ત્યાં જ બનાવીશ. મારી બાકી રહેલ જીંદગીના સહારા માટે આટલું તો કરવું જ પડશે. તમારે બધાએ શું કરવું અનો નિર્ણય તમારે કરવાનો છે."

કાકુજીના ગળે વળગીને રહેતા માંકડાની છાપ ધરાવનાર સહદેવ કાકુજીના દેહથી અળગો થતા બોલ્યો. આંસુ લૂછયા પછી સ્વસ્થતા કેળવતા વાત આગળ વધારી,

"હું એમ ઈચ્છું છું કે એક પદયાત્રિના અકાળ અવસાન અને સાત પદયાત્રિઓની ઘાયલ અવસ્થાને ધ્યાને રાખી આપણે પદયાત્રા મોકૂફ રાખી ભરપૂર પાછા વળવું જોઈએ."

ચર્ચાનો દોર વધારે આગળ વધે તે પહેલા સિવિલ હોસ્પીટલના પ્રાંગણમાં દાખલ થતા સરકારી વાહનોના કાફલા અને સાયરનના અવાજે બધાનું ધ્યાન એ તરફ દોર્યું. વાહનોનો કાફલો ઊભો રહ્યો ત્યારે સૌથી આગળના વાહનમાંથી કલેકટર નફીસા સરીન ઉતર્યા. સાથોસાથ પોલીસ કમિશ્નર સુખદેવ પાટણવાડીયા ઉપરાંત પોલીસ અને વહીવટી અધિકારીઓ ઉતર્યા. કાકુજી સમક્ષ હાથ જોડી આગળ વધતાં નફીસા સરીન તેમની નજીક પહોંચી બોલ્યા,

"શ્રીમાન ગાંધી! મુખ્યમંત્રીશ્રીએ આપની પદયાત્રાના એક પદયાત્રિના અકાળ અવસાન સબબ દિલસોજી પાઠવતા ઊંડા શોકની લાગણી વ્યકત કરી છે. આપ વાકેફ જ હશો કે આ સ્ટેમ્પીડુમાં સરકારે પણ શિક્ષણમંત્રી કુમુદબેન ઠક્કર ગુમાવ્યા છે. સાત નાગરીકો માર્યા ગયા છે. માર્યા ગયેલાઓના પરિવારજનોને મુખ્યમંત્રી રાહતકોશમાંથી બે લાખની આર્થિક સહાય અને ઘાયલોને પચાસ હજાર રૂપિયા સુધીનું વળતર આપવાની જાહેરાત કરાઈ છે."

નફીસાબેન! અમે પણ મૃતકોના આત્માની સદ્ગતી માટે આવતીકાલે ગાંધી મેદાનમાં પ્રાર્થના સભાનું આયોજન કર્યુ છે. બપોરે ત્રણ થી સાડા ચાર દરમ્યાન પ્રાર્થનાસભા કર્યા પછી અમારી પદયાત્રા તેના નિયત રૂટ ઉપર આગળ વધશે. પોતાની

બરાબર પાછળ ઊભેલા માધવના સહારે ઊભેલી સરલાએ પોતાની વાત ઉચ્ચારી ત્યારે લગભગ બધાને આશ્ચર્ય થયું. કાકુજીને પણ.! સહદેવ શાસ્ત્રી તો એટલા જોરથી ચોંક્યા કે બધાએ તેની નોંધ લીધી, અને એમના મુખમાંથી શબ્દો સરી પડયા,

"કાકુજી ! કુસમની અંતિમવિધિ તો હું ગામમાં જ કરીશ. એટલે આવતીકાલની તમારી આ પ્રાર્થનાસભામાં હું ઉપસ્થિત નહિ..."

સહદેવ શાસ્ત્રીના શબ્દોએ ફરી પાછી મારા તમારાની ભેદરેખા ઊભી કરી. કાકુજીના ચહેરા ઉપર તેની વેદના છલકે તે પહેલા માધવ અને સરલાએ તેમને સંભાળ્યા. બીજી તરફ બધાની વચ્ચે ઉભા છતાં બધાથી અલિપ્ત જણાતો ઈશાન મોબાઈલ ઉપર વારંવાર નંબર ડાયલ કરી રહયો હતો. સામેનો મોબાઈલ બિઝિ હોવાનો મેસેજ તેને અકળાવી રહયો હતો. દરમ્યાન કલેકટર મેડમને અન્ય અધિકારીઓ તરફથી ફીડબેક મળતાં તેમણે સરકારી વાત આગળ વધારી,

"મિસ્ટર શાસ્ત્રી.! હું તમારું દુ:ખ સમજી શકું છું. બટ આઈ હેવ ટુ સે, સ્ટેમ્પી'ડમાં માર્યા ગયેલ તમામ નવ ડેડબોડીને પાટનગરમાં અંતિમ સંસ્કાર આપવાનો નિર્ણય સરકારે લીધો છે. કાલે સવારે અગિયાર વાગે મુખ્યમંત્રીશ્રીની હાજરીમાં મૃતકોને અગ્નિદાહ અપાશે. ડેડબોડી લઈ જતાં વાહનમાં અંગત બેએક લોકો બેસી શકશે. અને બીજા લોકો માટે પણ વાહનની વ્યવસ્થા કરવામાં આવી છે. સમય ઓછો છે, સો વી હેવ ટુ પ્રોસીડ એઝ પર સી.એમ.ઓસ ઈન્સટ્રકશન"

"મેડમ.! ધિસ ઈસ નોટ એન ઈન્સટ્રકશન. યુ એન્ડ યોર ગર્વમેન્ટ ઈસ ટ્રાયિંગ ટુ ઈમ્પોઝ એન ઓર્ડર. એન્ડ આઈ વિલ નોટ ગોઈગ ટુ ટોલરેટ ઈટ."

@gujaratibooks

ક્યારનો શાંત જણાતો ઈશાન બોલ્યો.

"ઈશાન.! તારે આમાં માથું મારવાની જરૂર નથી. હું નક્કી કરીશ કે મારી કુસુમનો અંતિમ સંસ્કાર ક્યાં અને કેવી રીતે થશે."

ચહેરા અને શબ્દોમાં કડવાશ ઓકતા સહદેવ શાસ્ત્રી બોલ્યા.

"સહદેવ કાકા..! કુસુમનો અંતિમ સંસ્કાર તમે ઈચ્છો છો એ જ રીતે કરીશું."

તેમના ખભા ઉપર હાથ મૂકી ઈશાને વાત આગળ ધપાવી,

"પણ કાકા તમે સમજો તો ખરા, સરકાર પોલિટિકલ માઈલેજ લેવા આ બધું કરી રહી છે."

"સરકાર પોલિટિકલ માઈલેજ લેવા આ બધું કરી રહી છે કે નહિ એની તો મને ખબર નથી, પણ તું શું લેવા આ બધું કરી રહયો છે, તે હું બરાબર સમજું છું."

ખભા ઉપર મૂકાયેલ ઈશાનનો હાથ ઝટકવા સાથે શબ્દોથી પણ ઝાટકવાનો પ્રયાસ કર્યો.

"ડેડબોડી સાથે જે બેએક લોકો આવવાના હોય તે ચાલો."

પોલીસ કમિશ્નર બોલ્યા.

"યસ, વી આર રનિંગ આઉટ ઓફ ટાઈમ." ઘડીયાળમાં જોતાં કલેકટર બોલ્યા.

"સરીન મેડમ..! હું જાણી શકું કે મૃતકના પરિજનો ન ઈચ્છતા હોય તો પણ ડેડબોડી પાટનગર લઈ જવા પાછળનું પ્રયોજન શું છે..? મક્કમ પગલે આગળ વધતો માધવ બોલ્યો.

"ભાઈ સુખદેવ.! રાજયમાં કટોકટી જેવી સ્થિતિ હોવાનું ચર્ચાઈ રહયું છે. પણ હજુ ઈમરજન્સી લદાઈ નથી" પોલીસ કમિશ્નરને ટપાર્યા પછી કલેકટર તરફ વળતાં બે હાથ જોડી કાકુજીએ વાત આગળ ધપાવી,

"કલેકટર સાહિબા.! આદરણીય મુખ્યમંત્રીજીની ભાવનાની અમે કદર કરીએ છીએ. પણ, કુસુમનો અંતિમ સંસ્કાર અમારા ગામમાં કરવાનો નિર્ણય અમે કરી લીધો છે. માફ કરજો. અમારા લીધે તમારો ઘણો સમય બગડયો. હવે અમને રજા આપો."

પોતાની વાત પૂરી કર પદયાત્રિઓ તરફ ફરતાં કાકુજી બોલ્યા

"છોકરાઓ, ભરતપૂર પાછા વળવાની તૈયારી કરો."

"મિસ્ટર ગાંધી.! આ તમારો ફાઈનલ નિર્ણય છે..?"

કલેકટર નમ્ર ભાવે બોલ્યા. કાકુજી પાછા ફરી તેમના સવાલનો જવાબ આપે તે પહેલા સહદેવ શાસ્ત્રી બોલ્યા,

"કાકુજી.! અત્યાર સુધી બધા નિર્ણય તમે અથવા અંતિમ સમયે પદયાત્રામાં સામેલ થયેલ સરલાએ કર્યા છે. તમે આજ્ઞા આપો તો કુસુમના પિતા તરીકે એક નિર્ણય મારે કરવો છે."

અંતિમ વાક્ય બોલતા સહદેવે કાકુજી સમક્ષ બે હાથ જોડયા પણ હંમેશની જેમ તેનું માથું ન નમ્યું. કાકુજી કે અન્ય કોઈ કંઈ બોલે તે પહેલા તેમણે વાત આગળ વધારી,

"દિવંગત કુસુમના પિતા તરીકે હું નિર્ણય લઉં છું કે મુખ્યમંત્રીશ્રીની લાગણીને માન આપી આપણે કુસુમનો અંતિમ સંસ્કાર પાટનગરમાં કરીશું. હું અને ભૂપત ડેડબોડી સાથેના વાહનમાં જઈએ છીએ. બીજા અન્ય વાહનમાં પાટનગર આવો તેવી મારી વિનંતી છે."

વાત પૂરી કર્યા પછી કોઈની પણ સામે જોયા વગર સહદેવે અધિકારીઓના કાફલા તરફ ડગ માંડયા. કાકુજી સહિત બધા પદયાત્રિઓ જ નહિ પણ ઉપસ્થિત અન્ય લોકો અને અધિકારીઓ પણ સડક રહી ગયા. પોલીસ કમિશ્નર ગુમાનભેર અને કલેકટર ન્યુટ્રલ ભાવ સાથે કાર્યરત થયા.

*****

સાયરન વગાડતી એબ્યુલન્સ ગણતરીની પળોમાં ત્યાં આવી પહોંચી ડ્રાઈવરની બાજુમાં બેઠેલ વોર્ડબોય ઉતર્યો ને એણે પાછળના દરવાજા ખોલી નાંખ્યા. અચેતન સૂતેલી કુસુમને જોતા જ પદયાત્રિઓની આંખ ભીંજાવા લાગી. દરવાજાનો ટેકો લઈ એબ્યુલન્સમાં ચઢતા સહદેવે પાછળ નજર કરી ત્યારે ભૂપત નજીક જ હતો. એબ્યુલન્સમાં સૂતેલી કુસુમના શબ પાસે બેસી એના માથા ઉપર હેતથી હાથ ફેરવ્યા પછી રડતાં ચહેરે તેમણે બહાર નજર કરી.

કાકુજી અને સરલા દરવાજા આગળ ઉભા હતા. બે હાથ જોડી વિદાયની આજ્ઞા માંગી. રડતી આંખે કાકુજીએ અનુમતિ આપી અને સરલાના ખભે હાથ મૂકી પાછા ફર્યા. નજીક ઊભેલા વોર્ડબોયે દરવાજો બંધ કર્યો ત્યારે કાકુજી સરલાના ખભા ઉપર માથું નાખી નાના બાળકની જેમ રડી પડયા. એબ્યુલન્સના બારીમાંથી આ દશ્ય નિહાળી સહદેવ શાસ્ત્રી પણ કુસુમના દેહ ઉપર માથું ઢાળી ધ્રુસકે ધ્રુસકે રડી પડયા.

સરકારી હોસ્પિટલના પ્રાંગણમાં ઊભેલ વાહનોનો કાફલો કૂચ કરવા તૈયાર થવા માંડ્યો. શરૂ થયેલ વાહનોની હેડલાઈટ અને ઉચ્ચ અધિકારીઓના વાહન ઉપર લાગેલ લાલ-પીળી લાઈટો ચક્કર ચક્કર ફરવા માંડી. બે એક વાહનો ધૂળ ઉડાવતા ચાલી નીકળ્યા ને કાકુજી સહિત બધા પદયાત્રિઓ વિવશતાથી આ બધુ નિહાળતા રહયા. જો કે હજુ એબ્યુલન્સ કલીયરન્સની રાહ જોતી ત્યાં જ ઊભી હતી. સિવિલ સુપ્રિટેન્ડટ જરૂરી કાગળોની ફાઈલ લઈને આવ્યા તે જ વખતે એક લકઝુરિયસ કાર સડસડાટ કરતી આવી ત્યાં ઊભી રહી. હાથમાં ખાખી કવર લઈ પ્રખર ધારાશાસ્ત્રી સિતાંશુ મઝુમદાર બહાર નીકળ્યા ને ઉચ્ચ અધિકારીઓના કાફલા તરફ આગળ વધ્યા. તેમને જોઈ કમિશ્નર પોતાના વાહનનો દરવાજો ખોલી બહાર નીકળ્યા. એ સિતાંશુ મઝુમદાર કલેકટરની કારના દરવાજા આગળ આવી ઉભા રહયા. મેડમે અંદરથી દરવાજાનો કાચ નીચે ઉતાર્યો ત્યાં સુધીમાં કમિશ્નર પણ નજીક આવી ગયા હતા. સિતાંશુ મઝુમદારે ખાખી કવર મેડમના હાથમાં આપ્યું. કવરમાંનો ઓર્ડર વાંચ્યા પછી દરવાજો ખોલી તેઓ બહાર નીકળ્યા. નજીક આવી પહોંચેલા વહીવટી અધિકારીને ધીમા સ્વરે થોડીક સૂચના આપી પછી કારનો દરવાજો પકડી ત્યાં જ ઉભા રહયા. સિવિલ સુપ્રિટેન્ડન્ટ દોડતા ત્યાં આવ્યા એટલે કલેકટર નફીસા સરીન ધીમા સ્વરે બોલ્યા,

"ડેડબોડી મૃતકના પતિ ઈશાન ગાંધીને હેન્ડઓવર કરી દો."

પછી ખાખી કવર અને ઓર્ડર સિતાંશુ મઝુમદારને પરત આપ્યા પછી વહીવટી અધિકારીને સૂચના આપી ત્યાંથી ચાલી નીકળ્યા. એબ્યુલન્સમાં બેઠેલ સહદેવે રડતી આંખ લૂછી બહાર ચાલતી ધમાચકડી ઉપર નજર કરે તે પહેલા એબ્યુલન્સનો દરવાજો ખોલીને વોર્ડબોય બોલ્યો,

"અંકલ ! બાહર નીકળો. ડેડબોડી મરણ જનારના વરને સોંપવાની છે"

*****

બીજી સવારે સૂર્યપુરના કાવેરીઘાટ ઉપર કુસુમને અગ્નિદાહ દેવાયો ત્યારે અત્યાર સુધી મક્કમ રહેલ ઈશાન ભાંગી પડ્યો.

"સહદેવકાકા.! અમારા પ્રેમમાં વાસના નહોતિ. અમે સિવિલ મેરેજ કર્યા પછી જ સંબંધ બાંધ્યો હતો. પણ વડીલોથી આ વાત છપાવવાની સજા અને કુદરતે આપી દીધી છે. હવે તમે પણ અમને માફ કરી દો."

સહદેવ શાસ્ત્રી સામે હાથ જોડી ઊભેલા ઈશાન રડતા સ્વરે પોતાની કેફિયત રજૂ કરતા ભાંગી પડ્યો. ને સહદેવ શાસ્ત્રીને વળગી પડ્યો. આખી રાત કુસુમની ડેડબોડિ પાસે બેસી આંસુ વહાવનાર તમામને સધિયારો આપનાર ઈશાને નાથેલ બંધના બધા દરવાજા એકસાથે ખૂલ્યા.

કેટલાય દિવસોથી મનમાં ધરબી રાખેલ ભાર હળવો કરતી વાતે તેને થોડી સાતા આપી હતી.

બીજી તરફ ઈશાનના શબ્દોએ સહદેવના ઘા ઉપર પણ મલમનું કામ કર્યું હતું. કેટલાય દિવસથી દુણાઈ રહેલ સહદેવ શાસ્ત્રીનું મન કુસુમના અપમૃત્યુ અને તેના પોસ્ટમોર્ટમ રીપોર્ટમાં થયેલ ઘટસ્ફોટ પછી વિકૃર્યું હતું. આજ સુધી કાકુજીનો એકેય શબ્દ ન ઉથાપનાર સહદેવે બધાની હાજરીમાં કાકુજીના નિર્ણય વિરૂદ્ધ બળવો પોકાર્યો હતો. ઈશાનને સાંત્વના આપતા સહદેવ અને કાકુજીની નજર મળી ત્યારે તેમની પાંપણોમાંથી પણ અશ્રુધારા વહી રહી હતી.

"કાકુજી! મને માફ કરી દો. લોકોદ્ધાર માટે આજીવન વખના ઘૂંટડા ભરનાર મહાદેવના વચનને મેં અવગણ્યું છે. મેં તમારી ગરીમાને ઠોકર મારી છે. મેં તમારી ગરીમાને."

ડૂસકાં ભરતા સહદેવના શબ્દો કાકુજીના દામનમાં સમાઈ ગયા. સહદેવના માથા ઉપર પડી રહેલ મહાદેવના આંસુએ સહદેવના મનમાં ભરાયેલ મેલને ધોઈ નાંખ્યો. એકબીજાને વળગી રડતા વડીલોને બાળકોએ સહારો આપ્યો. માધવના સહારે કાકુજી અને સરલાના સહારે સહદેવ ચિતાથી થોડા દૂર ગયા. સ્વજનને અંતિમ વિદાય આપવા આવનાર સ્નેહીઓને બેસવા બનાવાયેલ અર્ધ ગોળાકાર બેઠક ઉપર બધા ગોઠવાયા. એક પદયાત્રિએ બધાને જલપાન કરાવ્યું. બીજા કેટલાક પદયાત્રિઓ ચિતાની આસપાસ ઉભા હતા. જો કે બધાથી અલિપ્ત હોય તે રીતે ભૂપત સ્મશાનના છેડે આવેલ લીમડાના ઝાડ નીચે બેઠો હતો.

બધાનું ધ્યાન ભૂપત તરફ જાય તે પહેલા પોલીસવાનના સાયરન અને વાહનોના કાફલાના અવાજની દીશામાં બધાનું ધ્યાન ખેંચાયું. રાજયના માજી મુખ્યમંત્રી અને કોમનમેન પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ અભયસિંહ કાફલાની આગેવાની કરતાં સ્મશાનના પગથિયાં ચઢયા. અભયસિંહ સીધા કુસુમની ચિતા નજીક ગયા. સાથે આવેલ કાર્યકર પાસેથી સુખડનો હાર લઈ ચિતા ઉપર ચઢ વ્યિો. પછી બે હાથ જોડી શ્રદ્ધાસુમન અર્પણ કરી બેઠક તરફ આગળ વધ્યા. સહદેવ શાસ્ત્રી અને પદયાત્રિઓ સમક્ષ દિલસોજી પાઠવ્યા પછી ચરણ સ્પર્શ કરી કાકુજીના પગ પાસે બેઠા.

"અભયસિંહ.! અહીં ઉપર આવી મારી બાજુમાં બેસ."

"મહાદેવના ચરણમાં પણ સ્થાન મળશે તો હું મારી જાતને ધન્ય ગણીશ."

"તારું સ્થાન તો મહાદેવના હૃદયમાં છે."

બોલતા કાકુજીએ હાથ લાંબો કર્યો ને અભયસિંહનો હાથ પકડી એમને ઉપર ખેંચી પોતાની બાજુમાં બેસાડયા. કાકુજીની બાજુમાં બેઠા પછી અભયસિંહ થોડીવાર સુધી ઔપચારિક વાતો કરતા રહ્યા. બીજી તરફ સહદેવ શાસ્ત્રી અને ઈશાન તથા સરલા અને માધવ જોડી બનાવી વાતો કરી રહયા હતા. તો પદયાત્રિઓ તથા અભયસિંહની સાથે આવેલ કેટલાક આગેવાનો પાંચ-સાતના ઝૂમખામાં વાતે વળગ્યા હતા.

દૂ.અ.અ.૨..! લીમડાના ઝાડ નીચે બેઠેલ ભૂપત મૂંઝારો અનુભવી રહયો હતો. દૂર બેઠા બેઠા આ પરિસ્થિતિનું આકલન કર્યા પછી તે ઉઠયો અને કુસુમની ચિતા પાસે હાથ જોડી થોડીવાર ઊભો રહયો. અહીં બંધ આંખે મનોમન કંઈક નક્કી કર્યા પછી તે ફર્યો અને સીધો કાકુજી બેઠા હતા ત્યાં આવ્યો. વાંકા વળી કાકુજીના ચરણસ્પર્શ કર્યા પછી બોલ્યો,

"જય માતાજી બાપુ."

"અરે ભૂપત.! તુ ક્યાં હતો..? કયારનો દેખાયો કેમ નહિ..?"

"પેલા લીમડાના ઝાડ નીચે બેઠો હતો."

હાથથી ઈશારો કરી લીમડાનું ઝાડ બતાવતા ભૂપત બોલ્યો. પછી વાત આગળ વધારી,

@gujaratibookz

"કાકુજી..! મને રજા આપો. કુસુમના ગયા પછી પદયાત્રામાં મારું મન નહિ ચોંટે."

"જો ભૂપત. હું તારી મનોદશા સમજું છું. તુ જેવો મૂંઝારો અનુભવી રહયો છે, તેવી જ દશા બીજા બધાની પણ છે. ને તારા જેવો કાઠો માણસ આવું કરશે તો બીજા બધાને કોણ સંભાળશે..?"

ઢીલા પડેલ ભૂપતને સધિયારો આપતા કાકુજી બોલ્યા.

"કાકુજી..! બધાને હું સંભાળી શક્યો હોત, તો તમારી જગ્યાએ ના બેઠો હોત..!"

ભૂપત ધીમેથી બોલ્યો પણ તેની વાતમાં વર્તાતી કડવાશ ભારોભાર ઊભરી આવી.

"તું એક કામ કર. થોડીવાર સહદેવ અને ઈશાન સાથે બેસ. તારા મનની વાત એમને કર. મને લાગે છે કે તારા મનનો ભાર ચોક્કસ હળવો થશે. અને છતાંય તારું મન શાંત નહિ થાય તો આપણે સાંજની પ્રાર્થનાસભા પછી તું કહેશે તેવો નિર્ણય લઈશું."

મક્કમતાથી કાકુજી બોલ્યા.

"તમે મારી વાત સમજતા કેમ નથી..? મારે સાંજ સુધી નથી બેસવું."

ભૂપત મોટેથી બોલ્યો. ભૂપતના મોટા અવાજે બધાનું ધ્યાન આ તરફ ખેંચ્યું. જેમનું ધ્યાન આ દિશામાં નહતું તેમનું પણ. નજીક બેઠેલ સહદેવ શાસ્ત્રી અને ઈશાન પહેલા નજીક આવ્યા. બીજા બધા પણ નજીક આવ્યા. કાકુજીના ચહેરાના ભાવ ઉકેલ્યા પછી સહદેવભાઈ બોલ્યા,

"ભૂપત.! તું શું કરવા માંગે છે..?

"એ જ જે તમે ન કરી શક્યા.! આ બધાએ ભેગા મળીને તમને ભોળવ્યા છે. પણ હું ભોળવાવ એવો નથી. મારી કુસુમને ભોળવી અભડાવનારાઓ સાથે હું પદયાત્રા નહિ કરી શકું."

ભૂપત અંતિમ વાક્ય વધારે કડવાશ સાથે ઈશાન તરફ ઘૂરક્યા કરતો બોલ્યો.

"ભૂપત.! મૃતક માટે આવું બોલતા તને શરમ નથી આવતી..?"

કયારના શાંત બેઠેલ અભયસિંહ બરાડ્યા. કાકુજી સમક્ષ હાથ જોડી વાત આગળ ધપાવી,

"કાકુજી..! મને માફ કરજો. તમારી આ વાતમાં બોલવાનો મને કોઈ અધિકાર નથી. પણ કુસુમના અભયમામા તરીકે મારાથી ચૂપ ન રહેવાયું. તમે તો જાણો છો. બાપુઓનું લોહી જરા જરામાં ઊકળી ઉઠે છે."

"જોયું સહદેવકાકા..? અભયસિંહ પણ કાકુજીની જ માફી માંગી રહયા છે.! માફ કરજો બાપુ. પણ કુસુમ સહદેવકાકાની દીકરી છે. અને એમણે કુસુમનો અંતિમ સંસ્કાર સરકારી આયોજન મુજબ પાટનગરમાં કરવાનું નક્કી કરી લીધું હતું. પણ છેલ્લા સમયે કાકુજીનો આ વિદેશી પૌત્ર કોણ જાણે કયાંથી કોર્ટ ઓર્ડર લઈ આવ્યો..!"

ભૂપતનો બળાપો આગળ વધે તે પહેલા ઈશાન બોલ્યો,

"મિસ્ટર ભૂપત.! તમે પદયાત્રિ છો એટલે તમને કોઈપણ પદયાત્રિના અંગત જીવનમાં માથું મારવાનું લાયસન્સ નથી મળ્યું. સો કીપ યોર માઉથ શટ."

"મોટાભાઈ.! આખ્ખી લાશ બળી ગઈ છે. દૂધની ઝારી વાળવા કોઈને મોકલો."

મસાણીયાના અવાજે બધાનું ધ્યાન બીજી તરફ દોર્યું. બધી નજર એના તરફ વળી ત્યારે હાથમાં મોટ્ટો સાણસો લઈને ઊભેલ મસાણીયો જવાબની રાહ જાતો દેખાયો.

"કાકુજી ! પાંચ લીટર દૂધ મંગાવી રાખ્યું છે. રીતિ અનુસાર મોસાળ પક્ષના લોકો દૂધની ઝારી વાળવાનું કામ કરે છે. આપણે કંઈ રીતે કરીશું.." માધવ બોલ્યો.

"ચાલો સહદેવકાકા. અહીં તો આપણે બે જ કુસુમના મોસાળીયા છે. ઈશાનના કારસ્તાને કાકુજી અને સરલાને કુસુમના સાસરીયા બનાવી દીધા છે. બીજા બધા તો કાકુજીના વરઘોડીયા છે,

@gujaratibookz

એટલે દૂધની ઝારી વાળવાની વિધિ તો આપણે જ કરવી પડશે.”

બળપો ઓકતો બકવાશ કરતો ભૂપત સહદેવ શાસ્ત્રીને હાથ પકડી ચિતા નજીક લઈ ગયો. ને સહદેવ શાસ્ત્રી નાના બાળકની જેમ દોરવાયા. કુસુમની ચિતાની રાખને દૂધથી ઠારતા ભૂપત અને સહદેવ શાસ્ત્રી ત્યારે ચોંકયા જયારે અભયસિંહે દૂધનો લોટો ભરી રાખ ઉપર છંટકાવ કર્યો. સવાલ ભૂપતની ત્રાંસી નજર શબ્દ બનીને વાતાવરણમાં ફેલાય તે પહેલા અભયસિંહ બોલ્યો,

“ભૂપત! મામા તો મોસાળ પક્ષમાં જ આવે ને..?”

એકબીજા સામે જોયા પછી બન્નેની નજર સહદેવ શાસ્ત્રી તરફ વળી. ત્રણેની નજર મળી ત્યારે એમ લાગ્યું કે જાણે ગંગા, યમુના અને સરસ્વતિનો સંગમ થયો. પણ આ સંગમ અણધાર્યા પરિણામનું સૂચન કરતો હોય તેવો ભાસ્યો. દૂર ઊભેલ કાકુજી અને આસપાસ ઉભેલ સરલા અને ઈશાન મૂંગા મોઢે બધું જોતા રહયા. દૂધની ઝારી વળાઈ ગયા પછી મસાણીયાએ ચિતાને ધોઈ એની રાખ નદીમાં વહાવવાની કામગીરી શરૂ કરી, ત્યારે માધવના ઈશારે સરલાએ બગલ થેલામાંથી પેચવાળો લોટો કાઢી ઈશાનના હાથમાં મૂક્યો અને કાનમાં કંઈક કહયું. ઈશાનના પગલા ચિતા તરફ આગળ વધ્યા. ચિતાની નજીક ગયા પછી મસાણીયાને ઉદ્દેશી તે બોલ્યો,

“ભાઈ.! આ લોટામાં અસ્થિ ભરી આપ. નદીમાં અસ્થિ પધરાવી કુસુમના આત્માની શાંતિ માટેની તમામ વિધિ તો સાસરીયાઓએ જ કરવી પડશે ને..?”

ઈશાનના શબ્દો સાંભળી અભયસિંહની આંખમાં આવેલ ચમક કાકુજીએ નોંધી. બાર દિવસ પહેલા નીકળેલી પદયાત્રાના યાત્રિઓ મુખ્યમાર્ગેથી ભટકીને રાજમાર્ગ શોધી રહયા હોવાનો અણસાર કાકુજીને આવતા તેમણે મનોમન બધાને પાઠ ભણાવવાનો નિર્ધાર કર્યો.

@gujarathibookz

સાત

બપોરે ત્રણ વાગે કાકુજી પદયાત્રિઓ સાથે ગાંધી મેદાન ખાતે આવ્યા ત્યારે ઠીકઠીક ભીડ એકત્રિત થયી હતી. બે હાથ જોડી બધાને નમસ્કાર કરતા કાકુજી સીધા ગાંધીજીના બાવલાના સાનિધ્યમાં તૈયાર કરેલ મંચ નજીક પહોંચ્યા. પલાંઠીવાળીને બેઠેલ મહાત્મા ગાંધીના ચરણ સ્પર્શ કર્યા પછી તેમના ખોળામાં મસ્તક મૂક્યું. જાણે નાનું બાળક માના ખોળામાં માથું મૂકી વહાલ ના કરી રહયું હોય..!

થોડીવાર પછી મહાત્મા ગાંધીના સાનિધ્યમાં મહાદેવ ગાંધી બેઠા ને પ્રાર્થનાના શબ્દો સૂરના સથવારે રેલાવા લાગ્યા. "વૈષ્ણવજન તો તેને રે કહીયેથી શરૂ થયેલ પ્રાર્થનાસભા જીવન પથદર્શક ભજનો અને માર્મિક ગીતો સાથે આગળ વધતી રહી. શબ્દોના સથવારે ડોલી રહેલ જનમેદની આંખ બંધ કરી દિવંગતોના આત્માની શાંતી અર્થે પ્રભુને પ્રાર્થી રહી હતી.

નાનકડા ટેબલ ઉપર પ્રગટી રહેલ દીવો અને તેની ઉપર ઢાંકેલ જાળીદાર પાત્રના છીદ્રોમાંથી ચળાઈને આવતા પ્રકાશમય કિરણોની સાથે હવામાં ઊડી રહેલ અગરબત્તીના ધૂમાડા અને તાજા ફૂલોની સુવાસ વાતાવરણને ગાઢું બનાવી રહયાં હતાં.

પ્રાર્થનાસભામાં વહી રહેલ શબ્દ સૂરાવલિ વચ્ચે લોકોની આવનજાવન, પદયાત્રિઓ સન્મુખ બે હાથ જોડી વ્યકત કરતો દિલાસો, દીપ સમક્ષ ચઢાવાતી ગુલાબની પંખ્ડીઓ અને બંધ આંખે કરાતું વંદન. આમ આદમી દ્વારા વ્યકત કરાયી રહેલ શ્રદ્ધાભાવ વાતાવરણને પણ સાતા આપી રહયો હતો.

ત્યાં જ અચાનક ગણ ગણાટ સંભળાયો. ચીફ સેક્રેટરી ભગવતીલાલ હાથી અને મુખ્યમંત્રીના અગ્ર સચિવ પી.પી.સિંઘ તથા અધિકારી જનાર્દન ગઢવી સાથે ધારાસભ્ય કૌશિક સંઘાણી અને કેટલાક સ્થાનીક આગેવાનો મંચ તરફ આવી રહયા હતા. પહેલા દીપ સન્મુખ પુષ્પ ચઢાવ્યા બાદ બે હાથ જોડી શિશ નમાવી દિવંગત કુસુમને પ્રણામ કર્યા. પછી કાકુજી સમક્ષ ઉપસ્થિત થતા બે હાથ જોડી નમસ્કાર કરી તેમની બાજુમાં સ્થાન લીધું.

મુખ્યમંત્રી કાર્યાલયના વરિષ્ઠ અધિકારી જનાર્દન ગઢવીએ તો બધાની હાજરીમાં કાકુજીના ચરણસ્પર્શ કરી આર્શિવાદ મેળવ્યા. ધારાસભ્ય કૌશિક સંઘાણીએ પણ તેમનું અનુકરણ કર્યું. જો કે ચરણસ્પર્શ કર્યા પછી તે કાકુજીની બાજુમાં ગોઠવાઈ પણ ગયા અને પરિચય કેળવવા મથામણ કરવા લાગ્યા.! આવા તૂતને પચાવી ચૂકેલ કાકુજીએ કૌશિક સંઘાણીને વધારે ભાવ ન આપ્યો. હા, તેમણે ચીફ સેક્રેટરી સાથે ધીમા સ્વર થોડી વાત કરી પછી ફરી પાછા પ્રાર્થનામય બની ગયા.

પ્રાર્થનાસભા પૂરી થાય તે પહેલા સરકારી અધિકારીઓ અને ધારાસભ્ય ત્યાંથી વિદાય લઈ ચૂકયા હતા. જો કે જતી વખતે ધારાસભ્ય કૌશિક સંઘાણીએ ભૂપતને પોતાની સાથે લીધો હતો. અને ભૂપત પણ બધાની હાજરીમાં ધારાસભ્ય સાથે વાતો કરતો-ઈતરાતો રોડ સુધી ગયો હતો. ગાડીનો દરવાજો ખોલીને ધારાસભ્યને તેમાં બેસાડ્યા પછી પણ થોડીવાર સુધી બન્ને વાતો કરતા રહયા હતા.! ભૂપત પાછો ફર્યો ત્યારે એના ચહેરા ઉપર ગજબની ચમક દેખાતી હતી. ભૂપતની ચમકનો તાળો પ્રાર્થનાસભા પૂર્ણ થયી ત્યારે મળ્યો.!

સૂર્યપુરથી પ્રસિદ્ધ થતાં સાંધ્ય દૈનીક 'નયા સવેરા'ની ફ્રન્ટપેજ હેડલાઈન હતી: ભગદડમાં શહિદ શિક્ષણમંત્રીની પાંદડ બેઠક પરથી સુપ્રિયા રૂપારેલ ચૂંટણી લડશે. સુપ્રિયા રૂપારેલ એટલે કુમુદબેન અને કાલીદાસ ઠક્કરની દીકરી. છુટાછેડા લીધા વગર અલગ રહેતા કુમુદબેને દીકરીને ઉચ્ચ અભ્યાસ કરાવ્યો છે. એમ.બી.એ. સુધી ભણેલ સુપ્રિયાએ કોલેજના અભ્યાસ દરમ્યાન જ સિરામિક

@gujaratibooks

ઉદ્યોગમાં મોટું માથું ગણાતા કૈલાશ રૂપારેલના એકના એક દીકરા સંદીપ સાથે લગ્ન કરી લીધા હતા. રહી વાત પોલિટિકસની તો સુપ્રિયા કોલેજમાં જનરલ સેક્રેટરીનું ઈલેકશન લડી ચૂકી છે.

સ્ટેમ્પીડમાં માર્યા ગયેલ શિક્ષણ મંત્રી અને અન્ય સાત નાગરીકોનો અગ્નિ સંસ્કાર પાટનગરમાં કરાવ્યા પછી પત્રકારો સાથે વાત કરતાં મુખ્યમંત્રી અનુપ મહેતાએ આ જાહેરાત કરી હતી. બીજી પણ એક જાહેરાત કરી હતી. જો મહાદેવ ગાંધી ઉર્ફે કાકુજી આશીર્વાદ આપે તો ભરતપુર વિધાનસભાની બેઠક દિવંગત કુસુમના પિતા અને કાકુજીના અનુયાયી સહદેવ શાસ્ત્રી લડે. જનમંચ પક્ષના ઉમેદવાર તરીકે ના લડવું હોય તો પણ પક્ષ તૈયાર છે. જો સહદેવ શાસ્ત્રી સ્વતંત્ર ઉમેદવાર તરીકે ચૂંટણી લડે તો જનમંચ પક્ષ ભરતપૂરની બેઠક ઉપર પોતાનો ઉમેદવાર નહિ ઉતારે. એટલું જ નહિ સ્વતંત્ર ઉમેદવારને યથાયોગ્ય બધી જ મદદ કરશે.

પ્રાર્થનાસભામાં હાજરી આપ્યા પછી પરત ફરી રહેલ પ્રત્યેકજનને આ અખબારની નકલ મફત અપાઈ રહી હતી. દરેક પદયાત્રિને તો શોધી શોધીને આ નકલ આપવામાં આવી. સહદેવ શાસ્ત્રી અખબારની નકલ લઈ કાકુજી પાસે પહોંચ્યા તે પહેલા સમાચાર પહોંચી ગયા હતા. જો કે ખરા સમાચાર તો એ હતા કે સહદેવ શાસ્ત્રીના ચહેરાની ચમકમાં જબરો વધારો થયો હતો.! અને ભૂપતનો ચહેરો ઘણો બધો વિલાયો હતો.!

"સહદેવ.! પદયાત્રા આગળ વધારવાની તૈયારી કરો. કુસુમ, માધવ, ઈશાન, આયોજન, વિચારધારા, જન જાગરણ, અમલીકરણ અને પથ સંચાલન સમિતિના ટીમ લીડરને ભેગા કરો. નાનકડી ચિંતન બેઠક કર્યા પછી આપણે આગળ વધીશું."

ટૂંકો ને ટચ આદેશ આપ્યા પછી અખબારને પંખો બનાવી હવા નાંખતા કાકુજી પડાવ તરફ ચાલી નીકળ્યા.

*****

ચિંતન બેઠકમાં તમામ ટીમ લીડર ઉપરાંત માધવ, સરલા, ઈશાન સહિત અનુભવિ પદયાત્રિઓએ પોતાનો પ્રતિભાવ આપ્યો. પદયાત્રાની સામે અવરોધ ઉભા કરનાર સરકારી મશિનરી તેનું લક્ષ્ય ભેદવામાં સફળ થઈ નથી, એટલે હવે પદયાત્રિઓ સામે સત્તાની લોલીપોપ લટકાવી રહી છે.! કોમનમેન પાર્ટીના પ્રદેશ અધ્યક્ષે ભૂપતને ચગાવ્યો.! ને જનમંચ પક્ષના ધારાસભ્યને એને હવા આપી. મુખ્યમંત્રી તો બધાથી ચાર ચાસણી ચઢી ગયા.! એમણે તો સીધું નિશાન કાકુજીના રાઈટ હેન્ડ સહદેવ શાસ્ત્રી ઉપર તાંક્યું.! દિલ્હીથી રાજકિય મિસાઈલ્સ છૂટવાની હજુ બાકી છે, તેવા સમયે પદયાત્રિઓએ અંગત લાભાલાભ બાજુએ મૂકી રાષ્ટ્રહિતની વાત કરવી પડશે. સ્વને સંયમી બનાવી આમ આદમીની પીડા હરવાનો નિર્ધાર કરવો પડશે. પદયાત્રાના માધ્યમથી મોંઘવારીના ભરડામાં પિસાઈ રહેલ દેશની જનતામાં ચેતનાનો સંચાર કરવાનો મૂળ ઉદેશ્ય સિદ્ધ કરવા આપણે સૌએ કટીબદ્ધ બનવું પડશે.

પદયાત્રાને આગળ ધપાવતા પહેલા મળેલી ચિંતન બેઠકમાં બધાનો સૂર એક જ દિશાનો હોવાનું પડઘાઈ રહયું હતું. જો કે સહદેવ શાસ્ત્રી અને ભૂપત એકપણ શબ્દ બોલ્યા નહોતા.! બન્નેનો ફુંગરાટ સમજી ચૂકેલ પદયાત્રિઓએ પણ એમના મોંમાં આંગળા ઘાલી એમને બોલાવવાની કોશિશ કરી હતી. પણ, કાકુજીથી તેમનું મૌનવ્રત સહન ન થયું.! એટલે તે બોલ્યા,

"કેમ સહદેવ! તું કંઈ બોલ્યો નહિ.?"

"કાકુજી.! સહદેવ કાકા કે અન્ય કોઈ પદયાત્રિ ચૂંટણી લડે, તો એમાં બીજા કોઈને વાંધો ન હોવો જોઈએ."

@gujratibooks

સહદેવ શાસ્ત્રીની બાજુમાં બેઠેલ ભૂપત બોલી પડ્યો. પછી વાત આગળ વધારતો બોલ્યો,

"શું કહો છો સહદેવકાકા..?"

"ભૂપત.! તું તારી વાતમાં સહદેવને શું કામ વચ્ચે લાવે છે?" કાકુજી બોલ્યા.

"કાકુજી! ભૂપતની વાત સાવ એના એકલાની નથી.! હું પણ એમ જ ઈચ્છું છું. પદયાત્રિને પોતાનો અંગત નિર્ણય લેવાની તક અને છૂટ આપવી જોઈએ."

નીચી નજરે સહદેવ શાસ્ત્રી બોલ્યા.

"અંગત નિર્ણય.! કે મુખ્યમંત્રીએ ફેંકેલ ઓફરની લોલીપોપ..?" તીખા સ્વરે સરલા બોલી.

"સરલા! હજુ તું આ શબ્દો કહેવા માટે બહુ નાની છે." સહદેવ શાસ્ત્રી તાડૂકયા.

"ને ભૂપતભાઈ આ શબ્દો કહેવા માટે બહુ મોટા થઈ ગયા છે. બરાબરને..?" ઈશાન બોલ્યો.

વાત આગળ વધે એ પહેલા કાકુજીએ હાથ ઊંચો કરી બધાને શાંત રહેવાનો આદેશ આપ્યો. જો કે આખી બેઠક બે છાવણીમાં વહેંચાઈ ગયાનો અણસાર તેમને આવી ચૂક્યો હતો. ને બન્યું પણ એવું. દલીલો બંધ થઈ પણ આંતરિક ગણગણાટ શરુ થઈ ગયો. કાકુજીએ નજર ફેરવી ત્યારે લગભગ બધાના ચહેરા ઉપર ઉદ્વેગ અને ઉચાટ વર્તાતો હતો. એકમાત્ર માધવ બંધ આંખે વડના થડને અઢેલીને ધીમા સ્વરે સીટી વગાડી રહયો હતો.

"માધવ..! એ માધવ..!"

બાજુમાં બેઠેલી સરલાએ એને ઢંઢોળ્યો.

"કાકુજી..! તમે કહેતા હોવ તો, કાલે સવારે પ્રેસ કોન્ફરન્સ ગોઠવી દઉં..?

માધવ બોલ્યો.

"પ્રેસ કોન્ફરન્સ શું કામ..?"

સહદેવ શાસ્ત્રીએ એનો હાથ ચાંપ્યો. છતાં ઉતાવળે ભૂપત બોલ્યો. સરલા અને માધવે એકબીજા સામે આંખ મીંચકારી. પછી બને કાકુજી તરફ ફર્યા અને ત્રણે એકસાથે ગાવા લાગ્યા,

"છોરો કે'દાડાનું પૈણુ પૈણું કરતો તો, મારી ભાગોળે ભટકાતો તો..."

સહદેવ શાસ્ત્રી, ભૂપત અને તેમની છાવણીમાં લોકો સમજે તે પહેલા બાકીના બધા આ ગીત ગાણ ગાણવા માંડયા. આટલું જ નહિ પણ બન્નેની જોડી બનાવી એકબીજાને તાળીઓ દેતા રાસ રમતાં રમતાં ગાવા માંડયા. રઘવાટ અને બઘવાટ સભર ચહેરે થોડીવાર સુધી આ લીલા જોયા પછી સહદેવ શાસ્ત્રી બરાડતા સ્વરે બોલ્યા,

"મા.અ.અ. ધ્યા.આ.આ..! બંધ કર તારી આ રાસલીલા.! મારી દીકરીના મોત આડે હજુ ચોવીસ કલાક પણ વીત્યા નથી ને તને રાસડા લેવાનું સૂઝે છે.?"

"માફ કરજો કાકા..! પણ, કુસુમના મોતને તમાશો બનાવવાની શરૂઆત તમે જ કરી છે. ઈશાને કાયદાની રૂએ કાર્યવાહી ના કરી હોત, તો તમે તો કયારના મુખ્યમંત્રીના ખોળામાં બેસી ગયા હોત. અને ત્યાર પછી પણ તમારી રાજકીય જિજીવિષા શાંત નથી થઈ. કયારેક ભૂપતના ખભે ચઢીને તો કયારેક પેપરના પાને મઢીને પ્રગટ થઈ રહી છે."

માધવ સખત છતાંય સંયમી સ્વરે બોલ્યો. ને એના બોલવાનું વજન પણ વર્તાયું. સહદેવ શાસ્ત્રીની હાલત 'કાપે તો લોહી પણ ના નીકળે' તેવી થઈ હતી. ભૂપતને પણ શું બોલવું અને શું ન બોલવું તે સમજાતું નહોતું.

"બોલ સહદેવ.! શું કરવું છે..? કાલે સવારે પ્રેસ કોન્ફરન્સ બોલાવી લઉં..?"

કાકુજી બોલ્યા.

@gujaratibookz

"કાકુજી ! કોઈ વિશેષ જાહેરાત કરવાની હોય તો બોલાવી લો." સહદેવ શાસ્ત્રી બોલ્યા.

"પંચાવન વર્ષે તુ ઘોડે ચઢશે એ વિશેષ ઘટના જ કહેવાશે ને..? કાકુજી બોલ્યા.

"કાકુજી.! કંઈ સમજાય એવું બોલો તો સારું. ને આમેય મારું તો મગજ બહેર મારી ગયું છે."

અણગમો અને અવિવેક દર્શાવતા સહદેવ શાસ્ત્રી બોલ્યા.

"સહદેવ.! જયારે મગજ બહેર મારી ગયું હોય ત્યારે અગત્યનો નિર્ણય ન લેવો જોઈએ. છતાંય તું કહેતો હોય તો કાલે પ્રેસ કોન્ફરન્સ બોલાવી ભરતપૂરની બેઠક ઉપરથી તું ચૂંટણી લડવાનો છે એવી જાહેરાત કરી દઉં." કાકુજી મક્કમતાથી બોલ્યા.

"તો એનો અર્થ એ છે કે, હું ચૂંટણી લડું એમાં તમને કોઈ વાંધો નથી."

સહદેવ શાસ્ત્રી બોલ્યા.

"એમાં વાંધો લેવાવાળો હું કોણ.! કેમ..? થોડીવાર પહેલા તું જ બોલ્યો હતો ને, કે હું કે અન્ય કોઈ પદયાત્રિ ચૂંટણી લડે, તો એમાં બીજા કોઈને વાંધો ન હોવો જોઈએ" કાકુજી બોલ્યા.

"કાકુજી.! હું ક્યાં એવું બોલ્યો હતો." ગળગળા સ્વરે સહદેવ શાસ્ત્રી બોલ્યા.

"તારી વાત ભૂપતના મુખે બોલાઈ હતી. અને તે એ વાતને સમર્થન આપ્યું હતું. આપ્યું હતું ને..? કે એમાં પણ હું ખોટો છું..?" કાકુજીએ હળવાશથી સવાલ પૂછયો.

"કાકુજી.! મારે ચૂંટણી લડવી કે નહિ? એ નિર્ણય તમે જ લો."

નરમ થતા સહદેવ શાસ્ત્રી બોલ્યા. પછી અવાજમાં નરમાશ વધારતા વાત આગળ વધારી,

"મારી કસુમ હયાત હોત, તો કદાચ એની ઈચ્છા પણ જાણવી પડત. પણ, હવે તો.."

સહદેવ શાસ્ત્રીએ વાત અધૂરી મૂકી બધાને અસમંજસમાં મૂકી દીધા. કાકુજીને પણ !

કાકુજી બોડકું માથું કયાર સુધી ખંજવાળતા રહયા તેની એમને પણ ખબર ન પડી. સરલાનુ મગજ પણ કામે લાગી ગયું હતું. ને ઈશાન સહદેવકાકા ચૂંટણી લડે તો શું ફાયદો થાય. અને ચૂંટણી ન લડે તો શું ફાયદો થાય. તેની ગણતરી કરવામાં વ્યસ્ત બન્યો હતો. ભૂપત કાકુજી શું નિર્ણય લેશે તેનો વિચાર કરવાને બદલે નિર્ણય કેમ જાહેર નથી કરતા..? તેના વિચારે ઊંચોનીચો થઈ રહયો હતો. માધવ હંમેશાની જેમ જ આંખો બંધ કરી સીટી વગાડતો રહયો.!

"એ માધ્યા! તું પણ કંઈ વિચારશે..? કે પછી સીટી જ વગાડયા કરશે..?" કાકુજી અકળાયા.

"કાકુજી.! બધા તમારા જેવા સંત નથી. અને આ રાજકારણ એવી ખૂજલી છે કે એની વલૂર જીવનભર ઊઠયા કરે છે. પંચ્યાસી વર્ષના ડોસાને વડાપ્રધાન બનવું છે.! ને યાદશક્તિ ગુમાવી ચૂકેલ નેવું વર્ષના મહાનુભાવને કેન્દ્રિય મંત્રીપદ નહિ તો રાજયપાલ બનવાના ધખારા કરતાં આપણે સૌએ જોયા છે. હવે તમે જ કહો કે આખી જીંદગી લોકસેવા કરનાર સહદેવકાકા ચૂંટણી લડવાની ઈચ્છા રાખે તો એમાં ખોટું શું છે..?" માધવ બોલ્યો.

"તો ટૂંકી ને ટચ વાત કહી દેને કે સહદેવ શાસ્ત્રીને ચૂંટણી લડવા દો." સરલા બબડી.

સરલાનુ સહદેવ શાસ્ત્રી માટેનું નામવાચક ઉદ્‌બોધન કાકુજીને ખૂંચ્યું. એમણે કરડી આંખે સરલા તરફ નજર કરી. જો કે સરલાની નજરનો પ્રત્યુત્તર જણાવી રહયો હતો કે એણે કશું જ ખોટું નથી કર્યું. આમેય પદયાત્રામાં સરલાને સામેલ કરવાનો નિર્ણય સહદેવ શાસ્ત્રીને કઠયો હતો.! ને ઉપરથી પદયાત્રાનું સંચાલન તેણીને સોંપાયા પછી સહદેવ શાસ્ત્રી અનેકવાર પોતાની નારાજગી દર્શાવી ચૂકયા હતા. આમ પદયાત્રા શરૂ થવાથી માંડીને અત્યાર સુધીમાં સરલા અને સહદેવ શાસ્ત્રી વચ્ચેના માનવીય સંબંધોની ખાય ક્રમશઃ પહોળી થઈ હતી. અધૂરામાં પૂરું કસુમના અકસ્માત અવસાન પછી સહદેવ શાસ્ત્રીએ ઊભી કરેલી બળવાગ્રસ્ત સ્થિતિથી સરલા વધારે અકળાઈ હતી.

@gujaratibookz

એનું જ આ પરિણામ હતું કે સહદેવકાકા કહેનારી સરલા સહદેવ શાસ્ત્રી ઉપર ઉતરી આવી હતી. જો કે માધવે એની કડવી જબાનને કંઈક આ રીતે બંધ કરી.

"સહદેવકાકા જ શું કામ..? સરલા ગાંધી અને ઈશાન ગાંધી, ભૂપત પાટણવાડીયા, ગૌતમ રામી, જયદેવ રાજપૂત, ભોગીલાલ માવલા, સંજય પટેલ અને ચંપકલાલ મોદીએ પણ ચૂંટણી લડવી જોઈએ..?"

માધવે પદયાત્રાના મુખ્ય સંચાલકો અને પાંચેય ટીમના કન્વીનરોએ ચૂંટણી લડવી જોઈએ એવી હિમાયત કરી સૌને આંચકો આપ્યો. લગભગ કાકુજીને પણ.!

"એ માધ્યા! તારે ઢોચકું તો ઠેકાણે છે ને..?" કાકુજી લગભગ બરાડતા સ્વરે બોલ્યા.

"કેમ? મારા ઢોચકાને શું થયું છે..?"

આશ્ચર્યથી વિસ્ફારીત આંખે બધાને જોતા માધવે માથા ઉપર હાથ ફેરવીને ઢોચકાની ચકાસણી કરી લીધી.

"તું બબૂચક જેવો લવારો કરી રહયો છે, એટલે કાકુજીને તારું ઢોચકું યાદ આવ્યું. કેમ કાકુજી.? બરાબર કહયું ને?" કાકુજીને લાડ કરતી સરલા બોલી.

"હું..અ.અ.! મને તો એમ લાગ્યું હતું કે મારા સિવાય ઘણાં બધા લવારે ચઢયા છે."

વિચાર તંદ્રામાં ડૂબેલ અવસ્થા અને મુદ્રા વ્યકત કરતો માધવ બોલ્યો.

માધવ, કાકુજી અને સરલાના સંવાદે ઉભી કરેલી શબ્દજાળે બધાને માથું ખંજવાળવા મજબૂર કર્યા હતા. ભૂપત તો બાઘાની જેમ આંખો ફાડીને બધાની સામે જોઈ રહયો હતો. સહદેવ શાસ્ત્રી થોડુંક સમજયા હોય તેવું વ્યકત કરી રહયા હતા. બીજી તરફ પાંચેય ટીમ લીડર અને પદયાત્રિઓ વચ્ચે ગુસપુસ ચાલું થઈ ગયી હતી. ગણ ગણાટની ગુંગળામણ વેઠી ન શકાતા ભૂપત બોલ્યો,

"ગિલ્લીદંડાની રમતમાં ગિલ્લીને પડતા ફટકા જેવો મારા મારા માથા ઉપર વાગી રહયો છે.! મગજની બૂન પૈણાઈ રહી હોય તેવી મારી હાલત છે.! ને તમે બધા ડાયલોગ પર ડાયલોગ માર્યે જાવ છો.! મેં તો એટલું જ જાણવા માગું ચ કે સહદેવકાકા ચૂંટણી લડશે કે નૈ..?"

સબરનો બંધ તૂટતા ભૂપતે કોડાફાડ ભાષા ઉચ્ચારતા વાતના મૂળીયા ઉપર ઘા કર્યો.

વાત ફરીને ત્યાં જ આવીને ઊભી રહી, જયાંથી વાત શરુ થઈ હતી. પરિણામે ગણગણાટ ફરી પાછો શરુ થયો. એટલું જ નહિ નોંધપાત્ર રીતે વધ્યો પણ ખરો. લગભગ બધા જ એકબીજા તરફ અસમંજસ ફરી નજરે જોઈ રહયા હતા. સરલા અને ઈશાનના ચહેરા ઉપર પણ થોડી અકળામણ દેખાતી હતી. હા, કાકુજીના ચહેરા પર નીરવ શાંતિ અને માધવના ચહેરા ઉપર મધુર મુસ્કાન છવાઈ હતી. માધવ ફરી પાછો ઝાડના થડને અઢેલીને સીટી વગાડવાની શરૂઆત કરી.

"કાકુજી.! મારો ચૂંટણી લડવાનો વિચાર જતો કરું છું."

સહદેવ શાસ્ત્રી નરમ સ્વરે બોલ્યા. તેમના આ શબ્દ સાંભળી ભૂપત તો ચોંકયો જ, પણ સાથોસાથ ઈશાન પણ ચમક્યો.! એનો ચમકાટ ઘણાં બધાએ નોંધ્યો પણ ખરો. પણ ઈશાનના શબ્દોએ રહી સહી કસર પણ પૂરી કરી.

"દિવંગત કુસુમના પિતા તરીકે તમે ચૂંટણી ના લડવાના હોય તો હું એના પતિ તરીકે..?"

ઈશાનના મુખમાંથી ઉતાવળે નીકળેલ શબ્દો સાંભળી બધાની નજર એના તરફ ગઈ. માધવના ચેહરા ઉપર આછા ભાવ વર્તાતા હતા. પણ, કાકુજી અને સરલાની આંખો તો ખુલ્લી જ રહી ગઈ હતી.! બધાની તીવ્ર પ્રતિક્રિયા જોયા પછી સૂર બદલતા ઈશાને વાત આગળ વધારી,

@gujaratibookz

“ઈટસ માય ઓપિનિયન એન્ડ આઈ થિન્ક બધાને તે એક્સપ્રેસ કરવાનો અધિકાર છે.”

“દિવંગત કુસુમના રજીસ્ટર્ડ પતિ તરીકે ચૂંટણી લડવાનો અધિકાર તને છે.! એવી જ રીતે સરલાને દિવંગતની નાણંદ તરીકે, માધવને દિવંગતના નાણદોઈ તરીકે ને.”

ભૂપતનો બકવાસ ગંદકી ફેલાવતો આગળ વધે તે પહેલાં કાકુજીનો ક્રોધ તમાચો બની ભૂપતના ગાલે પડઘાયો.!

*****

બીજી સવારે કાકુજી અને તેમની ટીમના સભ્યો ઘાયલ પદયાત્રિઓને લઈને સરકારી હોસ્પિટલની બહાર આવ્યા ત્યારે મીડિયાકર્મીઓની ટીમ ટાંપીને ત્યાં ઊભી હતી. જેવા બધા બહાર આવ્યા કે કેમેરાની ફ્લેશ ઝબૂકવા માંડી. વિડીયો કેમેરાના રેકોર્ડ બટન દબાયા. હાથમાં માઈક લઈને ઊભેલા ન્યૂઝ ચેનલના પ્રતિનિધિઓ સિગારેટ બૂઝાવતા દોડ્યા. માઈક બધાની આગળ ને ઉપર લગાવાની લ્હાયમાં એકાદે ઘાયલને ધક્કો પણ માર્યો.

“મિસ્ટર ગાંધી! સાંભળ્યું છે કે તમારી પદયાત્રાના કેટલાક પદયાત્રિઓ ટાંય ટાંય ફીસ્સ થઈ ગયા છે..?”

ન્યુ ઈન્ડિયા ચેનલના સ્થાનીક પ્રતિનિધિએ ખીલ્લી ઉડાવતા સ્વરે પ્રશ્ન પૂછયો.

“તમારી માહિતી સાચી છે, પણ સવાલ પૂછવાનો અંદાજ ખોટો છે. શું તમે તમારી મમ્મીને બાપની બાયડી કહીને સંબોધો છો..?”

કાકુજીએ ઠંડા કલેજે જવાબ આપ્યો.

“મહાદેવ ગાંધી.! આ કેવી બેહુદગી છે..?”

“માઈન્ડ વેલ. તમે નેશનલ ચેનલના પ્રતિનિધિ સાથે વાત કરી રહયા છો.”

“તમારે બધાએ આનું પરિણામ ભોગવવું પડશે.”

“કેમ ભાઈ.? તમે કરો એ લીલા અને અમે કરીએ તો છિનાળવું..? હાથમાં માઈક અને ઈડિયટ બોક્ષના સહારે તમે નેતાઓને બિવડાવી શકશો. આ કાકુજી જુદી માટીનો બનેલો છે. ગાંધીવાદી વિચાર મારો આદર્શ છે. પણ એનો અર્થ એ નથી કે તમે એક ગાલે થપ્પડ મારશો તો હું બીજો ગાલ આગળ ધરીશ.”

કાકુજી મક્કમતાથી બોલ્યા. પછી સવાલ પુછનાર પ્રતિનિધિના ખભે હાથ મૂકી બોલ્યા,

“બેટાતે પેલી કહેવત તો સાંભળી જ હશે..? ‘લાતોના ભૂત વાતોથી નથી માનતા.!’ તમે જેવો સવાલ કરશો, જવાબ તેવો જ મળશે. બોલો..? હજુ કોઈએ કંઈ પૂછવું છે..?

“પદયાત્રામાંથી કેટલાક પદયાત્રિઓ અચાનક ખસી જવાનું કારણ જણાવશો..?”

યુવાન પત્રકારે સવાલ કર્યો.

“ચોક્કસ જણાવીશ. બે દિવસ પહેલાં બનેલ દુર્ઘટનાથી તમે બધા માહિતગાર છો. પદયાત્રિ તરીકે અમારી સાથે જોડાયેલ કુસુમનુ આ દુર્ઘટનામાં મૃત્યુ અને તેનો આઘાત અમારા બધા માટે અસહય બન્યો છે. છતાંય અમે મન મક્કમ કરી આગળ વધવાનો નિર્ણય લીધો હતો. અમારી પદયાત્રા કેટલાક નેતાઓના રાજકિય મિશનની આડે આવતી હોય એમણે અમારા પદયાત્રિઓને ટિકિટની લોલીપોપ આપવાની શરૂઆત કરતા કેટલાક પદયાત્રિ લલચાયા છે. અને અમે એને પોતાની ઈચ્છા મુજબ નિર્ણય કરવાની છૂટ આપી છે.” કાકુજીએ વિનમ્રતાથી જવાબ આપ્યો.

“મિસ્ટર ગાંધી.! શું આ તમારી હાર નથી..?” અન્ય એક પત્રકારે સવાલ કર્યો.

“તમારી વાત સાથે હું સહમત છું. તમે મને સુપરમેન માનો છો.! પણ, ભાઈ હુંય કોમનમેન

@gujaratibookz

છું.! પણ તમને એટલી ખાતરી જરૂર આપીશ કે મારા જીવતાજીવ તો આ પદયાત્રા સ્થગિત નહિ થાય. પદયાત્રા કરતાં પણ વિશેષ આ લોકયાત્રા છે. યોગાનુયોગ ચૂંટણીની તારીખ જાહેર થઈ છે, ત્યારે આવા પ્રશ્નો તો આવવના, પણ પ્રજાને મોંઘવારીના ખપ્પરમાં હોમી દેનાર રાજકિય પક્ષને સીધાદોર કરવા અમે એડી ચોટીનું જોર લગાવીશું." કાકુજીએ વિસ્તૃત જવાબ આપ્યો.

"પણ કાકુજી! તમારા મતે તો રાજ્ય અને કેન્દ્ર, એમ બન્ને સરકાર મોંઘવારી માટે જવાબદાર છે. તો પછી તમે સીધાદોર કોને કરશો..?" આકરો પ્રશ્ન પુછાયો.

"રાજ્યની જનતા માટે એક તરફ કૂવો છે. તો બીજી તરફ ખાઈ છે. તેવા સમયે દેશની આ બે મુખ્ય પાર્ટીઓ સિવાયનો વિકલ્પ મતદારોએ શોધવો પડશે." કાકુજી બોલ્યા.

મિસ્ટર મહાદેવ.! સ્ટેમ્પઈડમાં જીવ ગુમાવનાર અપરણિત કુસુમ પ્રેગનન્ટ હોવાનું પોસ્ટ મોર્ટમ રિપોર્ટમાં બહાર આવ્યું છે..! શું આ વાત પદયાત્રાનું ચારિત્ર હણનારી નથી જણાતી..?"

ન્યુ ઈન્ડિયા ચેનલનો પ્રતિનિધિ પુનઃ મેદાનમાં આવતો બોલ્યો.

"કુસુમ ગર્ભવતી હતી તે વાત સાચી છે. પણ એ અપરણિત હતી તે વાત ખોટી છે. હા, કુસુમ અને ઈશાને સિવિલ મેરેજ કર્યા હોવાની વાતથી અમે બધા અજાણ હતા. પણ એ અમારો અંગત મામલો છે. એટલે એના માટે હું કંઈ નહિ કહું. રહી વાત પદયાત્રાના ચારિત્રની તો અમારે તમારી પાસેથી કેરેકટર સર્ટીફિકેટ નથી જોઈતું."

કાકુજીએ મક્કમતાથી જવાબ આપ્યો.

"મિસ્ટર મહાદેવ.! ચાલો માની લઈએ કે કુસુમ પરણિત હતી. પણ તમારી પૌત્રી સરલાનું શું.? ત્રણ મહિના પહેલા એણે ખાનગી હોસ્પિટલમાં એબોર્શન કરાવ્યું છે. તમે એ વાતથી પણ અજાણ હતા..?"

કાકુજી સમક્ષ મેડિકલ રિપોર્ટ ધરતા ન્યુ ઈન્ડિયા ચેનલના પ્રતિનિધિએ ઘટસ્ફોટ કર્યો. આ વાત સાંભળી કાકુજીના ચહેરા ઉપર ઊતરી આવેલી અકળામણ અને શરમ સ્પષ્ટ તરી આવી હતી. પદયાત્રિઓમાં પણ ગણગણાટ શરૂ થઈ ગયો. ગતરાતે ચિંતન બેઠકમાં ભૂપતે કરેલા સવાલનો કાકુજીએ થપ્પડની ભાષામાં જવાબ આપ્યો હતો. પણ, જાહેરમાં પૂછાયેલ આ સવાલનો જવાબ કાકુજી કેવી રીતે આપશે..? બધા એકબીજાનો ચહેરો તાકતા રહયા. એ સાંજે કાકુજીની પૌત્રી સરલાના બાળકનો પિતા કોણ..? એ વિષય ન્યુઝ ચેનલો માટે જીવંત ચર્ચાનો મુદો બન્યો.

@gujaratibookz

આઠ

કાકુજીએ ઓલવાતા દીવાની વાટને સંકોરવાનો પ્રયાસ કર્યો પણ પવનની થપાટે દીવો ઓલવાય ગયો. તેર દિવસ પહેલા પદયાત્રા શરૂ કરવાની પ્રભાતની સ્થિતિ કરતાં આજની સ્થિતિ જુદી છે. રેંટીયા ઉપર સુતર કાંતી રહેલ કાકુજીએ પકડેલી રૂની પુણીમાંથી નીકળતો સૂતરનો તાર વારંવાર ગુંચવાઈ રહયો હતો.! એકધારો લાંબો તાર કાંતવાની કાકુજીની કુશળતા ટુકડામાં વિભાજીત થઈ હતી.! ઉપરથી દીવો ઓલવાયો હતો. આજે સમયાનુસાર સૂર્યોદય પણ નહોતો થયો.

"સ.૨.લા.!"

કાકુજીના ગળામાં રૂંધાયેલો અવાજ દૂર સુધી ફેલાય તે પહેલા પ્રકાશનો ચમકારો થયો ને દિવાસળીના પ્રકાશમાં માધવ દીવો સળગાવતો દેખાયો.

"કાકુજી! સરલામાં તમારી સામે આવવાની હિંમત નથી." નીચી નજરે માધવ બોલ્યો.

"માધવ.! સળગતા દીવાએ આખા ઓરડાને ઝગમગાવ્યો. પણ, દીવા તળે અંધારુ.!"

કાકુજીના અવાજમાં ભારોભાર વિષાદ હતો. રૂંધાતા સ્વરે તેમણે વાત આગળ વધારી

"વાંક તો મારો જ કહેવાયને..? મારે જ એની વધતી ઉંમરનો ખ્યાલ કરવો જોઈતો'તો. દેશ-દુનિયાને રાહ બતાવવા નીકળેલ કાકુજી પોતાની પૌત્રીને રાહ બતાવવામાં નિષ્ફળ ગયો. ઊણપ તો મારા જ સંસ્કારમાંને..? હવે કયા મોઢે લોકો વચ્ચે..."

કાકુજીનો રૂંધાતો સ્વર ડુસકામાં ફેરવાયો ને એ ધૂસકે ધ્રુસકે રડી પડયા.

*****

કોમનમેન પાર્ટીના પ્રદેશ કાર્યાલય ખાતે કોર કમિટિની મીટીંગ ચાલી રહી હતી. પ્રદેશ પ્રમુખ અભયસિંહ, કાર્યકારી અધ્યક્ષ લક્ષ્મણદાસ, ઈલેકશન ઈન્ચાર્જ ખિમજીભાઈ, તમામ ઝોન અને જીલ્લા પ્રમુખો ઉપરાંત પ્રદેશ પદાધિકારી અને સ્ટેટ ઈન્ચાર્જ દરેક બેઠક માટે જીલ્લા સ્તરેથી પ્રસ્તાવિત કરાયેલ ત્રણ ઉમેદવારોની યાદી ચકાસયા બાદ ચૂંટણી દરમ્યાન સ્ટાર પ્રચારક તરીકે યુવાનેતા કબીરજીને બોલાવવાનો પ્રસ્તાવ અભયસિંહે મૂકયો. પ્રત્યુત્તરમાં પ્રદેશ પ્રભારી પ્રભાકર નાયડુએ આ નિર્ણય કેન્દ્રિય વર્કીંગ કમિટિ અને રાષ્ટ્રીય અધ્યક્ષા ઉપર છોડવાની વાત ઉચ્ચારી. કાર્યકારી અધ્યક્ષ લક્ષ્મણદાસ મોદીએ પણ નાયડુનું સમર્થન કર્યું. ઝોન પ્રભારીઓ પણ લક્ષ્મણદાસના પલ્લે બેઠા. બાપુની સામેનું પલ્લું ભારે થતું જોતા યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ સમરસિંહ બોલ્યો,

"બધી જ વાત કેન્દ્રિય વર્કીંગ કમિટિ અને રાષ્ટ્રીય અધ્યક્ષા ઉપર છોડવાની હોય તો આપણી મીટીંગ બોલાવવાનો શું અર્થ છે..?"

સમરસિંહના શબ્દોમાં નારાજગી વર્તાતી હતી.

"સમરસિંહ.! પ્રદેશ અધ્યક્ષની નિમાણૂક પણ આપણે આ રીતે જ કરી હતી. ત્યારે તો તમને આ રીતમાં કંઈ ખામી જણાઈ નહોતી..?ને હવે કેમ..?"

સાઉથ ઝોન પ્રમુખ મુનવ્વર પટેલ બોલ્યા.

"ટાંટિયાખેંચની રમત આપણે ચૂંટણી પછી રાખીએ..? જેને પણ વાદવિવાદ કરવાનો શોખ હોય તે ન્યૂઝ ચેનલ જોઈન્ટ કરી લે. ને મારી વાત ના ગમતી હોય તો મને જણાવી દે. એટલે હું મારું રાજીનામું ખાન સાહેબને સોંપી દઉં..!" લક્ષ્મણ મોદી કડકાઈભર્યા સ્વરે બોલ્યા.

"લક્ષ્મણકાકાની વાત સાચી છે. આપણે પ્રદેશ સમિતિના સૂચનો અને પ્રસ્તાવો રાષ્ટ્રીય અધ્યક્ષાને મોકલી આપીએ. આ સાથે પ્રદેશની ચૂંટણીલક્ષી તમામ નિર્ણયો લેવાની સત્તા તેમનો

@gujaratibookz

સોંપતો એક પ્રસ્તાવ સર્વાનુમતે પસાર કરીએ.” અભયસિંહ બોલ્યા.

અભયસિંહની વાત બધા માટે ભાવતું હતું ને વૈદે કહ્યું જેવી પૂરવાર થયી. ગણતરીની સેકન્ડમાં ચૂંટણીલક્ષી તમામ સત્તા રાષ્ટ્રીય અધ્યક્ષાને સોંપતો પ્રસ્તાવ પસાર થયો. આમ ચૂંટણીની જાહેરાત પછી કોમનમેન પાટીની પ્રદેશ સમિતિની પ્રથમ બેઠક નિર્વિને પૂર્ણ થયી.

*****

મુખ્યમંત્રી અનુપ મહેતાના બંગલે રાત્રી બેઠક ચાલી રહી હતી. જનમંચ પક્ષની પ્રદેશ સમિતિના હોદ્દેદારો અને પ્રભારી તરૂણ પ્રસાદ ગુફ્તગૂ કરી રહયા હતા. હમણા જ આવેલ મુખ્યમંત્રી સ્નાનાદિ પતાવ્યા બાદ ભોજન કરી રહયા હતા. બાજરીના રોટલો, દૂધી બટાકાનું શાક અને મગની ખિચડીનું સાદું ભોજન લીધા પછી મુખ્યમંત્રી પણ બેઠકમાં જોડાયા.

“સોતે પકડે ગયે શ્રીમાન મહાદેવ ગાંધીકી કયા ખબર હૈ..?” તરૂણ પ્રસાદ બોલ્યા.

“પ્રસાદજી! આપ ગલત લાઈન પર જા રહે હૈ.! હમ મહાદેવકાકા કો અંડર એસ્ટિમેટ નહિ કર શકતે. જનતા કી રગ પહેચાનના ઉન્હેં બહુત અચ્છી તરહ સે આતા હૈ.” મુખ્યમંત્રી બોલ્યા.

“અનુપજી! આપણે તેમને આપણા રંગે રંગી નાંખીયે તો..?

પ્રદેશ અધ્યક્ષ ગોરધન પટેલે ધીમા સ્વરે પોતાનો મત રજૂ કર્યો.

“મહાદેવ અપને રંગમેં રંગ જાયેંગે તો તો સોને પે સુહાગા હો જાયેગા. કર્યું અનુપજી..? આપ કા ક્યા ખયાલ હૈ..? તરૂણ પ્રસાદ ખુશી વ્યક્ત કરતા બોલ્યા.

“પ્રસાદજી.! કલ સુબહ આપ હી સૂર્યપુર ચલે જાઈએ. ઔર ઉન્હે હમારી પાર્ટી કી ઓર સે ચુનાવ લડને કા નિમંત્રણ દિજીયે. ઉનકે દો-ચાર લોગોં કો ભી ટિકટ દેંગે.” અનુપ મહેતા બોલ્યા.

“આપકી બાત સો આને સહી હૈ. મૈં કલ હી ઉનસે ડિલ ફાઈનલ કર લુંગા.”

પ્રસાદજી બોલ્યા.

“સૌરભ.! કાલે સવારે પ્રસાદજી સાથે તું પણ સૂર્યપુર જજે.”

બોલતા અનુપ મહેતા ઉભા થયા પછી સૌરભના ખભે હાથ મૂકી તેને બેઠકથી થોડે દૂર લઈ જઈ વાત આગળ વધારી,

“ઈશાન અને સરલાને પણ આપણા પક્ષના ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાનું આમંત્રણ આપી જોજે. આમ તો કાકુજી આપણી પાર્ટી સાથે જોડાય તેમ લાગતું નથી. પણ જો બાજી ગોઠવાય તો તેની ક્રેડીટ આપણને જ મળવી જોઈએ. મહેનત કરે મરઘી ને બેદા ખાય પારસીવાળી કહેવત આપણે સાચી પડવા દેવી નથી.”

સૌરભને સૂચના આપી મુખ્યમંત્રી પાછા ફર્યા ત્યારે બધા આઈસક્રિમનો સ્વાદ માણી રહયા હતા. પ્રસાદજીની બાજુમાં આવીને બેઠા પછી એમના કાન નજીક જઈ ધીમા સ્વરે બોલ્યા,

“મુઝે પૂરા ભરોસા હૈ. કલ આપ યહ ડિલ ફાયનલ કરકે હી લોટેંગે. સૌરભ આપકી સહાયતા કે લિયે સાથ રહેંગા. ઠીક હે..?”

પોતાની વાત પુરી કરી તેઓ ઉભા થયા અને બેઠકખંડમાંથી બહાર જતા બોલ્યા,

“બધાને શુભરાત્રી. ગુડનાઈટ પ્રસાદજી.” ને રાત્રી બેઠક સમાપ્ત થઈ.

*****

સૂર્યપુરના શિવમંદીરમાં સરલા અને માધવના ઘડિયા લગ્ન લેવાયા હતા. ગઈકાલથી આંખ સુઝી ગયા સુધી રડનાર કાકુજીની આંખ અને ચહેરા ઉપર ખુશી વર્તાતી હતી. વરઘોડિયાંને આશીર્વાદ આપવા કાકુજીએ ભરતપુરથી થોડાક વડીલોને પણ તેડાવ્યા હતા. ને બનેના દોસ્તારો

@gujaratibookz

લગ્નની મઝા માણવા આવ્યા હતા. શાસ્ત્રોકત વિધિથી લગ્ન કર્યા પછી વરઘોડિયાંએ મોટેરાના આશીર્વાદ લીધા ત્યારે ફરી પાછી કાકુજીની આંખ ભીની થઈ હતી.

"દાદુ..! કયાં સાસરે જવાની છે તે તમે રડો છો.!" પગે લાગતી સરલા બોલી.

"કાકુજી.! હું તો ઘરજમાઈ બની તમારે ત્યાં જ રહેવા આવી જવાનો છું..!"

પગે લાગતો માધવ બોલ્યો. પછી વહાલથી ભેટેલા કાકુજીના ખભા પર માથું રાખી વાત આગળ વધારી,

"આમેય હું આખો દિવસ તો તમારી સાથે જ હોઉં છું. હવે રહીશ પણ તમારી સાથે."

બોલતા માધવનો અવાજ ગળગળો થઈ ગયો. ભીના સ્વરે વાત આગળ વધારતો બોલ્યો,

"અત્યાર સુધી તમે મારા માં અને બાપ હતા. હવે સાસુ સસરા પણ, ને દાદાસસરા પણ..."

વાત પુરી થતા સુધીમાં માધવે રડી દીધું.

થોડીવાર સુધી માધવના માથા અને પીઠ ઉપર હાથ ફેરવતા રહયા. પછી બોલ્યા,

"સરલા..! માધવ સાસરે જવાનો છે એટલે રડી રહયો છે. લે.અ.અ.! આને છાનો રાખ.!"

માધવને સરલા તરફ ધકેલતા કાકુજી બોલ્યા. કાકુજીના શબ્દોએ હાસ્યની લહેર ઊડી. બધા ખડખડ હસી પડ્યા. માધવનો વિલાયેલો ચહેરો પણ ખીલી ઉઠ્યો.

વરઘોડિયાં બધાને પગે લાગી રહયા ત્યારે બપોરના સાડા બાર વાગવા આવ્યા હતા. મંદિરની પાછળ રંધાઈ રહેલ જમણના તીખા વઘારે બધાનું ધ્યાન એ તરફ ખેંચ્યું. બામણીયા દાળની સોડમે બધાની ભૂખ જગાડી એટલે બધા રસોડા તરફ દોરાયા.

*****

એકાદ કલાક પછી જમવાનું પત્યું ત્યારે ભરતપુરથી આવેલા વડીલો પાછા ફરતાં પહેલાં નવદંપતિને આશીર્વાદની સાથે ચાંદલા સ્વરૂપ કવર આપ્યાં ત્યારે સરલાએ તે લેવાની આનાકાની કરી. પણ આ તો શુકન કહેવાય તેવા વડીલોના આગ્રહ સ્વરૂપ શબ્દો અને માધવે મચકારેલી આંખના ઈશારે સરલાએ તે સ્વીકારી લીધા. બન્નેના મિત્રોએ પણ કવર આપ્યા ત્યારે ટીખળ કરતો માધવ બોલ્યો,

સરલા.! આ લોકોના કવર ચેક કરીને લેજે. નહિતર પાછળથી કહેતી નહિ કે તમારા મિત્રોની સાથે મારી બહેનપણીઓના કવર પણ ખાલી નીકળ્યા."

"માધવકુમાર.! જેમના મગજ ખાલી હોય એના કવર કદી ખાલી ના નીકળે. કારણ ખાલી કવર આપવા પણ મગજ તો ચલાવવું પડે ને..?"

હળવા સ્વરે કાકુજી બોલ્યા. કાકુજીની આ વાતથી માધવ થોડો ચીડાયો કે બઘવાયો હોય તેવું જણાયું. એના ચહેરા ઉપર નારાજગીની રેખાઓ તરી આવી. પણ એ કોઈને વર્તાય તે પહેલા આગળ ધપવાની તૈયારી કરી રહેલ પદયાત્રિઓની વચ્ચે એ ભળી ગયો. અને લગ્નના બેએક કલાક પછી વરવધુ દેશસેવામાં જોતરાઈ ગયા.

"કાકુજી.! ભૂપતભાઈ અને બીજા બે પદયાત્રિના ચાલ્યા જવાથી આપણી સંખ્યા પંચોતરની થઈ છે. હવે ઈઠોતેરનો આંકડો પૂરો કરવા શું કરીશું..?" પદયાત્રિ ચંપકલાલ બોલ્યો.

"તું મારું માથું ના ખા! બધી કડાકૂટ માધવકુમાર સાથે કરી લે." કાકુજી બોલ્યા.

"ચંપકકાકા! હવે તમારે ત્રણ પદયાત્રિની નહિ, પણ પાંચની વ્યવસ્થા વિચારવી પડશે. હું અને સરલા પણ પાછા ફરી રહયા છે. નારજગીસભર સ્વરે માધવ બોલ્યો.

"કેમ, માધવકુમાર.! શું થયું..? તમે આમ નારાજ કેમ થયા છો..? સરલા સાથે કંઈ..? સરલા.!

@gujaratibooks

આમ આવ તો જરા.”

માધવ સમક્ષ વ્યાકુળતા વ્યક્ત કર્યા પછી કાકુજી સરલા પર તાડૂક્યા.

“શું થયું દાદુ.! કેમ આમ આકરા થયા છો..? રોજની જેમ લાડ કરતી સરલા બોલી.

“જુઠ્ઠાડી.! આમ દાદુ સાથે લાડ કરે છે. ને બીજી તરફ ભરથાર સાથે મળીને દાદુનુ નાક કાપવાની તૈયારીઓ કરી લીધી છે. કોને પુછી પદયાત્રા છોડવાનો નિર્ણય કર્યો છે..?”

સરલા કંઈ સમજે તે પહેલા કાકુજીએ ફાયરીંગ શરુ કરી દીધું. માધવ તરફ ઈશારો કરતાં વાત આગળ ધપાવી,

“આનામાં તો બિલકુલ અક્કલ નથી.! પણ તારી બુદ્ધિ કયાં ઘાસ ચરવા ગઈ છે..? મૂળે તો વાંદરો હતો, ને ઉપરથી આ અક્કલમઠ્ઠીએ દારૂ પીવડાવ્યો.!”

કાકુજીની વાત સાંભળી માધવ ખડખડાટ હસી પડ્યો. પણ બધવાયેલી સરલા વારાફરતી બન્ને તરફ જોતી રહી. બધવાયેલી સરલા અને રઘવાયેલા કાકુજીને જોતો એ બોલ્યો,

“અસ્સલ કાકુજી દેખાયા ખરા..! સરલા..! તુ જાણે છે..? ક્યારના કાકુજી મારી સાથે કેવી રીતે વાત કરતા હતા..?”

નકારમાં હાલેલું સરલાનું મસ્તક ને પ્રશ્નસૂચક નજર નિહાળી માધવે વાત આગળ ધપાવી,

“કેમ, માધવકુમાર.! થયું..? તમે આમ નારાજ કેમ થયા છો..?”

બોલતાં બોલતાં માધવ ખડખડાટ હસી પડ્યો. હસી શું પડ્યો. હસી હસીને બેવડ વળી ગયો. ભરતપૂરથી આવેલા વડીલો પણ આ ખેલ જોવા આવ્યા. પદયાત્રિઓ તો ક્યારના ટોળે વળી ચૂક્યા હતા. ઉપરથી મંદીરે આવતા ભક્તો પણ જોડાયા. તમાશાને થોડું તેડું હોય..!

“માધ્યા! આમા આટલું હસવા જેવું શું છે..?” સરલા બબડી.

“લે..અ.અ.અ..! તને અમા કંઈ હસવા જેવું ના લાગ્યું..?”

“ ના.”

“તો તો તુ કાકુજીની અસ્સલ વારસદાર ખરી.!”

હસતો માધવ બોલ્યો. પછી અસમંજસ વધુ ગાઢું બને તે પહેલા ખુલાસો કરતો બોલ્યો,

“કાકુજી.! તમે પહેલા ખુલાસો કયો હોત ને કે આની સાથે લગ્ન કરવાથી હું તમારો માધ્યો મટીને માધવકુમાર બની જઈશ.! તો મેં ક્યારેય લગ્ન કરવાની હા ના પાડી હોત.”

“ઓ..અ.અ.અ.હ.! તો એમ વાત છે.!”

સામૂહિક ઉચ્ચાર થયો. કાકુજી, સરલા અને માધવ એકબીજાને તાકી રહયા. પછી કાકએ માધવના ગાલે હળવી ટપલી મારી ને માધવ તેમને ભેટી પડ્યો. સરળા પણ બન્નેને વળગી પડી ત્યારે ઘણી આંખો ખુશીના આંસુડે ભીંજાઈ ગઈ હતી.

છેલ્લા બે દિવસમાં ઘટેલ બે અકસ્માતને લીધે અડતાલીસ કલાક મોડી પડેલ પદયાત્રા સૂર્યપુરથી આગળ વધવાની તૈયારી કરી હી હતી ત્યારે ત્રણ પદયાત્રિઓ બદલાઈ ચૂકયા હતા. સરલા અને માધવના ઘડિયા લગ્નમાં આશીર્વાદ આપવા આવેલ કાંતિ પટેલ, સરલાની બેનપણી કુમુદિની અને માધવનો ભેરુ જયકિશને વિદાય લેનાર પદયાત્રિનું સ્થાન લીધુ હતુ.

પદયાત્રા અહીંથી પ્રસ્થાન કરે તે પહેલા પોલીસ એસ્કોર્ટીંગ સાથે થોડાક વાહનોનો કાફલો આવતો દેખાયો. જો કે આવા બનાવોથી ટેવાઈ ગયેલ પદયાત્રિઓ ઉપર આની ઝાઝી અસર ન વર્તાઈ. તેઓ પદયાત્રાની આગેકૂચના આયોજનમાં જોતરાયેલા રહયા.

સૌરભ બાવળીયા અને રાષ્ટ્રીય આગેવાન તરુણ પ્રસાદ પૂજારીની ઓરડીમાં બેઠેલા કાકુજી

@gujaratibooks

પાસે પહોંચ્યા ત્યારે કાકુજી સરલા પાસે માથામાં ગાયનું ઘી ઘસાવતા બેઠા હતા. માધવ પોતાનો અહેવાલ લખવામાં અને ઈશાન લેપટોપ સાથેની ગડમથલમાં વ્યસ્ત હતો.

કાકુજીએ હાથ જોડી બન્નેનું અભિવાદન કરવા સાથે તેમને આવકાર્યા. મંદિરના સેવકે તેમની બેસવાની વ્યવસ્થા કરી. ઓરડીના ખૂણામાં ઉભેલ પંખો ચાલુ કરી તેને આ મહાનુભાવો તરફ ફેરવ્યો. પવનની ઠંડી લહેરખીઓના તરવરાટ વચ્ચે સૌરભે વાર્તાનો દોર શરુ કર્યો.

"કાકુજી ! અમારી પાર્ટીના રાષ્ટ્રીય મહાસચીવ તરૂણ પ્રસાદજી એક પ્રસ્તાવ લાવ્યા છે."

"બોલીયે બોલીયે તરુણજી.! મહાદેવ સબકી મુરાદ પુરી કરતે હૈ. આપકી ભી હો જાયેગી."

સરલા ટાલકામાં ઘી ઘસતા બોલી. પછી કામમાં વ્યસ્ત માધવ તરફ નજર કરી.

"તરુણજી.! પાર્ટી હમારે કીતને લોગોં કો ટિકટ દેને કા સોચ રહી હે..?" માધવ બોલ્યો.

"ઐસા કોઈ નંબર તો તૈય નહિ કીયા હૈ. મગર આપ લોગ ચાહે તો ઐસા હો સકતા હૈ. હમ સબકો સાથ લેકર ચલના ચાહતે હૈ." તરુણ પ્રસાદ બોલ્યા.

"તમારા તરફથી કોઈ સૂચન હોય તો તે પણ આવકાર્ય છે." સૌરભે તાપસી પુરી.

"સૌરભ..! તારે કે પ્રસાદજીએ આટલી તકલીફ લેવાની જરૂર નહોતી..! પ્રસ્તાવ ન્યુઝ પેપરમાં છપાવી દીધું હોત તો પણ ચાલત..!"

બાજઠ પર બેઠેલા કાકુજી ઉભા થતા બોલ્યા. ખીંટી પર ટાંગેલ અગરખું પહેરાતા વાત આગળ વધારી,

"દેખો પ્રસાદબાબુ..! આપ જૈસે વ્યસ્ત નેતાકો મેરે પીછે અપના વક્ત બરબાદ નહિ કરના ચાહીયે."

પછી લપટોપમાં મોટું ઘાલીને બેઠેલ ઈશાનના વાંસા પર હળવો ધબ્બો મારતા બોલ્યા,

"છોકરાઓ.! પદયાત્રા આગળ ધપાવવાની તૈયારી કરો."

વાત પૂરી કરી તેઓ ઓરડાની બહાર નીકળી ગયા.

સામાન્ય સંજોગોમાં કાર્યકર્તાઓની જીહજુરી, નેતાઓની ખુશામત અને મોટા લોકોની આવભગત માંણવા ટેવાયેલ તરૂણ પ્રસાદ કાકુજીના આવા ઠંડા અને રખા પ્રતિસાદથી અકળાયા હતા.! સૌરભ અંદરથી પુલકિત થતો હોય તેમ તેનો ચહેરો ચમકી ઊઠયો હતો, પણ રાષ્ટ્રીય મહામંત્રી તેના આ ભાવોને કળે તે પહેલાં તેણે ચહેરો ઉતરેલી કઢી જેવો કરી લીધો.

*****

નિયત કાર્યક્રમ કરતા બે દિવસ મોડી, પણ પદયાત્રાએ સૂર્યપુરથી આગળ પ્રયાણ કર્યું હોવાના સમાચાર વાયુવેગે ફેલાયા આકસ્મિક દુર્ઘટનામાં સરલાના મોતની પીડા સમેટાય તે પહેલા આવેલ સામાજીક અને નૈતિક ભૂકંપ પછી કાકુજી પદયાત્રા સમેટીને ઘર ભેગા થઈ જશે તેવું અનુમાન લગાવનાર બધા માટે આ શોકીંગ અને બ્રેકીંગ ન્યુઝ હતા. કોમનમેન પાર્ટીના દિલ્હી સ્થિત કાર્યાલયમાં પણ ટેલીફોનની ઘંટડી રણકવા લાગી હતી. ખાન સાહેબે પાળેલા પ્રદેશ કક્ષાના નેતાઓ એમને બ્રિફીંગ કરવામાં અને ન્યૂઝપેપર કટીંગ ફેકસ કરવામાં વ્યસ્ત બન્યા હતા.

ત્રણેક કલાકના અંતે પદયાત્રા મગણાપાડા પહોંચી ત્યારે પદયાત્રિઓના સ્વાગત માટે લગાવેલ બેનર ઝૂલી રહયું હતું. જો કે પ્રાથમિક શાળાની બહાર કે અંદર કોઈ જ જણાતું નહોતું. સ્થિતિ પારખતા કાકુજીએ કમરમાં લટકતી ઘડીયાળની ડાબડી ખોલી જોયું તો સાંજના છ વાગવા આવ્યા હતા. તેમણે પાછા ફરી આંખથી ઈશારો કર્યો ને પછી બમણા વેગથી ચાલવા માંડયા. પદયાત્રિઓ પણ તેમના કદમમાં કદમ મિલાવતા આગળ વધ્યા. પરીણામે સાતેક વાગે પદયાત્રા

@gujaratibookz

એકાદ હજારની વસ્તી ધરાવતા બાગીપુર મૂકામે પહોંચી ત્યારે ખાસું અંધારું થઈ ગયું હતું.

"કાકુજી.! તમે બધા અહીં થોભો. હું મોહન સરપંચને મળી આવું."

પથ સંચાલન સમિતિના કન્વીનર ચંપકલાલ મોદી બોલ્યા.

"ચંપકલાલ.! સંજય પટેલ અને એક બે યાત્રીઓને પણ સાથે લેતા જાવ."

કાકુજી બોલ્યા. ચાર-પાંચ જણાની ટુકડીએ બાગીપુરના સરપંચની ડેલી તરફ આગેકૂચ કરી.

ગણતરીની મિનિટો પણ હજુ વીતી નહોતી ત્યાં તો પચાસેક માણસોનું ટોળું આવતું દેખાયું. ટોળું નજીક પહોંચ્યું ત્યારે જણાયું નાના-મોટા થઈને દોઢસોએક માણસો કાકુજી અને તેમની ટીમની ગામમાં પધરામણી કરાવવા આવ્યા હતા. મોહન સરપંચની સાથે ઈબ્રાહીમ શેખ, રામજી શુકલ અને ગંભીરસિંહ વાંસદીયા પણ આવ્યા હતા. ને સાથે બધાના ચેલા ચપાટા તો ખરા જ. બધાની ઈચ્છા એવી હતી કે કાકુજી તેમના ઘરે નિવાસ કરે. પણ ચાર ખૂણાના ચોકડીને કોઈ એકબાજુએ ખેંચી આકાર ન બગાડવાનું મન બનાવી ચૂકેલ કાકુજી બોલ્યા,

"મારે તો તમારા ચારેયના ઘેર રહેવું છે. ને આ ઝેણકીના ઘેર પણ..!"

માથું ઊંચુ કરી કાકુજીને ટગર ટગર જાતી નાની છોકરીના માથે હાથ મૂકતા કાકુજી બોલ્યા.

"પણ, એ કેવી રીતે બને..? બધાના ઘર તો અલગ છે..!"

માથું ખંજવાળતા મોહન સરપંચ બોલ્યા.

"બધાના ઘર અલગ છે, પણ ગામ તો એક જ છે ને."

બીજું કોઈ કંઈ બોલે તે પહેલા કાકુજીએ જવાબ આપ્યો ને પછી વાત આગળ વધારી,

"જુઓ. ખાલી એક રાતનો સવાલ છે. કાલે વહેલી સવારે તો અમે નીકળી જઈશું. બે દિવસ મોડા પડયા છે એની ભરપાઈ તો કરવી જ પડશે ને. કેમ છોકરાઓ શું કહો છો..?"

"કાકુજી.! રોજ એક કલાક વહેલા નીકળીએ, બપોરનો વિરામ થોડો ટૂંકાવીએ અને સાંજે અંધારું થાય ત્યાં સુધી ચાલીએ, તો પાંચ દિવસમાં યાત્રા નક્કી કરેલા પાટા ઉપર આવી જશે."

"બોલો છોકરાઓ..? હુ કો છો..?"

કાકુજી મોટેથી બોલ્યા. બધાએ હાથ ઊંચો કરી હોકારો કર્યો. કાકુજીએ વાત આગળ ચલાવી,

"અમે બધા રાતવાસો પંચાયતના મકાનમાં કરીશું. રહી વાત તમારા બધાની લાગણી સાચવવાની. તો પદયાત્રિઓની ચાર ટીમ પાડીયે. એક એક ટીમ તમારે ત્યાં જમવા આવશે. ને બધાને ત્યાંથી આવેલા ટિફિનમાંથી અમે સાથે બેસીને પંચાયતના મકાનમાં બિસમિલ્લાહ કરીશું. બોલીયા ભટ્ટી સાહબ.! આપકા ક્યા ખયાલ હૈ..?"

કાકુજીએ કાઢેલા તોડથી બધા રાજી થયા. બધાનું દિલ પણ રહયું ને માન પણ જળવાયું. બધા પદયાત્રિઓ ભોજન કરીને પંચાયતના મકાને ભેગા થયા ત્યારે દશ વાગવામાં પણ થોડીક મિનિટો બાકી હતી. ઘરમાં ચમચી પણ આઘીપાછી ન કરતા ગંભીરસિંહ અને એક જ ઘરકયુ કરી ભલ ભલાને શાંત પાડી દેતા શેખ સાહેબ કાકુજીને રાજી કરવા મથી રહયા હતા. ને કાકુજીએ પણ બન્નેનું મન સાચવ્યું. દરબારના ઘરનો સીરો પણ ખાધો અને શેખ સાહેબના ઘરની સેવૈયા પણ. ને પછી બધા સાથે બેસી મોડી રાત સુધી ગામગપાટા મારતા રહયા.

*****

મોડી રાતનો સમય થયો હતો. આખું બાગીપુર ગામ ઘસઘસાટ ઉંઘી રહયું હતું. દિવસ દરમ્યાન ત્રીસેક કિલોમીટર ચાલ્યા પછી પદયાત્રિઓને મળતો છ થી આઠ કલાકનો આરામ તેઓ મીઠી નિંદ્રા માણી વિતાવે તે અત્યંત જરૂરી હોય, પંચાયતના મકાનમાં પોઢેલા પદયાત્રિઓની ઉંઘ

@gujaratibookz

બધા કરતાં વિશેષ હતી. પંચાયતના મકાનની બાજુમાં આવેલ મકાનના વાડામાં બાંધેલ ઢોર વચ્ચે વચ્ચે ભાંભરી વાતાવરણમાં થોડો અવાજ ફેલાવતા હતા. બાકી તમરાનો અવાજ અને પવનની લહેરોથી હાલતા ઝાડના પાંદડાની ખરેખર તો હતી જ.

અચાનક કોઈના પગલાનો અવાજ સંભળાયો. પંચાયતના મકાન તરફ આવતા પગલાની સાથે કંઈક ઘસડાતું આવતું હોય તેવો અળવીતરો અવાજ પણ સંભળાય રહયો હતો. કાથીવાળા ખાટલા ઉપર સૂતેલ પદયાત્રિએ પડખું ફેરવ્યું.! ને પછી ફટાકાનો નાદ પણ સંભળાયો. મચ્છરના ચટકાની ખીજ ઉતરાવા પોતાના જ ખભા ઉપર મારેલ થાપટનો અવાજ તો આવો જ હોય ને..?

પંચાયતના મકાનની સામેની ખુલ્લી જગ્યાને બાંધનાર કંપાઉન્ડ વોલ વચ્ચેના મુખ્ય દરવાજાની સામેથી શેખ સાહેબ આવતા દેખાયા. એમની પાછળ એક ગધેડો દોરાઈ આવતો દેખાયો. ગધેડાના ગળામાં બાંધેલા દોરડાનો છેડો શેખ સાહેબના હાથમાં હતો ને ગધેડાની પીઠ ઉપર હતું એક પોટલું ! શેખ સાહેબ, ગધેડો અને પોટલું દરવાજા આગળ આવીને ઉભા રહયાં પછી પદયાત્રિઓની વચ્ચેથી એક વ્યકિત કામળો ઓઢી આગળ ધપ્યો. દરવાજા નજીક આવ્યા પછી એકવાર પાછળ નજર કરી લીધું કે કોઈ પીછો તો નથી કરી રહ્યું ને.! પછી સૂતેલા પદયાત્રિઓ તરફ પણ એક નજર કરી લીધી.

બધી દીશામાંથી ઓલ ઈઝ વેલનો સંકેત મળ્યો એટલે એ વ્યકિત બહાર આવ્યો. શેખ સાહેબ સાથે થોડી ગુફ્તગૂ કર્યા પછી બધા ડાબી બાજુએથી મકાનના પાછળના ભાગે આવ્યા.

"ખાન સાહેબને આપકે લીયે તોહફા ભેજા હૈ."

"શેખ સા'બ.! તોહફ કે બદલે મેં ખાનસાબ ચાહતે ક્યા છે..?

"કુછ જ્યાદા નહિ. આપકે લીયે તીન સુઝાવ હૈ ચાહો તો ઉનકા હાથ પકડી લો. વિરોધિયોં કી ગોદમેં બૈઠને કા ખયાલ દીમાગ સે નીકાલ દો. હા,આપ અપના તીસરા કોના ખીંચ શકતે હો."

"ઔર અગર હમ, ઐસા ના કરે તો..?"

"તો મૈ અપના તોહફા ઔર ગધા લેકર વાપસ ચલા જાઉંગા."

"ઔર અગર હમ તીન સુઝાવ મેં સે, એક સુઝાવ માન લે તો..?"

"તો ગધા ઔર ઉસ પર રખા સબસે બડી નોટોં કા પોટલા આપકા."

શેખ સા'બ.! ગધા આપ રખ લો. ઔર પોટલા સ્વીસ બેન્ક મેં જમા કરવા દો."

વાત પુરી કરી તે પાછલી દીવાલ કૂદી અંદર પ્રવેશી બોલ્યો,

"ખાન સાબ સુઝાવ અચ્છે દેતે હૈ."

@gujaratibooks

નવ

કાકુજીના વડપણ હેઠળ ઈઠ્ઠોતેર પદયાત્રિઓ સાથે ભરતપૂરથી નીકળેલી પદયાત્રા ચોવીસમાં દિવસે તેના અંતીમ પડાવ મહાત્માનગર આવી પહોંચી. પદયાત્રાના છેલ્લા તબક્કામાં યોજાએલ જાહેરસભા અને મીટીંગ દરમ્યાન સહદેવ શાસ્ત્રી અને ઈશાનના તેવર બદલાયેલા જણાયા હતા. પ્રારંભમાં શાંત અને ઓછાબોલો જણાયેલ ઈશાન લગભગ બધા જ મુદ્દે પોતાનો મત વ્યકત કરતો હતો. માત્ર મત જ નહિ તેણે અગત્યના નિર્ણયો પણ પોતાની સ્ટ્રેટેજી અનુસાર લેવડાવવા સાથે ઘણીવાર લાખો રૂપિયાનું આંધણ થાય તેવા સૂચનો કર્યા હતા..!

ઈશાનમાં ફૂંકાયેલ પરિવર્તનના પવનની દિશા અને દશા સમજવાની જવાબદારી કાકુજીએ સરલાને સોંપી હતી. તો બીજી તરફ સહદેવ શાસ્ત્રી દરેક મુદ્દે ઈશાનની વિરૂદ્ધ કદમતાલ કરતા હોવાનું નોંધી સંબંધોમાં આવેલા આ બદલાવના કારણો સમજવા તેમણે કમર કસી હતી. માધવ પદયાત્રાને મળી રહેલ પ્રતિસાદ અને અનુભવોને કાગળ પર ઊતારી તેને અખબારના માધ્યમથી જનસમુહ સુધી પહોંચાડવામાં વ્યસ્ત બન્યો હતો. કેટલાકના બદલાયેલ તેવર થી એ સાવ અજાણ્યો નહોતો. એ દિશાની ગડમથલ પણ એના મગજમાં ચાલી રહી હતી. સમય આવ્યા પહેલા અને કાકુજીના પુછયા પછી જ પોતાની વાત કહેવા કેળવાયેલ માધવ ખુલ્લી આંખે બધો તાલ તમાશો જોતો જ રહયો..!

પદયાત્રાના સમાપન સાથે રાજયના રાજકારણમાં એક નવો અધ્યાય લખાવાના એંધાણ રાજકીય પંડીતોએ ચર્ચવા માંડ્યા હતા. પદયાત્રાના પ્રથમ તબક્કામાં ચૂંટણીની જાહેરાત. બીજા તબક્કામાં વિવાદી બનાવો, પ્રસંગો અને નિવેદનો. તથા ત્રીજા તબક્કામાં નોંધાયેલ રાજકીય હુમલાઓ પછી બધાની નજર સમાપન કાર્યક્રમમાં ઉપસ્થિત લાખોની મેદનીને સંબોધનાર કાકુજી તરફ મંડાઈ હતી. મોંઘવારીના મારથી બેહાલ જનતા કાકુજી તરફ મીટ માંડીને બેઠી હતી.

મહાત્મા નગરની મધ્યે આવેલ સરદાર સ્ટેડીયમમાં કીડીયારું ઉભરાયું હતું. પચાસ હજારની બેઠક વ્યવસ્થા ઉપરાંત મેદાન અને સ્ટેડીયમમાં ચાલવાની જગ્યાનો એક નાનકડો ટુકડો પણ ખાલી દેખાતો નહોતો. તે સમયે કાકુજી, સહદેવ શાસ્ત્રી, ઈશાન ગાંધી, સરલા અને માધવ સ્ટેડીયમમાં પ્રવેશ્યા. ને એમની પાછળ પ્રવેશ્યા ઈઠ્ઠોતેર પદયાત્રિઓ.

"દેશ કા નેતા કૈસા હો..?મહાદેવ ગાંધી જૈસા હો"

"કાકુજી આપ આગે બઢો પૂરા પ્રદેશ આપકે સાથ હૈ."

નારાઓના સ્વયંભૂ જયઘોષ સાથે મેદનીની વચ્ચેથી પસાર થતા બધા મંચ નજીક આવ્યા. યુથ અગેઈન્ટ સ્ટારવેશન અને મોંઘવારી નિર્મુલન સંઘના સંચાલકોએ સૂતરની આંટી પહેરાવી તમામનુ સ્વાગત કર્યું. ને પછી મંચ ઉપર કરાયેલ ભારતીય બેઠક વ્યવસ્થામાં બધાને બેસાડયા.

*****

વાત પૂરી કર્યા પછી સહદેવ શાસ્ત્રી તરફ નજર ઝાટકી ઈશાન સ્વસ્થાને આવી બેઠો. ઈશાનો ગર્વીલો અંદાજ સહદેવ શાસ્ત્રીને અકળાવી ચૂકયો હતો. અને એટલે જ તેમના નામની જાહેરાત પૂરી થાય તે પહેલા તેઓ ઉદ્‌બોધકની પાછળ આવીને ઉભા રહી ગયા હતા. જાણે જનમેદનીને સંબોધવાની લ્હાયમાં ઊતાવળા ન બન્યા હોય..!

"છેલ્લા બાર વર્ષથી રાજયમાં કોની પી..અ..અ..! બોલી રહી છે, તે આપણે બધા જ જાણીએ છીએ. રહી વાત રાજય સરકારે લાદેલા કરવેરાઓની. તો સીધું ગણિત છે. બાર રૂપિયાની સુવિધા જોઈતી હોય તો બાર રૂપિયા ચૂકવવા પડશે. ચાર રૂપિયા વેરો લઈને બાર રૂપિયાના ફળ

@Gujaratibookz

આપવાની વાત કરનાર સરકારે આપણા ચાર રૂપિયા પણ તફડાવી લીધા છે. અને એટલે જ એવા લોકોની દશા આપણા રાજ્યમાં નબળી થઈ છે, ને હવે કેન્દ્રમાં પણ એવી જ દશા કરવાની છે. કોમનમેનને મેન જ ન ગણનારાઓને ફરી એકવાર ધોબીપછાડ આપવાનો અવસર આંગણે આવીને ઊભો છે. ને આ તકને પરિણામમાં ફેરવવાની તક અમે ઝડપી લીધી છે. આપણે બધા જાણીએ છીએ કે કાકુજી લોકશાહી વ્યવસ્થાના આગ્રહી રહયા છે, ને એમણે આ લોકશાહી વ્યવસ્થાને જ સર્વોપરી ગણી છે. પદયાત્રા સાથે જોડાયેલ બહુમતી પદયાત્રિઓ ઈચ્છી રહયા છે કે લોકશાહીના મહાપર્વ એવા ચૂંટણીજંગમાં ઝંપલાવીએ. ને ગણતરીના દિવસોમાં આ અંગેનો મહત્વનો નિર્ણય અમે લઈશું. હું મારી વાત પૂરી કરે તે પહેલા એક અંતીમ વાત કહેવી છે. અને તે પણ જાહેર નિવેદન સ્વરૂપે. હું વ્યકિતગત રીતે એમ ઈચ્છું છું કે મોંઘવારી અને અરાજકતાના ભોરિંગથી દેશને બચાવવા કાકુજીએ જે નેતૃત્વ લીધું છે તેને ચૂંટણીના રસ્તે આગળ ધપાવવું જોઈએઅને આ માત્ર મારા એકલાની જ નહિ પણ દિવંગત કુસુમની પણ આ જ ઈચ્છા હતી. છતાંય હું તો એમ જ કહીશ કે ચૂંટણી જંગમાં ઝંપલાવવાનો અંતિમ નિર્ણય તો કાકુજીએ જ કરવાનો છે. અને હું કાકુજી દ્વારા લેવાનાર બધા જ નિર્ણયો સાથે મારી સહમતી જાહેર કરું છું.”

ઉદ્‌બોધનની શરુઆતમાં ઉતાવળા જણાએલ સહદેવ શાસ્ત્રીએ કરેલું સમાપન મંચ ઉપર બેઠેલ ઘણાને હચમચાવી ગયું હતું. કાકુજીના મંચ ઉપર ઉભા થવાની સાથે જ માહોલમાં નૂતન સંચાર થયો. અત્યાર સુધી મોબાઈલ ઉપર લાઈવ ચર્ચા કરી રહેલ મીડિયાકર્મીઓ મોબાઈલ ડીસકનેકટ કરી સતર્ક થઈ ગયા હતા. લાખોની મેદની વચ્ચે આકાર પામી ચૂકેલ ગણ ગણાટ તાળીઓના ગડગડાટમાં પરિણામો. પહેલા કાકુજીએ બે હાથ જોડી અભિવાદન ઝીલ્યું પછી એક હાથ ઊંચો કરી જનમેદનનીના ઉત્સાહને શાંત થવા પ્રેરણા આપી. ઘડીના છઠ્ઠા ભાગમાં નીરવ શાંતિ પથરાઈ ગઈ.

“મેરે દો અનમોલ રતન... એક ઈશાન તો દૂજા સહદેવ..!”

કાકુજીએ ફિલ્મી અંદાજમાં ગીત ગણ ગણતા શરૂઆત કરી. પછી હળવા સ્વરે વાત વધારી,

“મારી પહેલા જેમણે ભાષણ કર્યુ એમના સૂરમાં હું પણ સૂર પુરાવું છું. બન્નેની વાતનો સૂર પણ એક સરખો જ હતો. હા, સૂર લગાવવા આલાપેલો રોગ જુદો જુદો હતો. એક ને રાજય સરકારમાં ખોટ દેખાઈ.! તો બીજાને કેન્દ્ર સરકારનો વાંક જણાયો. જો કે મને અને સરકારોની નિયતમાં ખોટ દેખાય છે. કારણ એક બીજા ઉપર દોષનો ટોપલો ઢોળી બને પોતાને દોષમુકત દેખાડવાનો ડોળ કરી રહયા છે. પણ ખરેખર બને જવાબદાર છે. સરકાર કેન્દ્રની હોય કે રાજયની હોય. તેમની ખોટી નીતિઓને કારણે આમ આદમી મોંઘવારીના ભરડામાં પીસાઈ રહયો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં તેલની કિંમત વધે કે કરવેરાનું ભારણ વધે. પીસાવું તો આમઆદમીએ જ પડે છે. તેલીયારાજા તેલની કિંમત ભડકે બાળે કે કેન્દ્રની સબસિડી બીજાના ઘરને ઉજાળે. ચૂલો તો આમ આદમીનો જ ઉજડી રહયો છે. આમ આદમીના બાળકોના પેટમાં ભૂખની આગ ભડકે બળી રહી છે. ને રાજય અને કેન્દ્રની ગાદી ઉપર બેઠેલા રાજાઓ એકબીજા ઉપર દોષારોપણ કરી રહયા છે. છેવાડાના માનવીની વાત કરનાર રાજા હોય કે આમ આદમીના દુખની પરવાહ કરવાનો ઠેકો લેનાર રાજા હોય. બધા પોતાના સિંહાસનને ચમકાવવામાં ને બીજાના સિંહાસનના પાયા હચમચાવવામાં પોતાની અને પોતાની સરકારની શકિતનો ઉપયોગ કરી રહયા છે. એટલે હું તો બન્નેને જાકારો આપવાની સલાહ આપું છું. હવે જો બન્ને ને જાકારો આપવો હોય તો આપણે ત્રીજો વિકલ્પ ઊભો કરવો પડે. જો તમે બધા સહકાર આપતા હોવ તો હું ત્રીજો વિકલ્પ રચવા તૈયાર છું. આપ સૌનો

સાથ અને સહકાર હોય તો આપણે રાજ્યની તમામ બસો અગિયાર બેઠક ઉપર ઉમેદવાર ઉભા રાખીશું. આ સાથે તેત્રીસ ટકા બેઠકો મહિલાઓ માટે તથા તેત્રીસ ટકા બેઠકો યુવાનોને ફાળવવાની જાહેરાત કરું છું. અહીં યુવાન એટલે યુવાન. કોઈ એક પરિવારનો યુવરાજ નહિ જે ઓગણપચાસ વર્ષની ઉંમરે પણ યુવાન ગણાય.! આપણે પાંત્રીસ વર્ષથી ઓછી ઉંમરના નાગરીકને જ યુવાન ગણીશું. બોલો..? શું કહો છો..?"

પોતાની વાત રજૂ કરીને કાકુજીએ પ્રજામત જાણવા સવાલ તરતો મૂક્યો.

"દેખો દેખો કૌન દહાડા..? દુઃખિયોં કા બેલી દહાડા."

"કાકુજી તમે આગળ વધો. યુવાશકિત તમારી સાથે છે"

"નારીશકિતની હામ કેરી કાકુજીની રણભેરી"

પ્રચંડ જયઘોષ સંભળાયો જેણે રાજય અને દેશના રાજકારણની દશા અને દશા નક્કી કરનારાના કાન સરવા કરી દીધા.

*****

રાજયમાં સતત ત્રીજીવાર સરકાર બનાવવાનો મનસુબા સેવનાર મુખ્યમંત્રી અનુપ મહેતાએ કોર કમિટિની આપતકાલીન બેઠક બોલાવી હતી. પહેલા તબકકાના ઉમેદવારોની યાદી જાહેરાત કરવાના સમયે મીટીંગ.! કાકુજીની જાહેરાત પછી ઉમેદવારો બદલવાની કવાયત હાથ ધરાઈ હતી. આ સાથે પક્ષની મતબેન્ક એવા સામાજીક-શૈક્ષણિક પછાત વર્ગના લોકોને વધુમાં વધુ ટિકિટ ફાળવવાની રણનીતિ અપનાવાઈ હતી.

જો કે પાટીદાર સમાજે સડસઠ બેઠક, ક્ષત્રિયોએ આડત્રીસ બેઠકની માંગણી પ્રબળ બનાવી હતી. આ ઉપરાંત પિસ્તાલિસ અનામત હોય મુખ્યમંત્રી ઈચ્છે તો પણ પચાસ બેઠકો પણ ઓ.બી.સી. સમાજન ફાળવી શકાય તેમ નહોતી. વળી સાત બેઠક લઘુમતી ઉમેદવારને ફાળવવાની જાહેરાત કરાઈ ચૂકી હતી. એટલે ટિકિટ ફાળવણીનો મુદો માથાના દુઃખાવા સમાન બન્યો હતો. ઉપરથી કાકુજીએ જાહેર કરેલ રણનીતિએ રાજકીય ઘમાસાણમાં વધારો કર્યો હતો.

*****

કમલાકુમારી અને કબીર નાસ્તાના ટેબલ ઉપર બેઠા હતા. વેસ્ટર્ન સ્ટાઈલથી બનતી ચાની ટ્રે લઈ નોકર આવ્યો. જેવી એણે ટ્રે ટેબલ ઉપર મૂકી કે તરત કમલાકુમારીએ ટ્રે પોતાની તરફ ખેંચતા નોકરને જવાનો ઈશારો કર્યો. પછી ચાહ બનાવવા લાગ્યા. અંગ્રેજી ન્યુઝપેપર વાંચી રહેલ કબીરે એક નજર એમના તરફ કર્યા પછી ન્યુઝપેપર વાળીને બાજુએ મૂકતા બોલ્યો,

"આન્ટીજી..! આપ કર્યું તકલીફ કર રહી હૈ..? વૈસે ભી માં-બાબા કી મોત કે બાદ આપને મેરે લીયે કયા નહિ કિયા..? જીસ પોલિટિકસ કો આપ હેટ કરતી થી ઉસે ભી ગલે લગાયા.! મૈં જાનતા હું, આપને યહ સિર્ફ મેરે પોલિટિકલ કેરીયર કે લીયે હી કિયા હૈ. ઔર અબ યહ કામ ભી.!"

"કબીર.! ઈસે કામ નહિ કહેતે. યહ તો મમતા છે. જો મેં મૌસી બનકર મેહસુસ કરના ચાહતી હું. મેં જાનના ચાહતી હું કી, અબ તક મુઝે તુમ્હારી આદતે યાદ હૈ..? યા નહિ..?"

ચાહનો કપ કબીર તરફ સરકાવી તેણીએ વાત આગળ વધારી,

"બતાઓ..? ચાય અચ્છી બની હૈ યા નહિ..?"

કબીરે ચાહની ચુશ્કી લીધી. કમલાકુમારી ભાવભરી નજરે તેને જોઈ રહયા હતા. જાણે કબીરની પ્રતિક્રિયા જાણવા લાગણીસભર બન્યા હોય. કબીરના ચહેરા ઉપર પણ મીઠી પ્રતિક્રિયા ઉભરી રહી હતી. એ કંઈ બોલે તે પહેલા જયોર્જનો અવાજ સંભળાયો.

@GujaratiBooks

"મેડમ.! ખાનસા'બ આપે છે. કોઈ અરજન્ટ કામ હૈ."

"જયોર્જ..! તુહે કીતની બાર બતાના પડેગા..? ખાનસાબ કો... યુ ગો એન્ડ ગેટ હીમ ઈન."

"આઈ એમ સોરી મેડમ.! મગર આપ ઔર કબીરજી ચાઈ નાસ્તા કર રહે હૈ ઈસલીયે ખાનસાબને ફોર્સ કીયા કી એકવાર પૂછ લો."

અંગત સચિવ જયોર્જ નમ્ર સ્વરે બોલ્યો. કમલાકુમારી જ્યોર્જને જતો જોતી રહી. તેમની નજર દરવાજા તરફ જ હતી. ખાનસા'બ પ્રવેશતા બોલ્યા,

"કાકુજી પ્રદેશ કી સભી સીટોં પર અપને પ્રયાશી ઉતાર રહે હૈ."

"ખાનસા'બ! આપ કુછ જયાદા હી સોચતે હૈ. પહેલે ચાઈ પીજીયે. આંટી ચાઈ બહુત અચ્છી બનાતી હૈ."

ટ્રેમાંથી ચાહનો કપ લઈ તેમની સમક્ષ મૂકતા કબીર બોલ્યા,

"સુગર દેખ લેના. નારાજગી કે કારણ કમ પડ રહી હો તો." કમલાકુમારી બોલ્યા.

ખાનસા'બ ખુરશી ખેંચી ડાઈનીંગ ટેબલ ઉપર ગોઠવાયા. ચાના ઘૂંટડા ભરતા બન્નેના ચહેરાના હાવભાવ ચકાસ્યા. પછી ખાલી કપ ટેબલ ઉપર મૂકતા બોલ્યા,

"તૈતીસ પ્રતિશત મહિલાઓ કે ઉપરાંત હર જીલ્લે મેં કમસે કમ દો યુવાનોં કો ટિકિટ દેતે હૈ. ઔર કબીરજી કો પ્રદેશ ચુનાવ કી પૂરી કમાન. બાપુ કા સુઝાવ ભી યહી થા."

"સુઝાવ તો આપ ભી અચ્છા દેતે હૈ. હમ મહિલાઓ ઔર યુવાન કો વહી સીટ દેંગે જહાં હમ પીછલી બાર ચુનાવ જીતે હૈ. કમ સે કમ આધી સીટે."

બોલતા કબીર ઊભો થયો. ગડીવાળીને મૂકેલ અંગ્રેજી અખબાર ઉપાડયું ને દરવાજા તરફ ડગ માંડયા. દરવાજા નજીક પહોંચી અટક્યો ને પાછા ફરી બોલ્યો,

"આન્ટી.! મેં હેર કટ કે લિયે જા રહા હું. આપ લોગ જો ભી ફાઈનલ કરે, વો મેં બાદમેં આકર આપશે સુન લુંગા."

કબીર બહાર ચાલ્યો ગયો. કબીરના ગયા પછી થોડીવાર સુધી નીરવ શાંતિ પથરાયેલી રહી. પછી ખાનસા'બ બોલ્યા,

"મેડમ.! અભયસિંહ ચાહતે હૈ કી ઉનકા નામ મુખ્યમંત્રી કે તૌર પર ઘોષિત કીયા જાય."

"અભયસિંહ કે ચાહને સે ક્યા હોગા! આપ ક્યા ચાહતે હૈ..? ક્યા હમેં ઐસા કરના ચાહીયે.?"

"હમેં લક્ષ્મણદાસ મોદી કો પ્રમોટ કરના ચાહીયે. ઉનકે પાસ કાકુજી કી ભી કાટ હોગી ઔર અનુપ મહેતા કો ભી સીધા રખેંગે, ઔર ઓ.બી.સી. મતો કા ભી ધ્રુવીકરણ કરવા શકતે હૈ."

"તો ફિર અભયસિંહ કા ક્યા કરેંગે..? ઉસે રાજયસભા કે રાસ્તે કેન્દ્રમેં મંત્રી બના દેતે હૈ. મગર, આપકો ઉનસે બાત કરની પડેગી."

"કૈસે ભી કરકે હમેં ઈસબાર રાજયમે સરકાર બનાની હૈ."

ટેબલ પર મુક્કો મારતા કમલા કુમારી બોલ્યા પછી વાત આગળ વધારી,

તબ હી હમ કબીર કો પ્રધાનમંત્રી બના પાયેંગે."

*****

અનુપજી કોર કમિટિની બેઠકમાં પ્રવેશ્યા કે તરત જ ગણગણાટ શાંત પડયો. વિશાળ સોફા ઉપર એકલા બેઠા પછી બાજુની ખુરશીમાં બેઠેલ પ્રદેશ અધ્યક્ષ ગોરધન પટેલને ઈશારો કર્યો.

"નવી રાજકીય સ્થિતિને ધ્યાને રાખી કેન્દ્રીય ચૂંટણી સમિતિ અને..."

@gujaratibookz

અનુપજીએ હાથ ઊંચો કરી ગોરધન પટેલને રોક્યા ને તે બોલ્યા,

“અનુપજી આપણને વિશેષ માર્ગદર્શન આપશે.”

“વિરોધપક્ષ લક્ષ્મણકાકાને મુખ્યમંત્રી તરીકે પ્રોજેકટ કરવાની રણનીતિ બનાવી ચૂક્યું છે. એન્ટી ઈનકમ્બન્સી વોટ અને જનતાનો વિરોધ ખાળવા અડધા મંત્રીઓ અને બધા જ ધારાસભ્યો નો રીપીટ કરાશે. પ્રદેશ પ્રમુખ ગોરધન પટેલ અને પક્ષનો યુવા ચહેરો સુપ્રિયા સિવાય કોઈપણ લક્ષ્મણ કાકા વિરૂદ્ધ નિવેદન નહિ કરે.”

વાત પૂરી કરી મુખ્યમંત્રી બેઠક છોડી ચાલી નીકળ્યા.

@gujaratibookz

દસ

પહેલા તબક્કાની ચૂંટણીના ફોર્મ ભરવાની તારીખ આવતા સુધીમાં રાજકીય ધમાસાણ ચરમ સીમાએ પહોંચ્યું હતું. બોત્તેર બેઠક ઉપર સાતસો કરતાં વધુ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. જનમંચે પક્ષે બેતાલીસ ધારાસભ્યો પૈકી પાંચ મંત્રીઓ સિવાયના બધાની ટિકિટ કાપી હતી. "નો રીપીટ થિયરી અપનાવી બળવો ખાળવાના પ્રયત્નોમાં ધારી સફળતા પણ મળી હતી. જો કે પ્રદેશ મંત્રી અને વઘાસીયાના ધારાસભ્ય ચંદ્રકાન્ત ગજેરાએ બળવો કરી રાષ્ટ્રીય કોમનમેન પાર્ટીના ઉમેદવાર તરીકે ફોર્મ ભરવા સાથે ચાર તાલુકા પ્રમુખ અને બે જીલ્લા મહામંત્રીઓ પાસે નારાજીનામા અપાવ્યા હતા.

કાકુજીએ બન્ને પક્ષના કોઈપણ બળવાખોરને ટિકિટ ન આપવાનો નિર્ણય જાહેર કરવા સાથે માધવ, સરલા અને પદયાત્રાની પાંચ સમિતિના કન્વીનરો મળીને સાત સભ્યોની ચુનાવ સમિતિ બનાવી હતી. પરીણામે ઈશાન અને સહદેવ શાસ્ત્રી ધૂંધવાયા હતા. પણ જાહેરમંચ ઉપરથી કાકુજીના દરેક નિર્ણયને માથે ચઢાવવાની વાત કર્યા પછી તેમની બકરી ડબ્બામાં આવી ગઈ હતી. અને આમ પણ આ બન્ને ધમપછાડા કરવા સિવાય કંઈ પણ કરવા સમર્થ નહતા. એટલે બન્નેએ પોતાની ઉમેદવારી પાક્કી કરાવવા ઉપરાંત વધારે માથાકુટ કરવાનું ટાળ્યું હતુ. ચુનાવ સમિતિએ સ્વચ્છ પ્રતિભા અને શિક્ષણના આધારે ટિકિટ આપી બન્ને પક્ષની ઊંઘ હરામ કરી મૂકી હતી.

રાષ્ટ્રીય કોમનમેન પાર્ટીએ છેલ્લી ઘડીએ કાર્પેટ બોમ્બિંગની રણનીતિ અપનાવી યુવા મોરચાના રાષ્ટ્રીય પ્રમુખ અને વડાપ્રધાન પદના ભાવી ઉમેદવાર કબીરજી, પ્રદેશ અધ્યક્ષ અભયસિંહ, કાર્યકારી અધ્યક્ષ લક્ષ્મણે મોદી અને બધા કન્વિનરોની હાજરીમાં વિશાળ કાર્યકર્તા સંમેલન કરી મુખ્યમંત્રી તરીકે લક્ષ્મણભાઈ મોદીના નામની જાહેરાત કરવા સાથે ઉમેદવારી નોંધાવવાના છેલ્લા દિવસે બધા જ ઉમેદવારો રોડ શો કર્યા પછી વિશાળ રેલી સ્વરૂપે ઉમેદવારી નોંધાવે તેવી રણનીતિની જાહેરાત કરી.

ત્રણ તબક્કાની ચૂંટણીની નામાંકન પ્રક્રિયા પૂર્ણ થતા સુધી ચાલેલી રાજકિય ઉઠાપટક ચૂંટણી પ્રચાર સાથે વધુ તીવ્ર બની. રાજય અને કેન્દ્રમાં સત્તા ધરાવતા બન્ને રાજકીય પક્ષોએ પોલિટીકલ પાવરને ધારદાર બનાવવા મનિપાવરનો પણ ભરપૂર ઉપયોગ કર્યો. બીજી તરફ નૈતિકતા અને સાદગીના આગ્રહી કાકુજીએ નાંણાના જોરે લોકશાહી પર્વ ઉજવવાની મનાઈ ફરમાવી હતી. પરિણામે તેમના સમર્થનથી લડી રહેલ સ્વતંત્ર ઉમેદવારોને ધાર્યું સમર્થન મળ્યું નહોતું.

પહેલા તબક્કાની ચૂંટણીના મતદાન આડે માત્ર એક અઠવાડિયાના સમય વધ્યો હતો ત્યારે, હાથમાંથી સરકી રહેલ રાજકિય સ્થિતિને થાળે પાડવા કાકુજીએ તમામ ઉમેદવારોની એક બેઠકનું આયોજન પાટનગરમાં કર્યું. પાટનગરની બેઠક ઉપરથી ઉદ્યોગપતિ બાબુભાઈ રાયાણીનો જમાઈ સૌમિલ ઝવેરી ચૂંટણી લડતો હોય તેમણે અહિ વિશાલ જાહેરસભા કરવા પ્રસ્તાવ મૂક્યો. કાકુજીની આનાકાની છતાં સરલાના આગ્રહ અને માધવના મૂક સમર્થન પછી કાકુજીએ હકાર કર્યો ને ત્રણ દિવસ પછી પાટનગર હેલે ચઢ્યુ. કાકુજીના સૂચન અનુસાર તમામ બસો અગિયાર ઉમેદવારો ઓછામાં ઓછા એકસો એક સમર્થક સાથે આવ્યા હતા. બીજી તરફ પાટનગરની આસપાસના જીલ્લામાંથી મોટી સંખ્યામાં લોકો આવ્યા હતા. આમ પાટનગરનુ યુનિવર્સિટી મેદાન ચાલિસેક હજારની સ્વયંભૂ મેદનીથી ઊભરાયું હતું.

રણનીતિ અનુસાર તમામ બસો અગિયાર ઉમેદવારો ઉપરાંત કાકુજીના સાથીદારો અને શુભેચ્છકો સહિત ત્રણ સો લોકો બેસી શકે તેવા વિશાળ મંચ ઉપર અપેક્ષિતો ગોઠવાઈ ચૂક્યા હતા.

બધા ઝોનના એક એક પ્રતિનિધિએ ઉદ્‌બોધન કર્યા પછી માધવે યુવાનોની રાજકારણમાં ભાગીદારી તથા સરલાએ મહિલા સશક્તિકરણની વાત કરી. અંતે કાકુજીએ પોતાના વિચાર રજૂ કર્યા. ચૂંટણી અંગેની વાત કર્યા પછી કાકુજીએ જનસંપર્કનો નવો રસ્તો બતાવ્યો.

"રાજયમાં આકાર પામેલ નવી ઔદ્યોગિક વસાહતમાં સાયકલ બનાવવાની ફેકટરી સ્થાપનાર ઉર્જા સાયકલ કંપનીના માલિક શિવનંદન અગ્રવાલ પ્રચાર માટે આપણને એકવીસ હજાર સાયકલો આપશે. દેરક વિધાનસભા ક્ષેત્રમાં નવાણુ સાયકલ ફાળવવામાં આવી છે, જેના માટે દેરક ઉમેદવારે અગિયાર હજાર રૂપિયા ટોકન ભાડા પેટે ફાળવવાના રહેશે. આપણા આ સમારંભ પછી પ્રત્યેક ઉમેદવાર પોતાના નવ્વાણુ સમર્થક સાથે અહીંથી સાયકલ ઉપર પ્રસ્થાન કરી પોતપોતાના મતક્ષેત્ર સુધી જશે. આમ ઓછા ખર્ચે બહોળો પ્રચાર તો થશે જ સાથોસાથ આપણા પક્ષના વિચારો પણ લોકો સુધી સુદઢપણે પહોંચાડી શકાશે."

કાકુજીએ કરેલ જાહેરાતના પડઘા ગણતરીની મિનિટોમાં રાજકીય પક્ષના કાર્યાલય અને પ્રમુખ પદાધિકારીઓ સુધી પહોંચી ગયા. બિન રાજકીય અભિગમ ધરાવતા શિવનંદન અગ્રવાલને પહેલા સમજાવવાનો ને પછી ધમકાવવાનો પ્રયત્ન કરાયો. તો દિલ્હીથી આવેલા ફોને તેમને સેન્ટ્રલ એકસાઈઝ તથા અન્ય વેરાઓ અંગે આકરી પૂછપરછ કરી. દેશના સફળ વ્યવસાયી તરીકે નામના મેળવનાર શિવનંદન અગ્રવાલે અસરકારક જવાબ આપી બધાને ચૂપ કરી દીધા. તો સાથોસાથ અન્ય રાજકીય પક્ષ પણ તેમની કંપની પાસેથી એક મહિનાના ભાડે સાયકલ મેળવવા ઈચ્છતો હોય તો આપવાની તૈયારી દર્શાવી.

એરકન્ડિશન ઓફિસો અને આધુનીક વાહનોના આદી થઈ ગયેલ નેતાઓ અને કાર્યકરોને સાયકલ ઉપર પ્રવાસ કરવાની વાત અજુગતી લાગતાં તેમણે પ્રસ્તાવ ફગાવ્યો. પણ ચૂંટણી પછી જોઈ લેવાની ધમકી તો આપી જ હતી..!

પાટનગરના યુનિવર્સિટી મેદાનના ચાર મુખ્યગેટ આગળ સયાકલો ભરેલી ટ્રકો ખડકાઈ ચૂકી હતી. પાટનગરથી સૌથી દૂર આવેલ રાજયના પશ્ચિમ ઝોનના તાલુકાની ટીમોને પહેલા વિદાઈ આપવાનું આયોજન કરાયું હતું. પહેલા તબક્કામાં આ ઝોનમાં ચૂંટણી હોય અઢીસો કિલોમીટરનું અંતર બે દિવસમાં કાપવાનું આયોજન હાથ ધરાયું હતું. જેથી ચૂંટણી પડઘમ શાંત થાય તે પહેલા જાહેર પ્રચાર અને છેલ્લા બેતાલીસ કલાક ડોર ટુ ડોર પ્રચાર માટે ઉપયોગમાં લઈ શકાય.

"મોંઘવારી ને અત્યાચાર નહિ સહે આજનો મતદાર" તથા "પરિવર્તન લાવીશું રાજયને બચાવીશું"ના નારાઓથી વાતાવરણ ગુંજી ઊઠયું. કાકુજી, બાબુભાઈ રાયાણી તથા સહદેવ શાસ્ત્રીએ લીલી ઝંડી આપી ને અંદાજીત છ હજાર સાયકલના પૈડા લોકશાહીના મહાઉત્સવને માંણવા ફરવા લાગ્યા. કેમેરાની ફ્લેશ ચમકવા લાગી અને બૂમ માઈક નેતાઓ તરફ લંબાવાયા.

"પત્રકાર મિત્રો, હું તમારી આતુરતા સમજું છું. પણ, મારી મર્યાદા સમજો તો સારું. અત્યારે તો હું એટલું જ કહીશ કે તમારા પ્રશ્નોનો જવાબ કે બાઈટ તો સરલા અને માધવ જ આપશે. હા, હું એક વાત જરૂર કહીશ કે જાહેરસભા કરતાં અત્યારે વધારે કેમેરા અને માઈકના ભૂંગળા દેખાય છે."

સામે તંકાયેલ એક બૂમ માઈકને પકડી ઈશારો કરતા કાકુજી બોલ્યા. પછી વાતનો તંતુ સાંધ્યો,

"બાબુભાઈએ તમારી સરભરા કરવા સરસ આયોજન કર્યું છે. તમે બધાં એમની લાગણીને માન આપો ત્યાં સુધીમાં બાકીના ઝોનના સાયકલવીરોને લીલી ઝંડી બતાવી આવું."

અંતીમ વાકય બોલતાં કાકુજીએ પગ ઉપાડયા. બાબુભાઈ ને સહદેવ શાસ્ત્રી સાથે દોરાયા.

@GujaratiBooks

બન્નેને પાછળ આવતા જોઈ કાકુજી અટકયા ને બાબુભાઈના ખભે હાથ મૂકી બોલ્યા,

"રાયાણીજી.! મારી ઈચ્છા છે કે આ મિત્રોની સરભરા તમે જાતે કરો."

વાત પૂરી કરી તેમણે ઝડપથી પગ ઉપાડયા ને લગભગ દોડતી ચાલે આગળ વધતા બોલ્યા,

"સહદેવ.! તું બાબુભાઈની મદદમાં રે."

લગભગ પાંચ હજાર સાયકલવીરો બીજા ગેટ આગળ તૈયાર હતા. અહીંની કમાન સરલાએ સંભાળી હતી. દોડતી ચાલે આવતા કાકુજીને જોઈ ઉત્તરની અડતાલીસ બેઠકના ઉમેદવારો અને કાર્યકરોએ ઉત્સાહમાં આવી નારો લગાવ્યો.

"ઉત્તર હોય કે દક્ષિણ હોય કાકુજીનો જયજયકાર"

"પૂર્વ હોય કે પશ્ચિમ હોય કાકુજીનો જયજયકાર"

"દસે દિશામાં ગુંજી રહયો કાકુજીનો જયજયકાર"

અહીં કાકુજી, સરલા અને ઈશાને લીલી ઝંડી ફરકાવી. આવી જ રીતે પૂર્વ ઝોનની પંચાવન બેઠકના ઉમેદવાર અને કાર્યકરોને કાકુજી અને માધવે પ્રસ્થાન કરાવ્યા પછી બધા ચોથા ગેટ આગળ એકત્રિત થયા. અહીં કાકુજીની આખી ટીમ ભેગી થઈ હતી. બાબુભાઈ અને સહદેવ શાસ્ત્રી પણ પત્રકારોના કાફલા સાથે આવી પહોંચ્યા હતા. સ્વતંત્ર પક્ષ માટે અત્યંત મહત્વના ગણાતા આ ઝોનમાં સૌથી વધુ અડસઠ બેઠકોનો સમાવેશ થતો હતો. ઉપરાંત કાકુજી પણ આ વિસ્તારમાંથી જ આવતા હોવા સાથે આ ઝોનમાંથી સરલા, ઈશાન, સહદેવ શાસ્ત્રી તથા પદયાત્રાના બે કન્વીનરો ચૂંટણી લડી રહયા હતા. અંદાજીત સાત હજાર સાયકલવીરો આગળ ગોઠવાયેલી સાયકલ ઉપર કાકુજી, માધવ અને સરલા આરૂઢ થયા..! મીડિયાકર્મીઓ સાથે ઈશાન અને શાસ્ત્રીજી પણ ચમક્યા. એમનું ચોંકવું નોંધાય તે પહેલા બને પણ સાયકલ પર સવાર થઈ ગયા. લીલી ઝંડી આપવાની જવાબદારી બાબુભાઈને સોંપાતા તે ચોંકયા ને બોલ્યા,

"કાકુજી..! સરભરા માણ્યા પછી તાજામાજા થયેલ મિત્રો વચ્ચે મને એકલો મૂકીને આગળ વધતા પહેલા એમના સવાલોનો જવાબ આપી દો. નહિતર મારી ખેર નહિ રહે."

બાબુભાઈનુ ભોળપણ સાંભળ્યા પછી બધા ખડખડાટ હસી પડ્યા. મીડિયાકર્મીઓ પણ આ હાસ્ય લહેરમાં જોડાયા. થોડીક પળોની આ હળવાશ પછી મીડિયાકર્મીઓ આગળ વધ્યા.

"કાકુજી..! સાયકલ ઉપર બેસીને મુખ્યમંત્રીની ખુરશી સુધી પહોંચવાનો દાવ સીધો પડશે..?"

"દાવ અને દાવા કરવાનું કામ મારું નથી. મેં એ કામ રાજકીય પક્ષો ઉપર છોડી દીધું છે. રહી વાત ખુરશીની, તો મને ખુરશીમાં નહિ ખુશીમાં રસ છે. આમ આદમીની ખુશીમાં. ગરીબોની ખુશીમાં. શોષિતો અને પીડિતોની ખુશીમાં. તમારા માધ્યમથી હું તો આજે પણ પ્રદેશ અને દેશના નેતાને કહું છું કે, આ રાજયની સાડા સાત કરોડ જનતાને ખુશી વહેંચો. હું એ જ ઘડીએ ચૂંટણીમાંથી પાછા ખસી જવાની જાહેરાત કરી દઈશ. પણ જનમંચ પક્ષ અને કોમનમેન પાર્ટી આમ કરવામાં ઉણી ઉતરી છે. પરીણામે મારે નાછૂટકે રાજકારણમાં આવવું પડ્યું છે" કાકુજી બોલ્યા.

"કાકુજી..! તમે તો અપને મુંહ મીયાં મીઠુંવાળી વાત કરી રહયા છો..! રાજકીય મનસા પાર પણ પાડવી છે અને નાછૂટકે આવ્યાની ગુલબાંગ પણ હાંકવી છે..!" મીડિયાએ બાઉન્સર માર્યો.

"બેટા! તું તારી ઊંમર કરતા બહુ મોટી વાત કરી રહયો છે. સ્વદેશી વિચારધારા અને સમાજસેવા મારો જીવનમંત્ર છે. ગાંધીજીનું ગ્રામ સ્વરાજયનું સ્વપ્ન સાકાર કરવાની કોશિશ બંધ થઈ ગઈ છે, એટલે નાછૂટકે રાજકીય નિર્ણય લેવો પડયો છે. સરદાર પટેલે રજવાડાઓને ભારતમાં

વિલિન કરી અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું. પણ આજે દેશની સંસદમાં પાંનસો બેતાલીસ રાજાઓ બેઠા છે. દરેક રાજયની વિધાનસભા સેંકડો રજવાડા નિર્માણ કરી રહી છે. સ્વદેશીની વાત કરનારા પ્રજાના પૈસે વિમાનમાં ઉડઉડા કરી રહયા છે..! સાદગીની વાત કરનારા પગાર અને ભથ્થાના નામે લાખો રૂપિયા રળી રહયા છે. અમીર દેશોના સાંસદો, મંત્રીઓ અને ધારાસભ્યોને નથી મળતી તેટલી રાજાશાહી સુવિધા ગરીબ દેશના નેતાઓ મેળવી રહયા છે. હું તમને પૂછું છું..? શું ગાંધી અને સરદારે આવા દેશની કલ્પના કરી હતી..? પૂછજો તમારા વ્હાલા મંત્રીઓને..? મુખ્યમંત્રીને..? પ્રધાનમંત્રીને..? હવે હું જે કહેવા જઈ રહયો છું તે વાત બન્ને કાન ખોલીને સાંભળજો અને આખા દેશને સંભળાવજો."

છેલ્લા બોલે સિકસર મારવાની સ્ટાઈલ માટે જાણીતા કાકુજીએ પૂર્વ ભૂમિકા બાંધી બધાના કાન સરવા કર્યા પછી બોલ્યા,

"મારે રાજકારણમાં આવવું જ હોત તો હું પચ્ચીસ વર્ષ પહેલા કેન્દ્રીય મંત્રી કે દસેક વર્ષ પહેલા રાજયના મુખ્યમંત્રી બની શકયો હતો. અનુપને મુખ્યમંત્રી બનાવતી વખતે મારી સમક્ષ પણ પ્રસ્તાવ મૂકાયો હતો. પણ મેં ઘસીને ના પાડી હતી. આ હકિકત અખબાર અને ટીવીના કેટલાક વરીષ્ઠ સંપાદકો પણ જાણે છે."

વાત પૂરી કરીને કાકુજીએ સાયકલને પૈડલ મારી ને સાત હજાર સાયકલો સડસડાટ દોડી.

*****

કાકુજીએ કરેલ રાજકીય ધડકાની ગુંજ બન્ને પાર્ટીઓમાં પડઘાઈ રહી હતી. એમાં પણ ખાસ કરીને રાજ્યના મુખ્યમંત્રી અનુપ મહેતાવાળી વાતે વધારે ધમાસાણ મચાવ્યું હતું. કંથકોટની જાહેર સભામાં મુખ્યમંત્રી પહોંચે તે પહેલા આ વાત તેમના કાનમાં નખાઈ ચૂકી હતી. સમસ્યાને અવસરમાં ફેરવવામાં મહારથ હાંસલ કરનાર અનુપ મહેતાનો ચહેરો આ સાંભળી થોડોક તણાયો પછી મનોમન કંઈક વિચારતા વિશાળ જનમેદની ઉપરથી ઉડી રહેલ હેલીકોપ્ટરની બારીમાંથી નીચે નજર કરતા મૂંછમાં હસ્યા ને જાણે મનોમન બબડયા,

"કાકુજી.! બાપ કરતાં બેટા સવાયા હોય, એ કહેવત તો તમે સાંભળી હશે. પણ આજે હું તમને એનો અર્થ સમજાવીશ."

ધૂળ ઉડાવતું હેલીકોપ્ટર ખુલ્લા મેદાનની વચમાં બનાવેલ હેલિપેડ પર ઉતર્યું ત્યારે વીસેક નેતાઓ તેમનું સ્વાગત કરવા ભેગા થયા હતા. ફૂલોના હાર લઈ ઊભેલ નેતાઓએ હેલીકોપ્ટરનો દરવાજો ખૂલતા જ જયઘોષ કર્યો,

"અનુપજી આપ આગે બઢ છે.. હમ તુમ્હારે સાથ હૈ."

હેલિકોપ્ટર પરથી ધરતી ઉપર પગ મૂકતા અનુપજીએ ઉપસ્થિત નેતાઓની સંખ્યા નોંધી લીધી. એકબીજાથી આગળ વધી તેમને વ્હાલા થવાની ચાપલુસી પણ સુંઘી લીધી. તેમના તરફ આગળ વધતા નેતાઓના ટોળાને હાથના ઈશારો અને આંખ કાઢી અટકાવ્યું. આ સ્થિતિમાં માત્ર ગોરધન પટેલ આગળ આવ્યા ને બે હાથ જોડી તેમનું અભિવાદન કર્યું.

"ગોરધનજી..! આ બધા આવી જ ગયા છે, તો સભા અહીં જ સંબોધી લઈએ..?"

ધીમા સ્વરે ગોરધન પટેલને સવાલ કરી રહેલ અનુપજીની આંખના ભાવ ભાળી બઠા ફફડી રહયા હતા. પછી બધાની વચમાંથી પસાર થતાં તેમણે વાત આગળ વધારી,

"મારા નામના નારાઓ લગાવીને જીતવા કરતાં એવું કરાવો કે જનતા તમારા નામે મત આપે"

@gujaratibookz

વાત પૂરી કરીને સીધા ખુલ્લી જીપ ઉપર ચઢયા પછી બોલ્યા,

"પંકજ તું અને ગોરધન પટેલ મારી સાથે આવી જાવ. તમે બધા અહીં જ રહેજો. જાહેરસભા સંબોધીને આવ્યા પછી તમારી ખબર લેવી છે..!"

વાત પૂરી થતા સુધીમાં બને જીપ ઉપર ચઢી ગયા ને જીપ સડસડાટ સભા મેદાન તરફ દોડી ગઈ.

જીલ્લાની મધ્યમાં આવેલ કંથકોટ વિધાનસભા વિસ્તારમાં યોજાએલ આ જાહેરસભાની અસર નવ વિધાનસભા બેઠકો ઉપર થનાર હોય મેદની ભેગી કરવા એડી ચોટીનું જોર લગાવી દેવાયું હતું. દોઢેક લાખની જનમેદનીનું અભિવાદન ઝીલતી જીપ સ્ટેજ ઉપર પહોંચી ત્યારે ઉપસ્થિત લોકોમાં એક નવી ચેતનાનો સંચાર થઈ ચૂક્યો હતો. ભગવી ધજા લહેરાવતા યુવાનો અને મહિલાઓથી ઉભારતા મેદાનની ઉત્તર-પૂર્વે બનાવાયેલ મંચ ઉપર અનુપજીના આગમન સાથે તાળીઓનો એવો ગડગડાટ થયો જાણે શ્રાવણ ભાદરવાના મેઘ ગરજતા હોય. પછી અનુપજી ગર્જના કરી.

"આ રાજયના સાડાસાત કરોડ લોકોનું હિત અને તેમની સેવા કરી શકે એવા યુવાનો અને મહિલાઓની યાદી મારા હૈયે વસે છે. તમારી લાગણી હતી કે આ વિસ્તારના તરવરીયા યુવાન ભાઈશ્રી પંકજ મોદીને વિધાનસભાની ટિકિટ આપવામાં આવે. મેં કેન્દ્રિય નેતૃત્વ સાથે લડી ઝઘડીને તમારી લાગણી અને માંગણી ઉપર મંજૂરીની મહોર મરાવી છે. હવે તમારે પંકજ મોદીના નામ આગળનું બટન દબાવી એને જંગી બહુમતીથી જીતાડવાનો છે."

જીતેગા ભાઈ જીતેગા. પંકજ મોદી જીતેગા. તાળીઓના ગડગડાટ પછી જયઘોષ સંભળાયો. મંચ ઉપર બેઠેલ પંકજ મોદી ઉભા થયા. બે હાથ જોડી જનમેદનીનું અભિવાદન કર્યું. અનુપજીના ચરણસ્પર્શ કર્યા ત્યારે વાંસે ધબ્બો મારી તેને ગળે લગાવ્યા પછી પોતાની વાત આગળ વધારી,

"ભાઈ પંકજ..! તુ તો ધારાસભ્ય બની ગયો. હવે તારે આ જીલ્લાની બાકીની બેઠકની પણ ચિંતા કરવી પડશે. આ જીલ્લાની એકપણ બેઠક કેન્દ્ર સરકારના ખ્યાદાઓના હાથમાં ના જવી જોઈએ. વડાપ્રધાન જવાહર બક્ષીજીને રીમોટ કંટ્રોલથી ઓપરેટ કરતા કમલાજી હવે તેમના ભત્રીજા કબીરને વડાપ્રધાન બનાવવા માંગે છે. અને તેનો રસ્તો આપણા પ્રદેશમાંથી કાઢવાનો મનસુબો સેવી એમણે કબીરને આ ચૂંટણીની કમાન સોંપી છે. તો સાથોસાથ એક સમયના આપણા જ સાથી આપણા સૌના વડીલ લક્ષ્મણકાકાને મુખ્યમંત્રી બનાવવાની જાહેરાત કરી છે. લોકશાહીમાં દરેક પક્ષને પોતાની વાત અને વિચારધારા રજૂ કરવાની છૂટ છે, અને કોમનમેન પાર્ટી પણ આવું કરે તેમાં કોઈને વાંધો ન હોય. પણ જેમનામાં આપણી વિચારધારના મૂળ રોપાયા છે તેવા લક્ષ્મણદાસ મોદીને આગળ કરી રાજયની ગાદી ઉપર બેસવાની એમની મેલી મુરાદ પાર નહિ પડે. ભાઈઓ બહેનો..! આટલાથી એમની રાજકીય ભૂખ સંતોષાઈ નથી. આ રાજયની ગાદી ઉપર બેસવા એમણે ગાંધીવાદી મહાદેવ ગાંધીને છેતર્યા છે. મિત્રો..! હું જવાબદારીપૂર્વક કહું છું. આપણા સૌના આદરણીય કાકુજીએ મોંઘવારી વિરૂદ્ધ પદયાત્રાની જાહેરાત કરી ત્યારથી કેન્દ્ર સરકારના પેટમાં તેલ રેડાયું હતું. કે આ પદયાત્રા એમની સરકારને ભરખી જશે. એટલે એમણે કાકુજીના ઘરમાં જ ખાતર પડાવવાનું ષડયંત્ર રચ્યું હતું. કાકુજીના વિદેશી પૌત્ર ઈશાન ગાંધીને દેશી કપડા પહેરાવી પદયાત્રામાં સામેલ કરાવી દીધો. ઈશાનના માધ્યમથી કેન્દ્ર સરકાર પદયાત્રાની પળેપળની માહિતી મેળવતી રહી અને પોતાનો રાજકીય બદઈરાદો પાર પાડતી રહી. આટલેથી જ તેમનું કારસ્તાન અટકયું નહોતું. પદયાત્રા છેલ્લા તબક્કામાં હતી ત્યારે ઈશાન ગાંધીના સ્વિસ બેન્ક એકાઉન્ટમાં સો કરોડ રૂપિયા

જમા થયા છે. આ પૈસા રક્ષા વિભાગને માનવ રહિત ટેન્ક પૂરી પાડવાનો ઓર્ડર અપાવનાર બ્રિટિશ બિઝનેસમેન વિલિયમ બ્રાઉનના બેન્ક એકાઉન્ટમાંથી ટ્રાન્સફર કરાયા છે. મારે પ્રધાનમંત્રીને પુછવું છે. ઈશાન ગાંધીને સો કરોડ રૂપિયા શા માટે અપાયા છે..? આ બધું કારસ્તાન કોના ઈશારે કરાયું છે..? એવા નેતાના ઈશારે..? જે પોતાના જીલ્લા, તાલુકા કે ગામમાં પણ પોતાના પક્ષના ઉમેદવારને જીતાડી શકતા નથી..? પ્રધાનમંત્રીજી ક્યાં સુધી ચૂપ રહેશો..? ક્યાં સુધી કમલાજી અને કબીરજીના ઈશારે સરકાર ચલાવતા રહેશો..? ભાઈઓ બહેનો..! આવા કરતૂત કરનારાઓને ભોંયભેગા કરવાનો સમય પાકી ગયો છે. શું આવા કારસ્તાન કરનારાઓને આપણે જડબાતોડ જવાબ આપવો જોઈએ..? શું યુવાનોના નામે પોતાના ઓગણપચાસ વર્ષના ઢાંઢાને આગળ કરનારાઓને જાકારો આપવો જોઈએ..? વૈશ્વિકરણના નામે વિદેશી કંપનીઓને આપણા નાના વેપારીઓ તથા દુકાનદારોને ગળી જવાની ખુલ્લી છુટ આપનારાઓને મત નહિ પણ રાજકીય મોત આપો. કાકુજી જેવા આદર્શ ગાંધીવાદીને છેતરનારને જાકારો આપો. આગમી સત્તાવીસમી તારીખે પહેલા તબક્કાની બોત્તેર બેઠકો ઉપર મતદાન થશે. જનમંચ પક્ષના ઉમેદવારોને મત આપી રાજયમાં ફરી એકવાર તમારી પોતાની સરકાર બનાવવાનો દઢ સંકલ્પ કરો.

*****

ઈશાનના બેન્ક એકાઉન્ટમાં સો કરોડ રૂપિયા ટ્રાન્સફર કરાયાની વાત જંગલની આગની જેમ આખા દેશમાં ફેલાઈ ગઈ. ટીવી ચેનલો ઉપર મુખ્યમંત્રી અનુપ મહેતાનું આ નિવેદન વારંવાર પ્રસારિત થવા માંડ્યું. મુખ્યમંત્રી અનુપ મહેતાના આ નિવેદનને કોમનમેન પાર્ટીના પ્રવક્તા શુભાંગી રેડીએ પોલિટિકલ સ્ટંટ ગણાવ્યો ને આક્ષેપ કરતાં જણાવ્યું કે,

"અનુપજી અપને સાથી મંત્રી કે બેન્ક એકાઉન્ટ કી જાંચ કરવાએ. દસ સાલ પહેલે જો લોગ પગમેં ચપ્પલ ભી નહિ પહેનતે થે વો આજ કરોડોં કે માલિક કૈસે બન ગયે..? લેન્ડ માફીયાઓ કો ખુલી છુટ કીસને દી હૈ..?"

બીજી તરફ સાયકલ સવારોના કાફલા સાથે સાયકલ ઉપર પ્રવાસ કરી રહેલ કાકુજીના કાને આ વાત પહોંચી ત્યાં સુધીમાં તો ઘણું બધું રંધાઈ ચૂકયું હતું. સાયકલ ઉપર રાજકીય મિશન પાર પાડવા નીકળેલ કાકુજીની તમામ અગિયારે અગિયાર હજાર સાયકલની હવા મીડિયાએ કાઢી નાંખી હતી..! આટલું ઓછું હતું તે ઓ.બી.વાન સાથે સજજ મીડિયાકર્મીઓના એક કાફલાએ તેમને રસ્તામાં આંતર્યા. ને અકલ્પનિય ઝડપે દોડતી હજારો સાયકલના પૈડાની ગતી થંભી ગઈ..!

"મિસ્ટર મહાદેવ ગાંધી..! આપકે પોતે કી ઈસ બેહુદા હરકત કે બારે મેં આપ કયા કહોગે..?"

"ઈશાનને બેહુદા હરકત કી હૈ યા નહિ વો તો છાનબિન કરને કે બાદ હી પતા ચલેગા, મગર આપ કી બેહુદા હરકત તો સાફ સાફ દિખાઈ દે રહી હૈ." કાકુજી કંઈ બોલે તે પહેલા સરલા તાડૂકી.

"તો આપ મુખ્યમંત્રી અનુપ મહેતા કે બયાન કો ખારીજ કરતે હો..? એક પ્રતિનિધિ બોલ્યો.

"ના મેં મુખ્યમંત્રી કે બયાનકો ખારીજ કરતા હું ના ઉસે સચ માનતા હું. બાત કી સચ્ચાઈ જાનકર હી મેં કુછ કહુંગા."

બોલતા કાકુજીએ પાછળ ઊભેલા ઈશાનને હાથ ખેંચી આગળ લીધો.

"ઈશાન..! કયા આપકો લગતા હૈ કી આપને કાકુજી કી પ્રતિષ્ઠા કો મીટ્ટી મેં મિલાનેવાલા કામ કીયા હૈ..? કયા આપકો અપને કીયે કા પછતાવા હૈ..?"

સવાલોનો મારો થયો. અત્યાર સુધી સ્માર્ટ રીતે વર્તેલ ઈશાન બઘવાઈ ગયો હતો. માથું ઝૂકાવીને ઊભેલા ઈશાનની બોડિ લેંગ્વજ પાપને પ્રમાણિત કરતી જણાતી હતી. એની જીભ

બોલવા ઉપડતી નહોતી. સ્થિતિને પારખી જઈ માધવ આગળ આવ્યો. ઈશાનનો હાથ પકડી સાંત્વના આપતા બોલ્યો,

"દેખીયે સબકો અપની બાત કહેને કા અધિકાર છે. અનુપજીને ઉસ અધિકાર કો કુછ જયાદા હી પ્રયોગ કીયા હૈ. વો હમ સબ જાનતે હૈ. કયુંકી મેં ભી આપહી કી તરહ પત્રકાર હું. રહી બાત સો કરોડ રૂપિયોં કી, તો અનુપજીને યહ કયું નહિ બતાયા કી કિસને કહેને પર યહ પૈસે દીયે ગયે..? મિસ્ટર વિલિયમ બ્રાઉન હમમેં સે કીસીકે ચાચા તો હૈ નહિ..? ફિર યહ મહેરબાની ઉન્હોને ઈશાન પર કયું કી..? અનુપજી કે પાસ ઉસ મહેરબાની કા કોઈ પ્રમાણે ભી હોગા. તો ફિર બયાન કે સાથ ઉસ પ્રમાણ કો કયું સાર્વજનીક નહિ કીયા..? કયા યહ બાત પ્રદેશ કે સાડે સાત કરોડ લોગોં કી પ્રતિષ્ઠા ઔર સન્માન કો મીટ્ટી મેં મિલાનેવાલી નહિ હૈ..? માધવ સંયમપૂર્વક બોલ્યો.

"માધવજી.! ઈશાન સે આપકો કીતના પૈસા મિલા હૈ.?"

"ઉતના જીસસે આપ સબ કો ખરીદ શકું..! બોલીયે..? આપ કીતને મેં બિકેંગે..?"

" મિસ્ટર માધવ આપ કુછ જ્યાદા હી ઉછલ રહે હૈ..!"

"કુત્તે કો કાટને સે રોકને કે લિયે કભી કભી ઉછલના ભી કામ આ જાતા હૈ."

માધવ અને પત્રકારો વચ્ચેની તુ તુ મેં મેં આખો દેશ લાઈવ નિહાળી રહયો હતો. સરલા પણ માધવનું આ રૂપ જોઈને અચંબામાં પડી ગઈ હતી. શિસ્ત અને સંયમી રહેતા કાર્યકરોમાં પણ ગણગણાટ શરૂ થઈ ગયો હતો. વાતને વણસતી જોઈ કાકુજી પોતાની અસ્સલ સ્ટાઈલમાં બોલ્યા,

ચાલો તમારી વાત હાચી માની લઈએ. કે મારા ઈશાને હો કરોડ રૂપિયા લીધા છે. હું અત્યારે ને અબઘડી એ બધાં પૈસાને રાષ્ટ્રની સંપત્તિ જાહેર કરું છું. આટલું જ નૈ પણ ઈશાન સામે કાયદેસરની કાર્યવાહી કરવાની ભલામણ કરું છું. શું આ ડાયલોગ મુખ્યમંત્રી અનુપ મે'તા બોલી હકશે..? એના પાંચ પરધાનો ઉપર આવો જ આરોપ છે. શું આવો ડાયલોગ પ્રધાનમંત્રી કે કમલાજી બોલી હકશે..? સ્વિસ બેન્કમાં દેશના લાખો કરોડ બ્લેક મની પડ્યા હોવાનું ચર્ચાઈ છે..! એના માટે તમે કોઈ સવાલ કરતા નથી..! તમે નૈ બોલવાના ચેટલા પૈસા લીધા છે.? બોલો..? ચમ..? બધાની બોબડી બંધ થઈ જઈ..?"

છેલ્લો ડાયલોગ મારતા કાકુજીએ પૈડલ માર્યું ને હજારો સાયકલ કમાનમાંથી છૂટેલા તીરની માફક ચાલી નીકળી ને મીડિયાકર્મીઓ જોતા રહયા..!

@gujaratibooks

અગિયાર

ન્યુઝ ચેનલોએ ઉભા કરેલા કમઠાણ વચ્ચે પહેલાં ચરણનું મતદાન પૂરું થયું ત્યારે સત્તાધારી પક્ષ ફાયદામાં રહયો હોવાનું તારણ કઢાયું. માત્ર ચાર ટકા મત મેળવી શકનાર સ્વતંત્ર પક્ષને એકપણ બેઠક મળે તેમ જણાતું નહોતું. કબીરજીના ધુંઆધાર પ્રચાર પછી પણ કોમનમેન પાર્ટીનો શુક્રવાર ના વળ્યો હોવાના કારણે કાર્યકરોમાં ગણગણાટ શરુ થઈ ગયો હતો. ખુરશી અને ખુશીની લહેર માત્ર જનમંચ પક્ષના કાર્યાલયમાં છલકાતી હતી. જો કે અભયસિંહ બાપુ પણ મનોમન મલકાઈ રહયા હતા..! હા, તેમની ખુશી છલકાઈ નહોતી.

કોમનમેન પાર્ટીના પ્રદેશ કાર્યાલય પર નેતાઓનો જમાવડો થવા માંડયો હતો. મુખ્યમંત્રી પદના ઉમેદવાર લક્ષ્મણ મોદી અને પ્રદેશના કેટલાક હોદ્દેદારો મંત્રણા કરી રહ્યા હતા.

"બ્લેક મનીના ભૂતે મોંઘવારીના મુદાને તો દબાવી દીધો છે. હવે કાળા નાણાના માથા વગરના ખબ્લીહનું હું કરીશું..?" લક્ષ્મણકાકા બોલ્યા.

"એમાં કરવાનું શું..! આપણે પણ કાળા નાણાને રાષ્ટ્રીય સંપતિ જાહેર કરી દેવાની. તમારી કે મારી પાસે કયાં કાળા નાણા છે, કે ચિંતા કરવાની."

સંગઠન મંત્રી જયદેવસિંહ જાડેજા બોલ્યા.

"બાપુ..! અહીં તો મૂળા વાઢયા તો વાઢ્યા, કબીરજી હામે આવો બફાટ ના કરતા. નહિતર..."

અભયસિંહને ઓફિસમાં પ્રવેશતા જોઈ લક્ષ્મણ કાકા અટકયા પછી વાત આગળ વધારી,

"બોલો અભયસિંહ..? રામ કે ભૂત..? શું કહે છે તમારું આકલન..?"

"બધું ટનાટન ચાલે છે. મુખ્યમંત્રીની ગાદી પર બેઠા પછી મને પણ યાદ રાખજો."

"મામા..! મતદાનનો આંકડો પાંસઠ ટકા કરતાં વધારે નીકળશે. અડધો એક કલાકમાં તમને ચોક્કસ આંકડો આપી દઈશ."

બાપુની વાત આગળ વધે તે પહેલાં મામાનો ભાણીયો દરવાજે ડોકાયો ને જાણકારી વહેંચી જતો પણ રહયો.

"હા, અભયસિંહ..! તું શું કહેતો હતો..?"

"ભાણીયો બહુ ઉત્સાહી છે. પાર્ટીને આવા જ તરવરીયા યુવાનોની જરૂર છે. મારી વાત લખી લો. આ છોકરો બહુ આગળ આવશે."

લક્ષ્મણદાસના સવાલના જવાબમાં અભયસિંહ બોલ્યા.

"તમે બધા થોડીવાર બહાર જાવ લ્યા. બાપુને ગૌઈડ મારવાનું મન થ્યુ'છ..!"

લક્ષ્મણદાસ અસ્સલ સ્ટાઈલમાં આવી બોલ્યા. વાત સાંભળી બેઠેલાઓ ભોંઠા પડી ગયા હતા.

"તમે બધા મોં પર બાર ના વાગડો. આપણા કાકા તો પહેલેથી જ આવા છે."

બધાને સરખા કરવા અભયસિંહ હળવા સ્વરે બોલ્યા. પછી લક્ષ્મણ કાકાનો હાથ પકડી બોલ્યા,

"કાકા..! બાપુની જબાન ખોટી પડે ને તમારા હાથ ને મારો ગાલ..! મતદાનનો સરેરાશ આંકડો પચાસ ટકાથી નીચો જશે. અને આપણા કમિટેડ મતોનો આંકડો સાઈઠથી વધારે. રહી વાત કાકુજીના ચાર ટકા મતોની. તો એ અનુપના ત્રણ ટકા મત ખાઈ જશે. બોલો..? હવે કોણ જીતે..?"

"એ પણ તું જ કહી દે ને, કે કોણ જીતે..?" લક્ષ્મણદાસ મોં બગાડી બોલ્યા.

@gujaratibookz

"બાપુ કી બાત સહી હૈ. બાત બાદમે કરેંગે, પહલે ચાઈ મંગવાઈયે."

કબીરના આગમન અને આશાસ્પદ વાતે બધામાં ઉત્સાહનો સંચાર કર્યો. પ્રદેશ મહામંત્રી ચાની વ્યવસ્થા કરવા ઊઠયા ને બાકી બધાને ઈશારો કરી બહાર લઈ ગયા.

"એનો અર્થ એ કે આપણા અને અનુપની બેઠકો વચ્ચે એકાદુ સીટનો જ ફેર પડશે."

બિલકુલ. અહીં આપણે બાજી સરભર કરીશું એટલે બીજા ફેઝમાં આગળ નીકળી શકીશું."

"આમ પણ બીજા ફેઝમાં આપણે ત્રણ સીટ આગળ જ છીએ. આપણે પરિવર્તનના પવનને વાવાઝોડામાં ફેરવી ઓછામાં ઓછી બારેક સીટ આગળ નીકળવું પડશે."

"આ ફેઝમાં કાકુજીનો વિસ્તાર આવતો હોય બારેક બેઠકના વધારાથી કામ નહિ ચાલે. આપણે બે વાંદરાની લડાઈ વચ્ચે બિલાડીનો રોલ ભજવવો પડશે..!"

ચા આવી એટલે ત્રણેની વાત અટકી. રકાબીમાં ચા કાઢયા પછી સબડકો મારી ચા પીવાના લક્ષ્મણકાકાના અંદાજે કબીરને હસવા મજબૂર કર્યો. તેને હસતો જોઈ લક્ષ્મણદાસ બોલ્યા,

"કબીરજી.! સબડકો મારીને ચા પીવાની મઝા જ કંઈ ઓર છે..! સુ..ર.ર૨ કરતી ચા સીધી દિલમાં પહોંચે છે.! તમે પણ એકવાર ટ્રાયલ મારી લો. દિલ બાગબાગ થઈ જશે."

"મે તો તબ હી ખુશ હોઉંગા, જબ આપ મુખ્યમંત્રિ ઔર આપ કેન્દ્રિય મંત્રિ બનેંગે,"

ઉભા થતો કબીર બોલ્યો. પછી બાપુ સાથે હાથ મિલાવી વાત આગળ વધારી,

"બાપુ..! રૂરલ ડેવલોપ્મેંટ મિનિસ્ટર બનને કા આપકા સપના મે પૂરા કરવાઉંગા. બસ એકબાર રાજ્યમે હમારી સરકાર બન જાયે." વાત પૂરી કરી કબીરે ચાલ્યો ગયો.

*****

કાકુજી અને તેમની સેના મેડીએ બેઠી હતી. અંદર સિગ્નલ ન મળતાં હોય ઈશાન લેપટોપમાં ઈન્ટરનેટનું ડોંગલ ઘાલી અગાશીની પાળે ઊભો હતો. મેડીના દાદર આગળ બેઠેલો માધવ બુથ કાર્યકરો પાસેથી મળેલ આંકડા ગોઠવી તાળો મેળવતો હતો. જોડે બેઠેલી સરલા વારંવાર આંકડા જોવા વાંકી વળી કોમલાંગોનો સ્પર્શ અને ઉષ્માભર્યો ઉચ્છવાસથી માદકતા જન્માવી રહી હતી.

"દાદુ, પોલ સર્વે અનુસાર આપણને ચાર ટકા મત મળી રહયા છે. આપણા મત બેઠકમાં કનવર્ટ નથી થતા. પણ, પ્રદેશ સરકારને દશેક સીટનું નુકશાન કરવામાં સફળ નિવડશે. ઈઝન્ટ ઈટ ગુડ ન્યુઝ ફોર એસ..?"

હાથમાં લેપટોપ લઈ ઊભેલા ઈશાને માહિતી આપ્યા પછી સવાલ કર્યો.

"ઓ અંગ્રેજીની પુછડી ! સીટોની પત્તર ફાડવા કરતાં મારા સવાલોનો જવાબ આલ"

કાકુજીના દૂણાયેલા સ્વરે બધાની નજર એમના તરફ ફરી. આભાસી સહવાસ માંણી રહેલ સરલા તો ચમકી ગઈ..! ઘુંટણીયા તાણતી કાકુજીની નજીક આવી તેમના માથે હાથ મૂકયા પછી બોલી,

"દાદુ! તમને તાવ ચઢયો હોય તેવું તો નથી લાગતું..! પછી આમ લવારો શું કામ કરો છો..? બિચારો ક્યારનો આંખોફોડ મહેનત કરી રહયો છે. એના માટે બે સારા શબ્દ તો કહેતા નથી ને ઉપરથી એને ઘઘલાવો છો..! ગ્રાન્ડ પા..! ધેર્સ નોટ ફેર." અંતે સરલાએ ઈશાનની નકલ કરી.

"તું ચાંપલી ચંપા થવાનું રહેવા દે."

કાકુજીએ માથે પડેલો સરલાનો હાથ હેઠો ઉતારતા કહ્યું. પછી ઈશાન તરફ ડોળા કાઢતા વાત આગળ ધપાવી,

"ઈશાન..! અનુપ મહેતાએ કરેલ આક્ષેપ અને સ્વિસ બેન્કવાળા સો કરોડની શું ભાંજગડ

@gujaratibook

છે..?"

"દાદુ ! આ બધી બ્લેઈમ ગેમ છે. ખોટા આરોપો કરવાની રમત. ના તો મારું સ્વિસ બેન્કમાં એકાઉન્ટ છે, અને ના તો મેં સો કરોડ રૂપિયા લીધા છે. હા, આપણા એક શુભેચ્છકે આપણને ઈલેકશન લડવા નાંણાકિય સહાય કરી છે. સરલાદીદી પણ એ વાત જાણે છે. અને મેં એ નાણા ઉમેદવારોને જ ફાળવ્યા છે. દરેકને એક એક લાખ રૂપિયા." ઈશાન મક્કમતાથી બોલ્યો.

"આપણા શુભેચ્છકે કેટલા રૂપિયા આપ્યા હતા..?" કાકુજી તાડુકયા.

"ત્રણ કરોડ રૂપિયા. બે કરોડ અગિયાર લાખ ઉમેદવારોને ફાળવ્યા છે. ટવેન્ટી નાઈન લાખ રૂપિયા ઉર્જા સાયકલવાળા શિવનંદજીને આપ્યા છે. બારેક લાખ રૂપિયા ખર્ચ આપણી જાહેર સભા પાછળ ખર્ચાયા. અને હજુ બે ફેઝની ચૂંટણીનું મતદાન અને પ્રચાર બાકી છે."

ઈશાને આખી વાત ધીરજથી અને વિસ્તારપૂર્વક કરી ત્યારે ઘણાં અવાચક થઈ ગયા હતા.

"કાકુજી.! મેં તો તમને પહેલેથી જ કહ્યું હતું, કે આને માથે ના ચઢાવો." સહદેવ શાસ્ત્રી બોલ્યા.

"ભલે ને સહદેવ શાસ્ત્રી અનુપ મહેતાના ખભે ચઢી રાજકીય મેળો મહાલે..!" સરલા તાડુકી.

"તમે બને ચૂપ થઈ જાવ. ગમે ત્યારે મંડી પડો છો તે. સહદેવ..! તું તો ઉંમર પ્રમાણે વરત. એ માધ્યા..! ભીષ્મ પિતામહની જેમ તમાશો જોયા કરતાં કંઈ બોલ, નહિતર બાણશૈયા ઉપર સુવાનો વારો આવશે. અને તારી આ બાયડીને કાબુમાં રાખતા શીખ. નહિતર માથે છાણાં થાપશે."

અધ્ધર સ્વાસે બેઠેલ કાકુજી ગોળ તકીયાને અઢેલી આરામથી બેસતા બોલ્યા.

"કાકુજી..! ચૂંટણી જીતવા એકલા આદર્શો કામ નથી લાગતા. ઈશાને મારી સહમતી પછી નાણા લીધા હતા. તમે પેલી કહેવત તો સાંભળી જ હશે. નાંણા વગરનો નાથીયો અને નાણે નાથાલાલ. સહદેવકાકા..! હજુ તમે તમારા નાથાલાલને સમજી નથી શક્યા." માધવ સંયમતાથી બોલ્યો.

"માધ્યા..! તે મારું ટેન્શન દૂર કર્યું. સરલા..! મારા માટે નહાવાનું ગરમ પાણી કાઢ. બીજા તબક્કાની ચૂંટણી માટે તાજોમાજો થઈ જાઉં"

બોલતા કાકુજી ઉભા થઈ ઝડપથી દાદર ઉતર્યા. સરલા પાછળ દોરવાઈ. મેડીનો દાદર ઉતરતા માધવને ચુંટલો ભરી ધીમા સ્વરે બોલી,

"તૃણશૈયા પર સુવું હોય તો ગભાણમાં આવ. આજે જ લીલા ઘાસના પુડા આવ્યા છે."

*****

ચૂંટણીના પહેલા તબક્કામાં પાંખા મતદાન અને સ્ટેટ આઈ.બી.ના રીપોર્ટ પછી મુખ્યમંત્રી અનુપ મહેતાએ રણનીતિને વધારે ધારદાર બનાવી દીધી હતી. ત્રણ જ દિવસમાં અગિયાર જાહેરસભા અને ત્રણ પ્રભાતફેરીનું આયોજન કરાયું હતું. જે શહેરમાં પ્રભાતફેરી ફરતા તે જીલ્લાની તમામ વિધાનસભા બેઠકના ઉમેદવારો, ચૂંટાયેલ સભ્યો અને સાંસદો જોડાતા. સામાન્યજન સવારમાં ઊઠી દાંતણ પાણી કરતો હોય ત્યારે રાજયના મુખ્યમંત્રી અનુપ મહેતા તેમના દ્વારે આવતા.! ઉંમરવાળા માજીને પગે લાગતા અને કયાંક સવારની ચાની માંગણી પણ કરતા..!

મુખ્યમંત્રીનો આ બદલાયેલો અંદાજ ધારવા કરતાં વધારે અસરકારક નિવડ્યો. પરીણામે બીજા તબક્કાની ચૂંટણીમાં બોત્તેર ટકા મતદાન થયું. ગત ચૂંટણીમાં જ્યાં કોમનમેન પાર્ટીએ ત્રણ બેઠકોની સરસાઈ મેળવી હતી તે ઝોનમાં જનમંચ પક્ષ આઠેક સીટો આગળ નીકળી તેવું તારણ

@gujaratibooks

નીકળ્યું હતું. એકાદુ બેઠક કાકુજીનો સ્વતંત્ર ઉમેદવાર મેળવી જાય એમ પણ જણાતું હતું..!

તારણો અને અનુમાનોને પગલે ત્રીજા તબક્કાની ચૂંટણીજંગ ચરમસીમા ઉપર આવી ગયો. હાથમાં આવેલો કોળિયો ઝૂંટવાઈ જવાની બીકે કોમનમેન પાર્ટીએ પ્રધાનમંત્રી, રાષ્ટ્રીય અધ્યક્ષા કમલાકુમારી, અનેક કેન્દ્રિય મંત્રીઓ, ફિલ્મસ્ટાર સહિતનો કાફલો પ્રચારમાં ઉતારવા સાથે નાણાનો પણ ધોધ વહાવી દીધો. પાર્ટીના યુવા ચહેરા કબીરજીની શાખ દાવ પર લાગી હોય પાર્ટી કોઈ કસર છોડવા માંગતી નહોતી. જો રાજયની સત્તા પાર્ટીના હાથમાં આવી જાય તો પંદર વર્ષનો વનવાસ પૂરો થવા સાથે કબીરજીને પ્રધાનમંત્રી બનાવવાની રણનીતિને પણ આકાર આપી શકાય. આમ કરવામાં એક કાંકરે બે ચાર પક્ષી મરે તેમ હતું..!

આગામી લોકસભાની ચૂંટણીમાં પક્ષના યુવાન ચહેરાને પ્રોજેકટ કરી જનમંચ પક્ષ ઉપર પ્રાથમિક સરસાઈ તો સીધી જ મેળવી શકાય..! વળી દેશના સૌથી મોટા પ્રદેશોમાં પ્રાદેશિક પક્ષોની સરકારે નિમેલા યુવાન મુખ્યમંત્રીવાળા દાવને પણ પોતાની સોગઠીથી માત આપી શકાય. આટલું જ નહિ પણ પક્ષના વફાદાર અને સાફ છબી ધરાવતા પ્રધાનમંત્રી જવાહર બક્ષીજીને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનાવી ત્રણેક પ્રાદેશિક પક્ષનું સમર્થન મેળવવા સાથે ઘણાં વિરોધીઓના પત્તા સાફ કરી શકાય.

હાથમાંથી સરકી રહેલ બાજીએ સરલા, ઈશાન અને સહદેવ શાસ્ત્રીને એકજૂટ થવા મજબૂર કર્યા હતા..! બપોરનું ભોજન લીધા પછી વામકુક્ષી કરી રહેલ કાકુજીની ગેરહાજરીમાં સરલા, ઈશાન, સહદેવ શાસ્ત્રી અને માધવ નીચેના ઓરડામાં ભેગા થયા હતા.

"આવું ને આવું ચાલશે તો રાજયના રાજકારણમાંથી આપણો તો એકડો નીકળી જશે."

સહદેવ શાસ્ત્રીએ નિરાશાવાદી સૂર વ્યકત કરતાં બેઠકની શરુઆત કરી.

"શાસ્ત્રીકાકા..! એકડો તો નહિ નીકળે. સરલાદીદી તો વિધાનસભામાં પહોંચી જ જશે."

ઈશાને છેડેલા સૂરમાં બળાપો અને દ્વેશ સ્પષ્ટપણે સંભળાતા હતા.

"આપણે આટલા નિરાશ થવાની જરૂર નથી. મુખ્ય પક્ષો વચ્ચેની ગળાકાપ સ્પર્ધા આપણે કારણે જ વધારે ધારદાર બની છે. ત્યારે આપણે જ કપાઈ જઈએ એ તો રાજનીતિના સિધ્ધાંતો વિરૂદ્ધની વાત છે. આપણે આપણી જાતને 'વોટકટવા' ઉમેદવાર સમજવા કરતા પરિવર્તનક્ષમ ઉમેદવાર તરીકે પ્રસ્થાપિત કરવી પડશે. માધવે વિચારશીલ રજૂઆત કરી.

"માધવ..! મગજમાં પણ ખંજવાળ આવે તેટલી ઊંડી વાત કરવાનો સમય વીતી ગયો છે. આપણે એવું કોઈ પગલું ભરવું પડશે જેનાથી ઈન્સટન્ટ રીએકશન આવે." સરલા બોલી.

"એના માટે તમે લોકો માથા ઉપર કરચલી નહિ પાડો તો ચાલશે. હજુ તો તમારા જુવાનીના દિવસો છે. તમને તો આગળ ઉપર ઘણી તકો મળશે. મારી તો આખા આયખાની તપસ્યા ધૂળમાં મળી જશે..!" વાત પૂરી કરતાં સુધીમાં સહદેવ શાસ્ત્રીનો આખો ચહેરો તરડાઈ ચૂકયો હતો.

"સહદેવ..! તપસ્યા ત્યારે ધૂળમાં મળે, જયારે એ કંઈ મેળવવા કરી હોય. આપણી તપસ્યા તો લોકોદ્ધાર માટેની હતી. અને એ લોકહદયમાં ભળી ગઈ છે."

મેડીના દાદર ઉતરતા કાકુજી બોલ્યા. પછી સરલા નજીક આવી એના માથે હાથ મૂકી વાત આગળ ધપાવતા બોલ્યા,

"સરલા..! ફક્કડ ચા પીવડાવ. પછી જો, મારા મગજમાંથી કેવો ધાકડ આઈડિયા કાઢું છું..! એવું ઈન્સટન્ટ રિએકશન કરશે કે અનુપ અને કબીર સહિત બધાના હોશ ઊડી જશે."

"દાદુ..! આપણા હોશ ઊડાવી દે તેવા બ્રેકીંગ ન્યુઝ છે. કાકુજીનો જીવ જોખમમાં છે..! ત્રણ

માનવબોમ્બ રાજયમાં ઘુસ્યાની આશંકા.” લેપટોપમા જોતો ઈશાન કાંપતા ચહેરે બોલ્યો.

“ઓહ..! તો આખરે એમણે આ માહિતી જાહેર કરી જ દીધી.”

ઈશાનના ચહેરાના ઊતરેલા રંગને જોતો માધવ થોડો અસ્વસ્થ થતો બોલ્યો.

“માધવ..! તો તને આ વાતની ખબર હતી..!”

વિસ્ફારીત નજરે માધવને જોતી સરલા બોલી.

“મારી મા..! તું ચા બનાવ ને.”

સરલાને ધક્કો મારી રસોડા તરફ ધકેલતા કાકુજી બોલ્યા. પણ સરલા કાકુજીના પાછા ધકેલતી ઓરડામાં આવી એટલે કાકુજી બોલ્યા,

“સરલા..! તારી આંખો નાની કર. નહિતર હું બીકથી જ મરી જઈશ..!”

ના તો સરલાની આંખો નાની થઈ. ના એ ચા બનાવવા ગઈ. ઉલટા ઈશાન અને સહદેવ શાસ્ત્રી એની પડખે થયા એટલે કાકુજી બોલ્યા,

“છોકરાવ, હું તમને. મતલબ અમે, હું અને માધવ તમને ડરાવવા નહોતા માંગતા. બાકી આ ખબર તો જુવાનસિંહએ અઠવાડીયા પહેલા જ આપી ગયો હતો.”

“જુવાનસિંહ..? પેલો ગાંડીયો..? તમારો ભક્ત..? પોલીસમાં છે એ..?”

બોલતી સરલાની આંખો વિસ્કારીત થતી વધુને વધુ મોટી થતી ગઈ હતી.

“હા, એ જ જુવાનસિંહ. પોલીસ ઈન્સપેકટર જુવાનસિંહ. હાલ એન્ટીટેરરીસ્ટ સ્કવોર્ડમાં છે.”

બોલતો માધવ કાકુજીની પડખે આવ્યો ને અચાનક બરાડયો,

“કાકુજી..! જોર લગાકે હૈયસા.” માધવ અને કાકુજીએ ભેગા મળી ત્રણેને રસોડામાં ધકેલી દીધા.

*****

ત્રીજા અને અંતિમ તબક્કાના પ્રચાર પડઘમ શાંત થયા તે સાંજે બન્ને મુખ્ય રાજકીય પક્ષોના નેતાઓ છેલ્લો દાવ મારી રાજયની સત્તા અંકે કરવાનો પ્લાન બનાવી રહયા હતા. પહેલાં બે ચરણ પછીના તારણ અનુસાર માંડ દશેક બેઠકની બઢત મેળવનાર સત્તાધારી પક્ષ બઢત બનાવી રાખવાની સ્ટ્રેટેજી ઘડી રહયો હતો. તો વિરોધપક્ષ કોઈપણ સંજોગોમાં બઢતને સેટલ કરવાનો પેંતરા અજમાવવા આતુર બન્યો હતો. આ આખા કમઠાણનો ત્રીજો છેડો એવા સ્વતંત્ર ઉમેદવારો પણ જંપીને બેઠા નહતા. સભા અને રેલીમાં ઓછી હાજરી અને મોળા પ્રતિસાદ પછી પણ કાકુજીએ મતદાન કરીને પરવારેલા બધા ઉમેદવારોને તેમના સો સમર્થકો સાથે સાયકલ ઉપર આવવા અનુરોધ કર્યો હતો. કાકુજીના અનુરોધને આદેશ સમજી આવી પહોંચેલ નેતા અને સમર્થકોને છેલ્લા તબક્કાના ડોર ટુ ડોર પ્રચારમાં જોતરાતા રાજકીય તંત્ર આણધાર્યા પરિણામ તરફ આગળ ધપ્યું..!

*****

લક્ષ્મણકાકાના પૈતૃક ઘરમાં રાતે દોઢ વાગે ચહલપહલ વધી ગઈ..! ખાનસાબના આગમને નેતાઓની દોડાદોડી વધી હતી. તોય મેડી ઉપર લક્ષ્મણ કાકા અને ખાનસા’બ એકલા જ બેઠા હતા.

“કાકા..! તમે અડધી રાતે ખોટી ધમાલ કરાવી. હું તો તમને ખુશખબર જ આપવા આવ્યો છું. ને અભયસિંહ આવે એટલે એમની સાથે નીકળી પણ જવાનો છું. સવારે દિલ્હી પહોંચવું પડે તેમ છે. ત્રણ રાજયના રાજપાલની ટર્મ પુરી થાય છે.”

@gujaratibooks

ખાનસા'બ બોલ્યા ને લક્ષ્મણ કાકા સાંભળી રહયા.

"ખાનબેટા..! તને મારા ઘરમાં જોઈને ગંગુ તેલીને ત્યાં રાજા ભોજ આવે તેવો હરખ થયો છે. એટલે આ બધું... બોલ..? શું ખુશખબર સંભળાવા આવ્યો છે..?" લક્ષ્મણકાકા વિનમ્રભાવે બોલ્યા.

"તમારી શારદા યુનિવર્સિટીનો પ્રસ્તાવ મંજૂર થઈ ગયો છે."

"હું વાત કરે છે."

લક્ષ્મણ કાકા ભૂતકાળમાં સરી પડયા. બળદની જોડે ગોળ ગોળ ફરી તલનું તેલ કાઢતા ગંગારામ મોદીના લખમણે એક નાનકડું બાલ મંદિર બનાવવાનું સપનું જોયું'તું. ને આજે મારી અભણ માના નામની યુનિવર્સિટી. ભૂતકાળમાંથી પાછા ફર્યા ત્યારે ભીની આંખે ખાનસાબને નિહાળતા બોલ્યા,

"ખાનસાહેબ..! તમે તો મને ખરીદી લીધો."

"અરે હોય કંઈ લક્ષ્મણ કાકા..! મેં તો મારી શારદાબાને અંજલિ આપી છે."

ચશ્મા ઊતારી આંખનો ખૂણો લુંછયા પછી બોલ્યા,

"કાકા..! બીજી ખુશખબર ચૂંટણી પરિણામ પછી આપીશ."

*****

ત્રીજા અને અંતિમ તબક્કાના મતદાનના આગલા દિવસે સ્વતંત્ર પક્ષના ઉમેદવારોએ ભારે કરી. કાકુજી એ જ સૂર્યપુરની ગલીઓમાં ઘૂમી રહયા હતા, જયાં તેમની પદયાત્રાએ અનેક ઊતાર ચઢાવ, શાસકિય અગડમ્ બગડબું અને ભાવનાત્મક આઘાતો નિહાળ્યા હતા. નાના નાના જુથમાં વહેંચાયેલી સાયકલ સવારોની ટોળી એકપણ ઘરને ટપાર્યા વિનાનું છોડવા માંગતી નહોતી.

આ તબક્કાની બહુમતી બેઠકો શહેરી વિસ્તારની હોય સ્થાનીક સ્વરાજયની સંસ્થાના અણઘડ વહિવટ તથા સડક, સફાઈ અને સ્થાનિક સમસ્યાને ઉજાગર કરતી પત્રિકાઓ અને અખબારમાં છપાયેલાં લખાણોનો બહોળો ઉપયોગ કર્યો. પરિણામે પરિવર્તનનો પવન ફૂંકાવો માંડયો. જો કે આ રણનીતિ ઘડનાર માધવ આદિવાસી પટ્ટી ઉપરના બુથ એજન્ટો માટે સ્થાનીક ચૂંટણી અધિકારીએ ઊભી કરેલી સમસ્યા નિવારવા સુંદરપાડા ગયો હતો.

ઈશાન અને સરલા અન્ય બુથ એજન્ટોના ઓળખકાર્ડ અને ખર્ચની વ્યવસ્થા ગોઠવવામાં જોતરાયા હતા. જો કે બુથ દીઠ પાંચસો રૂપિયા વહેંચાયા હોવાની વાતથી માધવ અને કાકુજીને અજાણ રખાયા હતા. અંતીમ ઘા કરવા આકરા પાણીએ થયેલ ઈશાન અને સરલાએ સાત હજારથી પણ વધુ બુથના મેનેજમેન્ટ અને ખર્ચ પેટે આપવાના ચાલીસ લાખ રૂપિયાની જોગવાઈ અને વહેંચણી ચૂપચાપ કરી દીધી હતી. બધો વહીવટ પતાવી તેઓ સૂર્યપુરના ઉમેદવાર કાર્યાલય ઉપર આવ્યા ત્યારે કાકુજી ગણતરીના સાયકલ સવારો સાથે વોર્ડ મીટીંગ લેવા ગયા હતા. ને થાકેલા સહદેવ શાસ્ત્રી ફર્શ પર પાથરેલા ગાદલા ઉપર નસકોરા બોલવતા પડ્યા હતા.!

"સરલા.! કાકુજી કયાં છે..?"

રઘવાયેલો માધવ કાર્યાલયમાં પ્રવેશતા ફાટતા સ્વરે બોલ્યો.

"વોર્ડની મીટીંગ લેવા ગયા છે. પણ તું આમ..."

સરલા આગળ કંઈ બોલે તે પહેલાં તેનો હાથ પકડી એને ખેંચતો બહાર નીકળ્યો. પોતે જે ગાડીમાં આવ્યો હતો તેમાં સરલાને બેસાડયા પછી અંદર પેસતા ડ્રાઈવરને પુછયું,

"તને ખબર છે ને કે, કાકુજી વોર્ડ મીટીંગ લેવા કયાં ગયા છે..?"

@gujaratibookz

ડ્રાઈવરે હકારમાં માથું હલાવ્યું એ ગાડી સ્ટાર્ટ કરી આગળ વધે તે પહેલાં ઈશાન પણ ડ્રાઈવરની બાજુની સીટ ઉપર ગોઠવાઈ ચૂક્યો હતો. ને ગાડી સડસડાટ દોડવા લાગી.

"માધવ..! હવે તું કંઈ બોલશે..? કે આ રઘવાટ શાનો છે..?" ધીમા સ્વરે સરલા બોલી.

"જુવાનસિંહનો મેસેજ હતો. નદીના રસ્તે માનવબોમ્બ શહેરમાં ઘુસ્યાની આશંકા છે."

થોથવાતી જીભે માધવ બોલ્યો. પછી ઈશાનને ઘૂરકતો તાડૂક્યો,

"તારો મોબાઈલ સ્વીચ ઓફ કેમ છે..?"

"અમે બુથ કાર્યકરોને ઓળખકાર્ડ અને ખર્ચના પૈસા વહેંચતા હતા."

ઈશાનની વાત પૂરી થાય ત્યાં તો દૂરથી આવતા કાર્યકરોના સમુહને જોઈ ડ્રાઈવર બોલ્યો,

"કાકુજી સામેથી આવી રહયા છે." ને એણે કાર રોડની સાઈડ ઉપર દબાવી ઊભી કરી દીધી.

દૂરથી આવતા કાકુજીને નિહાળતો માધવ ગાડીની બહાર આવ્યો. આંખમાં ઉતરી આવેલા હરખના આંસુએ કાકુજી છબી ધૂંધળી કરી. કફનીની બાંયથી આંસુ લુંછવા માધવે હાથ આંખ આડે કર્યો, ને પ્રચંડ ધડાકો સંભળાયા. માધવે આંખ ખોલી ત્યારે હવામાં ઉઠતો આગનો ગોળો દેખાયો. તે કંઈ સમજે તે પહેલાં બીજા બે ધડાકા સંભળાયા. ને ધૂમાડને ચીરતો એક ક્ષતવિક્ષત પગ તેની સામે આવીને પડયો..! પંજામાં લટકતી ચંપલે ઈશારો કર્યો, એ કાકુજીનો પગ હતો..!

*****

અંતીમ તબક્કાના મતદાનની પૂર્વસંધ્યાએ થયેલ આત્મઘાતી હુમલામાં કાકુજી સહિત બારના મોત અને વીસ ગંભીર રીતે ઘવાયા હતા. ગણતરીની પળોમાં સમાચાર ચેનલો બયાનબાજીથી ઊભરાવા માંડી..! કાકુજીનુ મોત પોલિટિકલ સ્કોર કરવાની રમત બન્યું.! બોમ્બ વિસ્ફોટમાં કાકુજીનો દેહ છિન્નભિન્ન થયો હતો, પણ અહીં તો આત્માના ચીથડા ઊડી રહયા હતા..!

બીજા દિવસના અખબારોમાં કાકુજીની શહિદી ગાથા, સરકારની નિષ્ફળતાની હેડલાઈન, ચૂંટણી પ્રચારની જાહેરાતો અને અનુપ મહેતાએ કાકુજીને આપેલી શ્રદ્ધાંજલિ આખું પાનું ભરીને છપાઈ હતી..! તે દિવસે કાકુજીનો પાર્થિવ દેહ ગાંધી મેદાનમાં દર્શનાર્થે રખાયા પછી બીજા દિવસે ભરતપુરના નદી કિનારે પંચમહાભૂતમાં વિલિન કરાયો ત્યારે દેશ-પ્રદેશના દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહયા હતા.

*****

મત ગણતરી થઈ ત્યારે બસો અગિયાર બેઠકમાંથી જનમંચ પક્ષને એકસો બે અને કોમનમેન પાર્ટીને નવ્વાણું બેઠક મળી. બે બેઠક આદિવાસી સંઘર્ષ મોર્ચાને જયારે કાકુજીના સ્વતંત્ર ઉમેદવારોને આઠ બેઠક જેમાંની સાત બેઠકો કાકુજીના દેહાવસાન પછી થયેલ મતદાનવાળી હતી. સાંજે ત્રણ રાજ્યના રાજયપાલ જાહેર થયા. સૂરપાલસિંઘ યાદવ, મુકુલ સદાનંદ અને લક્ષ્મણદાસ મોદી..!

સૌથી મોટા પક્ષ જનમંચ પશે સરકાર રચવાનો દાવો કર્યો. અનુપજીના નજીકના ગણાતા યુવા નેતા શેખર ગોરસિયા માત્ર છત્રીસ વર્ષની ઉંમરે રાજયના યંગેસ્ટ મુખ્યમંત્રી બન્યા. ને સરલા ગાંધી ઉપમુખ્યમંત્રી. અનુપ મહેતા પાર્ટીને કેન્દ્રમાં સત્તા અપાવવા રાષ્ટ્રીય સંગઠનમાં જોડાયા.

રાજકીય ઊઠાપટક અને સરલાની સત્તા ભૂખથી હતપ્રભ માધવે અલગ રહેવાનો નિર્ણય કર્યો..! હા, સોગંદવિધિ માટે જતી સરલાને શુભેચ્છા પાઠવી ત્યારે ભીના અવાજે આટલું જરૂર બોલ્યો હતો,

"સરલા! તને ફળી ખરી. કાકુજીની પદયાત્રા."

@gujaratibookz

(ઈતિ)

@gujaratibookz